આચાર્ય મહારાજ
શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી
મહારાજની

# જન્મશતાબ્દીનો અહેવાલ

(મુંબઈમાં અખિલભારતીય
ધોરણે થયેલ ઉજવણી)



- રતિલાલ દીપચંદ દેસાઈ

આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની

# જન્મશતાબ્દીનો અહેવાલ

(મુંબઈમાં અખિલ-ભારતીય ધોરણે થયેલી ઉજવણી)


લેખક તથા સંપાદક

રતિલાલ દીપચંદ દેસાઈ



પ્રકાશક

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી

જન્મ શતાબ્દી સમિતિ

મુંબઈ

પ્રકાશક
કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા
માનદ મંત્રી
આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી
જન્મ શતાબ્દી સમિતિ
C/o શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઑગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ-૩૬.

*

વીર નિ. સં. ૨૫૦૧; વિક્રમ સં. ૨૦૩૧; ઈ. સ. ૧૯૭૫
શ્રાવણ

*

કિંમત બે રૂપિયા

*

મુદ્રક :

પુસ્તકના—
કાંતિલાલ મોતીલાલ દેસાઈ
ચંદ્રિકા પ્રિન્ટરી
મિરઝાપુર રોડ, અમદાવાદ-૧.

છબીઓ વગેરેના—
દીપક લાલભાઈની કું.
૨૦, સુપ્રભાત ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ-૧૬.

# સ્મૃતિને સાચવવાનો અદનો પ્રયત્ન

યુગદ્રષ્ટા આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ વિક્રમની વીસમી અને એકવીસમી સદીના એક મહાન પ્રભાવક સંઘનાયક હતા. સંયમની વિમળ સાધના દ્વારા પોતાના જીવનને સાધુતાના એક ઉચ્ચ આદર્શરૂપ બનાવવાની સાથે જૈન સંઘ તથા સમાજના ઉત્કર્ષ માટે અવિરત પુરુષાર્થ, એ એમનું જીવનધ્યેય હતું. અને આ ધ્યેયને માટે તેઓએ, પોતાના ૮૪ વર્ષ જેટલા સુદીર્ઘ સમયમાં, જીવનની અંતિમ ઘડી સુધી, કામ કર્યું હતું. અને એ રીતે તેઓ, જૈન સમાજના સુખ-દુઃખના સાથી બનવાની સાથે, પરમ ઉપકારી ધર્મપુરુષ થઈ ગયા.

કરુણાની લાગણીઓના અમીરસથી ભરેલું તેઓનું હૃદય હતું; કોઈ પણ દીન-દુઃખી વ્યક્તિનું દુઃખ જોઈને એ દ્રવી જતું. અને એ દુઃખના નિવારણ માટે યથાશક્ય કંઈક પણ પ્રયત્ન કરવામાં આવતો ત્યારે જ એમના ચિત્તને નિરાંત થતી. વળી, તેઓએ ભગવાન તીર્થંકરે દર્શાવેલ માર્ગે, નિર્મળ સાધુતાની ઉપાસના કરીને, જીવનમાં કેળવેલ સમતા, ઉદારતા અને સહાનુભૂતિ જેવી ગુણવિભૂતિના બળે, સમગ્ર માનવજાત પ્રત્યે સક્રિય સહાનુભૂતિ અનુભવી હતી. અને એ રીતે તેઓ સાચા અર્થમાં લોકગુરુનું બિરુદ અને ઉચ્ચ ગૌરવ પ્રાપ્ત કરી શક્યા હતા.

એક સૈકા કરતાં વધુ સમય પહેલાં, વિ. સં. ૧૯૨૭ ના ભાઈબીજ ( કાર્તિક સુદિ બીજ ) ના પર્વ દિવસે, તેઓનો જન્મ થયો હતો. તેથી, ચારેક વર્ષ પહેલાં, વિ. સં. ૨૦૨૭ ના ભાઈબીજના પુણ્યપર્વને દિવસે, એમના જન્મદિનને એકસો વર્ષ પૂરાં થતાં હતાં. એટલે એમના અનેક ઉપકારોથી ખૂબ ઓશિંગણ બનેલ જૈન સંઘ, જન્મશતાબ્દીના સુઅવસર નિમિત્તે, એમનું પુણ્યસ્મરણ કરવા અને એમને પોતાની હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે, એમના ભવ્ય જીવન અને કાર્યને અનુરૂપ સમારોહ યોજવા પ્રેરાય એ સ્વાભાવિક હતું.

છ-સાત વર્ષ પહેલાં, જ્યારે આવો સમારોહ યોજવાનો વિચાર જૈન સંઘ સમક્ષ રજૂ કરવામાં આવ્યો ત્યારે, દેશના બધા પ્રદેશોમાંથી એને જે ઉમળકાભર્યો આવકાર મળ્યો, તે ખરેખર, અનોખો, અદ્ભુત અને વ્યાપક ઉત્સાહ જગાવે એવો હતો. આ સમારોહ સદાસ્મરણીય અને આચાર્ય મહારાજની જીવનભરની ભાવનાનું બહુમાન કરે એવા સમાજ-ઉત્કર્ષના અલ્પ-સ્વલ્પ કાર્યથી રચનાત્મક બની શક્યો, તે આવા હાર્દિક આવકારને કારણે જ.

આચાર્ય મહારાજની નિર્મળ સાધુતા અને સંઘકલ્યાણની સંખ્યાબંધ પ્રવૃત્તિઓ તેમ જ ધાર્મિક શિક્ષણ સાથે વ્યાવહારિક શિક્ષણનો સંઘમાં પ્રચાર કરવા જેવા ઉપેક્ષિત ક્ષેત્રનું ખેડાણ કરીને સંઘને પગભર, તેજસ્વી અને સમૃદ્ધ બનાવવાની દીર્ઘદર્શી તથા અસાધારણ કામગીરીને લીધે તેઓના વગદાર અનુરાગીઓ દેશના જુદા જુદા પ્રદેશોમાં રહેલા છે. અને એમાં આપણી ઊછરતી પેઢીના નવયુવાનોનો તથા જૈનેતર ભાઈઓ-બહેનોનો પણ સમાવેશ થાય છે. એટલે આ સમારોહ પોતાના આંગણે ઊજવાય એવી દેશના જુદા જુદા પ્રદેશોના જૈન સંઘોની હૃદયસ્પર્શી માગણી હતી; સૌને એમ હતું કે ગુરુ-ઋણ-મુક્તિનો આવો અપૂર્વ અને સોનેરી અવસર કંઈ વારે વારે આવવાનો નથી, એટલે એની ઉજવણી આપણે આંગણે કરીને એનો પૂરેપૂરો લહાવો લઈ લેવો જોઈએ.

આ માગણીની હાર્દિક અને સ્નેહભરી હરીફાઈ આહ્લાદ ઉપજાવે એવી હતી. છેવટે, બધા સંઘોની વાત સાંભળીને અને લાભાલાભનો વિચાર કરીને, સ્વર્ગસ્થ આચાર્ય મહારાજના પટ્ટધર પરમપૂજ્ય પ્રશાંતપ્રકૃતિ, અનન્ય ગુરુભક્ત, આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજશ્રીએ આ સમારોહ પોતાના આંગણે ઊજવવાની મુંબઈના શ્રીસંઘની માગણી માન્ય રાખી અને બધા પ્રદેશોના સંઘોએ એને ઉમળકાથી વધાવી લઈને પોતાનો સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી.

આવો નિર્ણય લેવાયા પછી આ સમારોહને સમુચિત આકાર આપવાનાં ચક્રો ગતિમાન થયાં અને ઉત્તરોત્તર એ વિશેષ ધ્યેયલક્ષી અને ઝડપી બનતાં ગયાં. પછી તો આ પવિત્ર કાર્યને સૌ પોતાનું માનીને, પોતાની શક્તિ-અશક્તિનો વિચાર કર્યા વગર, એને યાદગાર, ઐતિહાસિક અને સફળ બનાવવાના કાર્યમાં તન-મન-ધનથી લાગી ગયા—એમાં ભાઈઓ પણ હતા અને બહેનો પણ હતી.

જ્યારથી આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજશ્રીની જન્મ-શતાબ્દીનો મહોત્સવ ઊજવવાનો વિચાર જાગ્યો, ત્યારથી પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તથા મુંબઈના તથા અન્ય સ્થાનોના જૈન આગેવાનોએ એ નક્કી કર્યું હતું કે જન્મશતાબ્દીની ઉજવણીનો આ સમારોહ, કેવળ ચાર દિવસના ઉત્સવ-મહોત્સવરૂપ બની રહેવાને બદલે, સ્વર્ગસ્થ આચાર્યપ્રવરને પ્રિય એવી સમાજ-કલ્યાણની નાની-મોટી કોઈ પણ યોજનાથી ચિરસ્મરણીય અને ઉપકારક બનવો જોઈએ—એમ કહેવું જોઈએ કે આ ઉજવણી પાછળનો મુખ્ય હેતુ જ આ હતો.

આ હેતુને સફળ કરવા અને આ ઉજવણીને શાનદાર બનાવવા માટે પ્રભાવશાળી શ્રમણભગવંતો અને સાધ્વીજી મહારાજો, આ અવસર નિમિત્તે, મુંબઈ પધારે એ જરૂરી હતું. આ માટે મુંબઈ પધારવાની વિનંતિ સૌથી પહેલાં સ્વર્ગસ્થ પરમપૂજ્ય આગમ-પ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજને કરવામાં આવી અને તેઓએ એ સ્વીકારી. પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તો પોતાના શિષ્યસમુદાયની સાથે મુંબઈ પધારવાના જ હતા.

ધીમે ધીમે આ કામ આગળ વધવા લાગ્યું અને મુંબઈના તથા અન્ય સ્થાનોના જૈન સંઘોના અગ્રણીઓના ભાવનાભર્યા સહકારથી ઉજવણીની યોજનાનો આકાર-પ્રકાર નક્કી થતો ગયો. અને, પૂરેપૂરી વિચારણાને અંતે, આ પ્રસંગની ઉજવણીના કાયમી સંભારણારૂપે તથા સમાજઉત્કર્ષના નાનાસરખા પણ નક્કર કાર્ય દ્વારા સ્વર્ગસ્થ આચાર્ય મહારાજને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરવારૂપે "આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ જન્મ-શતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ"ની યોજના તૈયાર કરવામાં આવી.

આ બધી પૂર્વતૈયારી કરવામાં તેમ જ આ સમારોહ અંગે ઠેર ઠેર પ્રચાર કરવામાં લગભગ બેએક વર્ષ જેટલો સમય લાગી ગયો. આ બધા સમય દરમ્યાન જુદાં જુદાં સ્થાનોનાં ભાઈઓ-બહેનોનો જે સહકાર મળ્યો અને એમણે આ કાર્યને સફળ બનાવવા માટે જે ઉત્સાહ દર્શાવ્યો તે સૌકોઈના ઉત્સાહમાં વધારો કરે એવો હતો—ગુરુ વલ્લભના નામે જાણે સૌને એકતાના સ્નેહબંધને બાંધી લઈને કાર્યપરાયણ બનાવી દીધાં હતાં.

આવી સંપૂર્ણ પૂર્વતૈયારી સાથે જ્યારે વિ. સં. ૨૦૨૬ના ભાઈબીજના તહેવારથી જન્મશતાબ્દીની ઊજવણીની શરૂઆત કરવામાં આવી ત્યારે, પહેલાં શહેર કે ગામ, જિલ્લા કે પ્રદેશના ધોરણે જુદાં જુદાં સ્થાનોમાં સમારોહ ઊજવામાં આવ્યો. છેવટે અખિલ-ભારતીય દરજ્જાનો વ્યાપક અને મહાન સમારોહ વિ. સં. ૨૦૨૭ના માગશર વદિ ૧૧, ૧૨, ૧૩, ૧૪, સને ૧૯૭૦ની તારીખ ૨૪, ૨૫, ૨૬, ૨૭, ડિસેમ્બર ગુરુવારથી રવિવાર સુધીના ચાર દિવસો માટે મુંબઈમાં ઊજવવામાં આવ્યો હતો. આ ઉજવણીના વર્ષની પૂર્ણાહુતિ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજના વિ. સં. ૨૦૨૭ના પૂનાના ચતુર્માસ પછી પૂના શહેરમાં જ સુંદર રીતે થઈ હતી. જેમણે જેમણે આ સમારોહ નજરે નિહાળ્યો અને એમાં ભાગ લીધો એમને મન આ અવસર જીવનના એક અમૂલ્ય લહાવારૂપ બની ગયો છે; અને એનાં મધુર સ્મરણો અત્યારે પણ અંતરને આહ્લાદિત અને લાગણીભીનું બનાવે છે. જુદાં જુદાં સ્થાનોમાં થયેલી જન્મશતાબ્દીની ઉજવણી અને એનું સ્મરણ પણ સૌને માટે આનંદકારી બની રહેલ છે.

વળી, આ પ્રસંગ નિમિત્તે કરવામાં આવેલ સમાજ-સેવાનાં નાનાં-મોટાં કાર્યોથી આ અવસર વિશેષ શોભાયમાન અને સ્મરણીય બની ગયો છે. આ ઉજવણીના સ્મરણ-રૂપે વડોદરાના શ્રીસંઘે કરવા ધારેલ સાર્વજનિક હૉસ્પિતાલની સ્થાપનાનું કામ આ પ્રસંગ નિમિત્તે થયેલ આવું જ એક ઉત્તમ, અનુમોદનીય અને અનુકરણીય સત્કાર્ય છે. નાનાં-મોટાં આવાં સેવાકાર્યોને આ સમારોહની ફલશ્રુતિ જ ગણવાં જોઈએ. આથી આ પ્રસંગની સુવાસ હમેશને માટે પ્રસરતી રહેશે અને સ્વર્ગસ્થ આચાર્ય મહારાજના પુણ્યસ્મરણ દ્વારા સમાજને સેવાની પ્રેરણા મળતી રહેશે.

આવા ખૂબ મોટા પાયા ઉપર ઊજવાયેલ સમારોહની વિગતો સંગ્રહી લઈને એને પૂર્ણ રૂપમાં રજૂ કરવાનું તો શક્ય જ નથી. સાથે સાથે આવો શાનદાર સમારોહ, સમય જતાં, સાવ ભુલાઈ જાય અને મુંબઈથી દૂર દૂર રહેતાં અને સમારોહમાં સામેલ નહીં રહી શકેલાં આપણાં સહધર્મી ભાઈઓ-બહેનોને, આપણા સંઘની આશા સમી આપણી ઊછરતી પેઢીને તેમ જ આપણી ભવિષ્યની પ્રજાને આ પ્રસંગની ઉજવણીની થોડી-ઘણી

વિગતો પણ જાણવા મળે એ રીતે એનો સંક્ષિપ્ત અહેવાલ પણ આપણે તૈયાર ન કરવીએ, તો આપણે આપણી જવાબદારી કે ફરજની ઉપેક્ષા કરી ગણાય. કંઈક આવી ફરજની લાગણીથી પ્રેરાઈને અમારી સમિતિએ જન્મશતાબ્દીની ઉજવણીનો અહેવાલ લખાવીને છપાવવાનું અને આ પ્રસંગની સેંકડો છબીઓ લેવામાં આવી હતી. એમાંથી સંખ્યાબંધ છબીઓ પણ આ અહેવાલમાં આપવાનું નક્કી કર્યું હતું, જેથી આ સમારોહ મારેના જૈન સંઘના ઉત્સાહનો તેમ જ એની ભવ્યતાનો કંઈક ખ્યાલ શ્રીસંઘને આવી શકે. વળી, આ સમારોહની પહેલાં તથા પછી બનેલી કેટલીક મહત્ત્વની ઘટનાઓની ટૂંકી માહિતી પણ આ પુસ્તકમાં આપવાનું વિચારવામાં આવ્યું હતું. સમિતિએ આ કામની જવાબદારી ભાઈ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈને સોંપવાનું ઠરાવ્યું હતું. આ કપરું કાર્ય સ્વીકારી તેને સંતોષકારક રીતે પૂર્ણ કર્યું, તે બદલ અમે તેઓનો હાર્દિક આભાર માનીએ છીએ.

સમિતિના આ નિર્ણય મુજબ જન્મશતાબ્દીના અહેવાલનું આ પુસ્તક પ્રગટ કરતાં અમને આનંદ થાય છે. આ પુસ્તક ઘણા વખત પહેલાં પ્રગટ થવું જોઈતું હતું; પણ કેટલાક અનિવાર્ય કારણોને લીધે, અમે એમ નથી કરી શકયા, એનું અમને દુઃખ છે.

આ અહેવાલનું સુઘડ છાપકામ ચંદ્રિકા પ્રિન્ટરીએ અને છબીઓ વગેરેનું કલાત્મક છાપકામ દીપક લાલભાઈની કંપનીએ કરી આપ્યું છે. આનું બાઈડીંગ સાંભારે એન્ડ બ્રધર્સે કરી આપ્યું છે. આ ત્રણેનો અમે આભાર માનીએ છીએ.

આ અહેવાલને પ્રગટ કરવાનો અમારો અદનો પ્રયત્ન મોડે મોડે પણ સફળ થયો તેથી એ એક ઉત્તમ ધર્મમહોત્સવની સ્મૃતિને સાચવી રાખવામાં ઉપયોગી બની રહેશે, એ માટે અમારી ખુશાલી વ્યક્ત કરવા સાથે અમે આ પુસ્તક શ્રીસંઘના કરકમલમાં ભેટ ધરી કૃતકૃત્ય થઈએ છીએ.

ઓગસ્ટ ક્રાંતિ માર્ગ; મુંબઈ–૩૬;
ચૈત્ર શુદિ ૧૫, વિ. સં. ૨૦૩૧,
તા. ૨૫–૪–૧૯૭૫

મંત્રીઓ
આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી
જન્મશતાબ્દી સમિતિ

# ક્ષમાયાચના

યુગદર્શી આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મશતાબ્દીની ઉજવણીનો આ અહેવાલ, ઉજવણી પછી તરત જ, છેવટે એકાદ વર્ષ પછી તો, પ્રગટ થવો જ જોઈતો હતો; એમ થયું હોત તો એ વિશેષ ઉપયોગી અને આવકારપાત્ર બની શક્યો હોત. એમ ન થઈ શક્યું અને આ અહેવાલના પ્રકાશનમાં અઢી ત્રણ વર્ષ જેટલો લાંબો વિલંબ થયો એમાં, બીજાં બીજાં અનિવાર્ય કારણો અને સંજોગો સાથે, મારી પોતાની જવાબદારી પણ કંઈ ઓછી નથી. આ માટે હું સમિતિની તથા સૌકોઈની અંતઃકરણથી ક્ષમા માગું છે.

આ મહોત્સવની પૂર્વતૈયારી દરમ્યાન એની ચર્ચા-વિચારણામાં ભાગ લેવાની મને અવારનવાર તક મળતી રહી હતી. અને એ સમારોહની ઉજવણીનાં અને આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પ્રત્યેની લોકોની ભક્તિરૂપ ભાગીરથીનાં પ્રત્યક્ષ દર્શન કરવાનો લહાવો પણ મને મળ્યો હતો. મારી સમજ મુજબ તો આ ઉજવણી શબ્દાતીત કહી શકાય એવી હૃદયસ્પર્શી, વિશાળ અને વૈવિધ્યવાળી હતી. આજે પણ એની મીઠી યાદ અંતરના એક ખૂણામાં સદાને માટે સંગ્રહાયેલી સચવાઈ રહેલી છે.

સમિતિએ આ પ્રસંગની ઉજવણીનો અહેવાલ તૈયાર કરાવવાનો નિર્ણય કર્યો એ એક સ્તુત્ય તેમ જ ઉપયોગી નિર્ણય હતો; અને એ માટે એને ધન્યવાદ ઘટે છે. આ અહેવાલ તૈયાર કરવાનું કામ સમિતિએ મને સોંપ્યું તે માટે હું સમિતિનો અંતઃકરણથી આભાર માનું છું. મેં આમાં બને તેટલી વધુ માહિતી સમાવવાનો, કોઈ મહત્ત્વની માહિતી રહી જવા ન પામે એની બનતી તકેદારી રાખવાનો અને આ ઉજવણીનું આહ્લાદકારી શબ્દચિત્ર દોરવાનો યથાશક્તિ પ્રયત્ન નિષ્ઠાપૂર્વક કર્યો છે, એટલું જ હું કહી શકું. બાકી, આ કાર્યને હું કેવો ન્યાય આપી શક્યો છું એ તો આ પુસ્તક વાંચનાર સહૃદય વાંચકો જ કહી શકે.

આ અહેવાલ તૈયાર કરવામાં ભાવનગરથી પ્રગટ થતા "જૈન" સાપ્તાહિકના, ઉજવણીની પૂર્વતૈયારીના સમયના તથા ઉજવણી પછીના વખતના અંકોમાં છપાયેલ માહિતી અને વિગતો મને ખૂબ ઉપયોગી થઈ પડે એવી લાગવાથી, એમાં ઘટતો સુધારો ઉમેરો કરીને, મેં એનો છૂટથી ઉપયોગ કર્યો છે. ઉપરાંત, પંજાબ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી પ્રગટ થતા "વિજયાનંદ," "વલ્લભસંદેશ," "શ્વેતાંબર જૈન," "સેવા-સમાજ," "સ્વયંસેવક," "શ્રી આત્માનંદ પ્રકાશ" વગેરે સામયિકોમાં છપાયેલ સામગ્રી પણ મને આ અહેવાલ તૈયાર કરવામાં ઉપયોગી થઈ છે. વળી, ખાસ આ પ્રસંગે નિમિત્તે જ પ્રગટ કરવામાં આવેલ સ્મરણિકાઓ (સુવેનિયર્સ) પણ આ કાર્યમાં મને સહાયરૂપ બનેલ છે. અને સૌથી વિશેષ સહાય તો, જ્યારે જ્યારે માગી ત્યારે, જન્મશતાબ્દી સમિતિના માનદ મંત્રી અને મારા મિત્ર શ્રીયુત કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા અને સમિતિના કાર્યાલયના

સંચાલક ભાઈ શ્રી નગીનદાસ જસરાજ શાહ ઉર્ફે "પંકજ વાવડીકર" તરફથી, સમયે સમયે, વિના વિલંબે, મળતી રહી છે. આ માટે હું આ બધાં સામયિકોના તથા સ્મરણિકાઓના સંપાદક-મિત્રોનો, અને શ્રી કોરા સાહેબ તથા ભાઈ શ્રી નગીનદાસ શાહનો હૃદયથી આભાર માનું છું.

મુંબઈમાં થયેલ આ ઉજવણીની સેંકડો છબીઓ લેવામાં આવી હતી ઉપરાંત, પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તથા પરમપૂજ્ય આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજના સાંનિધ્યમાં, મુંબઈમાં, ઉજવણીની પહેલાં અને પછી ઊજવાયેલા પ્રસંગોની તેમ જ બહારગામ કરવામાં આવેલ ઉજવણીની પણ સંખ્યાબંધ છબીઓ લેવામાં આવી હતી. આવી સેંકડો છબીઓમાંથી આ પુસ્તકને માટે છબીઓની પસંદગી કરવાનું કામ બહુ કપરું હતું. આ માટે શ્રીયુત કાંતિલાલભાઈ કોરાની સહાય લઈને, અને મારી સમજણે કામ આપ્યું તે પ્રમાણે, મેં છબીઓની છેવટની પસંદગી અને ગોઠવણીનું કામ પતાવ્યું છે; અને મહત્ત્વની કોઈ છબી રહી ન જાય તેનું પણ બનતું ધ્યાન રાખ્યું છે. આમ છતાં, આ પ્રસંગની સેંકડો સુંદર છબીઓમાંથી કેટલીય છબીઓને, નાઈલાજે, જતી કરવી પડી છે—છેવટે કંઈક પણ મર્યાદા તો સ્વીકારવી જ પડે ને!

મોડે મોડે પણ આ કામ પૂરું કરી શકયો એ માટે હું સંતોષ અને આનંદ અનુભવું છું; અને આના પ્રકાશનમાં થયેલ અસાધારણ વિલંબ માટે ફરી માફી માગું છું.

૬, અમૂલ સોસાયટી, અમદાવાદ–૭; રતિલાલ દીપચંદ દેસાઈ
તા. ૪–૫–૧૯૭૫

# અનુક્રમ

૧. ઉપકારી વિભૂતિ ૩–૯

૨. ઉપકારીના સ્મરણનો સુઅવસર ૧૦–૧૧

૩. જેવું જીવન, એવી જ ઉજવણી ૧૨–૧૩

શીલનો મહિમા (વલ્લભવાણી) ૧૩.

૪. પૂર્વતૈયારી ૧૪–૩૦

મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજનું આગમન ૧૪; ત્રણ નિર્ણયો ૧૫; સમિતિની રચના તથા બીજા નિર્ણયો ૧૬; જન્મશતાબ્દી સમિતિના હોદ્દેદારો ૧૮; જન્મશતાબ્દી સમિતિની કાર્યવાહક સમિતિના સભ્યો ૧૯; શતાબ્દી સમિતિના સભ્યો ૨૦; જન્મશતાબ્દી સમિતિના રૂ. ૫૧) ના સભ્યો બનાવનાર ભાઈ-બહેનો, પૂ. સાધુ-સાધ્વીઓ તથા સંઘો-સંસ્થાઓની નામાવલી ૨૧; બહેનો મારફત બનેલા સભ્યો ૨૩; પૂ. સાધુ-સાધ્વીજી મહારાજની પ્રેરણાથી થયેલા સભ્યો ૨૩; જૈન સંઘો અને સંસ્થાઓ મારફત ૨૪; સભ્યસંખ્યાનું પૃથક્કરણ ૨૪; જન્મશતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ ૨૫; શિક્ષણ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ૨૫; આચાર્યશ્રીનો જીવનપરિચય ૨૬; આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજીનું મુંબઈમાં આગમન ૨૬; મુંબઈ આવેલ સાધુ-મુનિરાજો તથા સાધ્વીજી મહારાજો ૨૭; શ્રી ખીમજીભાઈ છેડાની વિશિષ્ટ કામગીરી ૨૯; કેટલાક મુખ્ય કાર્યકરો ૨૯; જ્ઞાનરંગ (વલ્લભવાણી) ૩૦.

૫. સમારોહની તૈયારી ૩૧–૩૮

બે રીતની ઉજવણી ૩૧; બાકીનાં કામ અને તેની વહેંચણી ૩૧; ઉતારાની વ્યવસ્થા ૩૪; શ્રી વિજયવલ્લભનગરની રચના ૩૫; ભોજનના તથા નાસ્તાના ખર્ચની વ્યવસ્થા ૩૬; સ્વયંસેવક મંડળ તથા બેન્ડોની સેવાઓ ૩૭; આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજીની પ્રતિજ્ઞા ૩૭.

૬. સમારોહની ઉજવણીની શરૂઆત ૩૯–૪૪

નાનો સમારોહ ૩૯; મહેમાનોનું આગમન ૪૨; સ્પેશિયલ ટ્રેન, રેલ્વે બોગી તથા બસો વગેરે દ્વારા આવેલ મહેમાનો અને જુદી જુદી સંસ્થાઓના ભાવિકો ૪૨; આ પ્રસંગે બહારગામથી પધારેલ કેટલાક આગેવાનો તથા કાર્યકરો ૪૩.

૭. હૃદયસ્પર્શી, યાદગાર અને શાનદાર મુખ્ય સમારોહ ૪૫–૬૪

પહેલો દિવસ તા. ૨૪–૧૨–૭૦ ગુરુવાર, સમારોહની શરૂઆત; રંગોળી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ૪૫; બીજો દિવસ તા. ૨૫–૧૨–૭૦, શુક્રવાર, સમારંભનું ઉદ્‌ઘાટન ૪૬; શ્રી પોપટલાલ ભીખાચંદનું સ્વાગતવકતવ્ય ૪૬; નગરપતિ દ્વારા સ્વાગત ૪૮; ઉદ્‌ઘાટન ૪૯; પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ૪૯; ચાંદીના સિક્કાનું

ઉદ્‌ઘાટન ૪૯; પ્રવચનો ૫૦; વિરાટ અને ભવ્ય ધર્મયાત્રા ૫૧; 'વલ્લભ ગુરુને એક ક્રિયા' ૫૨; સાંસ્કૃતિક કાર્યક્રમ ૫૨; ત્રીજો દિવસ, તા. ૨૬-૧૨-૭૦, શનિવાર, ગુણાનુવાદની સભા ૫૩; જીવનચરિત્રો વગેરેનું પ્રકાશન ૫૪; સાંસ્કૃતિક કાર્યક્રમ ૫૭; ચોથો-છેલ્લો દિવસ, તા. ૨૭-૧૨-૧૯૭૦ રવિવાર, સમારોહની મુખ્ય સભા ૫૮; જન્મશતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ ૫૮; શ્રી મહાવીર નગરની યોજના ૫૯; આભાર નિવેદનનો વિશેષ કાર્યક્રમ ૬૦; સાંસ્કૃતિક કાર્યક્રમ ૬૧; જન્મશતાબ્દીની ઉજવણી અંગે થોડીક નોંધપાત્ર બાબતો ૬૨; બે પરિચય-પુસ્તિકાઓ ૬૨; ધાતુના પતરા પર છબી ૬૨; ખાસ પૂર્તિઓ ૬૨; શ્રી ગોડીજીના ટ્રસ્ટીઓ તરફથી બહુમાન ૬૩; વિદાય ૬૩; સમારોહની ફિલ્મ ૬૩; ભેટની ભેટ ૬૩; નામકરણ ૬૪; આભાર-નિવેદન ૬૪.

**૮. કાર્યકરોનું અભિનંદન** ૬૫-૬૮

શ્રી પોપટલાલભાઈનું વક્તવ્ય ૬૬.

**૯. સમિતિનું વિસર્જન** ૬૯-૭૫

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી સમિતિ ૬૯; કાર્યવાહક સમિતિની સભાની નોટીસ ૬૯; કાર્યક્રમ ૬૯; આચાર્ય શ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી જન્મશતાબ્દી સમિતિ, સં. ૨૦૨૭ના આસો વદી ૦))ના દિને પૂરા થતા સમયનું સરવૈયું ૭૦; અગિયાર સભ્યોની સમિતિ ૭૫; પરની પીડાને પિછાનો (વલ્લભવાણી) ૭૫.

**પરિશિષ્ટ-૧ : શિક્ષણ-ટ્રસ્ટ-દાતાઓની નામાવલી** ૭૬-૮૩

નામાવલી ૭૬; અખંડ માનવતા (વલ્લભવાણી) ૮૩.

**પરિશિષ્ટ-૨ : સંદેશા મોકલનારાઓની યાદી** ૮૪-૮૭

સાધુમહારાજો તથા સાધ્વીજી મહારાજો ૮૪; સંઘો તથા સંસ્થાઓ ૮૪; સદ્‌ગૃહસ્થો ૮૫; પ્રાણીમાત્ર ઉપર પ્રેમ રાખો (વલ્લભવાણી) ૮૭.

**પરિશિષ્ટ-૩ : અન્ય ધર્મસમારંભો** ૮૮-૯૩

(૧) ઉગ્ર અને દીર્ઘ તપસ્યા અને કાળધર્મ ૮૮; (૨) અમૃત-મહોત્સવ ૮૯; વરલીમાં વિવિધ ઉત્સવો ૮૯; (૩) દીક્ષા ૮૯; (૪) પદવીદાન ૮૯; (૫) બહુમાન-સૂચક વિશેષ પદ ૯૦; (૬) પ્રતિષ્ઠા ૯૦; (૭) શ્રી જયભારતી બહેનની દીક્ષા ૯૧; (૯) બે મહત્ત્વનાં પ્રવચનો ૯૧; (૧૦) આગમ-પ્રકાશન સમારોહ ૯૧; (૧૧) વડી દીક્ષા ૯૧; (૧૨) અભિવાદન સમારોહ ૯૧; (૧૩) દીક્ષા ૯૧; (૧૪) આગમપ્રભાકરજી મહારાજનો કાળધર્મ ૯૨; (૧૫) "વિજયવલ્લભ ચોક" નામકરણ ૯૨; ધર્મ અને પંથ (વલ્લભવાણી) ૯૩.

**પરિશિષ્ટ-૪ : અન્ય સ્થાનોમાં જન્મશતાબ્દીની ઉજવણી** ૯૪-૯૬

(૧) સ્થાનિક ઉજવણી ૯૪; (૨) પ્રાદેશિક ઉજવણી ૯૪; (૩) બેંગલોર ૯૪; (૪) વડોદરા ૯૫; (૫) પાલીતાણા ૯૫; (૬) થાણા ૯૫; (૭) પૂનામાં જન્મશતાબ્દી વર્ષની પૂર્ણાહુતિ ૯૬; માનવતાનો વાસ (વલ્લભવાણી) ૯૬.



પરમપૂજ્ય, પ્રાતઃસ્મરણીય, નવયુગપ્રવર્તક

**આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ**

# આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની

# જન્મશતાબ્દીનો અહેવાલ

[ મુંબઈમાં અખિલ-ભારતીય ધોરણે થયેલ ઉજવણી ]



## અ મ ર

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો વિકાસ, એ પ્રશંસાયુક્ત વિદ્યાલય સ્થપાયું ત્યારથી અત્યાર સુધી, હું જોતો આવ્યો છું. કેટલીએ વખત ત્યાં હાજર રહી મેં વ્યાખ્યાનો આપ્યાં છે અને એને જૈન કોમના ઉદ્ધારની એક સંસ્થા તરીકે લેખતો આવ્યો છું. આપણા સમાજનું એક મોટું અંગ જૈન કોમ છે, અને તેનો ઉદ્ધાર તે આખા સમાજના ઉદ્ધારનો એક સંસ્કારી ભાગ છે. એટલે તે દીર્ઘદૃષ્ટિથી પૂજ્યપાદ સૂરીશ્વરજીએ એનો પાયો નાખ્યો, ને દરેક ક્ષેત્રમાં તેને આગળ વધાર્યું. તેમનો જેટલો પાડ માનીએ તેટલો થોડો. મુંબઈમાં સ્વ. શ્રીયુત સર રમણભાઈ મહિપતરામ નીલકંઠના પ્રમુખપણા નીચે ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન થયું હતું, તે આ વિદ્યાલયમાં થયું હતું, અને એ રીતે એ વિદ્યાલયે ગુજરાતી સાહિત્યની જે સેવા બજાવી છે તે માટે તે સાહિત્ય પણ એનું ઋણી છે, તો પછી એના પ્રેરકનું કેમ જ ન હોય?

ભારતની સંસ્કૃતિની એકે દિશામાં જૈનોએ પોતાનો ફાળો ન આપ્યો હોય એમ નથી, કારણ, એઓ પણ ભારતપુત્રો છે, પછી ભલે તેઓ વૈદિક સંપ્રદાયના અનુયાયીઓ ન હોય. સાહિત્ય, કલા, સ્થાપત્ય, તત્ત્વજ્ઞાન— કયા ક્ષેત્રમાં જૈનો પાછા પડયા છે? જૈનોનું પોતાનું રામાયણ છે; કલા-કેન્દ્રો છે; જૈનોનાં દહેરાં ને મંદિરો જ્યાં જુઓ ત્યાં એમની કલાના વિષયની ઉચ્ચ ભાવનાની સાબિતી આપે છે. તત્ત્વજ્ઞાનમાં પણ તેમ જ છે.

જૈનોની સંસ્કૃતિની પશ્ચાદ્ભૂમિના આ જમાનાના પ્રદર્શક તરીકે આચાર્યશ્રી જે કાંઈ કરી ગયા છે તેથી એ ક્ષેત્રમાં એમનું નામ ને એમનું કાર્ય અમરત્વ પામ્યાં છે, એમાં શંકાને કશું સ્થાન નથી.

—સાક્ષરરત્ન, દીવાન બહાદુર

**શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી**

( આ. શ્રી વિજયવલ્લભસૂરિ-સ્મારકગ્રંથ )

## ૧

# ઉપકારી વિભૂતિ

જીવન તો સહુને મળે છે; પણ જે જીવન જીવી જાણે છે એ પોતાના જીવનને ઉજાળીને બીજાના જીવનમાં પ્રકાશ પાથરે છે; અને એક ઉપકારી માર્ગદર્શક તરીકે જનસમૂહના અંતરમાં અમર બની જાય છે. અને જીવનને જીવી જાણવાનો એકમાત્ર રાજમાર્ગ છે, ધર્મને જીવન સાથે એકરૂપ બનાવી દેવો એ. યોગ-અધ્યાત્મની સાધના કે નીતિ-સદાચારની કેળવણીનો ભાવ પણ આ જ છે. મતલબ કે જીવન નિર્મળ, ઉદાર અને ઉચ્ચાશયી બને એ રીતે એનું ઘડતર કરવાનો મુખ્ય માર્ગ છે ધર્મની, યોગ-અધ્યાત્મની કે નીતિ-સદાચારની ભાવનાને જીવન સાથે વણી લેવાની નિષ્ઠાભરી અખંડ સાધના અને અપ્રમત્ત પ્રવૃત્તિ.

દેશમાં અને દુનિયાભરમાં આવી જીવનસાધના કરનાર નર-નારીઓ, સમયે સમયે, પાકતાં જ રહે છે; તેથી જ તો છેક પ્રાચીન સમયથી જીવનસાધકો અને સંતોની એક અખંડ પરંપરા, સ્થળ-કાળના અવરોધોને વટાવીને, પવિત્ર ભાગીરથીના વિમળ પ્રવાહની જેમ, વહેતી રહી છે અને જગતને ન્યાય-નીતિ-ધર્મનો માર્ગ ચીંધીને જીવનને કૃતાર્થ કરવાની પ્રેરણા આપતી રહી છે. દુઃખ અને દુર્ગુણોના અંધકારથી ઘેરાયેલી દુનિયામાં સુખ-શાંતિ, આનંદ-ઉલ્લાસ અને સ્નેહ-સુજનતાનો પ્રકાશ રેલાવવાનું પુણ્યકાર્ય સંતો જ કરતા રહે છે. એને લીધે જ જીવન જીવવા જેવું અને દુનિયા વસવા જેવી બની શકે છે.

અહિંસા, કરુણા, સત્ય, પ્રેમ, ત્યાગ-બલિદાનની ભાવના જેવા બધા ઈશ્વરી ગુણો એ જીવનસાધનાની કે ધર્મભાવનાની જ અમૂલ્ય નીપજ છે; અને તપ-ત્યાગ-સંયમ-વૈરાગ્ય-તિતિક્ષાની ભાવનાને જીવી જાણવાનો સદા જાગ્રત પુરુષાર્થ કરનાર સાધકો જ આવી સાધના કરી શકે છે.

આવા જીવનસાધક વીરો આવી ઉત્કટ સાધના કરે છે તો પોતાની જાતના ઉદ્ધાર માટે, પોતાના આત્મકલ્યાણ માટે, પણ એમાં અમૃત જેવું એવું અદ્‌ભુત રસાયણ રહેલું હોય છે કે જે આપમેળે જ જગતનું કલ્યાણ કરે છે. આવી વિમળ સાધના કરતાં કરતાં એક સમય એવો આવે છે કે જ્યારે સ્વકલ્યાણ અને પરકલ્યાણ, એકબીજાનાં પૂરક બનીને, પૂર્ણ આત્મસાધનાનાં અવિભાજ્ય અંગ બની જાય છે. દુનિયાનાં દુઃખ જુએ અને સંતોનાં હૈયાં દ્રવવાં લાગે. અને આવાં દુઃખોનું તેમ જ એ દુઃખોના મૂળરૂપ અજ્ઞાન, અંધશ્રદ્ધા અને અહંકારનું નિવારણ કરવામાં તેઓ ધૂપસળી જેવો સમર્પણભાવ દાખવે ત્યારે જ એમના ચિત્તને સંતોષ થાય. સંતોના આ ઉપકારનું મૂલ્ય કોણ આંકી શકે? એમનું ઋણ કેવી રીતે ચૂકવી શકાય? એટલા માટે તો જનસમૂહ, સત્તાધારીઓ અને સંપત્તિશાળીઓ કરતાં, સંતોનું વિશેષ સ્મરણ કરે છે અને એમના પ્રત્યે સદાય અધિક આદર-ભક્તિ દર્શાવે છે.

સંતોની આ પરંપરાને ઉજ્જ્વળ અને અખંડિત રાખવામાં ભગવાન તીર્થંકરે અનંતા-

વેલ જૈનધર્મ અને જૈન સંસ્કૃતિએ તથા એના શ્રમણોએ પણ ઘણો મોટો અને બહુમૂલો ફાળો આપ્યો છે. અહિંસા અને કરુણાની ભાવનાની અમૃતસરિતાને ઝીણામાં ઝીણી જીવસૃષ્ટિ સુધી વહેતી કરવાનું જૈન સંસ્કૃતિનું પુણ્યકાર્ય બેનમૂન કહી શકાય એવું છે. જૈનધર્મે વિશ્વના નાના-મોટા સર્વ જીવોને પોતાના મિત્ર માનવાનું અને કોઈની પણ સાથે વૈર-વિરોધ નહીં રાખવાનું બુલંદ નાદે જે ઉદ્બોધન કર્યું છે, તેનો ભાવ આ જ છે; અહિંસા અને કરુણાની ભાવનાને જીવનમાં જીવી બતાવવાની ઉત્કટ ઝંખનાનું જ એ ફળ છે.

વિક્રમની વીસમી-એકવીસમી સદીમાં જૈન સંઘમાં આવા જ એક જીવનસાધક સંત થઈ ગયા. એમનું નામ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ. એક સમર્થ અને સંવેદનશીલ સંઘનાયકને શોભે એવી ઉત્તમ અને પરગજુ એમની જીવનસાધના હતી. તેઓ જેમ સ્ફટિક સમી નિર્મળ સંયમસાધના માટે સદા જાગ્રત રહેતા, તેમ સંઘઉત્કર્ષ અને લોકકલ્યાણ માટે પણ સતત ચિંતા સેવતા હતા અને એ માટે સમાજને નિરંતર પ્રેરણા આપતા રહેતા હતા—જાણે આત્મકલ્યાણ અને લોકોપકાર જેવાં બે ચક્રોને આધારે એમનો જીવનસાધનાનો રથ આગળ વધતો રહેતો હતો. બામણવાડા તીર્થમાં, વિ. સં. ૧૯૮૮માં, મળેલ પોરવાડ સંમેલનમાં આચાર્યશ્રીએ પોતે જ કહ્યું હતું કે—

> "સમાજના ઉત્કર્ષને માટે અને આત્મકલ્યાણને માટે જ આ વેશ ધારણ કર્યો છે. આ જીવનમાં આત્મકલ્યાણ અને સમાજકલ્યાણનાં જેટલાં કાર્યો થઈ શકે એટલાં કાર્યો કરવાં એ અમારું કર્તવ્ય છે."

આ શબ્દો છે તો સાવ ઓછા, પણ એમાં જાણે એમની ૬૮ વર્ષ જેટલી લાંબી સંયમસાધનાની યશોજ્જ્વલ કારકિર્દીનો નિચોડ સમાઈ જાય છે. આ વાણીને જીવન સાથે એકરૂપ બનાવીને સાચી કરી બતાવવાનો એમનો પુરુષાર્થ તો એક પ્રેરક અને માર્ગ-દર્શક ધર્મકથા બની રહે એવો હતો. એ કથામાં જેમ એક આદર્શ ધર્મગુરુનું તેમ આદર્શ લોકગુરુનું આહ્લાદકારી દર્શન થાય છે.

*

તેઓનું વતન વડોદરા શહેર: ગુજરાતનું વિદ્યા અને કળાનું નાનું સરખું કાશી. પિતાનું નામ દીપચંદભાઈ. માતાનું નામ ઈચ્છા બહેન. જ્ઞાતિ વીસા શ્રીમાળી. આખું કુટુંબ જૈનધર્મ તરફની દૃઢ શ્રદ્ધાના રંગે રંગાયેલું. તેમાંય માતાના તો રોમ રોમમાં ધર્મભાવના ધબકતી હતી. વિ. સં. ૧૯૨૭ ના ભાઈબીજના (કાર્તિક સુદિ બીજના) પર્વ દિવસે એમનો જન્મ. નામ છગનલાલ.

દસ-બાર વર્ષની ઉંમર થતાં થતાં તો, પહેલાં પિતાજીનું અવસાન થયું અને પછી જિંદગીની નૌકાના કૂવાથંભ સમાં માતા પણ કારમી માંદગીમાં સપડાઈ ગયાં. પણ જીવન ભાંગી પડે અને અંતર હતાશ થઈ જાય એવા નિરાધારીના સમયમાં ધર્મ સાચા આધારરૂપ બની રહ્યો. મરણપથારીએ પડેલાં માતાને હવે ફક્ત પોતાનું મૃત્યુ સુધારી લેવાની અને પોતાના કાળજાની કોર જેવા વહાલા છગનની જિંદગી ઉજાળવાની જ ચિંતાભરી ઝંખના હતી. પોતાની પાસે દીન વદને બેઠેલા છગનને, જાણે છેલ્લી શિખામણ આપતાં હોય એમ, માતાએ કહ્યું: "બેટા, અર્હંતનું શરણ સ્વીકારજે, અને અનંત સુખના ધામમાં પહોંચાડે એવા શાશ્વત ધર્મધનને મેળવવામાં અને જગતના જીવોનું કલ્યાણ

કરવામાં તારું જીવન વિતાવજે." જાણે માતાએ, છેલ્લી વિદાય લેતાં પહેલાં, પુત્રને જન્મ-જન્માંતર સુધી બળ અને તેજ આપતું રહે એવું અખૂટ ભાતું આપ્યું અને સદાને માટે વિદાય લીધી !

મોટા ભાઈ પોતાના નાના ભાઈ છગન ઉપર બહુ મમતા રાખતા. પણ છગનનું મન દિનરાત માતાની છેલ્લી શિખામણને જ રટયા કરતું. એ તો ઘરસંસારનો ત્યાગ કરી ત્યાગ-માર્ગનો સ્વીકાર કરવા તલસી રહ્યો. છેવટે, વિ. સં. ૧૯૪૩ માં, રાધનપુરમાં, મહાપ્રતાપી આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( શ્રી આત્મારામજી ) મહારાજ પાસે દીક્ષા લઈને છગને પોતાના મનોરથ સફળ કર્યા. તેઓ આચાર્ય મહારાજના પ્રશિષ્ય મુનિ શ્રી હર્ષવિજયજીના શિષ્ય બન્યા. નામ મુનિ વલ્લભવિજયજી રાખ્યું. ઇતિહાસ કહે છે કે તેઓએ સૌના વલ્લભ બનીને પોતાના નામને સાર્થક કરી જાણ્યું.

મુનિ વલ્લભવિજયજી હતા તો શ્રી આત્મારામજી મહારાજના પ્રશિષ્યના શિષ્ય; અને દીક્ષામાં, વયમાં અને અભ્યાસમાંય એમના કરતાં મોટા અનેક મુનિવરો આચાર્ય મહારાજની પાસે હતા. પણ મુનિ વલ્લભવિજયજીએ ઉત્કટ ગુરુભક્તિ, તેજસ્વી બુદ્ધિ, કાર્યસૂઝ, કાર્ય-નિષ્ઠા અને સંયમપરાયણતા જેવા વિરલ ગુણોના બળે આચાર્ય મહારાજનું મન એવું જીતી લીધું કે એ તેઓના કેવળ અંગત મંત્રી કે કુશળ વજીર જ નહીં પણ ઉત્તરાધિકારી સુધ્ધાં બની ગયા. આચાર્ય મહારાજના અડધા વેણે તેઓ હાજર થઈ જતા, અને એમની આજ્ઞાનું પાલન કરવામાં લેશ પણ પ્રમાદ કે વિલંબ ન કરતા. પોતાના આ વારસ ઉપર આચાર્ય મહારાજના વાત્સલ્યભર્યા આશીર્વાદ સતત વરસ્યા કરતા.

દીક્ષા લીધા પછી નવ વર્ષ સુધી આવા જ્ઞાન-ચારિત્રની ગરિમા અને પ્રભાવકતાથી શોભતા, જૈન સંઘના મહાન જ્યોતિર્ધર આચાર્ય મુનિ વલ્લભવિજયજીના શિરછત્ર બની રહ્યા. ત્રણ ચોમાસાં ગુજરાતમાં અને ૭ ચોમાસાં પંજાબમાં એમની છત્રછાયામાં થયાં. આ બધા સમય દરમ્યાન મુનિ વલ્લભવિજયજી સંયમની સાધનામાં સતત જાગ્રત રહીને એક આદર્શ શ્રમણરૂપે પોતાનું ઘડતર કરતા રહ્યા. જીવનની ભૂલોને શોધવાની અંતર્મુખ દૃષ્ટિ, પોતાની આસપાસના સમાજ, સંઘ અને સંસારનાં દુઃખોને પારખવાની હમદર્દી તથા કરુણાપરાયણતાથી પ્રેરાયેલી પરગજુવૃત્તિથી મુનિ વલ્લભવિજયજી સ્વ-પરના કલ્યાણ માટે સજ્જ બની ગયા. ભગવાન તીર્થંકરના ધર્મની અહિંસા, કરુણા અને વાત્સલ્યની ભાવના એમના જીવન સાથે એકરૂપ બની ગઈ. પોતાના કર્તવ્યપંથનું સૂચન કરતાં મુનિ વલ્લભવિજયજીએ પોતે જ કહેલું કે—

> "મારા જીવનના ત્રણ મુખ્ય આદર્શો : આમાં પહેલું, આત્મસંન્યાસ; બીજું, જ્ઞાનપ્રચાર અને ત્રીજું, શ્રાવક-શ્રાવિકાઓનો ઉત્કર્ષ."

અને જીવનની પહેલી પચ્ચીશી પૂરી થતાં થતાં તો જાણે આ આદર્શનો અમલ કરવાનો સમય પાકી ગયો. વિ. સં. ૧૯૫૨માં આચાર્યદેવ શ્રી આત્મારામજી મહારાજ બહુ બિમાર થઈ ગયા. અંતિમ સમયે તેઓએ મુનિ વલ્લભવિજયજીને વાત્સલ્યભરી વાણીમાં આદેશ આપ્યો : "વલ્લભ, ઠેર ઠેર સરસ્વતી-મંદિરોની સ્થાપના કરજે અને પંજાબની સંભાળ રાખજે." અને તે પછી તરત જ ગુરુદેવની આત્મજ્યોત પરલોક તરફ પ્રયાણ

કરી ગઈ! માતાના અંતિમ આદેશની જેમ જીવનના સ્વામી ગુરુદેવનો આ અંતિમ આદેશ પણ મુનિશ્રીના અંતરમાં વજ્રલેખની જેમ અંકિત થઈ ગયો. એ આદેશે મુનિશ્રીને કર્તવ્યનો માર્ગ બતાવી દીધો.

પછી તો, આત્મકલ્યાણ અને લોકકલ્યાણના માર્ગના પુણ્યયાત્રિક બનેલા મુનિ વલ્લભવિજયજીના અંતરમાં ધર્મકર્તવ્યનું પાલન કરવાનું તેજ, શતદળ કમળની જેમ, ખીલી નીકળ્યું. તેઓ સતત એ વાતની જ ચિંતા સેવતા રહેતા અને એ માટે પૂરેપૂરો પુરુષાર્થ કરવામાં જરાય ખામી રહેવા ન દેતા. તેઓની સાધના લોકકલ્યાણના ઇચ્છુક યોગીપુરુષ જેવી બની ગઈ. પોતાની આ ભાવનાને વ્યક્ત કરતાં તેઓએ પોતે જ, વિ. સં. ૨૦૦૧ માં, લુધિયાનામાં કહ્યું હતું કે—

"સંસારનો ત્યાગ કરી, આ વેશ પહેરી, ભગવાન મહાવીરની જેમ, અમારે અમારા જીવનની પળેપળનો હિસાબ આપવાનો છે. આત્મશાંતિ અને આત્મશુદ્ધિ તો મળતાં મળશે, પણ સમાજ, ધર્મ અને દેશના ઉદ્યોતમાં આ જીવનમાં જે કંઈ ફાળો આપી શકાય, તે આપવાનું કેમ ભૂલી શકાય? આ શરીર તે માટે જ છે; તો છેવટની ઘડી સુધી તેનો ઉપયોગ કરી લેવો જોઈએ ને! શરીર ક્ષણભંગૂર હોવાથી એક દિવસ તો જવાનું જ છે, એટલે ત્યાં સુધી જેટલાં શાસનકાર્યો થઈ જાય તેટલાં કરી લેવાં જોઈએ. જ્યાં સુધી આ નાડીમાં લોહી ફરે છે, હૃદયના ધબકારા ચાલે છે, ત્યાં સુધી એક સ્થળે બેસવાનો નથી."

શ્રી આત્મારામજી મહારાજના સ્વર્ગવાસ પછી મુનિ શ્રી વલ્લભવિજયજીએ ૧૩ જેટલાં ચોમાસાં પંજાબમાં કરીને પંજાબની સંભાળ રાખવાની પોતાના ગુરુદેવની આજ્ઞાનું બરાબર પાલન કર્યું. આ બધા વખત દરમ્યાન સરસ્વતી-મંદિરોની સ્થાપના કરીને સમાજની ઊછરતી પેઢીને, ધાર્મિક જ્ઞાન અને સંસ્કાર સાથે, વ્યાવહારિક શિક્ષણ આપવાની કેટલી જરૂર છે અને તે કામ કેવી રીતે પાર પડી શકે, એ વાત એમને બરાબર સમજાઈ ગઈ હતી. સાથે સાથે ધર્મને ટકાવી રાખવા માટે સમાજનાં મધ્યમ વર્ગનાં દુઃખી ભાઈઓ-બહેનોના ઉત્કર્ષ માટે નક્કર યોજના કરવાની અને શ્રીસંઘમાં તેમ જ બધા જૈન ફિરકાઓ વચ્ચે એકતાની સ્થાપના કરવાની કેટલી જરૂર છે, એ વાત પણ આ સમયદર્શી સંઘનાયકના મનમાં બરાબર વસી ગઈ હતી.

જૈન સમાજમાં કેળવણીના પ્રચાર માટે આચાર્યશ્રીએ જે ભગીરથ પુરુષાર્થ કર્યો હતો, તેથી જુદા જુદા પ્રદેશોમાં અનેક શિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. સુપ્રસિદ્ધ શ્રી મહાવીર જૈન વિદ્યાલય પણ તેઓની જ ભાવના અને પ્રેરણાની સિદ્ધિ છે. આ બધી સંસ્થાઓએ જૈન સમાજને શક્તિશાળી, સુખી અને સંસ્કારી બનાવવામાં ખૂબ નોંધપાત્ર ફાળો આપ્યો છે અને અત્યારે પણ આપી રહી છે. આ સંસ્થાઓ તેઓની વિદ્યાપ્રીતિ અને સમાજઉત્કર્ષની ઉત્કટ ઝંખનાની ચિરકાળ પર્યંત કીર્તિગાથા બની રહેશે. કેળવણીનો મહિમા સમજાવતાં તેઓએ, વિ. સં. ૧૯૮૫ માં, અમદાવાદમાં કહ્યું હતું કે—

"કેળવણી વિના આપણો આરો નથી. કેળવણી પણ ધાર્મિક શ્રદ્ધા અને સંસ્કારથી સુવાસિત હોવી જોઈએ. જ્યાં સુધી આ પ્રકારની ધાર્મિક કેળવણી નહીં હોય ત્યાં સુધી આપણો ઉદ્ધાર નથી. ફક્ત કેળવાયેલા જ જૈન શાસનની રક્ષા કરશે."

કેળવણીના પ્રસાર પાછળનો આચાર્યશ્રીનો મુખ્ય હેતુ સમાજનો ઉત્કર્ષ સાધવાનો જ હતો; છતાં હમદર્દીના અવતાર સમા આચાર્યશ્રી એ પણ જાણતા હતા કે સમાજમાં મધ્યમ અને ગરીબ વર્ગનાં હજારો ભાઈઓ-બહેનો એવાં છે કે જેઓ ભારે દુઃખ અને મુસીબતમાં દિવસો વિતાવે છે. એટલે એમને માટે શિક્ષણની નહીં પણ એમને સન્માન સાથે જરૂરી સહાય મળી રહે એવી ગોઠવણની જરૂર છે; અને શ્રીસંઘે એ કરવી જ જોઈએ. દુઃખિયાનું દુઃખ જોઈને આચાર્યશ્રીનું દિલ દ્રવવા લાગતું, બેચેન બની જતું. તેથી જ તેઓ સમાજને ઉદ્યોગગૃહો સ્થાપવાની કે એવી જ ઉપયોગી યોજના કરવાની હમેશાં પ્રેરણા કરતા રહેતા હતા. અને એનું પરિણામ પણ બહુ સારું આવ્યું હતું. છેક ૮૨ વર્ષની ઉંમરે પણ સમાજનાં દુઃખી ભાઈઓ-બહેનો તરફની તેઓની હમદર્દી એવી ને એવી જ ઉત્કટ હતી. વિ. સં. ૨૦૦૮ની સાલમાં પોતાની આ લાગણીને વ્યક્ત કરતાં મુંબઈમાં તેઓશ્રીએ કહ્યું હતું કે—

"અત્યારે હજારો જૈન કુટુંબો પાસે ખાવા પૂરતું અન્ન નથી; પહેરવા પૂરતાં કપડાં નથી; માંદાની સારવાર માટે અને પોતાનાં બાળકોને ભણાવવા માટે પૈસા નથી. આજે મધ્યમ વર્ગનાં આપણાં ભાઈ-બહેન દુઃખની ચક્કીમાં પિસાઈ રહ્યાં છે. એમની પાસે થોડાં ઘણાં ઘરેણાં હતાં તે તો વેચાઈ ગયાં; હવે તેઓ વાસણ વેચવા લાગ્યાં છે. કેટલાંક તો દુઃખના લીધે આપઘાત કરવાની પરિસ્થિતિમાં પહોંચી ગયાં છે. આ બધાં આપણાં જ ભાઈ-બહેન છે. એમની સ્થિતિ સુધારવાની જરૂર છે. જો મધ્યમ વર્ગ જીવતો રહેશે તો જૈન જગત ટકી રહેશે. ધનિક વર્ગ લહેર કરે અને આપણા સહધર્મી ભાઈઓ ભૂખે મરે એ સામાજિક ન્યાય નહીં પણ અન્યાય છે."

આચાર્ય મહારાજને મન સાધુજીવનની નિર્મળ સાધના અને જૈન સંઘ સહિત જનસમૂહનું કલ્યાણ, એ બન્ને બાબતોનું ખરેખરું મહત્ત્વ હતું; એટલે પદવી કે નામના-કીર્તિનું સ્થાન એમના જીવનમાં ગૌણ બની ગયું હતું. આવો પ્રસંગ ઊભો થતો ત્યારે તેઓ કામને જ મહત્ત્વ આપીને અને સમાજઉત્કર્ષની પોતાની ઝંખનાને પ્રગટ કરીને આવી માન-સન્માનની વાતને ટાળી દેતા. તેઓને આચાર્યપદ સ્વીકારવાની વિનતિ તો છેક વિ. સં. ૧૯૫૭માં કરવામાં આવી હતી; પણ તેઓએ એ પદનો સ્વીકાર છેક વિ. સં. ૧૯૮૧ માં લાહોરમાં કર્યો હતો.

યુવાનો તરફ એમને કેવી લાગણી હતી અને એમની ધર્મદૃષ્ટિ કેવી વિશાળ હતી, તે વિ. સં. ૧૯૮૫માં અમદાવાદમાં આપેલ પ્રવચનમાંના નીચેના ઉદાત્ત ઉદ્ગારો ઉપરથી પણ સમજી શકાય છે. તેઓએ કહેલું કે—

"યુવકોને નાસ્તિક અને વૃદ્ધોને અંધશ્રદ્ધાળુ કહેવાથી કશો અર્થ સરવાનો નથી. બન્નેના હાથ મેળવી, સમયને, દેશકાળને ઓળખીને તેમને અને જગતને બતાવી આપવાનું છે કે જૈનધર્મ શ્રેષ્ઠ છે. મોક્ષ એ કાંઈ કોઈનો ઈજારો નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર, એ દરેક જો વીતરાગ બને તો મોક્ષ મેળવી શકે છે. ગૌતમાદિ ગણધર બ્રાહ્મણ હતા, તીર્થંકરદેવો ક્ષત્રિય હતા ને જંબૂસ્વામી આદિ વૈશ્ય હતા. જૈનધર્મમાં સર્વને સ્થાન છે. જૈનનો અનુયાયી ગમે તે જાતિનો હોઈ શકે

છે. રાગ-દ્વેષ છોડે તે કૈવલ્ય પ્રાપ્ત કરી મોક્ષાભિગમન કરી શકે છે. પુરુષ, સ્ત્રી કે નપુંસકને પણ મોક્ષને લાયક ગણ્યો છે; આમાં લિંગભેદ ક્યાંયે નથી."

જે મહાપુરુષની ધર્મભાવના આવી વડલા જેવી વિશાળ અને આકાશ જેવી વ્યાપક અને સર્વસ્પર્શી હોય, અને જેમની સમભાવી દૃષ્ટિમાં સહુકોઈના કલ્યાણનો સમાવેશ થઈ જતો હોય, એમનું હૃદય રાષ્ટ્રભાવનાથી રંગાયેલું હોય એ સ્વભાવિક છે. આચાર્યશ્રીના જીવનના અનેક પ્રસંગો આ વાતની સાક્ષી પૂરે છે. આપણા દેશના ભાગલા પડયા એના એકાદ વર્ષ પહેલાં જ, વિ. સં. ૨૦૦૨ માં, માલેરકોટલામાં આચાર્ય મહારાજે કહ્યું હતું કે—

"આપણા દેશની આઝાદીમાં આપણા સૌનું કલ્યાણ છે. આઝાદીને માટે હિંદુ-મુસ્લિમ-શીખની એકતા જરૂરી છે. આ એકતા આપણે ગમે તે ભોગે સાધવી પડશે જ. આપણા દેશમાં એકતા સ્થપાય તો વિશ્વશાંતિમાં આપણા દેશનું સ્થાન અનેરું બનશે તેની ખાતરી રાખશો. હિંદુ નથી ચોટીવાળા જન્મતા, મુસલમાનો નથી સુન્નતવાળા જન્મતા, શીખ નથી દાઢીવાળા જન્મતા. જન્મ લીધા પછી જેવા જેના સંસ્કાર અને જેવા જેના આચાર તેવો તેને રંગ ચઢે છે. આત્મા તો બધામાં એક જ છે. સર્વે મોક્ષના અધિકારી છે. સર્વે સરખા છે. આપણે બધા એક જ છીએ."

વળી, એકતા અને સંપનું મહત્ત્વ પણ આચાર્યશ્રી પૂરેપૂરું સમજતા હતા. તેથી તેઓએ જિંદગીભર જૈન કુટુંબોમાંથી, સંઘમાંથી અને લોકોમાંથી કલેશ અને કુસંપને દૂર કરીને ભાઈચારાની લાગણી સ્થાપવા માટે સોય-દોરાનું જ કામ કર્યું હતું; અને પોતાના નિમિત્તે ક્યારે, ક્યાંય લેશ પણ કલેશ-કંકાસ થવા ન પામે એની સતત જાગૃતિ રાખી હતી. બધા જૈન ફિરકાઓની એકતા અંગે તેઓએ એક વાર કહેલું કે—

"ભલે તમે શ્વેતાંબર હો, દિગંબર હો, સ્થાનકવાસી હો, તેરાપંથી હો; ભલે તમારા ગુરુ જુદા જુદા હોય; ભલે તમારી ક્રિયાઓમાં થોડા થોડા ફેરફાર હોય; પણ તમે બધા જ પ્રભુ મહાવીરનાં સંતાન છો. અને તેથી તમારી ફરજ છે કે જૈન સિદ્ધાંતોનો જગતમાં પ્રચાર કરવા અને અહિંસા દ્વારા જગતમાં શાંતિ સ્થાપવામાં સૌકોઈએ પોતાનો ફાળો આપવો જોઈએ. ધર્મ એ કંઈ બંધિયાર પાણી નથી, અથવા એ કોઈનો ઇજારો નથી. ધર્મ એ માનવીના જીવનને ઉન્નત કરનારી વસ્તુ છે. અને જે વસ્તુ સાંકડી મનોવૃત્તિ જગવે, જે વસ્તુ સંકુચિત રીતે વિચાર કરવા પ્રેરે એ સાચેસાચ ધર્મ નથી. 'સવી જીવ કરું શાસનરસી' એ આપણા ધર્મની મુખ્ય વસ્તુ છે. એથી આપણે સૌએ આંતરિક ઝઘડાઓ, મતભેદો એક બાજુ મૂકી દઈને આત્મકલ્યાણને માર્ગે આગળ ધપવું જોઈએ."

અને આટલું જ શા માટે? જિંદગીના છેલ્લા સમયમાં, છેક વિ. સં. ૨૦૦૯ ની સાલમાં, મુંબઈમાં બધા જૈન ફિરકાઓની એકતા માટેની પોતાની ઝંખના આચાર્યશ્રીએ કેટલા લાગણીભર્યા શબ્દોમાં વ્યક્ત કરી હતી! તેઓએ કહ્યું હતું કે—

"બને કે ન બને, પણ મારો આત્મા એમ ચાહે છે કે સાંપ્રદાયિકતા દૂર થાય અને જૈન સમાજ શ્રી મહાવીરસ્વામીના નેજા નીચે એકત્રિત થઈને શ્રી મહાવીર-સ્વામીની જય બોલે."

આચાર્યશ્રીએ એક ભાવનાશીલ ધર્મનાયક તરીકે તેમ જ સમભાવી લોકગુરુ તરીકે જે જીવનસાધના કરી હતી એની અગ્નિપરીક્ષા પણ કેવી થઈ! સને ૧૯૪૭ માં દેશના ભાગલા સાથે લોહીનીગળતું સ્વરાજ્ય આવ્યું ત્યારે આચાર્યશ્રી ગુરુતીર્થ ગુજરાનવાલામાં ચોમાસું રહ્યા હતા. ગુજરાનવાલા પાકિસ્તાનમાં ગયું હતું અને ત્યાં કોમી ખૂનરેજીએ માઝા મૂકી હતી. ગુજરાનવાલામાં હિંદુઓ અને જૈનસંઘના ( ચતુર્વિધ જૈનસંઘના ) જાનમાલ સાવ બિનસલામત બની ગયા હતા. ક્યારે શું થાય એ કોઈ કહી શકે એમ ન હતું. હિંસાખોરી અને કાપાકાપીનો કોઈ પાર ન હતો. આચાર્યશ્રી અને ચતુર્વિધ શ્રીસંઘની સલામતી માટેની ભારતના જૈન સંઘની ચિંતા વર્ણવી જાય એવી ન હતી. આચાર્યશ્રીને ગુજરાનવાલાથી ભારત લઈ આવવાના કંઈ કંઈ પ્રયાસો ચાલુ થયા હતા, અને એ પ્રયાસોને દાદ આપવા આચાર્યશ્રીને વિનતિઓ ઉપર વિનતિઓ થઈ રહી હતી. પણ તેઓ તો હિમાલયની જેમ અચલ રહ્યા. આવી વિનતિ કરનારાઓને તેઓએ સ્વસ્થતા અને દૃઢતાથી કહ્યું: અહીંથી જૈન સંઘની નાની-મોટી એકેએક વ્યક્તિ સલામત રીતે વિદાય થાય, પછી જ હું આ સ્થાન છોડવાનો છું! મન ચળી જાય અને હિંમત હારી જવાય એવી સ્થિતિ હતી. પણ છેવટે આચાર્ય મહારાજની ભાવના સફળ થઈ: સંઘની એકેએક વ્યક્તિને સાથે લઈને તેઓ સુખરૂપ અમૃતસર આવી ગયા. સંઘનાયકની ઉત્કટ કર્તવ્યભાવનાની આ કથા એક વીરરસભરી ધર્મકથા બની રહી.

આ રીતે કેળવણીના પ્રચારની, મધ્યમવર્ગના ઉત્કર્ષની, એકતાની, રાષ્ટ્રીયતાની અને વ્યાપક માનવતાની ભાવના અને પ્રવૃત્તિથી આચાર્યશ્રીએ પોતાની સાધુતાને સુરભિત કરી હતી, ભગવાન તીર્થંકરના ધર્મનું ગૌરવ વધાર્યું હતું અને એક યોગસાધક આત્માની જેમ પોતાના જીવનને કૃતાર્થ કર્યું હતું.

જિંદગીના છેડે—૮૪ વર્ષની ઉંમરે—પહોંચતાં પહોંચતાં, કાયા જર્જરિત થવા છતાં, એમની આત્મભાવના કેટલી ઉન્નત બની હતી તે એમના છેલ્લા જન્મદિને ( વિ. સં. ૨૦૧૦ ના ભાઈબીજના રોજ ) મુંબઈમાં ચોપાટી ઉપર સંખ્યાબંધ સંસ્થાઓ તરફથી યોજાયેલ અભિનંદન-સમારોહમાં એમના અંતરમાંથી વહેલ આ ભદ્ર-ભવ્ય વાણીમાં પણ જોવા મળે છે. તેઓએ એ પ્રસંગે આત્મવિશ્વાસપૂર્વક કહેલું કે—

> **"હું ન જૈન છું ન બૌદ્ધ, ન વૈષ્ણવ છું ન શૈવ, ન હિંદુ છું ન મુસલમાન; હું તો વીતરાગ દેવ પરમાત્માને શોધવાના માર્ગે વિચરવાવાળો એક માનવી છું, યાત્રાળુ છું. આજે સૌ શાંતિની ચાહના કરે છે, પરંતુ શાંતિની શોધ તો સૌથી પહેલાં પોતાના મનમાં જ થવી જોઈએ."**

કેવી ઉદાત્ત અને હૃદયસ્પર્શી વાણી! એક એક શબ્દમાં જાણે અમૃત છલકાય છે.

ગરીબોના બેલી, માનવતાના ઉદ્ધારક અને સત્ય-પ્રેમ-કરુણાના અવતાર સમું ઉપકારક, નિર્મળ અને યશનામી જીવન જીવી જાણનાર આચાર્યપ્રવર શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે મુંબઈમાં, વિ. સં. ૨૦૧૦ ના ભાદરવા વદિ ૧૦ ના દિવસે, વધુ ઉચ્ચ સ્થાન માટે પ્રયાણ કર્યું!

એ ફૂલ પણ યાદ રહી ગયું. એ ફૂલની ફોરમ પણ યાદ રહી ગઈ.

એ ઉપકારી વિભૂતિને આપણી ભાવભરી વંદના હો!

## ૨

# ઉપકારીના સ્મરણનો સુઅવસર

આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો જન્મ વિ. સં. ૧૯૨૭ના કારતક સુદિ બીજના (ભાઈબીજના) દિવસે થયો હતો, એટલે વિ. સં. ૨૦૨૭ના ભાઈબીજના પર્વદિને એમના જન્મને એકસો વર્ષ પૂરાં થવાનાં હતાં. આ નિમિત્તે તેઓની જન્મશતાબ્દીનો ઉત્સવ શાનદાર રીતે ઊજવાય એ માટે, ૧૬ વર્ષ પહેલાં, છેક વિ. સં. ૨૦૧૧ની સાલમાં, આચાર્ય મહારાજના અનન્ય ગુરુભક્તિપરાયણ પટ્ટધર આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજે શ્રીસંઘનું ધ્યાન દોર્યું હતું. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના કાળધર્મ પછી, ચોમાસું પૂરું થતાં, આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજે મુંબઈથી પંજાબ તરફ વિહાર કર્યો હતો. અને તે વખતે અગાસી તીર્થમાં તેઓએ શ્રીસંઘ સમક્ષ આ વિચાર રજૂ કર્યો હતો. આ ઉપરથી પણ જોઈ શકાય છે કે આ અવસર શોભાભરી રીતે ઊજવાય એ માટે તેઓ કેટલા સચિંત અને જાગ્રત હતા!

આ પછી પણ આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ પંજાબ, રાજસ્થાનમાં જ્યાં જ્યાં ગયા ત્યાં તેઓ તથા એમના શિષ્યો શ્રીસંઘને અવારનવાર આ વાતની યાદ દેવરાવતા રહ્યા. આની પાછળનો ભાવ એ જ હતો કે જન્મશતાબ્દીનો આ અવસર એ જૈન સંઘના આ યુગના મહાન ઉપકારી આચાર્યદેવનું સ્મરણ કરવાનો અને એમના સ્મરણ નિમિત્તે, તેઓને અતિ પ્રિય એવું સમાજ-ઉત્કર્ષનું એકાદ પણ નવું રચનાત્મક કાર્ય કરવાનો સોનેરી અવસર હતો, એ વાત તરફ શ્રીસંઘનું ધ્યાન દોરવું અને એ માટેનું વાતાવરણ તૈયાર કરવું.

આ પ્રસંગની ઉજવણી સ્થાનિક (અમુક સ્થાન–શહેરના) ધોરણે, પ્રાદેશિક ધોરણે તેમ જ અખિલ-ભારતીય ધોરણે, એમ ત્રણ રીતે કરવાનું વિચારવામાં આવ્યું હતું. એમાં સ્થાનિક કે પ્રાદેશિક ધોરણે કરવાની ઉજવણીની બાબતમાં તો તે તે સ્થાન કે પ્રદેશના સંઘે યોજના કરવાની હતી, એટલે એ બાબતમાં બીજાઓએ કોઈ ચર્ચા-વિચારણા કે યોજના કરવાની ન હતી. પણ અખિલ-ભારતીય ધોરણે કરવા ધારેલી ઉજવણી કયાં કરવી, એ અંગે પૂરેપૂરો વિચાર કરીને મહત્ત્વનો નિર્ણય કરવાનો હતો. આ ઉજવણી પોતાના પ્રદેશમાં થાય એવી માગણી પંજાબ શ્રીસંઘની, તેમ જ મુંબઈના શ્રીસંઘની હતી; અને આ બન્ને સંઘો ભાવનાપૂર્વક આ માગણી માટે મક્કમ હતા, અને એ માટે જે કંઈ કરવું જરૂરી હોય તે કરવાની એમની પૂરી તૈયારી હતી. આમાંથી કોની વિનતિનો સ્વીકાર કરવો એનો છેવટનો નિર્ણય શાંતમૂર્તિ આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજીએ આપવાનો હતો.

વિ. સં. ૨૦૨૪નું ચોમાસું આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ બિકાનેરમાં રહ્યા હતા. તે વખતે, સંક્રાંતિ નિમિત્તે, તા. ૧૫–૯–૬૯ના રોજ, પંજાબ શ્રીસંઘનું સંમેલન આચાર્યશ્રીના સાંનિધ્યમાં મળ્યું હતું; અને બેએક હજાર જેટલાં પંજાબનાં ભાઈઓ-બહેનો બિકાનેર આવ્યાં હતાં. આ વખતે જન્મશતાબ્દીની ઉજવણી પંજાબમાં

કરવાનો આદેશ આપવા માટે સૌએ આચાર્યશ્રીને ભાવપૂર્વક તેમ જ ખૂબ ભાર દઈને વિનતિ કરી હતી. પણ આચાર્યશ્રીએ એકાદ પખવાડિયા પછી, તા. ૧–૧૦–૬૮ ના રોજ, મુંબઈ સંઘના અગ્રણીઓ આ માટે બિકાનેર આવવાના છે; એટલે એમની વાત સાંભળ્યા પછી આ અંગે ઘટતો નિર્ણય આપવાનું જણાવ્યું.

તા. ૧–૧૦–૬૮ ના રોજ મુંબઈ સંઘના આગેવાનો—શ્રી ફૂલચંદભાઈ શામજી, શ્રી પોપટલાલ ભીખાચંદ, સ્વ. શ્રી લક્ષ્મીચંદ દુલભજી, શ્રી જેસિંગલાલ લલ્લુભાઈ, શ્રી પનાલાલ બી. શાહ, શ્રી રતિલાલ મગનલાલ શાહ, શ્રી રિખવદાસજી રાંકા, શ્રી રસિકલાલ ભોગીલાલ ઝવેરી, શ્રી રસિકલાલ નાથાલાલ કોરા વગેરે—બિકાનેર પહોંચ્યા; અને જન્મ-શતાબ્દીનો અખિલ-ભારતીય સમારોહ મુંબઈમાં ઊજવવાની આજ્ઞા આપવાનો આચાર્યશ્રીને અનુરોધ કર્યો.

પંજાબ અને મુંબઈ એ બન્ને સ્થાનોના સંઘોની આ માટેની તત્પરતા, તૈયારી અને ભક્તિ એકસરખી હતી, એટલે આ માટેનો નિર્ણય આપવાનું કામ મુશ્કેલ હતું; છતાં આચાર્યશ્રીએ, આ અંગે ગંભીરતાથી વિચાર કરીને અને વિશેષ લાભનું કારણ જાણીને, આ ઉજવણી માટેની મુંબઈ સંઘના આગેવાનોની વિનતિ માન્ય રાખી.

પંજાબ સંઘની વિનતિ માન્ય ન રહી, એ ખરું, પણ સ્વર્ગસ્થ આચાર્ય મહારાજ તરફની ભક્તિની દૃષ્ટિએ પંજાબ અને મુંબઈ એક જ મગની બે ફાડ જેવાં અભિન્ન હતાં; અને બન્નેની અભિલાષા એક જ હતી કે આ પ્રસંગની ઉજવણી સ્વર્ગસ્થ આચાર્ય-મહારાજના જીવન અને કાર્યને અનુરૂપ હોય એવી ભવ્ય અને ગૌરવભરી થાય. ગુરુભક્તિના આ સંગમસ્થાને પંજાબ અને મુંબઈના સંઘો એકબીજા સાથે એકરૂપ બની ગયા. અને પંજાબના શ્રીસંઘે આ કાર્યમાં પૂરા ઉલ્લાસથી પોતાનો હિસ્સો આપવાની ભાવના દર્શાવીને આચાર્યશ્રીના આદેશને ખેલદિલી અને હર્ષપૂર્વક શિરે ચડાવ્યો. આચાર્ય મહારાજે આપેલ નિર્ણય યોગ્ય જ હોય એવો ભાવ સૌ અનુભવી રહ્યા હતા, એટલે પછી આમાં નાખુશ થવાની તો વાત જ ક્યાં હતી? મુંબઈનો સંઘ પણ, આ નિર્ણયથી, પોતાને અપૂર્વ અવસર મળ્યાનો આનંદ અનુભવી રહ્યો, અને આવા વિરાટ કામને સાંગોપાંગ સુંદર રીતે પૂરું કરવાની જવાબદારી સારી રીતે અદા થઈ શકે એ માટે આચાર્ય મહારાજ-ના આશીર્વાદ લઈને રવાના થયો.

ઉજવણીના સ્થાનનો નિર્ણય લેવાઈ ગયો હતો, એટલે હવે તો બે વર્ષ પછી (વિ. સં. ૨૦૨૭ની સાલમાં) આવનાર આ સમારોહ, શાનદાર ઉજવણી તથા સમાજ-ઉત્કર્ષના કોઈક રચનાત્મક કાર્ય દ્વારા, યાદગાર બની રહે એ માટેની પૂર્વતૈયારીમાં જ સત્વર તન-મન-ધનથી લાગી જવાનું હતું; અને ઉપકારી ધર્મનાયકનું સ્મરણ કરીને એમને કૃતજ્ઞતાભરી શ્રદ્ધાંજલિ અર્પવાના આ સોનેરી અવસરને શોભાવી જાણવાનો હતો.

3

# જેવું જીવન, એવી જ ઉજવણી

યુગપ્રવર્તક આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (શ્રી આત્મારામજી) મહારાજ સ્થાનકવાસી ફિરકાનો ત્યાગ કરીને દેરાવાસી સંઘમાં આવ્યા હતા, એટલે સ્થાનકમાર્ગી ફિરકાને એમના તરફ નારાજગી અને રોષની લાગણી હોય એ સ્વાભાવિક છે. આ ફિરકા સાથે તથા મૂર્તિપૂજાને નહીં માનનાર આર્યસમાજ સાથે શ્રી આત્મારામજી મહારાજને વાદ-વિવાદમાં ઊતરવાના નાના-મોટા પ્રસંગો અવારનવાર આવતા રહેતા; અને પંજાબમાં આવું વાતાવરણ વિશેષ પ્રમાણમાં રહેતું. આથી મુનિ શ્રી વલ્લભવિજયજીને પણ આ વાતાવરણ મુજબ કેટલીક કાર્યવાહી કરવી પડતી, અને ક્યારેક વાદવિવાદમાં પણ ઊતરવું પડતું. શરૂઆતની સ્થિતિ કંઈક આવી વિખવાદ ભરી, વિચિત્ર અને વિષમ હતી.

પણ, જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ, મુનિ શ્રી વલ્લભવિજયજીનું મન સમતાભરી સાધુતાની સાધનામાં વધારે એકાગ્ર થયું અને એ સાધનાના પ્રતાપે ભગવાન તીર્થંકરની વિશ્વના બધા જીવો સાથે મૈત્રીભાવ કેળવવાની સર્વમંગલકારી આજ્ઞા ધીમે ધીમે એમના જીવન સાથે એકરૂપ થવા લાગી. પરિણામે એમનું અંતર ધર્મસ્નેહ, વાત્સલ્ય અને કરુણાની ભાવનાથી સુવાસિત થતું ગયું અને વાદવિવાદની કલેશકર વૃત્તિ નામશેષ થતી ગઈ. પછી તો, તેઓ કેવળ જૈનધર્મના ધર્મગુરુ રહેવાને બદલે સાચા અર્થમાં લોકગુરુ બની ગયા અને જૈનોના બધા ફિરકાના સંઘો, હિન્દુધર્મના અનુયાયીઓ તેમ જ શીખ, ઈસ્લામ તથા ખ્રિસ્તી ધર્મમાં આસ્થા ધરાવનારાઓ પણ તેઓ પ્રત્યે આદર-ભક્તિ દર્શાવવા લાગ્યા અને તેઓની ધર્મદેશનાને ભાવપૂર્વક ઝીલવા લાગ્યા. આ સિદ્ધિ એ વ્યક્તિ કરતાં પણ વધારે તો એમણે જીવનમાં કેળવી જાણેલ ઉદારતા, અહિંસા અને સમતાની સિદ્ધિ હતી એમ કહેવું જોઈએ. આવી સાધના અને સિદ્ધિ દ્વારા આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ આદર્શ ત્યાગી અને શ્રમણશ્રેષ્ઠ બની ગયા. તેઓનો જીવન-પટ જનસેવા અને લોકઆદરના કેટલાંક હૃદયસ્પર્શી પ્રસંગરત્નોથી શોભાયમાન બની ગયો. તેઓનું જીવન એક આદર્શ લોકસંત જેવું ઉદાત્ત અને વિશ્વવત્સલ બની ગયું.

એમના તરફના આવા વિરલ લોકઆદરનાં આહ્લાદકારી દર્શન તેઓશ્રીની જન્મ-શતાબ્દીની ઉજવણી વખતે પણ કરવાનો અવસર મળ્યો હતો.

પંજાબ તો આચાર્ય મહારાજની કર્મભૂમિ હતી. પંજાબના જૈન સંઘના રોમ રોમમાં તેઓ પ્રત્યેની ભક્તિ ભરી છે. અને પંજાબની માગણી તો આ શતાબ્દીની અખિલ-ભારતીય ધોરણે કરવાની ઉજવણી પંજાબના આંગણે કરવામાં આવે એવી હતી. એટલે આ ઉજવણી માટે એનો કેટલો બધો ઉમંગ અને ઉત્સાહ હશે તે સમજી શકાય છે. છેવટે ઉત્તર ભારતના પ્રાદેશિક ધોરણે જન્મ શતાબ્દીની ઉજવણી સને ૧૯૭૦ના નવેમ્બર માસની ૬–૭–૮ તારીખોએ અંબાલા શહેરમાં કરવાનું નક્કી કરવામાં આવ્યું અને અનેક

સ્થાનોનાં ભાઈઓ-બહેનોએ બહુ મોટી સંખ્યામાં આ સમારંભમાં ઊલટથી સામેલ થઈને અનેક કાર્યક્રમોથી આ સમારોહને સફળ બનાવ્યો આમાં સૌથી વિશેષ નોંધપાત્ર હકીકત તો એ છે કે આ સમારોહના અધ્યક્ષ તરીકે દિગંબર જૈન સંઘના મુખ્ય અગ્રણી અને સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ સાહૂ શ્રી શાંતિપ્રસાદજી જૈનની વરણી કરવામાં આવી હતી.

એ જ રીતે જાણીતાં ધર્મપ્રવચનકાર વિદુષી સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજીના સાંનિધ્યમાં, બેંગલોરમાં, તા. ૧૪–૧૧–૭૦ ના રોજ, આ પ્રસંગની ઉજવણી સ્થાનિક ધોરણે કરવામાં આવી ત્યારે એ સંમારંભનું ઉદ્ઘાટન મૈસૂર રાજ્યના રાજ્યપાલ માનનીય શ્રી ધર્મવીરે કર્યું હતું.

અને આટલું જ શા માટે? જ્યારે મુંબઈમાં, તા. ૨૪–૨૫–૨૬–૨૭ ડિસેમ્બર ૧૯૭૦ દરમ્યાન, આ સમારોહની ઉજવણી અખિલ ભારતીય ધોરણે કરવામાં આવી ત્યારે એનું ઉદ્ઘાટન સુપ્રસિદ્ધ રાષ્ટ્રીય આગેવાન શ્રી એસ કે. પાટીલના હાથે કરાવવામાં આવ્યું હતું, અને સમારોહની મુખ્ય સભાનું પ્રમુખપદ સ્થાનકમાર્ગી સંઘના જાણીતા અગ્રણી, ભારત જૈન મહામંડલના ભાવનાશીલ કાર્યકર અને તે વખતના મુંબઈના શેરીફ લાલા શ્રી શાદીલાલજી જૈને શોભાવ્યું હતું.

આ સમારોહમાં આ રીતે ઉલ્લાસપૂર્વક ભાગ લેવા માટે આ બધા મહાનુભાવોની ઉદાર ભાવના પણ કારણરૂપ છે, એમ કહેવું જોઈએ.

જેવું ઉદાર અને ભવ્ય આચાર્યશ્રીનું જીવન હતું, એવી જ ભવ્ય અને સુંદર આ પ્રસંગની ઉજવણી કરવામાં આવી.

ત્યારે હવે અખિલ ભારતીય ધોરણે મુંબઈમાં કરવામાં આવેલી જન્મશતાબ્દીની યાદગાર ઉજવણીનો અહેવાલ જોઈએ.

## શીલનો મહિમા

શીલના પાલનથી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક, એમ સર્વતોમુખી વિકાસ થાય છે; શીલ શરીર, મન અને આત્મા એ ત્રણેને બળવાન બનાવે છે. માનવજીવનમાં રહેલ ખરાબ ટેવો, ખરાબ આચરણ, પાંચે ઇંદ્રિયોની ખોટી વૃત્તિઓ, મનના ખરાબ વિકલ્પો, શરીર સાથે જોડાયેલાં કુવ્યસનો, ખાન-પાન અને વાણીનો અસંયમ, મૈથુન સેવવાની લાલસા વગેરે બધાય દુર્ગુણો તથા અનાચારો–દુરાચારોને દૂર કરીને જીવનમાં સુંદર ટેવો, સદાચાર, મનમાં ઉત્તમ વિચારો, ઇંદ્રિયોમાં સદ્-વૃત્તિઓ, ખાન-પાન તેમ જ બોલવામાં વિવેક અને સુંદર સ્વભાવની સ્થાપના કરીને જીવનને સુસંસ્કારી બનાવીને ઉન્નત સ્થિતિ ઉપર પહોંચાડનાર અને સદ્ગુણોથી શોભાયમાન કરનાર જો કોઈ હોય તો તે શીલ જ છે. એટલા માટે જ મહાપુરુષોએ શીલને સદ્ધર્મના બીજા અંગરૂપ કહેલ છે. આવું શીલ કેવળ સાધુજીવનને માટે જ નહીં પણ ગૃહસ્થજીવનને માટે પણ અનિવાર્ય–જરૂરી છે.

—આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિજી
("વલ્લભપ્રવચન", ભાગ ૧, પૃ. ૯૬)

૪

# પૂર્વતૈયારી

જન્મશતાબ્દીની અખિલ-ભારતીય ધોરણે ઉજવણી કરવાનો આદેશ મુંબઈના સંઘને મળી ચૂક્યો હતો. જેમ આ અવસર ખૂબ મોટો અને મહત્ત્વનો હતો, તેમ એ અવસર સારી રીતે ઊજવાય એ માટેની જવાબદારી પણ ઘણી મોટી હતી. એટલે એ જવાબદારીને સાંગોપાંગ પૂરી કરવા માટેની પૂર્વતૈયારીઓ પણ ઘણી કરવાની હતી. કામ જંગી હતું, તેથી એ જંગી તૈયારીની અપેક્ષા રાખતું હતું. મુંબઈ સંઘના આગેવાનો આ વાત બરાબર જાણતા હતા. બિકાનેરથી આવીને તેઓ આ કામમાં પરોવાઈ ગયા.

વિ. સં. ૨૦૨૫ના ભાઈબીજ, તા. ૨૩–૧૦–૬૮, બુધવારના રોજ રાતના, બિકાનેર જઈ આવેલા અગ્રણીઓ તથા શહેરના બીજા કેટલાક કાર્યકરોની પહેલી અવિધિસરની સભા, મુંબઈમાં, શેઠ શ્રી ફૂલચંદભાઈ શામજીને ત્યાં બોલાવવામાં આવી હતી. અને એમાં જન્મશતાબ્દીની ઉજવણીની તૈયારી તથા રૂપરેખા અંગે કેટલીક સામાન્ય વિચારણા કરવામાં આવી હતી: અને શતાબ્દી માટે કરવાની પૂર્વતૈયારીના કાર્યને વેગ મળે એટલા માટે વડોદરામાં ચતુર્માસ બિરાજતા આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજને મુંબઈ પધારવાની વિનંતિ કરવાનો નિર્ણય આ સભામાં લેવામાં આવ્યો હતો. આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજે તો મુંબઈ આવવાની મુંબઈના આગેવાનોની વિનંતિનો બિકાનેરમાં જ સ્વીકાર કર્યો હતો.

### મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજનું આગમન

મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજને મુંબઈ પધારવા માટે, કાગળ લખીને વિનંતિ કર્યા બાદ, તા. ૯–૩–૧૯૬૯ ના રોજ, શેઠ શ્રી પોપટલાલ ભીખાચંદ, શેઠ શ્રી જેસીંગલાલ લલ્લુભાઈ તથા શ્રી જયંતીલાલ મણિલાલ ઘડિયાળી રૂબરૂ વિનંતિ કરવા વડોદરા ગયા. મહારાજશ્રીએ એમની વિનંતિનો સ્વીકાર કર્યો, તે જાણી મુંબઈ સંઘમાં આનંદ આનંદ પ્રવર્તી રહ્યો. મહારાજશ્રી, વિ. સં. ૧૯૭૩ બાદ, બાવન વર્ષે પહેલી જ વાર મુંબઈ પધારતા હતા.

મહારાજશ્રીએ વિ. સં. ૨૦૨૫ના ચૈત્ર સુદિ ૬, સોમવાર, તા. ૨૪–૩–૬૯ ના રોજ વડોદરાથી મુંબઈ માટે વિહાર કર્યો અને પ્રથમ આષાઢ સુદિ ૧૧, તા. ૨૬–૬–૬૯ ના રોજ તેઓ ભાયખલા પધાર્યા. આ વખતે તેઓશ્રીના સાંનિધ્યમાં જન્મશતાબ્દીની ઉજવણી માટે રચવામાં આવેલ એડહોક કમીટી તથા જૈન સંઘના અન્ય આગેવાનોની સભા બોલવીને એમાં જન્મશતાબ્દી મહોત્સવની ઉજવણી અંગે કેટલીક વિચારણા કરવામાં આવી.

ભાયખલાથી મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ તા. ૨૯–૬–૬૯ ના રોજ પાયધુની ઉપર શ્રી ગોડીજીના ઉપાશ્રયે પધાર્યા. અને ત્યાં એક અઠવાડિયું સ્થિરતા કરીને તેઓ, તા. ૬–૭–૬૯ ના રોજ, ચતુર્માસ માટે, વાલકેશ્વરના સુપ્રસિદ્ધ આદીશ્વર ભગવાનના બાજુના

દેરાસર સાથેના શ્રી અમીચંદ બાબુના ઉપાશ્રયે પધાર્યા. તેઓના મુંબઈ પધારવાથી જન્મ-શતાબ્દી માટેની પૂર્વતૈયારીના કાર્યમાં વેગ આવ્યો અને કાર્યકરો વિશેષ ઉત્સાહથી પોતાના કાર્યમાં લાગી ગયા.

આ મહોત્સવ અંગે વિચારણા કરવા મુંબઈના કાર્યકરો સૌથી પહેલાં શેઠ શ્રી ફૂલચંદભાઈ શામજીને ત્યાં મળ્યા અને આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ મુંબઈ પધાર્યા, એ દરમ્યાનના આઠેક મહિનાના સમયમાં પણ આ કાર્યકરો અવિધિસર રીતે અવારનવાર મળતા રહીને આ માટે કંઈક ને કંઈક વિચારણા અને પ્રવૃત્તિ કરતા જ રહ્યા હતા. સૌ કાર્યકરોને એ વાતનો સતત ખ્યાલ રહેતો હતો કે જન્મશતાબ્દીની આ ઉજવણી અખિલ-ભારતીય ધોરણે કરવાની જવાબદારી બહુ મોટી છે; અને એ માટે જેમ મુંબઈના જૈન સંઘમાં પૂરેપૂરી જાગૃતિ લાવવાની જરૂર છે, તેમ દેશના જુદા જુદા પ્રદેશોમાં પણ વ્યાપક પ્રચાર કરવાની જરૂર છે.

વળી, આ અવસર મુબઈમાં વસતા ( તેમ જ અન્ય સ્થાનોમાં પણ વસતા ) આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના અનુરાગીઓ માટે જેમ ગુરુભક્તિનો વિશિષ્ટ અવસર હતો, તેમ જૈન સમાજની સુપ્રસિદ્ધ શિક્ષણ સંસ્થા મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલય માટે પણ પોતાના સ્થાપક–પ્રેરક, ઉપકારી મહાપુરુષ પ્રત્યેની ઋણમુક્તિની–કૃતજ્ઞતાની ભાવનાને ચરિતાર્થ કરવાનો આ એક સોનેરી અવસર હતો. અને તેથી આ માટેનો વિદ્યાલયના સંચાલકોનો ઉમંગ અપાર હતો. એ જ રીતે વિદ્યાલયના પૂર્વવિદ્યાર્થી મિત્રો પણ પોતાના પરમ ઉપકારી ગુરુવર્ય પ્રત્યેનું થોડુંક પણ ઋણ અદા કરી શકાય એ ભાવનાથી પ્રેરાઈને આ કાર્યમાં પૂરેપૂરા ઉત્સાહથી જોડાઈ ગયા. મુંબઈમાં વસતા વિદ્યાલયના જૂના વિદ્યાર્થીઓના બનેલા ઓલ્ડ બોયઝ યુનિયનને મન આ અવસર એક ધન્ય અવસર બની ગયો.

આવી ઉલ્લાસની લાગણીથી પ્રેરાઈને આચાર્ય મહારાજના અનુરાગીઓ શ્રી ફૂલચંદભાઈ શામજી, શ્રી પોપટલાલ ભીખાચંદ, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ત્રણ માનંદમંત્રીઓ શ્રી જયંતીલાલ રતનચંદ શાહ, શ્રી બાલચંદ ગાંડાલાલ દોશી, તથા શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, ઉપરાંત શ્રી જેસિંગલાલ લલ્લુભાઈ, શ્રી ઉમેદમલજી હજારીમલજી, શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા, શ્રી પનાલાલભાઈ બી. શાહ, શ્રી શાંતિલાલ મગનલાલ શાહ, શ્રી આત્માનંદ જૈન સભા મુંબઈના બન્ને મંત્રીઓ શ્રી રસિકલાલ ભોગીલાલ ઝવેરી તથા શ્રી રસિકલાલ નાથાલાલ કોરા, શ્રી રમેશભાઈ જેસિંગલાલ સંઘવી તેમ જ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મહામાત્ર શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા વગેરે મન દઈને કામે લાગી ગયા; તેમ જ એ બધાની રાહબરી નીચે અનેક નામી-અનામી કાર્યકરો, આ પવિત્ર અને મહાન કાર્યને પોતાનું માનીને, એમાં એકરસ બની ગયા. આ મહોત્સવ માટે રચવામાં આવેલ સમિતિનું કાર્યાલય શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રાખવામાં આવ્યું હતું. અને એના સંચાલન માટેની કાર્યવાહી, કાંતિભાઈ કોરાના માર્ગદર્શન નીચે શ્રી નગીનદાસ જસરાજ શાહ વાવડીકરે સંભાળી હતી.

### ત્રણ નિર્ણયો

પૂજ્યપાદ પુણ્યવિજયજી મહારાજ સને ૧૯૬૯ ના જૂન મહિનાની આખરમાં મુંબઈ પધાર્યા તે અગાઉ મુંબઈના કેટલાક અગ્રણીઓ અને કાર્યકરો, આ મહોત્સવની ઉજવણીની

યોજનાનો આકાર-પ્રકાર નક્કી કરવા, તા–૬–૩–૬૯ના રોજ, શેઠ શ્રી ફૂલચંદભાઈ શામજીને ત્યાં મળ્યા હતા. અને આ પ્રવૃત્તિને વ્યવસ્થિતપણે આગળ વધારવા માટે, કેટલીક ચર્ચા-વિચારણા કર્યા પછી, એમણે નીચે મુજબ ત્રણ નિર્ણયો લીધા હતા—

(૧) "આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી સમિતિ"ની સ્થાપના કરવામાં આવી.

(૨) આ માટે કેટલાક સભ્યોની એક એડહોક કમીટીની રચના કરવામાં આવી; અને આ કમીટીના હોદ્દેદારોની વરણી કરવામાં આવી.

(૩) જન્મશતાબ્દીની ઉજવણી નિમિત્તે સમાજઉત્કર્ષનાં શું શું કાર્યો કરી શકાય એ માટે, દેશના જુદા જુદા ભાગોમાં રહેતા સ્વર્ગસ્થ આચાર્ય મહારાજના અનુરાગીઓ તરફથી, સૂચનો મંગાવવાનું નક્કી કરવામાં આવ્યું.

મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ મુંબઈ પધાર્યા તે અવસરે ભાયખલામાં આ કાર્ય અંગે જે વિચારણા કરવામાં આવી તેનો ઉલ્લેખ આગળ આવી ગયો છે. ત્યાર બાદ તેઓની હાજરીમાં શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં તથા વાલકેશ્વરના ઉપાશ્રયમાં પણ એડહોક કમીટીના સભ્યોએ તથા અન્ય કાર્યકરોએ આ બાબતમાં ઊંડાણથી વિચારવિનિમય કર્યો હતો અને મહારાજશ્રીનું માર્ગદર્શન મેળવ્યું હતું. ઉપરાંત, આ ઉજવણીની કાયમી યાદરૂપે જૈન સમાજના મધ્યમ વર્ગ માટે સસ્તા ભાડાની ચાલી બાંધવાના તથા એક સાર્વજનિક દવાખાનું શરૂ કરવાના સૂચનને અમલી બનાવવાની દૃષ્ટિએ જુદા જુદા સદ્‌ગૃહસ્થોએ તથા મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશને સૂચવેલ જગાઓ એડહોક કમીટીના સભ્યો તથા અન્ય કાર્યકરોએ જોઈ હતી.

આ પ્રમાણે આ પ્રસંગની ઉજવણી માટેની પૂર્વતૈયારીઓ ધીમે ધીમે આગળ વધતી હતી. દરમ્યાનમાં આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજે, શતાબ્દીની ઉજવણી નિમિત્તે, વખતસર મુંબઈમાં પહોંચવા માટે, વિ. સં. ૨૦૨૫ના માગસર વદિ સાતમના રોજ બિકાનેરથી વિહાર કરીને વિ. સં. ૨૦૨૫નું ચતુર્માસ લુણાવામાં કરવાનું નક્કી કર્યું. તેઓ ગમે ત્યાં હોય તોપણ એમનું મન તો હમેશાં આ ઉજવણી સુંદર અને ચિરસ્મરણીય કેવી રીતે બને એની જ ચિંતા કર્યા કરતું હતું. એટલે રાજસ્થાનમાં રહ્યા રહ્યા પણ તેઓશ્રી મુંબઈમાં આ માટે શું શું તૈયારીઓ ચાલી રહી છે, એનું સતત ધ્યાન રાખતા રહેતા અને સમિતિને તથા કાર્યકરોને જરૂરી સલાહ-સૂચન આપતા રહીને માર્ગ-દર્શન પણ કરાવતા રહેતા.

## સમિતિની રચના તથા બીજા નિર્ણયો

મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજના આગમન પછી છએક મહિના સુધી આ ઉજવણી અંગેની સમયે સમયે વિચારણા ચાલતી રહી; બહારની વ્યક્તિઓ અને સંસ્થાઓનો સંપર્ક સાધીને એ માટેનો પ્રચાર થતો રહ્યો અને ક્રમે ક્રમે આ ઉજવણી યાદગાર અને સમાજઉત્કર્ષની દૃષ્ટિએ ઉપયોગી કેવી રીતે થઈ શકે એ અંગેનું ચિત્ર પણ સ્પષ્ટ થતું ગયું. આ પ્રસંગ નિમિત્તે કેવાં કેવાં રચનાત્મક કાર્યો કરવાથી આ સમારોહ વધારે

શોભી ઊઠે, એ સંબંધી સૂચનો પણ, જુદી જુદી વ્યક્તિઓ તથા સંસ્થાઓ તરફથી, આ દરમ્યાન સમિતિને મળી ગયાં હતાં.

આટલી કામગીરીને અંતે હવે સમિતિની રીતસર રચના કરવાનો, ઉજવણીના મોટા ખર્ચને પહોંચી વળવાની યોજના ઘડી કાઢવાનો તેમ જ ઉજવણીની ચોક્કસ રૂપરેખા નક્કી કરવાનો સમય પાકી ગયો એટલે આ અંગે ઊંડાણથી વિચારણા કરીને ઘટતા નિર્ણયો લેવા માટે વિ. સં. ૨૦૨૬ ના પોષ સુદિ ૪, તા. ૧૧-૧-૧૯૭૦, રવિવારના રોજ, સવારના ૧૦ વાગતાં, વાલકેશ્વરના ઉપાશ્રયમાં, આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજની નિશ્રામાં, એક સભા બોલાવવામાં આવી. એડહોક કમીટીના સભ્યો, હોદ્દેદારો અને મુંબઈના આગેવાનો તથા કાર્યકરો ઉપરાંત પંજાબ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોના આગેવાનો તથા તે પ્રદેશની કેટલીક સંસ્થાઓના કાર્યકરોને પણ આ સભામાં હાજર રહેવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું.

આ સભામાં કરવાના કાર્ય અંગે કેટલીક સામાન્ય પૂર્વવિચારણા કરવા માટે એડહોક કમીટીના હોદ્દેદારોની સભા તા. ૯-૧-૭૦ ના રોજ રાતના શ્રી જયંતીલાલ રતનચંદ શાહની ઑફિસમાં બોલાવવામાં આવી હતી. સભામાં, કેટલીક ચર્ચા-વિચારણાને અંતે, તા. ૧૧-૧-૭૦ ના રોજ બોલાવવામાં આવેલ સભામાં, એડહોક કમીટીનું વિસર્જન કરીને એના સ્થાને અખિલ-ભારતીય ધોરણે રીતસરની એક કમીટીની રચના કરવાનું તથા શતાબ્દી નિમિત્તે સૂચવવામાં આવેલ કામોમાંથી કયું કામ હાથ ધરવું એનો આખરી નિર્ણય લેવાનું પણ એ સભા ઉપર છોડવાનું નક્કી કરવામાં આવ્યું.

તા. ૧૧-૧-૭૦ ના રોજ, વાલકેશ્વર ઉપાશ્રયમાં બોલાવવામાં આવેલી સભામાં એડહોક કમીટીના સભ્યો, હોદ્દેદારો, મુંબઈના આગેવાનો તથા કાર્યકરો તેમ જ પંજાબ વગેરે પ્રદેશોના આમંત્રિત મહાનુભાવો સારી સંખ્યામાં હાજર રહ્યા હતા.

મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજે મંગલાચરણ કરીને પ્રસંગને અનુરૂપ પ્રવચન કરતાં આચાર્ય ભગવાન શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના વિશિષ્ટ ગુણોનું વર્ણન કરીને એક ઉપકારી મહાપુરુષ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાના જન્મશતાબ્દી જેવા પ્રસંગને સફળ બનાવવાનો સૌને અનુરોધ કર્યો હતો. મુનિ શ્રી ચંદ્રોદયવિજયજીના પ્રાસંગિક વિવેચન બાદ એડહોક કમીટીના મંત્રી શ્રી જયંતીલાલ રતનચંદ શાહે સૌને આવકાર આપતાં આ પ્રસંગની મહત્તા તરફ સૌનું ધ્યાન દોર્યું હતું, અને સૌને ઉલ્લાસથી પોતાની ફરજ બજાવવા કહ્યું હતું.

આ પછી મુંબઈના કાર્યકરો તથા બહારગામથી આવેલ આમંત્રિત મહાનુભાવોએ આ ઉજવણી અને એ નિમિત્તે કરવાનાં કામો અંગે પોતાના વિચારો દર્શાવ્યા હતા. આ પ્રસંગે પંજાબની શ્રી આત્માનંદ જૈન મહાસભા તરફથી પ્રો. પૃથ્વીરાજજી જૈને હાજર રહીને આ ઉજવણી અંગેની પંજાબ જૈન સંઘની ભક્તિભાવભરી લાગણીને વાચા આપી હતી.

આ રીતે જુદા જુદા મહાનુભાવોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા બાદ, કેટલીક ચર્ચા-વિચારણાને અંતે, સભામાં નીચે મુજબ ત્રણ નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા—

**( ૧ ) સમિતિની રચના**—એડહોક કમીટીનું વિસર્જન કરીને ' આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી સમિતિ'ની રચના કરવામાં આવી; અને એ સમિતિને અખિલ-ભારતીય દરજ્જો આપવા માટે દેશભરમાંથી – જુદાં જુદાં શહેરો અને પ્રદેશોમાંથી – સમિતિના સભ્યો નોંધવાનું નક્કી કરવામાં આવ્યું; તથા સમિતિની કાર્યવાહક સમિતિના સભ્યો તથા હોદ્દેદારોની વરણી કરવામાં આવી.

**( ૨ ) સભ્યપદનું લવાજમ**—જન્મશતાબ્દીની ઉજવણીમાં થનાર મોટા ખર્ચને પહોંચી વળવા માટે સમિતિના સભ્યપદનું લવાજમ રૂ. ૫૧ નક્કી કરવામાં આવ્યું; અને આ રીતે લવાજમની જે રકમ ભેગી થાય તેનો ઉપયોગ જન્મશતાબ્દી સમારોહના ખર્ચમાં કરવાનું ઠરાવવામાં આવ્યું.

**( ૩ ) જન્મશતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ**—આ પ્રસંગની ઉજવણીને, આચાર્ય મહારાજને પ્રિય એવી સમાજ-ઉત્કર્ષની રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા, ચિરસ્મરણીય બનાવવા માટે, ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લોન-સહાય આપી શકાય એ માટે " આચાર્ય શ્રી વિજય-વલ્લભસૂરિ જન્મશતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ"ની રચના કરવામાં આવી.

### આ ત્રણે બાબતોની વિશેષ વિગતો

**હોદ્દેદારો તથા કાર્યવાહક સમિતિના સભ્યો**—અખિલ-ભારતીય ધોરણે રચવામાં આવેલી જન્મશતાબ્દી સમિતિના સભ્યોમાંથી હોદ્દેદારોની તથા કાર્યવાહક સમિતિના સભ્યોની વરણી કરવામાં આવી હતી, તેની યાદી આ પ્રમાણે છેઃ—

## જન્મશતાબ્દી સમિતિના હોદ્દેદારો

૧. શ્રી પોપટલાલ ભીખાચંદ, પ્રમુખ
૨. શ્રી ફૂલચંદભાઈ શામજીભાઈ, ઉપપ્રમુખ
૩. શ્રી કેશવલાલ બુલાખીદાસ, ,,
૪. શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, ,,
૫. શ્રી રમણલાલ નગીનદાસ પરીખ, ,,
૬. શ્રી મણિલાલ સી. ભણસાળી, ,,
૭. શ્રી સારાલાલ લખમીચંદ ઝવેરી, ખજાનચી
૮. શ્રી જેસિંગલાલ લલ્લુભાઈ, ,,
૯. શ્રી ઉમેદમલજી હજારીમલજી જૈન, ,,
૧૦. શ્રી જયંતીલાલ રતનચંદ શાહ, મંત્રી
૧૧. શ્રી પ્રાણલાલ કાનજીભાઈ દોશી, ,,
૧૨. શ્રી મદનલાલ ઠાકોરદાસ શાહ, ,,
૧૩. શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા, ,,
૧૪. શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા, ,,

# જન્મશતાબ્દી સમિતિની કાર્યવાહક સમિતિના સભ્યો

૧. શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી
૨. શ્રી માણેકલાલ ચુનીલાલ શેઠ
૩. શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ શેઠ
૪. શ્રી પનાલાલ મફતલાલ શાહ
૫. શ્રી કુંજલાલ સુંદરમલ જૈન
૬. શ્રી વિલાયતીરામ જૈન
૭. શ્રી સાકરચંદ મોતીલાલ શેઠ
૮. શ્રી હીરાલાલ લલ્લુભાઈ શાહ
૯. શ્રી લક્ષ્મીચંદ દુલભજી શાહ
૧૦. શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ
૧૧. શ્રી શાંતિલાલ મગનલાલ શાહ
૧૨. શ્રી પ્રવીણચંદ્ર હેમચંદ કાપડિયા
૧૩. શ્રી પન્નાલાલ ભીખાભાઈ શાહ, જે. પી.
૧૪. શ્રી શેષમલ દીપચંદ રાઠોડ
૧૫. શ્રી સરદારમલજી કોઠારી
૧૬. શ્રી રસિકલાલ નાથાલાલ કોરા
૧૭. શ્રી રસિકલાલ ભોગીલાલ ઝવેરી
૧૮. શ્રી રમણલાલ નગીનદાસ શાહ
૧૯. શ્રી વૃજલાલ કપૂરચંદ મહેતા
૨૦. શ્રી સારાલાલ લખમીચંદ ઝવેરી
૨૧. શ્રી રમેશભાઈ જેસિંગલાલ સંઘવી
૨૨. શ્રી જગજીવનદાસ શિવલાલ શાહ
૨૩. શ્રી નવીનચંદ્ર ભોગીલાલ ઝવેરી
૨૪. શ્રી પ્રતાપચંદ કે. શાહ
૨૫. શ્રી હિંમતલાલ કેશવલાલ શાહ
૨૬. શ્રી નટવરલાલ મૂળચંદ શાહ
૨૭. શ્રી રમણલાલ દલસુખભાઈ શાહ, જે. પી.
૨૮. શ્રી ફૂલચંદ હરિચંદ દોશી
૨૯. શ્રી પનાલાલ રસિકલાલ શાહ
૩૦. શ્રી જયંતીલાલ મયાચંદ શાહ
૩૧. શ્રી જયંતીલાલ મણિલાલ ઘડીયાળી
૩૨. શ્રી બાબુલાલ કોદરલાલ શાહ
૩૩. શ્રી નાનુભાઈ મોતીલાલ
૩૪. શ્રી વૃજલાલભાઈ બદામી
૩૫. શ્રી જીવરાજભાઈ એ. મહેતા
૩૬. શ્રી મુક્તિલાલ વીરવાડિયા
૩૭. શ્રી પ્રભુદાસ વી. કાપડીઆ
૩૮. શ્રી ચંદ્રકાન્ત ધુડાલાલ ગાંધી
૩૯. શ્રી નટવરલાલ મણિલાલ મોતીલાલ
૪૦. શ્રી ધીરજલાલ ગિરધરલાલ કોઠારી
૪૧. શ્રી સેવંતીલાલ જીવણલાલ
૪૨ શ્રી ચંદુલાલ લલ્લુભાઈ શાહ
૪૩ શ્રી બાલચંદ ગાંડાભાઈ દોશી
૪૪. શ્રી ચીમનલાલ નેમચંદ શ્રોફ
૪૫. શ્રી મોહનલાલ છોટાલાલ શાહ
૪૬. શ્રી ડાહ્યાભાઈ કકલભાઈ શાહ
૪૭. શ્રી મગનલાલ ભગવાનજી શાહ
૪૮ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
૪૯. શ્રી બાબુભાઈ મગનલાલ ગાંધી
૫૦. શ્રી બાબુ સિતાપચંદ અમીચંદ
૫૧. શ્રી સુમતિલાલ ભોગીલાલ
૫૨. શ્રી લાલભાઈ જેસિંગલાલ
૫૩. શ્રી જસવંતલાલ ચુનીલાલ શાહ
૫૪. શ્રી નટવરલાલ એસ. શાહ
૫૫. શ્રી ગોકળદાસ લલ્લુભાઈ
૫૬. શ્રી હીરાલાલજી જવાનમલજી
૫૭. શ્રી લાલચંદ ખેતશીભાઈ શાહ
૫૮. શ્રી વૃજલાલ દેવચંદ મહેતા
૫૯. શ્રી કસ્તૂરચંદ પ્રેમચંદ શાહ
૬૦. શ્રી વનેચંદ અવિચળ મહેતા
૬૧. શ્રી દલપતભાઈ સી. કોઠારી
૬૨. શ્રી રતિલાલ ચીમનલાલ શાહ
૬૩. શ્રી લક્ષ્મણદાસ ઓસવાળ
૬૪. શ્રી રમણીકલાલ એમ. કનાડીઆ
૬૫. શ્રી રમણભાઈ શેઠ
૬૬. શ્રી નાનચંદ રાયચંદ
૬૭. શ્રી શાંતિલાલ બાવચંદ ગાંધી

૬૮. શ્રી ડૉ. જયંતીલાલ સુરચંદ્ર બદામી
૬૯. શ્રી વનમાળીદાસ ઝવેરચંદ મહેતા
૭૦. શ્રી જયંતભાઈ માવજી શાહ
૭૧. શ્રી છોટાલાલ જમનાદાસ શાહ
૭૨. શ્રી હલીચંદ પરશોતમદાસ શાહ
૭૩. શ્રી તલકચંદ દામોદરદાસ શાહ
૭૪. શ્રી રસિકલાલ ઉકાલાલ શાહ
૭૫. શ્રી રતિલાલ ફાવચંદ
૭૬. શ્રી નરોતમદાસ ભાઈચંદ મહેતા
૭૭. શ્રી વિનયચંદ પોપટલાલ દોશી
૭૮. શ્રી વિનુભાઈ ખીમચંદ શાહ
૭૯. શ્રી ચંપકલાલ ગિરધરલાલ
૮૦. શ્રી દામજીભાઈ કુંવરજી છેડા
૮૧. શ્રી ભગુભાઈ પોપટલાલ શાહ
૮૨. શ્રી રતિલાલ મગનલાલ શાહ
૮૩. શ્રી કાંતિલાલ ચુનીલાલ ચોકસી
૮૪. શ્રી રમિલાબહેન પ્રતાપરાય શાહ
૮૫. શ્રી વિમળાબહેન વખારીઆ
૮૬. શ્રી નિર્મળાબહેન સૌભાગ્યચંદ શાહ
૮૭. શ્રી રમણબહેન ઝવેરી
૮૮. શ્રી લીલાબહેન પન્નાલાલ શાહ

**શતાબ્દી સમિતિના સભ્યો**—જન્મશતાબ્દીની ઉજવણીના મોટા ખર્ચને પહોંચી વળવાની આર્થિક જવાબદારી બહુ મોટી હતી; અને સમિતિને માટે એ ચિંતારૂપ પણ હતી. આ ચિંતામાંથી રૂ. ૫૧)ની રકમ નક્કી કરીને એટલી રકમ ભરનાર વ્યક્તિને સમિતિના સભ્ય બનાવવાનું અને આ રીતે જે રકમ એકત્ર થાય તે ઉજવણીના કાર્યમાં વાપરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. દેખીતી રીતે જ "ટીપે ટીપે સરોવર ભરાય" એવી કે "सौकी लकडी अेकका बोझ" જેવી આ યોજનાથી, કોઈ પણ એક વ્યક્તિ કે અમુક જ વ્યક્તિઓ ઉપર વધારે પડતો આર્થિક ભાર મૂક્યા વગર, અનેક વ્યક્તિઓનો થોડો થોડો સાથ મેળવીને, જન્મશતાબ્દીના ખર્ચને સારી રીતે પહોંચી શકાય એમ હતું. આ દૃષ્ટિએ આ યોજના જેમ એક સુંદર યોજના હતી, તેમ એ સરળ અને વ્યવહારુ પણ હતી. છતાં એનો અમલ કરીને ઓછામાં ઓછું બેએક લાખ રૂપિયા જેટલું ભંડોળ એકત્ર કરવાનું કામ સહેલું ન હતું. પણ આ કાર્યને વરેલા કાર્યકરો નિષ્ઠાવાન, દૃઢ નિશ્ચયવાળા અને સ્વર્ગસ્થ આચાર્યશ્રી પ્રત્યે ઊંડી શ્રદ્ધા–ભક્તિ ધરાવતા હતા. એટલે છેવટે મુશ્કેલ લાગતું કાર્ય પણ આસાન બની ગયું અને સમારોહની શાનદાર ઉજવણી માટે, વખતસર, સૌ કાર્યકરોના નિષ્ઠાભર્યા પ્રયાસથી, ૩૯૯૯ જેટલા સભ્યો નોંધાયા અને એ રીતે સમિતિ પાસે ૨,૦૩,૯૪૭) રૂપિયા* જેવી સારી રકમ ખર્ચને માટે એકત્ર થઈ શકી. આ કામ માટે મુંબઈનાં તેમ જ બહારગામનાં ભાઈઓ-બહેનો, પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજો તથા સંસ્થાઓ–સંઘોએ સભ્યો નોંધાવવા માટે જે ભક્તિભરી જહેમત ઉઠાવી હતી તે દાખલારૂપ બની રહે એવી છે. સમિતિના આ ચારેક હજાર જેટલા સભ્યો – ભાઈઓ તથા બહેનો – ની પૂરી યાદી આપવાનું અહીં શક્ય ન હોવાથી આ સભ્યો બનાવનાર ભાઈઓ-બહેનો, પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજો તથા સંઘો-સંસ્થાઓની યાદી અહીં આપીને સંતોષ માનવામાં આવે છે.

---

* એક સભ્યના લવાજમના રૂ. ૫૧ ના હિસાબે આ રકમ રૂ. ૨,૦૩,૯૪૯ થવી જોઈએ; પણ બે સભ્યો પાસેથી રૂ. ૫૧ના બદલે રૂ. ૫૦ આવેલ હોવાથી બે રૂપિયા ઓછા આવ્યા છે.

# જન્મશતાબ્દી સમિતિના રૂ. ૫૧]ના સભ્યો બનાવનાર ભાઈ-બહેનો, પૂ. સાધુ-સાધ્વીઓ તથા સંઘો-સંસ્થાઓની નામાવલી

| ક્રમ | નામ | ગામ | સભ્ય-સંખ્યા | રકમ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી ઉમેદમલજી હજારીમલજી જૈન | મુંબઈ | ૨૫૮ | ૧૩૧૫૮–૦૦ |
| ૨ | શ્રી કુંજલાલ સુંદરમલ જૈન | મુલુન્ડ | ૧૨૨ | ૬૨૨૨–૦૦ |
| ૩ | શ્રી જેસિંગલાલ લલ્લુભાઈ શાહ | મુંબઈ | ૯૫ | ૪૮૪૫–૦૦ |
| ૪ | શ્રી રતિલાલ મગનલાલ શાહ | ” | ૭૫ | ૩૮૨૫–૦૦ |
| ૫ | શ્રી મદનલાલ ઠાકોરદાસ શાહ | ” | ૭૪ | ૩૭૭૪–૦૦ |
| ૬ | શ્રી શેષમલ દીપચંદ રાઠોડ | ” | ૫૦ | ૨૫૫૦–૦૦ |
| ૭ | શ્રી પોપટલાલ ગિરધરલાલ શાહ | ” | ૫૦ | ૨૫૫૦–૦૦ |
| ૮ | શ્રી રસિકલાલ ભોગોલાલ ઝવેરી | ” | ૪૯ | ૨૪૯૯–૦૦ |
| ૯ | શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી | ” | ૪૭ | ૨૩૯૭–૦૦ |
| ૧૦ | શ્રી પ્રતાપભાઈ કે. શાહ | ” | ૪૪ | ૨૨૪૪–૦૦ |
| ૧૧ | શ્રી રસિકલાલ નાથાલાલ કોરા | ” | ૪૩ | ૨૧૯૩–૦૦ |
| ૧૨ | શ્રી નગીનદાસ જે. શાહ – વાવડીકર | મુલુન્ડ | ૪૨ | ૨૧૪૨–૦૦ |
| ૧૩ | શ્રી નટવરલાલ મૂળચંદ શાહ | મુંબઈ | ૨૯ | ૧૪૭૯–૦૦ |
| ૧૪ | શ્રી લાલચંદ ભંવરલાલ ભંડારી | ગોરેગાંવ | ૨૯ | ૧૪૭૯–૦૦ |
| ૧૫ | શ્રી તારાચંદ કૃષ્ણાજી | દાદર | ૨૮ | ૧૪૨૮–૦૦ |
| ૧૬ | શ્રી શાંતિલાલ એમ. શાહ | મુંબઈ | ૨૬ | ૧૩૨૬–૦૦ |
| ૧૭ | શ્રી ફૂલચંદ સી. બરોડિયા | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૧૮ | શ્રી વાડીલાલ જીવરાજ શાહ | મલાડ | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૧૯ | શ્રી ચંપકલાલ મોહનલાલ પટણી | મુંબઈ | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૨૦ | શ્રી ફૂલચંદભાઈ શામજીભાઈ | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૨૧ | શ્રી ડાહ્યાભાઈ કકલભાઈ શાહ | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૨૨ | શ્રી રમેશભાઈ જે. સંઘવી | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૨૩ | શ્રી દામજીભાઈ કુંવરજી છેડા | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૨૪ | શ્રી જયંતીલાલ મયાચંદભાઈ શાહ | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૨૫ | શ્રી છેનરાજજી સાગરમલજી છત્રીવાળા | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૨૬ | શ્રી કપુરચંદજી તેજમલજી | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૨૭ | શ્રી રાયચંદ ગુલાબચંદ | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૨૮ | શ્રી પોખરાજ શેષમલજી | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૨૯ | શ્રી શેષમલજી પ્રેમચંદજી | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૩૦ | શ્રી ચીમનભાઈ શાહ | ગોરેગાંવ | ૨૫ | ૧૨૭૫–૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧ | શ્રી બાબુલાલ સુંદરજી શાહ | ડોંગરી | ૨૫ | ૧૨૭૫-૦૦ |
| ૩૨ | શ્રી ભરતકુમાર મણિલાલ | મુંબઈ | ૨૫ | ૧૨૭૫-૦૦ |
| ૩૩ | શ્રી સરદારમલજી કોઠારી | ,, | ૨૪ | ૧૨૨૪-૦૦ |
| ૩૪ | શ્રી શાંતિસ્વરૂપજી જૈન | હોશિયારપુર | ૨૩ | ૧૧૭૩-૦૦ |
| ૩૫ | શ્રી બાલચંદભાઈ ઝવેરી | મુંબઈ | ૧૯ | ૯૬૯-૦૦ |
| ૩૬ | શ્રી પન્નાલાલ મફતલાલ શાહ | ,, | ૧૯ | ૯૬૯-૦૦ |
| ૩૭ | શ્રી નૌતમભાઈ મણિલાલ ઘડિયાળી | માટુંગા | ૧૮ | ૯૧૮-૦૦ |
| ૩૮ | શ્રી વિલાયતીરામ જૈન | મલાડ | ૧૮ | ૯૧૮-૦૦ |
| ૩૯ | શ્રી ચાંદમલજી વૈદ | નાગોર | ૧૮ | ૯૧૮-૦૦ |
| ૪૦ | શ્રી ભીખમચંદ મોતીચંદ | વડોદરા | ૧૮ | ૯૧૮-૦૦ |
| ૪૧ | શ્રી કે. કે. શાહ, હ. ઉમેદમલજી | મુંબઈ | ૧૬ | ૮૧૬-૦૦ |
| ૪૨ | શ્રી જગજીવનદાસ શિવલાલ શાહ | ઘાટકોપર | ૧૬ | ૮૧૬-૦૦ |
| ૪૩ | શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી | સાયન | ૧૫ | ૭૬૫-૦૦ |
| ૪૪ | શ્રી મગનલાલ બી. શાહ | મુંબઈ | ૧૪ | ૭૧૪-૦૦ |
| ૪૫ | શ્રી મનુભાઈ શાહ | પરેલ | ૧૪ | ૭૧૪-૦૦ |
| ૪૬ | શ્રી અનોપચંદજી કોચર | બીકાનેર | ૧૪ | ૭૧૪-૦૦ |
| ૪૭ | શ્રી છગનલાલ ગંગારામ | મુંબઈ | ૧૩ | ૬૬૩-૦૦ |
| ૪૮ | શ્રી હરખચંદજી સરદારમલજી જૈન | ,, | ૧૩ | ૬૬૩-૦૦ |
| ૪૯ | શ્રી ભંવરલાલજી તાતેડ | નાગોર | ૧૩ | ૬૬૩-૦૦ |
| ૫૦ | શ્રી ચંદનમલજી મહેતા | મઝગાંવ | ૧૩ | ૬૬૩-૦૦ |
| ૫૧ | શ્રી હરસુખલાલ ઓધવજી શાહ | સાયન | ૧૨ | ૬૧૨-૦૦ |
| ૫૨ | શ્રી ઝવેરચંદ શામજી ગડા | ભીવંડી | ૧૨ | ૬૧૨-૦૦ |
| ૫૩ | શ્રી દીપચંદ હંસરાજ | કુર્લા | ૧૧ | ૫૬૧-૦૦ |
| ૫૪ | શ્રી શેષમલજી જૈન | વાંદરા | ૧૦ | ૫૧૦-૦૦ |
| ૫૫ | શ્રી રમણિકલાલ એમ. કનાડિયા | મુંબઈ | ૧૦ | ૫૧૦-૦૦ |
| ૫૬ | શ્રી નવીનચંદ્ર કાંતિલાલ | ,, | ૧૦ | ૫૧૦-૦૦ |
| ૫૭ | શ્રી જયંતીલાલ વાડીલાલ | ,, | ૯ | ૪૫૯-૦૦ |
| ૫૮ | શ્રી નટવરલાલ એસ. શાહ | ,, | ૯ | ૪૫૯-૦૦ |
| ૫૯ | શ્રી લક્ષ્મણદાસ ઓસવાળ | ,, | ૯ | ૪૫૯-૦૦ |
| ૬૦ | શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા | ,, | ૮ | ૪૦૮-૦૦ |
| ૬૧ | શ્રી માંગીલાલજી છાજેડ | જોગેશ્વરી | ૮ | ૪૦૮-૦૦ |
| ૬૨ | શ્રી કેસરીચંદ મણિલાલ | મુંબઈ | ૭ | ૩૫૭-૦૦ |
| ૬૩ | શ્રી કુંદનમલજી હમીરમલજી | ,, | ૭ | ૩૫૭-૦૦ |
| ૬૪ | શ્રી કસ્તૂરચંદ પ્રેમચંદ | ,, | ૭ | ૩૫૭-૦૦ |
| ૬૫ | શ્રી હસમુખભાઈ સી. શાહ | આણંદ | ૬ | ૩૦૬-૦૦ |
| [illegible] | શ્રી [illegible] | ભીવંડી | ૬ | ૩૦૬-૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬૭ | શ્રી વાડીલાલ ટોકરસી | મુંબઈ | ૫ | ૨૫૫–૦૦ |
| ૬૮ | શ્રી કેસરીચંદ જેસિંગલાલ શાહ | ” | ૪ | ૨૦૪–૦૦ |
| ૬૯ | શ્રી વી. નગીનદાસ ચોકસી | ” | ૪ | ૨૦૪–૦૦ |
| ૭૦ | શ્રી રસિકલાલ છગનલાલ શાહ | વડોદરા | ૩ | ૧૫૩–૦૦ |
| ૭૧ | શ્રી જુહારમલજી રાયચંદજી | પેણ | ૩ | ૧૫૩–૦૦ |
| ૭૨ | શ્રી એમ. બી. બ્રધર્સ | મુંબઈ | ૩ | ૧૫૩–૦૦ |
| ૭૩ | શ્રી વૃજલાલ દેવચંદ મહેતા | મલાડ | ૨ | ૧૦૨–૦૦ |
| ૭૪ | શ્રી ફૂલચંદ હરિચંદ દોશી | મુંબઈ | ૨ | ૧૦૨–૦૦ |
| ૭૫ | શ્રી પન્નાલાલ રસિકલાલ શાહ | ” | ૨ | ૧૦૨–૦૦ |

### બહેનો મારફત બનેલા સભ્યો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી રમિલાબહેન પ્રતાપરાય શાહ | મુંબઈ | ૯૮ | ૪૯૯૮–૦૦ |
| ૨ | શ્રીમતી ભૂરીબહેન ઉમેદમલજી જૈન | ” | ૭૫ | ૩૮૨૫–૦૦ |
| ૩ | શ્રીમતી કાન્તાબહેન કોરડિયા | ” | ૫૦ | ૨૫૫૦–૦૦ |
| ૪ | શ્રીમતી નિર્મળાબહેન સૌભાગ્યચંદ શાહ | ” | ૪૬ | ૨૩૪૬–૦૦ |
| ૫ | શ્રીમતી મચ્છાબહેન હરખચંદ | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૬ | શ્રીમતી કુસુમબહેન ખાંતિલાલ શાહ | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૭ | શ્રીમતી લીલાબહેન પન્નાલાલ પારેખ | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૮ | શ્રીમતી પોપટબહેન (ઓસવાળભવન) | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૯ | શ્રીમતી ગજરાબહેન (”) | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૧૦ | શ્રીમતી કલાબહેન તારાચંદ સંઘવી | ” | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૧૧ | શ્રીમતી સુશીલાબહેન સેવંતીલાલ શાહ | ,, | ૨૧ | ૧૦૭૧–૦૦ |
| ૧૨ | શ્રીમતી કાન્તાબહેન પટવા | ,, | ૧૫ | ૭૬૫–૦૦ |
| ૧૩ | શ્રીમતી રમણબહેન હીરાલાલ ઝવેરી | ,, | ૧૧ | ૫૬૧–૦૦ |
| ૧૪ | શ્રીમતી કમળાબહેન ધીરજલાલ મણિયાર | ,, | ૧૦ | ૫૧૦–૦૦ |
| ૧૫ | શ્રીમતી તનમનબહેન શાંતિલાલ | ,, | ૭ | ૩૫૭–૦૦ |
| ૧૬ | શ્રીમતી વિમળાબહેન વખારીયા | ,, | ૬ | ૩૦૬–૦૦ |
| ૧૭ | શ્રીમતી સુશીલાબહેન | ભાયખલા | ૪ | ૨૦૪–૦૦ |

### પૂ. સાધુ-સાધ્વીજીમહારાજની પ્રેરણાથી થયેલા સભ્યો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી | મુંબઈ | ૫૦ | ૨૫૫૦–૦૦ |
| ૨ | પૂ. મુનિ શ્રી જનકવિજયજી ગણિ | મુંબઈ | ૪૨ | ૨૧૪૨–૦૦ |
| ૩ | પૂ. મુનિ શ્રી વલ્લભદત્તવિજયજી મ. | ,, | ૩૦ | ૧૫૩૦–૦૦ |
| ૪ | પૂ. સાધ્વીજી શ્રી ઓંકારશ્રીજી મહારાજ | વાલકેશ્વર | ૧૦૭ | ૫૪૫૭–૦૦ |
| ૫ | પૂ. સાધ્વીજી શ્રી મુક્તિશ્રીજી મહારાજ | જુન્નેર | ૪૯ | ૨૪૯૯–૦૦ |
| ૬ | પૂ. સાધ્વીજી શ્રી તિલકશ્રીજી મહારાજ | પાલીતાણા | ૩૨ | ૧૬૩૨–૦૦ |
| ૭ | પૂ. સાધ્વીજી શ્રી રાજેન્દ્રશ્રીજી મહારાજ | મુંબઈ | ૧૯ | ૯૬૯–૦૦ |
| ૮ | પૂ. સાધ્વીજી શ્રી કનકપ્રભાશ્રીજી મહારાજ | ,, | ૧૬ | ૮૧૬–૦૦ |

## જૈન સંઘો અને સંસ્થાઓ મારફત

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | શ્રી આત્માનંદ જૈન સભા | દિલ્હી | ૭૨ | ૩૬૭૨–૦૦ |
| ૨ | શ્રી ગોડીજી જૈન દેરાસર પેઢી | પાયધુની | ૭૦ | ૩૫૭૦–૦૦ |
| ૩ | શ્રી શાંતિનાથજી જૈન દેરાસર પેઢી | દાદર | ૫૪ | ૨૭૫૪–૦૦ |
| ૪ | શ્રી ગોવાળિયા ટૅંક જૈન સંઘ પેઢી | મુંબઈ | ૩૭ | ૧૮૮૭–૦૦ |
| ૫ | શ્રી આત્માનંદ જૈન સભા | અંબાલા | ૩૦ | ૧૫૩૦–૦૦ |
| ૬ | શ્રી જૈન દેરાસર પેઢી | માહિમ | ૨૬ | ૧૩૨૬–૦૦ |
| ૭ | શ્રી સેલમ જૈન સંઘ પેઢી | સેલમ | ૨૫ | ૧૨૭૫–૦૦ |
| ૮ | શ્રી ચોપાટી જૈન દેરાસર પેઢી | ચોપાટી | ૨૪ | ૧૨૨૪–૦૦ |
| ૯ | શ્રી અંધેરી જૈન દેરાસર પેઢી | અંધેરી | ૨૪ | ૧૨૨૪–૦૦ |
| ૧૦ | શ્રી ઘેલાભાઈ કરમચંદ જૈન સેનેટોરિયમ પેઢી | પાર્લા | ૨૪ | ૧૨૨૪–૦૦ |
| ૧૧ | શ્રી નમિનાથજી જૈન દેરાસર પેઢી | પાયધુની | ૨૧ | ૧૦૭૧–૦૦ |
| ૧૨ | શ્રી શાંતિનાથજી જૈન દેરાસર પેઢી | કોટ | ૧૧ | ૫૬૧–૦૦ |
| ૧૩ | શ્રી આત્મવલ્લભ જૈન સેવામંડળ | મુંબઈ | ૧૦ | ૫૧૦–૦૦ |
| ૧૪ | શ્રી આદીશ્વરજી જૈન દેરાસર પેઢી | પાયધુની | ૭ | ૩૫૭–૦૦ |
| | શ્રી ભીમરાજજી બાલીવાળા દ્વારા | પ્રવાસયાત્રામાં | ૫૪૪ | ૨૭૭૪૪–૦૦ |
| | કાર્યાલય મારફત બનેલા સભ્યો | | ૨૫૪ | ૧૨૯૫૪–૦૦ |
| | | કુલ | ૩૯૯૯ | ૨૦૩૯૪૯–૦૦ |

## સભ્યસંખ્યાનું પૃથક્કરણ

**મુંબઈના નાના-મોટા કાર્યકરોએ તેમ જ અન્ય સ્થાનોનાં ઉત્સાહી ભાઈઓ-બહેનો વગેરેએ સમિતિના સભાસદો બનાવવા માટે જે પ્રયત્ન કર્યો તેના લીધે નોંધાયેલ ૩૯૯૯ સભ્યોનું ગામ કે સ્થાનવાર પૃથક્કરણ કરતાં આ પ્રમાણે માહિતી જાણવા મળે કે—(૧) મુંબઈ ૨૯૩૦; (૨) મદ્રાસ ૧૬૦; (૩) બેંગલોર ૯૬; (૪) મૈસુર ૬૦; (૫) પૂના ૫૮; (૬) પંજાબ ૧૩૫; (૭) બારસી ૩૨; (૮) પાલીતાણા ૨૬; (૯) કલકત્તા ૨૫; (૧૦) જુન્નેર ૨૫ અને (૧૧) જુદાં જુદાં ગામોના ૪૫૨.**

**વિશેષ પ્રવાસ**—જન્મશતાબ્દીસમિતિના સ્વાગતસભ્યો દેશભરમાંથી નોંધવા મોટા પ્રમાણમાં પ્રચાર કરવામાં આવ્યો હતો **અને રાજસ્થાન,** મદ્રાસ, બેંગલોર, મૈસુર વગેરે સ્થાનો–શહેરોમાં શ્રી ભીમરાજભાઈ બાલીવાળાને મોકલવામાં આવ્યા હતા. તેઓએ કુલ ૫૪૪ સભ્યો બનાવી પ્રેરણાદાયક કાર્ય કર્યું હતું.

**જન્મ શતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ**—આ ટ્રસ્ટના ત્રણ મુખ્ય નિયમો તથા પહેલું ટ્રસ્ટી મંડળ આ પ્રમાણે નક્કી કરવામાં આવેલ—

**(૧) ટ્રસ્ટ સ્કૉલર**—જે વ્યક્તિ કે સંસ્થા એકીસાથે અથવા રૂ. એક-એક હજારના ત્રણ વાર્ષિક હપ્તાથી ટ્રસ્ટને રૂ. ૩૦૦૦) આપે તેમની વતી એક વિદ્યાર્થીને, ટ્રસ્ટ સ્કૉલર તરીકે, લોન સહાય આપવી.

**(૨) લોન-સહાય કોને આપી શકાય?**—આ ટ્રસ્ટમાંથી એન્જીનિયરીંગ (જેમાં ટેક્ષ્ટાઈલ, કેમિકલ અને પેટ્રોલિયમ કેમિકલ એંજિનિયરીંગનો તથા આર્કિટેકચરનો સમાવેશ થાય છે), દાકતરી, વાણિજ્ય અને નામાશાસ્ત્રનો ઉચ્ચ અભ્યાસ (જેમાં જે તે સંસ્થાઓ દ્વારા લેવાતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કોસ્ટ એકાઉન્ટન્ટની પરીક્ષાનો સમાવેશ થાય છે), બિઝનેશ મેનેજમેન્ટ, કોઈ પણ ધંધાદારી (Vocational) શિક્ષણ અને લલિત-કળાના ડિગ્રી અભ્યાસ માટે ઈન્ટરમીડિયેટ પરીક્ષા પસાર કર્યા પછી અને ડિપ્લૉમાના અભ્યાસ માટે એસ. એસ. સી. ની (કે એની બરોબરીની) પરીક્ષા પસાર કર્યા પછી લોન-સહાય આપવી. જૈનધર્મના કોઈ પણ અંગના ઉચ્ચ અભ્યાસ માટે પણ ટ્રસ્ટમાંથી લોન-સહાય આપવી. આ લોન-સહાય આવો અભ્યાસ કરતાં ભાઈઓ તથા બહેનો બન્નેને આપવી.

**(૩) ધાર્મિક અભ્યાસ**—ટ્રસ્ટમાંથી લોન-સહાય લેનાર વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીએ, ટ્રસ્ટે નક્કી કર્યા મુજબ, ધાર્મિક અભ્યાસ કરીને એની વાર્ષિક પરીક્ષામાં ઉત્તીર્ણ થવું ફરજિયાત કરવું.

**(૪) ટ્રસ્ટી મંડળ**—સભામાં, ૬ વધુ ટ્રસ્ટીઓ ઉમેરવાની સત્તા સાથે, ૯ ટ્રસ્ટીઓનું ટ્રસ્ટી મંડળ રચવામાં આવ્યું. પાછળથી એમાં ૪ ટ્રસ્ટીઓ ઉમેરી ટ્રસ્ટી મંડળ ૧૩ ટ્રસ્ટીઓનું બનાવવામાં આવ્યું.

ટ્રસ્ટી મંડળના હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓની નામાવલી આ પ્રમાણે છે—

**શિક્ષણ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પોપટલાલ ભીખાચંદ, | ચેરમેન |
| ૨. | શ્રી સારાલાલ લખમીચંદ ઝવેરી, | મેનેજીંગ ટ્રસ્ટી |
| ૩. | શ્રી જયંતીલાલ રતનચંદ શાહ, | ,, |
| ૪. | શ્રી ફૂલચંદ શામજીભાઈ, | ટ્રસ્ટી |
| ૫. | શ્રી પનાલાલ મફતલાલ શાહ, | ,, |
| ૬. | શ્રી કુંજલાલ સુંદરમલ જૈન, | ,, |
| ૭. | શ્રી પ્રાણલાલ કાનજીભાઈ દોશી, | ,, |
| ૮. | શ્રી ઉમેદમલજી હજારીમલજી જૈન, | ,, |
| ૯. | શ્રી જેસિંગલાલ લલ્લુભાઈ, | ,, |
| ૧૦. | શ્રી માણેકચંદજી બેતાલા, | ,, |
| ૧૧. | શ્રી કાંતિલાલ ચેનાજી, | ,, |
| ૧૨. | શ્રી પનાલાલ બી. શાહ, | ,, |
| ૧૩. | શ્રી કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરા | મંત્રી |

આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજની નિશ્રામાં, તા. ૧૧–૧–૧૯૭૦ના રોજ, મળેલી આ સભાએ જન્મશતાબ્દીની ઉજવણીનો મુખ્ય આકાર–પ્રકાર નક્કી કરી આપવાની સાથે સાથે સમારોહના ખર્ચની જોગવાઈ કેવી રીતે કરવી એ પણ નક્કી કરી આપ્યું. એક રીતે કહીએ તો, બાકીના ૮-૧૦ મહિનામાં બાકીની બધી તૈયારી પૂરી કરવા માટેના કાર્યને ઝડપથી આગળ વધારવા માટે પાટા ગોઠવી આપવાનું મહત્ત્વનું કામ આ સભાએ કર્યું. આથી મુંબઈના તથા બહારગામના આગેવાનો તથા કાર્યકરોને પોતાના કાર્યનો ખ્યાલ બરાબર આવી ગયો હોવાથી હવે એ કાર્યને સમયસર પૂરું કરવાની દિશામાં જ તન-મન-ધનથી લાગી જવાનું હતું. આ રીતે આ સભાએ આ સમારોહને સફળ બનાવવાની દિશામાં ખૂબ મહત્ત્વની કામગીરી બજાવી, એમ કહેવું જોઈએ.

**આચાર્યશ્રીનો જીવનપરિચય**—જન્મશતાબ્દી સમિતિની કાર્યવાહક સમિતિએ નક્કી કર્યું હતું કે આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો જીવનપરિચય અંગ્રેજી, હિન્દી તથા ગુજરાતી ભાષામાં સમિતિ તરફથી પ્રગટ કરવો. અને આ ત્રણમાંથી સમિતિના સભ્યો ઈચ્છે તે ભાષાના પરિચયની એક નકલ એમને ભેટ આપવી. અંગ્રેજી તથા હિંદી પરિચય ફાલનાની શ્રી પાર્શ્વનાથ ઉમેદ કોલેજના અધ્યાપક શ્રી જવાહરચંદ્રજી પટનીની પાસે અને ગુજરાતી પરિચય રતિલાલ દીપચંદ દેસાઈ પાસે લખાવવાનું સમિતિએ નક્કી કર્યું હતું.

## આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજીનું મુંબઈમાં આગમન

જન્મશતાબ્દીની ઉજવણીની તૈયારીમાં ધાર્યો વેગ આવે એટલા માટે યુગદ્રષ્ટા આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર શાંતસ્વભાવી, સરળપરિણામી આચાર્યપ્રવર શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ, પોતાના શિષ્ય-પ્રશિષ્યોના સમુદાય સાથે, મુંબઈ આવી પહોંચે એની ઉત્સુકતાપૂર્વક રાહ જોવાતી હતી. રાજસ્થાનમાં લુણાવામાં ચતુર્માસ રહેલ આચાર્યશ્રીના અંતરમાં પણ બને તેટલાં વહેલાં મુંબઈ પહોંચવાની ઝંખના રમતી હતી. અને છતાં, જાણે પોતાના સ્વર્ગસ્થ ગુરુદેવની તીર્થાધિરાજ શત્રુંજયની યાત્રા કરવાની અંતિમ ઝંખનાને પૂરી કરવાની આંતરિક પ્રેરણા થઈ હોય એમ, આચાર્ય મહારાજે ઝડપથી મુંબઈ તરફ વિહાર શરૂ કરવાને બદલે, શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરીને અને ગુજરાત-સૌરાષ્ટ્રમાં થઈને મુંબઈ જવાનો નિર્ણય કર્યો. આ નિર્ણયમાં પણ તેઓશ્રીની સમતા, શાંતિ અને સ્વસ્થતાનાં સુભગ દર્શન થાય છે. વચમાં વળી તેઓએ થોડા દિવસ ફાલનાના જિનમંદિરની તથા વલ્લભકીર્તિસ્તંભની પ્રતિષ્ઠા માટે પણ કાઢ્યા. અને પછી, વિ. સં. ૨૦૨૬ ના માગસર સુદિ ૮, તા. ૧૬–૧૨–૧૯૬૯, મંગળવારના રોજ, મુંબઈ પહોંચવા માટે તેઓએ રાજસ્થાનમાંથી શ્રી શત્રુંજય ગિરિરાજ તરફ વિહાર કર્યો. આ વિહારમાં આચાર્ય મહારાજની સાથે મુનિરાજ શ્રી સુરેન્દ્રવિજયજી ગણિ, મુનિરાજ શ્રી વલ્લભદત્તવિજયજી મહારાજ, મુનિરાજ શ્રી જયવિજયજી ગણિ, મુનિરાજ શ્રી બલવંતવિજયજી ગણિ, મુનિરાજ શ્રી સંપતવિજયજી ગણિ, મુનિરાજ શ્રી શાંતિવિજયજી, મુનિરાજ શ્રી પદ્મવિજયજી, મુનિરાજ શ્રી અનેકાંતવિજયજી, મુનિરાજ શ્રી નયચંદ્રવિજયજી, મુનિરાજ શ્રી જયાનંદવિજયજી, મુનિરાજ શ્રી ધર્મધુરંધરવિજય તથા મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી—એટલા મુનિરાજો હતા.

આ દરમ્યાનમાં જન્મશતાબ્દી સમિતિએ કરવા ધારેલ કાર્યનો આચાર્ય મહારાજને પૂરેપૂરો ખ્યાલ આવી ગયો હતો અને તેઓના રોમરોમમાં પોતાના ગુરુદેવની જન્મશતાબ્દીના સુવર્ણ અવસરને યશસ્વી, ઉપકારક અને યાદગાર બનાવવાની જ ભાવના ધબકતી હતી, એટલે આ વિહાર દરમ્યાન તેઓ શ્રીસંઘને આ પ્રસંગનું મહત્ત્વ સમજાવતા રહ્યા. અને એ રીતે આ કાર્યના પ્રચારને સારો વેગ મળતો રહ્યો.

અને છેવટે, ગિરિરાજ શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરવાના પોતાના મનોરથો પૂરા કરીને, અને ગુજરાત સૌરાષ્ટ્રમાં વિચરીને, તેઓને મુંબઈ પહોંચવાનો સમય પણ આવી પહોંચ્યો. તા. ૧૨–૬–૭૦, શુક્રવાર, વિ. સં. ૨૦૨૬ના જેઠ સુદિ ૮ ના શ્રી આત્મારામજી મહારાજના સ્વર્ગવાસના પર્વદિને, પોતાના સમુદાય સાથે, તેઓએ મુંબઈમાં ભાયખલા તીર્થમાં પ્રવેશ કર્યો. ભાયખલા તો, આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના અગ્નિસંસ્કારની ભૂમિ હોવાને કારણે, શ્રી તીર્થંકરદેવના તીર્થની સાથે સાથે, ગુરુતીર્થ પણ બન્યું હતું. પંદર વર્ષે આચાર્ય મહારાજ ગદ્ગદ અંતરે જાણે પોતાના શિરછત્રનું સાંનિધ્ય અનુભવી રહ્યા. આ દરમ્યાન આચાર્ય મહારાજના વિદ્વાન અને વિચારક શિષ્ય મુનિવર્ય શ્રી જનકવિજયજી ગણિ પણ પંજાબથી ઉગ્ર વિહાર કરીને, શતાબ્દી મહોત્સવમાં ભાગ લેવા માટે, પોતાના ગુરુવર્યની સેવામાં, મુંબઈ આવી પહોંચ્યા હતા. વળી, મુનિરાજ શ્રી ઈન્દ્રવિજયજી ગણિ પણ પોતાના શિષ્યસમુદાય સાથે મુંબઈ પહોંચી ગયા હતા.

ભાયખલામાં પ્રવેશ કર્યા બાદ, બે દિવસ પછી, તા. ૧૪–૬–૭૦ ના રોજ, આચાર્ય મહારાજ ચતુર્માસ માટે પાયધુની ઉપર આવેલ સુપ્રસિદ્ધ ગોડીજીના ઉપાશ્રયે પધાર્યા; અને ત્યાં પહોંચીને, જન્મશતાબ્દીની શાનદાર ઉજવણી માટે શ્રીસંઘને પ્રેરણા આપવાના કાર્યમાં લાગી ગયા. આથી જન્મશતાબ્દી સમિતિ તથા બધા કાર્યકરો વિશેષ ઉત્સાહ અને આનંદથી પોતાના કાર્યમાં પરોવાઈ ગયા.

આ દરમ્યાન આચાર્ય મહારાજના આજ્ઞાવર્તી સાધ્વીસમુદાયોનાં મોટા ભાગનાં સાધ્વીજી મહારાજો પણ, જન્મશતાબ્દીની ઉજવણીના પુણ્યકાર્યમાં પોતાની ભાવના–ભક્તિનો અર્ધ્ય આપવા માટે, ચતુર્માસ પહેલાં, મુંબઈ પહોંચી ગયાં હતાં.

### મુંબઈ આવેલ સાધુ-મુનિરાજો તથા સાધ્વીજી મહારાજો

જન્મશતાબ્દીની ઉજવણી માટે ૩૧ જેટલા સાધુ-મુનિરાજો અને ૫૩ જેટલાં સાધ્વીજી મહારાજો મુંબઈમાં પધાર્યાં હતાં, તેની યાદી આ પ્રમાણે છે—

## સાધુ-મુનિરાજો

૧. પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ.

૨. પરમપૂજ્ય આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ.

૩. પૂ. મુ. શ્રી વલ્લભદત્તવિજયજી મ.
૪. પૂ. મુ. શ્રી જનકવિજયજી ગણિ.
૫. પૂ. મુ. શ્રી ઈન્દ્રવિજયજી ગણિ.
૬. પૂ. મુ. શ્રી સુરેન્દ્રવિજયજી ગણિ.
૭. પૂ. મુ. શ્રી પ્રકાશવિજયજી ગણિ.
૮. પૂ. મુ. શ્રી બલવંતવિજયજી ગણિ.

૯. પૂ. મુ. શ્રી જયવિજયજી ગણિ.
૧૦. પૂ. મુ. શ્રી ન્યાયવિજયજી ગણિ.
૧૧. પૂ. મુ. શ્રી વસંતવિજયજી (તપસ્વી)
૧૨. પૂ. મુ શ્રી નંદનવિજયજી મ.
૧૩. પૂ. મુ. શ્રી શાંતિવિજયજી મ.
૧૪. પૂ. મુ. શ્રી પદ્મવિજયજી મ.
૧૫. પૂ. મુ. શ્રી જિતવિજયજી મ.
૧૬. પૂ. મુ. શ્રી જિતેન્દ્રવિજયજી મ.
૧૭. પૂ. મુ. શ્રી રત્નાકરવિજયજી મ.
૧૮. પૂ. મુ. શ્રી જગતચંદ્રવિજયજી મ.
૧૯. પૂ. મુ. શ્રી યશોધર્મવિજયજી મ.
૨૦. પૂ. મુ. શ્રી નયચંદ્રવિજયજી મ.
૨૧. પૂ. મુ. શ્રી જયાનંદવિજયજી મ.
૨૨. પૂ. બાલમુનિ શ્રી ધર્મધુરન્ધર-વિજયજી મ.
૨૩. પૂ. બાલમુનિ શ્રી નિત્યાનંદ-વિજયજી મ.
૨૪. પૂ. મુ. શ્રી ગૌતમવિજયજી મ.
૨૫. પૂ. મુ. શ્રી રત્નપ્રભવિજયજી મ.
૨૬. પૂ. મુ. શ્રી વીરેન્દ્રવિજયજી મ.
૨૭. પૂ. મુ. શ્રી હરિષેણવિજયજી મ.
૨૮. પૂ. મુ. શ્રી ચમરેન્દ્રવિજયજી મ.
૨૯. પૂ. મુ. શ્રી હર્ષદવિજયજી મ.
૩૦. પૂ. મુ. શ્રી જયશેખરવિજયજી મ.
૩૧. પૂ. મુ. શ્રી જયભદ્રવિજયજી મ.

## સાધ્વીજી મહારાજો

**૧. પૂ. સા. શ્રી કુસુમશ્રીજી મ. થાણાં ૪**
૨. પૂ. સા. શ્રી પ્રબોધશ્રીજી મ.
૩. પૂ. સા. શ્રી કનકપ્રભાશ્રીજી મ
૪. પૂ. સા. શ્રી દિવ્યપ્રભાશ્રીજી મ.
**૫. પૂ. સા. શ્રી પ્રીતિશ્રીજી મ. થાણાં ૨**
૬. પૂ. સા. શ્રી ઉદયયશાશ્રીજી મ.
**૭. પૂ. સા. શ્રી પ્રભાશ્રીજી મ. થાણાં ૩**
૮. પૂ. સા. શ્રી ભાનુપ્રભાશ્રીજી મ.
૯. પૂ. સા. શ્રી અમિતગુણાશ્રીજી મ.
**૧૦. પૂ. સા. શ્રી રાજેન્દ્રશ્રીજી મ. થાણાં ૩**
૧૧. પૂ. સા. ચન્દ્રોદયશ્રીજી મ.
૧૨. પૂ. સા. શ્રી નયપ્રજ્ઞાશ્રીજી મ.
**૧૩. પૂ. સા. શ્રી સુભદ્રાશ્રીજી મ. થાણાં ૨**
૧૪. પૂ. સા. શ્રી નંદાશ્રીજી મ.
**૧૫. પૂ. સા. શ્રી ૐકારશ્રીજી મ. થાણાં ૬**
૧૬. પૂ. સા. શ્રી યશોદાશ્રીજી મ.
૧૭. પૂ. સા. શ્રી જયંતપ્રભાશ્રીજી મ.
૧૮. પૂ. સા. શ્રી ધર્મજ્ઞાશ્રીજી મ.
૧૯. પૂ. સા. શ્રી મૃદુતાશ્રીજી મ.
૨૦. પૂ. સા. શ્રી વિપુલયશાશ્રીજી મ.
**૨૧. પૂ. સા. શ્રી હેમેન્દ્રશ્રીજી મ. થાણાં ૨**
૨૨. પૂ. સા. પદ્મયશાશ્રીજી મ.
**૨૩. પૂ. સા. શ્રી વિજ્ઞાનશ્રીજી મ. થાણાં ૯**
૨૪. પૂ. સા. શ્રી કુમુદશ્રીજી મ.
૨૫. પૂ. સા. શ્રી જયશ્રીજી મ.
૨૬. પૂ. સા. શ્રી જિનેન્દ્રશ્રીજી મ.
૨૭. પૂ. સા. શ્રી પદ્મલતાશ્રીજી મ.
૨૮. પૂ. સા. શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ.
૨૯. પૂ. સા. શ્રી પ્રશાંતશ્રીજી મ.
૩૦. પૂ. સા. શ્રી સદ્‌ગુણાશ્રીજી મ.
૩૧. પૂ. સા. શ્રી વિશ્વપ્રભાશ્રીજી મ.
**૩૨. પૂ. સા. શ્રી મુક્તિશ્રીજી મ. થાણાં ૬**
૩૩. પૂ. સા. શ્રી પ્રવીણશ્રીજી મ.

૩૪. પૂ. સા. શ્રી ચિત્તરંજનશ્રીજી મ.
૩૫. પૂ. સા. શ્રી નિપુણાશ્રીજી મ.
૩૬. પૂ. સા. શ્રી અમિતગુણાશ્રીજી મ.
૩૭. પૂ. સા. શ્રી મહાયશાશ્રીજી મ.
૩૮. પૂ. સા. શ્રી યોગશીલાશ્રીજી મ.
**૩૯. પૂ. સા. શ્રી કનકપ્રભાશ્રીજી મ. થાણાં ૩**
૪૦. પૂ. સા. શ્રી કમલપ્રભાશ્રીજી મ.
૪૧. પૂ. સા. શ્રી જયપ્રજ્ઞાશ્રીજી મ.
**૪૨. પૂ. સા. શ્રી રાજેન્દ્રશ્રીજી મ. થાણાં ૪**
૪૩. પૂ. સા. શ્રી રવીન્દ્રશ્રીજી મ.
૪૪. પૂ. સા. શ્રી નરેન્દ્રશ્રીજી મ.
૪૫. પૂ. સા. શ્રી દેવેન્દ્રશ્રીજી મ.
**૪૬. પૂ. સા. શ્રી યશપ્રભાશ્રીજી મ. થાણાં ૪**
૪૭ પૂ. સા. શ્રી નિર્મલાશ્રીજી મ.
૪૮. પૂ. સા. શ્રી બાલચંદ્રાશ્રીજી મ.
૪૯. પૂ. સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ.
**૫૦. પૂ. સા. શ્રી મહેન્દ્રશ્રીજી મ. થાણાં ૪**
૫૧. પૂ. સા. શ્રી પ્રશાંતશ્રીજી મ.
૫૨. પૂ. સા. શ્રી ચન્દ્રયશાશ્રીજી મ.
૫૩. પૂ. સા. શ્રી પીયૂષપૂર્ણાશ્રીજી મ.

## શ્રી ખીમજીભાઈ છેડાની વિશિષ્ટ કામગીરી

આ સમારોહને ચિરસ્મરણીય અને સફળ બનાવવા માટે શું શું કરવાનું છે, એની યોજના તો બરાબર ગોઠવાઈ ગઈ હતી; અને જન્મશતાબ્દી સમિતિના મુંબઈના તેમ જ બહારગામના સભ્યો તથા અન્ય કાર્યકરો એ યોજના મુજબ કામ કરવાનો પ્રયત્ન પણ સતત કરતા હતા. પણ એનું પરિણામ જોઈએ તેવું નહોતું આવતું, એટલે આથી કેટલાક મહાનુભાવોનાં મન ચિંતિત થાય એ સ્વાભાવિક હતું.

આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પ્રત્યે ખૂબ ભક્તિ ધરાવતા શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા કેટલાંક વર્ષથી મુંબઈ છોડીને પોતાના વતન કચ્છમાં રહેતા હતા. આ પ્રસંગે સૌને લાગતું હતું કે તેઓની કાર્યશક્તિ અને આચાર્યશ્રી તરફની ભક્તિનો લાભ અત્યારે આ કાર્યને માટે મળે તો સારું.

પરિસ્થિતિ જોઈને અને પોતાના સાથીઓની ભાવનાને માન આપીને શ્રી ખીમજીભાઈએ, આ ઉજવણી પૂરી ન થાય ત્યાં સુધી, બને તેટલા વધુ સમય માટે, મુંબઈમાં રહેવાનું અને ગુરુભક્તિના આ કાર્યને પોતાનું માનીને એ માટે દિલ દઈને કામ કરવાનું નક્કી કર્યું. શ્રી ખીમજીભાઈના આ પગલાની જાણે જાદુઈ અસર થઈ હોય એમ ઉજવણીને લગતા છેવટના નિર્ણયો ઝડપથી થવા લાગ્યા અને એનો અમલ પણ ઝડપથી થવા લાગ્યો.

## કેટલાક મુખ્ય કાર્યકરો

શ્રી ખીમજીભાઈ છેડાએ જન્મશતાબ્દીની ઉજવણીના કાર્યમાં વેગ લાવવા માટે પોતાની આવી વિશિષ્ટ કામગીરી શરૂ કરી તે અગાઉ, આ સમારોહ મુંબઈમાં ઊજવવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારથી, આ માટેની જરૂરી પૂર્વભૂમિકા તૈયાર કરવા માટે તથા શ્રી છેડાના જોડાયા પછી આ કાર્ય સાંગોપાંગ સુંદર રીતે પાર પડે એ માટે જેઓએ સતત ચિંતા સેવી હતી અને રાત-દિવસ ભૂલીને જહેમત ઉઠાવી હતી, એવા કેટલાક વગદાર,

ભાવનાશીલ અને કાર્યદક્ષ મહાનુભાવોમાં મુખ્ય હતા—શ્રી મહાવીર જૈન વિદ્યાલયના માનદ મંત્રી અને જેમની કાર્યકુશળતાનો મુંબઈની અનેક જૈન સંસ્થાઓને લાભ મળે છે, અને ફાળો એકત્ર કરવાની કળામાં જેઓ સિદ્ધહસ્ત છે, તે શ્રી જયંતીલાલ રતનચંદ શાહ. બીજા હતા, અનન્ય ગુરુભક્ત, નમ્રતાની મૂર્તિ અને કર્તવ્યભાવનાથી પ્રેરાઈને સતત કાર્યરત રહેનાર શેઠ શ્રી ઉમેદમલજી હજારીમલજી. જ્યાં જુઓ ત્યાં અને જ્યારે જરૂર પડે ત્યારે, એક ખડા સૈનિકની જેમ તેઓ હાજર જ હોય. ત્રીજા હતા આ મહોત્સવના સદા જાગ્રત પ્રહરી અને મુંબઈ શહેરના એક વગદાર અને સેવાપરાયણ કાર્યકર શ્રી પન્નાલાલભાઈ બી. શાહ. કાર્યને સતત ગતિશીલ રાખવું અને કાર્યકરોને સતત જાગતા રાખવા અને ગમે તે કામ અને જવાબદારી માટે હમેશાં તૈયાર રહેવું તથા લીધેલ કામથી જરાય પાછા ન પડવું એ એમનો સહજ સ્વભાવ છે. અને ચોથા હતા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મહામાત્ર શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા. કશું જ બોલ્યા વગર, સાવ મૂકપણે, કાર્ય કરવું અને લીધેલ જવાબદારી સફળતાપૂર્વક પૂરી થાય એ માટે યોજનાઓ કરવી અને ઝીણામાં ઝીણી બાબતો ઉપર પૂરતું ધ્યાન આપવું એ તો એમનું જ કામ. ઉપરાંત, શ્રી ખીમજીભાઈ છેડાના બે ભત્રીજાઓ શ્રી પ્રેમજીભાઈ તથા દામજીભાઈ તેમ જ એમના સુપુત્ર શ્રી પન્નાલાલભાઈ તો આ કાર્યમાં એમના અંગરૂપ જ બની ગયા હતા.

આ રીતે સમારોહને સફળ બનાવવાની પૂર્વતૈયારીઓ માટેની સૌની ચિંતાનો અંત આવ્યો, બધાં ભાઈઓ-બહેનો વધારે એકાગ્ર બનીને કામે લાગી ગયાં અને બધાં કામ ઝડપથી આગળ વધવા લાગ્યાં—ચોમેર આશા અને ઉત્સાહનું વાતાવરણ પ્રસરી રહ્યું.

## જ્ઞાન-રંગ

જ્ઞાન રંગ સમતા પિચકારી છાંટો સુમતા નાર રે,
જ્ઞાન ધ્યાન તપ જપ આગીમેં અષ્ટ કર્મકો જાર રે;
દિવ્ય તેજ ચિન્મય સિદ્ધ પ્રગટે આવાગમન નિવાર રે,
આતમ લક્ષ્મી હોરી ખેલી 'વલ્લભ' હર્ષ અપાર રે.

— આ. શ્રી વિજયવલ્લભસૂરિજી

૫

# સમારોહની તૈયારી

મુંબઈમાં તથા જુદાં જુદાં સ્થાનોમાં જન્મશતાબ્દી સમિતિના સભ્યો બનાવવા, શિક્ષણ ટ્રસના દાતાઓની નોંધણી કરવી અને અનેક સ્થાનોનાં ભાવનાશીલ ભાઈઓ તથા બહેનો આ મહોત્સવમાં સામેલ થવા પ્રેરાય અને આ પ્રસંગ દેશભરના જૈન સંઘનો ઉત્સવ બની રહે, એ માટે મોટા પાયા ઉપર પ્રચાર કરી શકે એવું તંત્ર ગોઠવવું, એ આ સમારોહ માટેની પૂર્વતૈયારીરૂપ કાર્ય હતું. અને નિષ્ઠાવાન કાર્યકરોના સમૂહભાવના અને ખેલદિલી-ભર્યા પ્રયત્નોથી એ સંતોષકારક રીતે આગળ વધી રહ્યું હતું. પણ હવે તો, ક્રમે ક્રમે, જન્મશતાબ્દીની ઉજવણીનો સમય નજીક આવતો જતો હતો, એટલે એ જંગી કાર્યને પહોંચી વળવાની આખરી કામગીરી શરૂ કરવાની જરૂર હતી.

### બે રીતની ઉજવણી

આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ, આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ તથા અન્ય મુનિવરો સાથે વાતચીત કરીને કાર્યવાહક સમિતિએ આ ઉજવણી, નીચે સૂચવ્યા મુજબ, બે રીતે કરવાનું નક્કી કર્યું—

(૧) વિ. સં. ૨૦૨૭ના કારતક સુદિ ૨ (ભાઈબીજ), તા ૧–૧૧–૭૦, રવિવારના દિવસે જન્મશતાબ્દી વર્ષની શરૂઆત થતી હોવાથી, એ નિમિત્તે, મુંબઈ શહેરના ધોરણે સ્થાનિક ઉજવણી કરવી. એ માટે શ્રી ગોડી પાર્શ્વનાથજીના દેરાસરમાં ભાઈબીજથી અષ્ટાહ્નિકા મહોત્સવ શરૂ કરવો. ભાઈબીજના દિવસે સવારના ૯ વાગે આચાર્યશ્રીના ગુણાનુવાદ માટે ભાયખલાના રંગમંડપમાં જાહેર સભા રાખવી; તે પછીના સાત દિવસ સુધી સવારના ૯ વાગતાં, શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં, આચાર્યશ્રીના જીવનને લગતા જુદા જુદા વિષયો ઉપર, મુનિવરોનાં પ્રવચનો ગોઠવવાં; શ્રી ગોડી પાર્શ્વનાથજીના જિનમંદિરમાં આ દિવસો દરમ્યાન અનુકૂળ સમયે પૂજા કે પૂજન ભણાવવાં અને ક્યારેક ક્યારેક રાત્રે ભાવના રાખવી.

(૨) અખિલ-ભારતીય ધોરણે ઊજવવાનો જન્મશતાબ્દીનો મુખ્ય સમારોહ તા. ૨૪–૨૫–૨૬–૨૭ ડિસેમ્બર, ૧૯૭૦, વિ. સં. ૨૦૨૭ના માગસર વદિ ૧૧ થી ૧૪, ગુરુવારથી રવિવાર સુધીના ચાર દિવસો દરમ્યાન યોજવો. આ સમારોહ ક્રોસ મેદાનમાં વિશાળ વિજયવલ્લભનગરની રચના કરીને ત્યાં ઊજવવો.

### બાકીનાં કામ અને તેની વહેંચણી

સ્થાનિક ધોરણે ઊજવવા ધારેલ આઠ દિવસના સમારોહ માટે તો વિશેષ ગોઠવણ કરવાની જરૂર ન હતી; પણ મુખ્ય સમારોહ માટે તો અપાર કહી શકાય એટલી બધી,

અને સૌને સંતોષ તથા આરામ આપે એવી, સગવડો કર્યા વગર ચાલે એમ ન હતું. સૌથી પહેલી વાત તો, આ અવસર માટે બહારગામથી આવનારા પાંત્રીસસો જેટલાં મહેમાનોના ઉતારાની ગોઠવણ કેવી રીતે કરવી એ હતી. મુંબઈ જેવા ગીચ વસ્તીવાળા શહેરમાં, કોઈને પણ સમારોહ-સ્થાન બહુ દૂર ન લાગે એ રીતે, ઉતારાની વ્યવસ્થા કરવાનું કામ ખૂબ ખૂબ મુશ્કેલ હતું. એ જ રીતે એ બધાંના ચા-નાસ્તાની તથા બધાં મહેમાનો એક જ સ્થાને જમી શકે એવી વ્યવસ્થા પણ કરવાની હતી. ઉપરાંત, સમારોહ માટે ૭-૮ હજાર વ્યક્તિઓ જેમાં સુખ શાંતિથી બેસી શકે એવો ખૂબ વિશાળ સભામંડપ પણ બનાવવાનો હતો. વિશાળ ધર્મયાત્રા (પ્રોસેશન) માટે પણ અનેક પ્રકારની ગોઠવણ કરવાની હતી. સાથે સાથે આ મહોત્સવનો બધે સારી રીતે પ્રચાર થાય, અને સમારોહ દરમ્યાન છાપાંઓની સુંદર પૂર્તિઓ પ્રગટ થાય, એવી પણ વ્યવસ્થા કરવાની હતી.

આ રીતે સમારોહને સફળ બનાવવા માટે સંખ્યાબંધ કામો તત્કાળ શરૂ કરીને વખતસર પૂરાં કરવાની જરૂર હતી. એક રીતે કહીએ તો, હવે વખત બહુ ઓછો હતો અને કામ ઘણાં અને અટપટાં હતાં. પણ જન્મશતાબ્દી સમિતિના બાહોશ, ધ્યેયનિષ્ઠ અને ઉત્સાહી કાર્યકરો આ જવાબદારીથી જરાય પાછા પડે એવા ન હતા. એમણે શાણપણ અને દૂરંદેશી વાપરીને, જુદાં જુદાં કામોની વહેંચણી કરી દીધી, અને દરેક કામને સારી રીતે પહોંચી વળી શકાય એ માટે સંખ્યાબંધ કમીટીઓની રચના કરી. આ કમીટીઓની સંખ્યા ઉપરથી પણ આ સમારોહની ઉજવણીનું કાર્ય કેટલું વિરાટ હતું અને એ માટે સમિતિ કેટલી સજાગ હતી એનો ખ્યાલ આવી શકશે. આ કાર્ય માટે જન્મશતાબ્દી સમિતિની કાર્યવાહક સમિતિએ નીચે મુજબ કમીટીઓની રચના કરી હતી—

## (૧) કારતક સુદિ બીજ પ્રોગામ કમીટી

૧. શ્રી વિલાયતીરામ જૈન
૨. શ્રી ભીખમચંદ ચમનાજી કોઠારી
૩. શ્રી રસિકલાલ નાથાલાલ કોરા
૪. શ્રી રસિકલાલ ભોગીલાલ ઝવેરી
૫. શ્રી જયંતીલાલ મયાચંદ શાહ
૬. શ્રી જયંતીલાલ મણિલાલ ઘડીયાળી
૭. શ્રી રમેશભાઈ જે. સંઘવી
૮. શ્રી રસિકલાલ સુખલાલ શાહ
૯. શ્રી રમણીકલાલ એમ. કનાડીયા
૧૦. શ્રી હિંમતલાલ કેશવલાલ શાહ
૧૧. શ્રી પન્નાલાલ પોપટલાલ ઝવેરી
૧૨. શ્રી તલકચંદ કાનજી કપાસી
૧૩. શ્રીમતી વિમળાબહેન વખારીયા
૧૪. શ્રીમતી રમિલાબહેન પ્રતાપભાઈ શાહ
૧૫. શ્રી પ્રતાપભાઈ કે. શાહ (**કન્વીનર**)

## (૨) મંડપ–એકોમોડેશન કમીટી

૧. શ્રી વસંતલાલ એલ. દોશી
૨. શ્રી રમેશભાઈ જે. સંઘવી
૩. શ્રી કુંજલાલ સુંદરમલ જૈન
૪. શ્રી ચંદનમલ કસ્તુરચંદ
૫. શ્રી હિમતલાલ કેશવલાલ શાહ
૬. શ્રી સેવંતીલાલ મણિલાલ
૭. શ્રી પ્રતાપભાઈ કે. શાહ
૮. શ્રી છોટુભાઈ એન. શાહ (**કન્વીનર**)

## (૩) ભોજન કમીટી

૧. શ્રી જયંતીલાલ રતનચંદ શાહ
૨. શ્રી પન્નાલાલ બી. શાહ
૩. શ્રી ઉમેદમલજી હજારીમલજી જૈન
૪. શ્રી વિલાયતીરામ જૈન
૫. શ્રી રમણીકલાલ એમ. કનાડીયા
૬. શ્રી રમણલાલ દલસુખભાઈ શાહ, જે. પી.
૭. શ્રી રમેશભાઈ જે. સંઘવી
૮. શ્રી છોટાલાલ જમનાદાસ શાહ
૯. શ્રી તલકચંદ દામોદરદાસ શાહ
૧૦. શ્રી દલીચંદ પરસોતમદાસ શાહ
૧૧. શ્રી રસિકલાલ ઉકાલાલ શાહ
૧૨. શ્રી રતિલાલ ફાવચંદ
૧૩. શ્રી વિનયચંદ પોપટલાલ દોશી
૧૪. શ્રી ચંપકલાલ ગિરધરલાલ
૧૫. શ્રી નટવરલાલ મૂળચંદ શાહ (કન્વીનર)

## (૪) પ્રચાર કમીટી

૧. શ્રી ફૂલચંદ હરિચંદ દોશી
૨. શ્રી પન્નાલાલ રસિકલાલ શાહ
૩. શ્રી રમિલાબહેન પ્રતાપભાઈ શાહ
૪. શ્રી મુક્તિલાલ વીરવાડીયા
૫. પ્રતાપભાઈ કે. શાહ
૬. શ્રી ભીમરાજ બાલીવાલા
૭. શ્રી કેસરીચંદ જેસિંગલાલ
૮. શ્રી નટવરલાલ એસ. શાહ (કન્વીનર)

## (૫) પ્રોસેશન કમીટી

૧. શ્રી પન્નાલાલ બી. શાહ
૨. શ્રી હિંમતલાલ કેશવલાલ ગાંધી
૩. શ્રી રમેશભાઈ જે. સંઘવી
૪. શ્રી રમણિકલાલ એમ. કનાડીયા
૫. શ્રી છોટુભાઈ એન. શાહ
૬ શ્રી પન્નાલાલ પોપટલાલ ઝવેરી
૭. શ્રી ચંદ્રકાન્ત ઝવેરી
૮. શ્રી મુક્તિલાલ વીરવાડીયા } (કન્વી)
૯. શ્રી રસિકલાલ ભોગીલાલ ઝવેરી } (કન્વી)
૧૦–૨૦. ઉપરાંત શ્રી જૈન સ્વયંસેવક મંડળના ૧૧ મેમ્બરો

## (૬) મનોરંજન કમીટી (એન્ટરટેઇનમેન્ટ કમીટી)

૧. શ્રી પન્નાલાલ પોપટલાલ ઝવેરી
૨. શ્રી વિલાયતીરામ જૈન
૩. શ્રી નિર્મળાબહેન સૌભાગ્યચંદ શાહ
૪. શ્રી સત્યપાલજી જૈન
૫. શ્રી રસિકલાલ ભોગીલાલ ઝવેરી
૬. શ્રી રસિકલાલ સોમાભાઈ વકીલ
૭. શ્રી જીવરાજભાઈ એ. મહેતા
૮. શ્રી રમણબહેન ઝવેરી
૯. શ્રી પ્રાણલાલ કે. દોશી } (કન્વી)
૧૦. શ્રી મદનલાલ ટી શાહ } (કન્વી)

## (૭) કો-ઓરડીનેશન કમીટી (સંકલન કમીટી)

૧. શ્રી પન્નાલાલ બી. શાહ
૨. શ્રી વસંતલાલ એલ. દોશી
૩. શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
૪. શ્રી પન્નાલાલ મફતલાલ શાહ
૫. શ્રી રમણલાલ નગીનદાસ શાહ
૬. શ્રી કુંજલાલ સુંદરમલ જૈન

૭. શ્રી વિલાયતીરામ જૈન
૮. શ્રી કાંતિલાલ ચુનીલાલ ચોકસી
૯. શ્રી સુધાકર મણિલાલ શાહ
૧૦. શ્રી રમિલાબહેન પી. શાહ
૧૧. શ્રી રૂપચંદજી હજારીમલજી
૧૨. શ્રી હીરાલાલ જુહારમલ
૧૩. શ્રી શેષમલ દીપચંદ
૧૪. શ્રી હિંમતલાલ કે શાહ
૧૫. શ્રી મૂલચંદ જે. જૈન
૧૬. શ્રી કાંતિલાલ ચેનાજી
૧૭. શ્રી દલીચંદ પરસોતમદાસ શાહ
૧૮. શ્રી ઉમેદમલજી હજારીમલજી જૈન
૧૯. શ્રી મોહનલાલ સંઘવી
૨૦. શ્રી રૂપચંદ ભણશાળી
૨૧. શ્રી નાનુભાઈ મોતીલાલ
૨૧. શ્રી જયંતીલાલ રતનચંદ શાહ (કન્વીનર)

ઉપરાંત, દરેક કમીટીના કન્વીનરો તથા શતાબ્દી સમિતિના હોદ્દેદારોનો પણ આ કમીટીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ રીતે કમીટીઓની રચના કરીને કામની વહેંચણી અને સોંપણી કરવાથી મુશ્કેલ લાગતું કામ આસાન બની ગયું. કાર્યવાહક સમિતિના સભ્યો આ બધાં કામોની કેટલી પ્રગતિ થઈ એની નિરંતર તપાસ અને ચિંતા રાખતા હતા. ઉપરાંત, જેઓ કોઈ પણ સમિતિ કે કમીટીના સભ્યો ન હતાં એવાં અનેક સહૃદય ભાઈઓ તથા બહેનો, ગુરુભક્તિ અને ધર્મભાવનાથી પ્રેરાઈને, દરેક પ્રકારની માગી મદદ ઉલ્લાસપૂર્વક આપતાં હતાં. મુંબઈના જૈન સંઘમાં જાણે એક પ્રકારનું ચેતનાભર્યું વાતાવરણ ઊભું થયું હતું; અને સૌએ, આત્મીયતાની લાગણી દર્શાવીને, આ અવસરને પોતાનો માની લીધો હતો.

વિ. સં. ૨૦૨૭ના બેસતા વર્ષ પછી જન્મશતાબ્દીની ઉજવણીના શુભ આરંભના પ્રતીકરૂપે શરૂ કરવામાં આવેલ પ્રાચીન ધર્મપરંપરા મુજબનો આઠ દિવસનો ધાર્મિક કાર્યક્રમ આનંદપૂર્વક પૂરો થયો ત્યારે મુખ્ય સમારોહને ફક્ત દોઢ મહિનો જ બાકી હતો. આટલા વખતમાં ઘણાં કામો વેળાસર પૂરાં કરવાનાં હતાં, એટલે સૌ એમાં લાગી ગયાં.

## ઉતારાની વ્યવસ્થા

બહારગામથી આવનાર પાંત્રીસસો જેટલાં મહેમાનોને ઊતરવા માટે નીચે મુજબ સ્થાનો નક્કી કરવામાં આવ્યાં હતાં—

૧. કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન વાડી.
૨. મારવાડી પંચાયત વાડી.
૩. સુખાનંદ ધર્મશાળા.
૪. લાલબાગ મોતીશા જૈન ધર્મશાળા (સી. પી. ટેંક).
૫. ગોડીજી જૈન ઉપાશ્રય.
૬. શ્રી શાંતિનાથ જૈન ઉપાશ્રય.
૭. ભાયખલા જૈન ધર્મશાળા.

કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન વાડી જેવા નવા, આલિશાન અને બધી જાતની સગવડો ધરાવતા ખૂબ વિશાળ ઉતારાની સગવડ, મુંબઈના જાણીતા કાર્યકર

શ્રીયુત ખીમજીભાઈ માંડણ ભુજપુરિયાના પ્રયત્નોથી થઈ શકી હતી. આ સ્થાન સમિતિને ખૂબ ઉપયોગી અને મહેમાનોને ખૂબ અનુકૂળ થઈ પડયું હતું.

મહેમાનોની સરભરા માટે દરેક સ્થાનમાં સ્વયંસેવકોની ટુકડી મૂકવાનું નક્કી કરવામાં આવ્યું હતું. અને ઉતારાની આ વ્યવસ્થાની સાથે સાથે જ ચા-નાસ્તાની તથા મહેમાનોને ઉતારાનાં સ્થાનોએથી સમારોહના સ્થાન શ્રી વિજયવલ્લભનગર સુધી લઈ જવા માટે સ્પેશિયલ બસોની ગોઠવણ કરવામાં આવી હતી. બધાં મહેમાનો સાથે બેસીને સમૂહ-ભોજનનો લાભ લઈ શકે એ માટે જમવાની ગોઠવણ શ્રી વિજયવલ્લભનગરમાં જ રાખવામાં આવી હતી.

પંજાબના મોટા ભાગનાં (આશરે બેએક હજાર જેટલાં) મહેમાનો કચ્છી જૈન વાડીમાં ઊતર્યાં હતાં. એ બધાં મહેમાનોને સંતોષ અને આનંદ થાય એ રીતે એમની સરભરા કરવાની જવાબદારી, શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના વૉલંટિયર ભાઈઓ સાથે, શ્રી ભગુભાઈ વી. શાહ તથા એમના બે પુત્રો શ્રી કિશોરભાઈ તથા શરદભાઈએ ખૂબ જહેમત લઈને પૂરી કરી હતી.

## શ્રી વિજયવલ્લભનગરની રચના

મુંબઈના સુપ્રસિદ્ધ વિશાળ ક્રોસ મેદાનમાં આશરે પંચોતેર હજાર ચોરસવારના ઘેરાવામાં આ સમારોહ માટે ખાસ વિજયવલ્લભનગરની રચના કરવામાં આવી હતી. મનોહર પ્રવેશદ્વારથી સુશોભિત આ નગરમાં આ પ્રમાણે સગવડો ઊભી કરવામાં આવી હતી—

(૧) ૭-૮ હજાર વ્યક્તિઓ જેમાં આરામથી ખુરશીઓ ઉપર બેસી શકે એવો વિશાળ સભામંડપ.

(૨) બસો જેટલી વ્યક્તિઓ બેસી શકે એવું મોટું પ્લેટફૉર્મ.

(૩) પ્લેટફૉર્મની જમણી બાજુ શ્રમણ-સમુદાય માટેનો મંચ; એની ડાબી બાજુ સાધ્વી-સમુદાય માટેનો મંચ; આ મંચની આગળ આચાર્યશ્રીના જીવનના એક ખાસ પ્રસંગનું દર્શન કરાવતી રચનાને સમાવતી સુંદર કુટિર.

(૪) ચારેક હજાર માણસો માટે રસોઈ થઈ શકે એવું મોટું રસોડું.

(૫) એકીસાથે એક હજાર માણસો ખુરશી-ટેબલ ઉપર જમવા બેસી શકે એટલો વિશાળ ભોજનખંડ.

(૬) શ્રી પરમાર ક્ષત્રિય જૈન સભાનો સ્ટોલ; શ્રી આત્માનંદ જૈન સભાનો સ્ટોલ; જનતા ઉદ્યોગગૃહનો અલ્પાહારનો સ્ટોલ; સ્વયંસેવક મંડળની ઑફિસ તથા જન્મ શતાબ્દી સમિતિની ઑફિસ.

(૭) આચાર્યશ્રીના જીવન અને કાર્યનું દર્શન કરાવતી તસ્વીરોનું નાનું પણ આકર્ષક પ્રદર્શન.

(૮) સ્વચ્છતા, સુખાકારી અને કુદરતી હાજતો માટેની પૂરતી વ્યવસ્થા.

(૯) મુંબઈની શ્રી જીવદયા મંડળીનું તથા દિલ્હીની જનકલ્યાણ સમિતિનું—એમ બે શાકાહાર પ્રદર્શનો.

સભામંડપને સારી રીતે સુશોભિત કરવામાં આવ્યો હતો. પ્લેટફોર્મ ઉપર આચાર્ય-શ્રીની સજીવ લાગે એવી મોટી છબીઓ તથા સુંદર પ્રતિમા પધરાવવામાં આવી હતી, અને મંડપમાં ઠેરઠેર આચાર્યશ્રીની પ્રેરક વાણીનું પાન કરાવતાં બોર્ડો મૂકવામાં આવ્યાં હતાં.

શ્રી વિજયવલ્લભનગરના પ્લાનો તૈયાર કરવા માટે તેમ જ એની આવી ભવ્ય, સર્વાંગ-સુંદર અને જરૂરી બધી સગવડોથી પરિપૂર્ણ રચના કરવા માટે શ્રીયુત મણિલાલ સી. ભાવસાળી, શ્રી વસંતલાલ એલ. દોશી તેમ જ એચ. કરમાલીએ ખૂબ જહેમત ઉઠાવી હતી. શ્રી કાનજી નરસી શાહે પાણીની ટાંકો, વગર કિંમતે અને સેવાભાવથી પ્રેરાઈને, પૂરી પાડી હતી. તેથી મહેમાનોના મોટા ઉતારા સ્થાન કચ્છી જૈન વાડીમાં તથા શ્રી વિજય-વલ્લભનગરમાં કયારેક પાણીની ખેંચ પડી ન હતી. ઉપરાંત, શ્રી પન્નાલાલ બી. શાહના પ્રયત્નથી, મહારાષ્ટ્ર સરકારે શ્રી વિજયવલ્લભનગરમાં બંદોબસ્ત સાચવવા માટે એકસો પોલીસો અને દસ ઈન્સ્પેકટરોની ટુકડી આપી હતી. બધા દિવસ માટે, વિજયવલ્લભનગરમાં, ફાયર બ્રિગેડનાં આગ ઓલવવાનાં સાધનોની વ્યવસ્થા ફાયરેક્ષ તરફથી મે. કુંવરજી દેવશીની કંપનીએ વિના મૂલ્યે કરી હતી.

## ભોજનના તથા નાસ્તાના ખર્ચની વ્યવસ્થા

ચારેક હજાર મહેમાનો માટે, ચાર-પાંચ દિવસ માટે, જમવાની તથા નાસ્તાની સારી વ્યવસ્થા કરવામાં, સારું એવું ખર્ચ થવાનો અંદાજ હતો. એટલે કાર્યવાહક સમિતિએ એક ટંકના જમણના રૂ. ૬૨૫૧) અને એક ટંકના નાસ્તાના રૂ. ૨૫૦૧) નક્કી કરીને, જે કોઈ વ્યક્તિ તરફથી આ રકમ મળે તેના તરફથી જમણ અથવા નાસ્તો આપ-વાનું જાહેર કર્યું હતું. આ જાહેરાતને આપણાં ભાઈઓ-બહેનોએ જે ઉલ્લાસથી વધાવી લીધી તે ઉપરથી પણ આ ઉજવણીને સંઘે કેવો હાર્દિક સાથ આપ્યો, તે સમજી શકાય છે. આ માટે ફાળો આપનારનાં નામ આ પ્રમાણે છે —

### એક ટંકના જમણ માટે રૂ. ૬૨૫૧) આપનાર મહાનુભાવો

૧. શ્રી રાજસ્થાની જૈન ભાઈઓ, મુંબઈ; શ્રી જીવરાજ એ. મહેતા.
૨. શ્રી હમીરમલજી કરમચંદજી બાફણા, મુંબઈ.
૩. શ્રી સાદડીના જૈન ભાઈઓ, મુંબઈ; હઃ શ્રી મોહનભાઈ લાડુ.
૪. શ્રી પંજાબી જૈન ભાઈઓ; હઃ શ્રી કુંજલાલજી તથા શ્રી સૂક્ષ્મકુમારજી.
૫. શ્રી ભીવંડી જૈન સંઘ; હઃ ભૈરવનાથ ટ્રાન્સપોર્ટ મારફત.
૬. શ્રી ધનજી સ્ટ્રીટ તથા કૃષ્ણનિવાસના જૈન ભાઈઓ; હઃ શ્રી ખીમજીભાઈ છેડા.
૭. શ્રી સૂતર બજારના વેપારી ભાઈઓ, મુંબઈ; હ : શ્રી રસિકલાલ નાથાલાલ કોરા.
૮. શ્રી લાલવાડી જૈન સંઘ, મુંબઈ; હઃ શ્રી કપૂરચંદજી.
૯. શ્રી કાંતિલાલ ચુનીલાલ ચોકસી, મુંબઈ.

### એક ટંકના નાસ્તા માટે રૂ. ૨૫૦૧) આપનાર મહાનુભાવો

૧. શ્રી ઘોઘારી જૈન ભાઈઓ; હઃ શ્રી છોટાલાલ જમનાદાસ શાહ.
૨. શ્રી એક સદ્‌ગૃહસ્થ; હઃ શ્રી શાંતિલાલ કાળીદાસ દોશી.
૩. શ્રી એક સદ્‌ગૃહસ્થ; હઃ શ્રી પન્નાલાલ મફતલાલ શાહ.

૪. શ્રી શૈલેશ મેટલ, ભાંડુપ; હઃ શ્રી શાંતિલાલ જૈન.
૫. શ્રી જયંતીલાલ હીરાચંદ મેટલવાળા; હઃ શ્રી ઉમેદમલજી જૈન.
૬. શ્રી ભંવરીલાલજી જૈન, બીકાનેરવાળા.
૭. શ્રી પુરબાઈ ખીમજી; હઃ શ્રી રવજીભાઈ ખીમજી છેડા.
૮. શ્રી પંજાબ જૈન ભ્રાતૃસભા તથા એક સદ્‌ગૃહસ્થ; હઃ શ્રી પન્નાલાલ મફતલાલ.

**ખાસ ભેટ**—આ સિવાય રૂ. ૫૦૦૧) શ્રી પંજાબ શ્રીસંઘ યાત્રા સ્પેશ્યલ ટ્રેન તરફથી ભોજનખાતામાં ભેટ મળ્યા હતા.

## સ્વયંસેવક મંડળ તથા બેન્ડોની સેવાઓ

આ મહાન કાર્યને સરખી રીતે પહોંચી વળવા માટે તથા ધર્મયાત્રાને શાનદાર બનાવવા માટે નીચે મુજબ સ્વયંસેવક મંડળો તથા બેન્ડોએ ઉમંગથી સેવાઓ આપી હતી—

૧. શ્રી મુંબઈ જૈન સ્વંયસેવક મંડળ, મુંબઈ.
૨. શ્રી મુંબઈ જૈન સ્વયંસેવિકા મંડળ, મુંબઈ.
૩. શ્રી મલાડ જૈન યુવક મંડળ, મલાડ.
૪. શ્રી મઝગાંવ જૈન વોલીન્ટીયર કોર, મઝગાંવ.
૫. શ્રી જૈન સેવા મંડળ વોલીન્ટીયર કોર, પરેલ.
૬. શ્રી ભુજપુરીઆ કચ્છી જૈન વોલીન્ટીયર કોર, લોઅરપરેલ.
૭. શ્રી શીવરી જૈન સ્વયંસેવક મંડળ, શીવરી.
૮. શ્રી જૈન ભૈરવ મંડળ, મઝગાંવ.
૯. શ્રી જૈન નવજ્યોતિ વોલીન્ટીયર કોર, મઝગાંવ
૧૦. શ્રી આઝાદ દળ, મુંબઈ.
૧૧. શ્રી ઝાલાવાડ શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન સ્વયંસેવક મંડળ, મુંબઈ.
૧૨. શ્રી જૈન સ્વયંસેવક મંડળ, વિલેપારલા.
૧૩. શ્રી માહીમ જૈન સ્વયસેવક મંડળ, માહીમ.
૧૪. શ્રી જૈન સ્વયંસેવક મંડળ, અંધેરી.
૧૫. શ્રી શાંતાક્રુજ જૈન મિત્ર મંડળ, શાંતાક્રુજ.
૧૬. શ્રી આત્મવલ્લભ જૈન સેવા મંડળ (સાદડી), મુંબઈ.

### બેન્ડ વિભાગ

૧૭. શ્રી શંકુતલા કાંતિલાલ ઈશ્વરલાલ જૈન ગર્લ્સ હાઈસ્કૂલ, મુંબઈ.
૧૮. શ્રી માટુંગા જૈન બોર્ડિંગ બેન્ડ, માટુંગા.
૧૯. શ્રી હિંદુ જીઆ બેન્ડ, દિલ્હી.
૨૦. શ્રી શાંતિજિન સંગીત મંડળ, મુંબઈ.

## આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજીની પ્રતિજ્ઞા

જન્મશતાબ્દીની ઉજવણીની પાછળ રહેલી સમજના ઉત્કર્ષ માટેની કોઈ પણ રચનાત્મક કામ કરવાની ભાવનાને વેગ આપે એવા એક પ્રસંગની વિગતો અહીં જ આપવી ઉચિત છે.

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના ૧૭ મા સ્વર્ગવાસ-દિન નિમિત્તે, તેઓના ગુણાનુવાદ માટે, તા. ૨૭–૯–૭૦ ના રોજ, ભાયખલાના જિનમંદિરના વિશાળ રંગમંડપમાં, જાહેર સભા યોજવામાં આવી હતી. અને તે પહેલાં પાયધુની શ્રી ગોડીજીના દેરાસરથી ધર્મયાત્રા (વરઘોડા) ના રૂપમાં, આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ આદિ સાથે, શ્રીસંઘ ભાયખલા પહોંચ્યો હતો.

આચાર્યશ્રીના મંગલાચરણ બાદ શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી તથા શ્રી ફૂલચંદભાઈ શામજીએ, પૂ. ગુરુદેવની જન્મશતાબ્દી પ્રસંગે, સમાજ-ઉત્કર્ષનું કોઈક રચનાત્મક કામ કરવા સૌને અનુરોધ કર્યો હતો. તે પછી જન્મશતાબ્દી સમિતિના મંત્રી શ્રી જયંતીલાલ રતનચંદ શાહે યુગવીર આચાર્યશ્રીની જન્મશતાબ્દીનો ખ્યાલ આપી કેળવણી ક્ષેત્રે રૂ. ૩૦૦૦)ની લોન-સહાય યોજનામાં સાથ આપવાની તથા રૂ. ૫૧) ના ડેલીગેટ સભ્યો બનવાની સૌને અપીલ કરી હતી. મુનિ શ્રી જનકવિજયજીએ જન્મશતાબ્દી પ્રસંગે મધ્યમ વર્ગના જૈનોના વસવાટ માટે, જૈન નગરની યોજના મૂર્ત સ્વરૂપ લે તે માટે કાર્યકરોને કામ કરવા જણાવ્યું હતું. શ્રી વિમળાબહેન વખારીઆએ, મહાવીર જૈન વિદ્યાલયની જેમ, કન્યા વિદ્યાલય ઊભું કરવા સૂચવ્યું હતું. અને ડૉ. સંઘવીએ તબીબી ક્ષેત્રે પોતાની સેવા આપવા જાહેરાત કરી હતી. મુનિ શ્રી વલ્લભદત્તવિજયજી, બાલમુનિ શ્રી ધર્મધુરંધરવિજયજી, મુનિ શ્રી જયવિજયજી, મુનિ શ્રી બલવંતવિજયજી આદિએ એકતા, સાધર્મિક ઉત્કર્ષ, કેળવણી તથા શિસ્ત ઉપર ભાર મૂકતાં પ્રવચનો કર્યાં હતાં. અતિથિ-વિશેષ તરીકે પધારેલા પંજાબ ભ્રાતૃ સભાના અધ્યક્ષ લાલા શ્રી શાદીલાલજી જૈને (જે. પી.) સંપ્રદાયના ભેદ દૂર કરવા અને ભગવાન મહાવીરના ઝંડા નીચે એકત્ર બની, સમાજોપયોગી કાર્ય કરવા જણાવ્યું હતું.

શાંતમૂર્તિ આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજે સમગ્ર સભાને સંબોધતાં કહ્યું કે, પૂ. ગુરુદેવની જન્મશતાબ્દી માત્ર ઉત્સવરૂપ ન બને અને કંઈ પણ સમાજના ઉત્કર્ષનું રચનાત્મક કામ થાય એવી મારી ઝંખના છે. બે વર્ષ પહેલાં, સાધ્વીજી મૃગાવતીશ્રીજીના ઉપદેશથી, જૈન નગર માટે પ્રયત્ન શરૂ થયેલ, પણ એ દિશામાં હજી સુધી કંઈ સક્રિય કામ થયું નથી. **આથી આજે જ હું જાહેર પ્રતિજ્ઞા કરું છું કે, જૈન નગરની યોજનાને જન્મશતાબ્દી વર્ષમાં મૂર્તસ્વરૂપ ન અપાય તો મારે મીઠાઈમાત્રનો ત્યાગ છે.** જૈફ ઉંમરે આવી પ્રતિજ્ઞા ન લેવા આગેવાનોએ આચાર્યશ્રીને વિનંતિ કરી; પણ આચાર્યશ્રી પોતાની પ્રતિજ્ઞામાં મક્કમ રહ્યા હતા.

આ સભામાં જુદા જુદા વકતાઓએ રચનાત્મક કાર્ય ઉપર મૂકેલ ભારને કારણે અને ખાસ કરીને આચાર્ય મહારાજે જાહેર કરેલ પ્રતિજ્ઞાને લીધે આ ઉજવણીને રચનાત્મક રૂપ આપવાના વિચારને ઠીક ઠીક વેગ મળ્યો હતો.

અનેક શક્તિઓ, અનેક વ્યક્તિઓ તેમ જ અનેક સંઘો તથા સંસ્થાઓનો સહકાર લઈને છેલ્લાં બે વર્ષથી સમારોહ માટેની જે પૂર્વતૈયારીઓ ચાલી રહી હતી, અને છેલ્લા દોઢ-બે મહિના દરમ્યાન જે તૈયારીઓને આખરી રૂપ આપવા, ગુરુભક્તિની ભાવનાથી પ્રેરાઈને, સૌ દિન-રાત ભૂલીને એકરૂપ અને તન્મય બનીને કામે લાગી ગયાં હતાં, એ પુણ્યપ્રસંગની ઉજવણીનો સુઅવસર પણ છેવટે આવી પહોંચ્યો.

# સમારોહની ઉજવણીની શરૂઆત

જન્મશતાબ્દી, એક યા બીજા રૂપમાં, જુદાં જુદાં સ્થાનોમાં વર્ષભર ચાલતી રહે એવી યોજના કરવામાં આવી હતી. એટલે આ ઉજવણીની પ્રતીકરૂપ શુભ શરૂઆત, મુંબઈમાં, વિ. સં. ૨૦૨૭ના કારતક સુદિ ૨, તા. ૧-૧૧-૧૯૭૦, રવિવારથી, કરવામાં આવી. આ ઉજવણી મુંબઈ શ્રીસંઘના કેન્દ્રસ્થાનરૂપ શ્રી ગોડીજી મહારાજના દેરાસર-ઉપાશ્રયમાં ઉલ્લાસપૂર્વક કરવામાં આવી હતી. આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ પોતાના શિષ્યસમુદાય સાથે, અહીં જ ચતુર્માસ બિરાજ્યા હતા.

આ પ્રતીકરૂપ ઉજવણીનો કાર્યક્રમ પણ પૂરા આઠ દિવસનો યોજીને અષ્ટાહ્નિકા-મહોત્સવ જેટલો લાંબો અને સવાર, બપોર અને રાત્રિને આવરી લેતો ગોઠવવામાં આવ્યો હતો. સવારના આચાર્યશ્રીના જીવનનાં વિવધ કાર્યક્ષેત્રોનો ખ્યાલ આપતાં મુનિવરોનાં વ્યાખ્યાનો; બપોરના જિનમંદિરમાં પૂજા અને કોઈ કોઈ દિવસે રાત્રે ભાવના રાખવામાં આવેલ. આ રીતે જોઈએ તો, આટલો વિશાળ કાર્યક્રમ જ જન્મશતાબ્દીની ભવ્ય ઉજવણી માટે પૂરતો કાર્યક્રમ હતો. પણ આ ઉજવણી પછી દેઢેક મહિના બાદ આ પ્રસંગ નિમિત્તે, અખિલ-ભારતીય ધોરણે, ખૂબ વિશાળ પાયા ઉપર જે સમારોહ ઊજવવામાં આવ્યો, એ દૃષ્ટિએ આ સમારોહને નાનો અને પ્રતીકરૂપ જ લેખી શકાય.

## નાનો સમારોહ

આ સમારોહ વિ. સં. ૨૦૨૭ના કારતક સુદિ ૨ થી ૯ (તા. ૧-૧૧-૭૦ રવિવારથી તા. ૮-૧૧-૭૦ રવિવાર) સુધી આઠ દિવસનો યોજવામાં આવ્યો હતો.

આ આઠ દિવસની ઉજવણીના પહેલા દિવસે સવારના સાડા આઠ વાગતાં, ભાયખલામાં સમાધિમંદિરમાં સૌએ સામુદાયિક પ્રાર્થના કરી હતી; અને તે પછી ત્યાંના જિનમંદિરના રંગમંડપમાં, આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજીની નિશ્રામાં, ગુણાનુવાદ સભા મળી હતી. આ પ્રસંગે શેઠ શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા.

આચાર્ય મહારાજના મંગલાચરણ તથા શતાબ્દી સમિતિના મંત્રી શ્રી ખીમજીભાઈ છેડાના સ્વાગત પ્રવચન બાદ અતિથિવિશેષ શેઠ શ્રી કાંતિલાલ ઈશ્વરલાલે પોતાના પ્રવચનમાં યુગવીર આચાર્યશ્રીને સમાજનું જે દર્દ હતું, તેના અનેક પ્રસંગો કહ્યા હતા; અને વધુમાં શતાબ્દી પ્રસંગે કેળવણી ક્ષેત્રે અને સમાજઉત્કર્ષનાં કાર્યો કરવા અનુરોધ કરવા સાથે જૈનધર્મના ફેલાવા માટે કેન્દ્રમાં જૈન યુનિવર્સીટીની યોજના અમલી બને તે માટે અનુરોધ કર્યો હતો.

જાણીતાં ઉદ્યોગપતિ શ્રી રતિલાલ મણિલાલ નાણાવટીએ જણાવ્યું કે દાનનો પ્રવાહ જૈનો સારી રીતે વહેવડાવે છે; પણ આચાર્યશ્રીની દૃષ્ટિને અનુરૂપ સમાજ-ઉત્કર્ષનાં કાર્યોમાં

આ દાન વળે એમ થવું આજે ખૂબ જરૂરી છે; શ્રીમંતોની આ એક મહાન જવાબદારી છે. આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે જન્મશતાબ્દી પ્રસંગે નક્કર કાર્ય કરવાની જવાબદારી લેવા કાર્યકરોને અનુરોધ કર્યો હતો. શ્રી ફૂલચંદભાઈ શામજી, શ્રી લક્ષ્મીચંદ દુલભજી, શ્રી સુમેરમલજી બાફણા, મુનિ શ્રી જનકવિજયજી ગણિ, મુનિ શ્રી વલ્લભદત્તવિજયજી, મુનિ શ્રી ઇન્દ્રવિજયજી ગણિ, શ્રી રતિલાલ સી. કોઠારી આદિએ રચનાત્મક કામ કરવા અને અત્યારે આવાં જે કાર્યો ચાલી રહ્યાં છે, તેમાં વેગ લાવવા અપીલ કરતાં પ્રવચનો કર્યાં હતાં. આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજે મધ્યમ વર્ગની રાહત માટે જૈન નગરની યોજના અમલમાં મૂકવા ઉપર અને સમાજનો મધ્યમ વર્ગ ધંધો કરી શકે એવી યોજના કરવા ઉપર ભાર મૂક્યો હતો.

આ પ્રસંગ નિમિત્તે અપંગો અને અનાથાશ્રમમાં મીઠાઈ વહેંચવામાં આવી હતી અને દવાખાનાંઓમાં ગરીબ દર્દીઓને ફ્રુટપેકેટ આપવામાં આવ્યાં હતાં.

બપોરના ભાયખલાના જિનમંદિરમાં, શ્રી ભાયખલા જૈન સંઘ તરફથી, બૃહદ્ મુંબઈનાં જુદાં જુદાં મહિલા મંડળોએ, પૂજા ભણાવી હતી. અને રાત્રે ત્યાં ભાવના તથા રોશની કરવામાં આવી હતી.

કારતક સુદિ બીજ પછી સાત દિવસ માટે સવારના શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં જુદા જુદા મુનિરાજોનાં, નીચે મુજબ વ્યાખ્યાનો રાખવામાં આવ્યાં હતાં—

**સોમવાર, તા. ૨–૧૧–૭૦** : સંગઠનપ્રેમી આચાર્યશ્રી.

**મંગળવાર, તા. ૩–૧૧–૭૦** : ધાર્મિક અને વ્યાવહારિક શિક્ષણના સમન્વય-સાધક આચાર્યશ્રી.

**બુધવાર, તા. ૪–૧૧–૭૦** : આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજીની સાહિત્યસાધના. (જ્ઞાનપંચમીએ તેઓએ ૭૫ વર્ષ પૂરાં કર્યાં તે નિમિત્તે.)

**ગુરુવાર, તા. ૫–૧૧–૭૦** : યુગદ્રષ્ટા આચાર્યશ્રી.

**શુક્રવાર, તા. ૬–૧૧-૭૦** : (૧) સાત ક્ષેત્રના રક્ષક આચાર્યશ્રી.

**શનિવાર, તા. ૭–૧૧–૭૦** : (૨) સાત ક્ષેત્રના રક્ષક આચાર્યશ્રી.

**રવિવાર, તા. ૮–૧૧-૭૦** : સમાજસુધારક આચાર્યશ્રી.

આ આઠ દિવસો દરમ્યાન શ્રી ગોડીજી મહારાજના જિનમંદિરમાં પૂજા તથા પૂજન ભણાવવામાં આવ્યાં હતાં અને કેટલાક દિવસે રાત્રે ભાવના રાખવામાં આવી હતી; તેની વિગતો આ પ્રમાણે છે—

**કારતક સુદ ૨, રવિવાર, તા. ૧–૧૧-૭૦, બપોરે ૨ વાગે** : શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, શ્રી ગોડીજી મહારાજ જૈન દેરાસરના ટ્રસ્ટીઓ તરફથી, શ્રી ચોપાટી જૈન મહિલા મંડળે ભણાવી હતી.

**કારતક સુદ ૩, સોમવાર, તા. ૨–૧૧–૭૦, સવારે ૧૦ વાગે** : શ્રી નમિઊણ-પૂજન, શ્રી જયંતીલાલ મણિલાલ પાટણવાળા તરફથી ભણાવવામાં આવ્યું હતું.

**કારતક સુદ ૪, મંગળવાર, તા ૩-૧૧–૭૦, બપોરે ૨ વાગે** : શ્રી અંતરાય કર્મ નિવારણ પૂજા, શ્રી મરીન ડ્રાઈવ પ્રતિક્રમણ કરતાં બહેનો તરફથી, શ્રી

પાર્શ્વ મહિલા મંડળ, મરીન ડ્રાઈવે, ભણાવી હતી. રાત્રે ભાવના શ્રી આત્મ-વલ્લભ સેવા મંડળ એલફીંસ્ટને કરી હતી.

**કારતક સુદ ૫, બુધવાર, તા ૪-૧૧-૭૦, બપોરે ૨ વાગે** : શ્રી નવાણુપ્રકારી પૂજા, શ્રી પોપટલાલ ભીખાચંદ તરફથી, શ્રી વાલકેશ્વર જૈન મહિલા મંડળે ભણાવી હતી. રાત્રે ભાવના શ્રી જૈન સંયુક્ત મંડળે કરી હતી.

**કારતક સુદ ૬, ગુરુવાર, તા. ૫-૧૧-૭૦, સવારે ૧૦ વાગે** : કુંભસ્થાપના, શ્રી નવગ્રહપૂજન, દશ દિગ્પાલ અને અષ્ટમંગલ પૂજન; શ્રી રતનચંદ રિખવદાસ જૈન દિલ્હીવાળા તરફથી, કરવામાં આવ્યાં હતાં. રાત્રે ભાવના શ્રી મઝગાંવ જૈન મંડળે કરી હતી.

**કારતક સુદ ૮, શુક્રવાર, તા. ૬-૧૧-૭૦, બપોરે ૨ વાગે** : આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિકૃત બ્રહ્મચર્યવ્રતની પૂજા, શ્રી જેસીંગભાઈ લલ્લુભાઈ તરફથી, શ્રી ચંદ્રપ્રકાશ આધ્યાત્મિક મહિલા મંડળે ભણાવી હતી. રાત્રે ભાવના માટે શ્રી શાંતિનાથજી જૈન મંડળ આવ્યું હતું.

**કારતક સુદ ૯, શનિવાર, તા. ૭-૧૧-૭૦, બપોરે ૨ વાગે** : શ્રી પિસ્તાલીશ આગમની પૂજા, શ્રી ચીમનલાલ હીરાલાલ તરફથી, શ્રી સ્મૃતિ જૈન મહિલા મંડળે ભણાવી હતી. રાત્રે ભાવનામાં શ્રી જયંત રાહી આવ્યા હતા.

**કારતક સુદ ૧૦, રવિવાર, તા.૮-૧૧-૭૦, વિજય મુહૂર્ત** : શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર, શ્રી સારાલાલ લખમીચંદ ઝવેરી તરફથી, ભણાવવામાં આવ્યું હતું રાત્રે ભાવનામાં શ્રીશાંતિલાલ શાહ આવ્યા હતા.

આ અઠ્ઠાઈમહોત્સવમાં વિધિવિધાનોનું કામ અમદાવાદના ગુરુભક્ત શ્રી ભુરાભાઈ ફૂલચંદ શાહે સંભાળ્યું હતું; અને ભક્તિભાવના માટે શ્રી જેઠાલાલ હેમચંદ કડીવાળા આવ્યા હતા.

આ રીતે જન્મશતાબ્દી વર્ષના પ્રારંભરૂપે યોજવામાં આવેલ નાનો સમારોહ આનંદ-પૂર્વક પૂરો થયો અને સૌ મુખ્ય સમારોહને સફળ બનાવવાની કામગીરીમાં પૂર્ણ યોગથી જોડાઈ ગયા. આ છેલ્લા દિવસો દરમ્યાન નાના-મોટા બધાય કાર્યકરોએ તન તોડીને અને મન દઈને જે અસાધારણ કામગીરી બજાવી, તે તો રાષ્ટ્રીય મહાસભાની મહાસમિતિ માટેની અથવા તો કોઈક મોટી પરિષદ માટેની તૈયારીની યાદ દેવડાવે એવી હતી. અપાર એમનો ઉત્સાહ હતો, ન કલ્પી શકાય એટલો એમનો પરિશ્રમ હતો અને ગુરુભક્તિ અને ઋણમુક્તિના આ અવસરને શોભાવવા જાણે તેઓ પોતાનાં ઊંઘ-આરામને તથા ભૂખ-તરસને વીસરી ગયા હતા. આ કામગીરીમાં ભાઈઓ સાથે બહેનો પણ સ્વયં પ્રેરણાથી મોટી સંખ્યામાં જોડાઈ હતી.

આ પ્રસંગે જેવો ઉમંગ મુંબઈના કાર્યકરોમાં હતો, એવો જ ઉત્સાહ પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત તથા દક્ષિણના પ્રદેશોમાંથી આ સમારોહમાં સામેલ થવા

આવનાર ધર્માનુરાગી ભાઈઓ બહેનોમાં પ્રવર્તતો હતો. મુંબઈનાં ગુરુભક્ત ભાઈઓ-બહેનો પણ ખૂબ ઉત્સુકતા અનુભવી રહ્યાં હતાં. સહુ આતુરતાથી જન્મશતાબ્દીની ઉજવણીની રાહ જોઈ રહ્યાં હતાં. અને જાણે આવા ઐતિહાસિક અને યાદગાર પ્રસંગે વહેનાર ભાવ-ભક્તિની ભાગીરથીમાં પુણ્યસ્નાન કરવાની સૌની ભાવના દિવસે દિવસે વધતી જતી હતી : ક્યારે એ ધન્ય અવસર આવે !

## મહેમાનોનું આગમન

આ મહોત્સવ ઉપર દેશના જુદા જુદા પ્રદેશોનાં આશરે પોણોસો જેટલો શહેરો-ગામોમાંથી તેત્રીસસો-ચોત્રીસસો જેટલાં મહેમાનો આવ્યાં હતાં. એમાં બાળકો, વૃદ્ધો, પ્રૌઢો, યુવાનો, શ્રીમાનો તથા સાધારણ સ્થિતિનાં ભાઈઓ-બહેનોનો સમાવેશ થતો હતો. આ મહેમાનોમાં બે હજારની સંખ્યા જેટલાં તો પંજાબી ભાઈઓ-બહેનો હતાં. પંજાબ સંઘની આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી ઉપરની શ્રદ્ધા–ભક્તિ તો, ખરેખર, બેનમૂન કહી શકાય એવી છે.

## સ્પેશિયલ ટ્રેન, રેલ્વે બોગી તથા બસો વગેરે દ્વારા આવેલ મહેમાનો અને જુદી જુદી સંસ્થાઓના ભાવિકો

૧. પંજાબની શ્રી આત્માનંદ જૈન મહાસભાના ઉપક્રમે એક હજાર ઉપરાંત પંજાબી ભાઈઓ-બહેનોની સ્પેશિયલ દિલ્હીથી આવી હતી. એનું આયોજન લાલા શ્રી ઇન્દ્રપ્રકાશ જૈને કર્યું હતું.

૨. લુધિયાનાથી રેલ્વેનો એક સ્પેશિયલ ડબો, સંઘપતિ લાલા શ્રી બદ્રીનાથજી મન્હાનીની આગેવાની નીચે આવ્યો હતો.

૩. લુધિયાનાથી એક સ્પેશિયલ બસમાં લાલા શ્રી દેવરાજજી જૈન અને બીજાઓ આવ્યા હતા.

૪. દિલ્લીથી એક સ્પેશિયલ બસથી, પાર્ટી સાથે, લાલા શ્રી ચીમનલાલજી ચીમટાવાલા આવ્યા હતા.

૫. લાલા શ્રી શાંતિસ્વરૂપજી, પાર્ટી સાથે, હોશિયારપુરથી સ્પેશિયલ બસથી આવ્યા હતા.

૬. જમ્મુ–તબીથી, પાર્ટી સાથે, લાલા શ્રી હરબંસલાલજી જૈન સ્પેશિયલ બસથી આવ્યા હતા.

૭. અંબાલાની શ્રી આત્માનંદ જૈન સ્કૂલના વિદ્યાર્થીઓ વગેરે રેલ્વેના સ્પેશિયલ ડબાથી આવ્યા હતા.

૮. શ્રી આત્મવલ્લભ જૈન યુવક મંડળ, આગરા.

૯. શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય, વરકાણાના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ.

૧૦. શ્રી જૈન સેકન્ડરી સ્કૂલ, ફાલનાના છાત્રો તથા કર્મચારીઓ.

૧૧. શ્રી મરુધર જૈન બાલિકા વિદ્યાપીઠ, વિદ્યાવાડી (રાજસ્થાન)ની કન્યાઓ.

૧૨. શ્રી વીર મંડળ તથા શ્રી જૈન સંગીત પરિષદ, બિકાનેર.

૧૩ શ્રી સુશીલકુમાર જૈન એન્ડ પાર્ટી, આગરા.

૧૪. શ્રી પોષધ સમિતિ, વડોદરાના ૧૬૦ ભાઈઓ.
૧૫. શ્રી પરમાર ક્ષત્રિય જૈન સભા, બોડેલીના ૩૦ વિદ્યાર્થીઓ.

## આ પ્રસંગે બહારગામથી પધારેલ કેટલાક આગેવાનો તથા કાર્યકરો

૧. શ્રી લાલા રતનચંદજી રિખવદાસજી જૈન, દિલ્હી.
૨. શ્રી રતનચંદજી જૈન, M. P. શ્રી આત્માનંદ જૈન મહાસભા–પંજાબના પ્રમુખ, દિલ્હી.
૩. શ્રી ધર્મપાલજી ઓસવાલ, લુધિયાના, શ્રી આત્માનંદ જૈન મહાસભાના ઉપ-પ્રમુખ.
૪. શ્રી માણેકચંદજી બેતાલા, મદ્રાસ.
૫. શ્રી હરબંસલાલજી જૈન, જમ્મુ–તવી.
૬. શ્રી જીવરાજભાઈ ચૌહાણ, બેંગલોર.
૭. શ્રી બૈરાતીલાલજી જૈન, ઉત્તરપ્રદેશ જૈન મહાસભાના મંત્રી, દિલ્હી.
૮. પ્રો. શ્રી પૃથ્વીરાજજી જૈન, શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબના ઉપ-પ્રમુખ, અંબાલા.
૯. શ્રી રિખબદાસજી જૈન, અંબાલા.
૧૦. શ્રી વિજયકુમારજી જૈન, લુધિયાના.
૧૧. શ્રી રામરતનજી કોચર, બીકાનેર.
૧૨. શ્રી ધર્મપાલજી જૈન, જમ્મુ.
૧૩. શ્રી રતનચંદજી કોઠારી, ઈંદોર.
૧૪. શ્રી લક્ષ્મીચંદજી ફતેહચંદજી કોચર, કલકત્તા.
૧૫. પં. શ્રી રામકુમારજી જૈન, દિલ્લી.
૧૬. પ્રો. જવાહરચંદજી પટણી, ફાલના.
૧૭. શ્રી કપૂરચંદજી આગરા.
૧૮. શ્રી રાજેન્દ્રકુમારજી, આગરા.
૧૯. શ્રી હીરાચંદજી જૈન, જયપુર.
૨૦. શ્રી માણેકલાલજી નવલખા, મહિદપુર.
૨૧. શ્રી મોહનલાલભાઈ ઝવેરી, કલકત્તા.
૨૨. શ્રી રમેશકુમાર ચૌહાણ, ઢોબાલ.
૨૩. શ્રી પારસમલજી ઘોકા, વરકાણા.
૨૪. શ્રી ઘનશ્યામદાસ જૈન (સંગીતકાર), દિલ્લી.
૨૫. શ્રી અલબેલાજી (સંગીતકાર), દિલ્લી.
૨૬. શ્રી દેવરાજજી જૈન, લુધિયાના.
૨૭. શ્રી બદ્રીલાલજી જૈન, તથા પં. હજારીલાલજી જોહરા, ભોપાલ.
૨૮. પં. શ્રી ઈશ્વરલાલજી જૈન, જયપુર.
૨૯. શ્રી ભોજદેવ જૈન, પતિયાળા.
૩૦. શ્રી શાંતિલાલજી જૈન, કાંગડાતીર્થ.

૩૧. શ્રી રૂપચંદજી બાફણા, સેવાડી.
૩૨. શ્રી ફૂલચંદજી જૈન, લુધિયાના.
૩૩. શ્રી નંદકિશોર જૈન, સોનીપત.
૩૪. શ્રી નંદલાલજી લોઢા તથા શ્રી નાથુરામજી સુંદેચા, બદનાવર.
૩૫. શ્રી ચંદનમલજી બનાવટ, આહોરી.
૩૬. શ્રી લક્ષ્મીચંદજી જૈન, જયપુર.
૩૭. શ્રીમતી પ્રતિભા જૈન, એસ. એ. જૈન કોલેજ, અંબાલા.
૩૮. શ્રીમતી સુદેશા જૈન, એસ. એ. જૈન કોલેજ, અંબાલા.
૩૯. શ્રીમતી સુભદ્રા જૈન, મુખ્ય અધ્યાપિકા, વિદ્યાવાડી (રાજસ્થાન).
૪૦. શ્રીમતી પ્રતિભા જૈન, ફાલના કોલેજ.
૪૧. શ્રી કેસરીચંદજી દફતરી તથા શ્રી બુલાખીદાસજી રૂપાની, બિકાનેર.
૪૨. શ્રી પોપટલાલ રામચંદ શાહ, પૂના.
૪૩. શ્રી મોતીલાલ વીરચંદ શાહ, માલેગાંવ.
૪૪. શ્રી રસિકલાલ છગનલાલ શાહ, શ્રી શાંતિચંદ્ર ભગુભાઈ, શ્રી વાડીલાલ મગનલાલ વૈદ્ય, વડોદરા.
૪૫. શ્રી સાકળચંદ ફકીરચંદ મશરૂવાળા, અમદાવાદ.
૪૬. શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ, અમદાવાદ.
૪૭. શ્રી નગીનચંદ હરચંદ, વલસાડ.
૪૮. શ્રી વાડીલાલ જીવરાજ શાહ, પાલનપુર.
૪૯. શ્રી વૈશાખીલાલજી જૈન (ભગતજી), પાલીતાણા.
૫૦. શ્રી પૂનમચંદજી બાફણા, દહાણુ.
૫૧. શ્રી હીરાચંદ કુબેરદાસ, બીજાપુર.
૫૨. શ્રી શાંતિસ્વરૂપજી જૈન, લાલા સૂર્યકુમારજી જૈન, શ્રી શાંતિલાલજી જૈન, હોશિયારપુર.
૫૩. શ્રી રાજકુમાર જૈન, શ્રી તિલકચંદજી જૈન, જંડિયાલાગુરુ.
૫૪. શ્રી જ્ઞાનચંદજી લોહટિયા, શ્રી જ્ઞાનચંદજી માસ્તર, માલેરકોટલા.
૫૫. શ્રી શાંતિદાસજી રાંકા, જીરા.
૫૬. શ્રી રોશનલાલજી વકીલ, શ્રી સુશીલકુમારજી જૈન, આગરા.

આ પ્રસંગે સ્પેશિયલ ટ્રેન, રેલ્વેના સ્પેશિયલ ડબા તથા સ્પેશિયલ બસો દ્વારા આવેલ તેમ જ જુદાં જુદાં સ્થાનોમાંથી અગવડ વેઠીને આવેલ આગેવાનો તથા કાર્યકરોની આ યાદી ઉપરથી પણ આ ઉજવણી અંગે દેશના જુદા જુદા ભાગોમાં કેટલો બધો ઉત્સાહ જાગ્યો હતો એનો ખ્યાલ આવી શકે છે.

ત્યારે હવે મુખ્ય સમારોહની ઉજવણીનો વિગતવાર અહેવાલ જોઈએ.

# હૃદયસ્પર્શી, યાદગાર અને શાનદાર મુખ્ય સમારોહ

મુંબઈના જૈન સમાજનો ઉદાર આર્થિક સહકાર, દેશનાં જુદાં જુદાં સ્થાનોનાં ભાઈઓ-બહેનોનો શતાબ્દી મહોત્સવમાં ભાગ લેવા માટેનો ઉત્સાહ, શતાબ્દી મહોત્સવની ઉજવણી અંગેનો દેશભરમાં પ્રચાર અને શતાબ્દી મહોત્સવ સમિતિએ રચેલ જુદી જુદી પેટાકમીટીઓની ભિલટભરી અવિરત કામગીરીને પરિણામે મહોત્સવ માટેની બધી પૂર્વ-તૈયારીઓ પૂરી થતાં, શતાબ્દીની ઉજવણીનો સુઅવસર પણ આવી પહોંચ્યો.

સને ૧૯૭૦ ના ડિસેમ્બર માસની ૨૪-૨૫-૨૬-૨૭ મી તારીખોએ (વિ. સં. ૨૦૨૭ ના માગસર વદિ ૧૧-૧૨-૧૩-૧૪), ગુરુ-શુક્ર-શનિ-રવિવાર એ ચાર દિવસો સુધી, જુદા જુદા પ્રકારના ભરચક કાર્યક્રમોથી, ઉત્સાહ અને વ્યવસ્થાપૂર્વક કરવામાં આવેલ ઉજવણીનું કંઈક વિગતે દર્શન કરવા જેવું છે.

પણ આ પ્રસંગ એટલા વિશાળ પાયા ઉપર ઊજવાયો હતો, એમાં એટલા બધા કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા અને નાના કે મોટા દરેક કાર્યક્રમમાં મુંબઈના કાર્યકરો તથા આગેવાનોએ તેમ જ બહારગામથી આવેલ મહેમાનોએ એટલા ઉમંગપૂર્વક ભાગ લીધો હતો કે ન તો એ વખતે એનો પૂરો અહેવાલ લેવાનું શક્ય હતું કે ન અત્યારે એ અહેવાલ બધી વિગતો સાથે અહીં રજૂ કરવાનું શક્ય છે, છતાં આ પ્રસંગની ઉજવણીની અહીં જે કંઈ સારરૂપ વિગતો આપવામાં આવે છે, એના ઉપરથી પણ આ મહોત્સવની ભવ્યતા, હાર્દિકતા અને ભક્તિસભરતાનો ખ્યાલ આવી શકશે, એમાં શક નથી.

## પહેલો દિવસ

### તા. ૨૪-૧૨-૭૦, ગુરુવાર

### સમારોહની શરૂઆત : રંગોળી પ્રદર્શનનું ઉદ્ઘાટન

જન્મશતાબ્દીની ઉજવણીના શુભ પ્રારંભ નિમિત્તે, ગોડીજીના ઉપાશ્રયમાં, જાણીતા રંગોળી-ચિત્રકાર શ્રી રમણીકલાલ ડભોઈવાળાએ પાંચ મોટાં સુંદર રંગોળી-ચિત્રો દોર્યાં હતાં. એમાં બે ચિત્રો ભગવાન મહાવીરના જીવનને લગતાં હતાં: એક, ચંડકૌશિક નાગના ઉપસર્ગનું અને બીજું. ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તે પ્રસંગનું હતું. બાકીનાં ત્રણ ચિત્રો આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીના જીવનને લગતાં હતાં. તેમાં એક ચિત્રમાં આચાર્ય શ્રી આત્મારામજી મહારાજની તથા મુનિ વલ્લભવિજયજીની નાની ઉંમરની એમ બે છબીઓ મૂકી હતી. બીજું ચિત્ર આચાર્યશ્રીની ગુજરાનવાલાની આખરી વિદાયના રોમાંચક પ્રસંગનું હતું. અને ત્રીજું ચિત્ર આચાર્યશ્રીની શત્રુંજય તીર્થની છેલ્લી યાત્રાનું હતું. આ મનોહર રંગોળી-

ચિત્રોનું પ્રદર્શન, તા. ૨૪-૧૨-૭૦, ગુરુવારે સવારે નવ વાગતાં, ગોડીજીના ધર્મભાવનાશીલ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી લક્ષ્મીચંદ દુલભજીએ ખુલ્લું મૂક્યું હતું. અને આ રીતે જન્મશતાબ્દી મહોત્સવની શુભ શરૂઆત થઈ હતી.

## બીજે દિવસ

### તા. ૨૫-૧૨-૭૦, શુક્રવાર

### સમારંભનું ઉદ્‌ઘાટન

સવારના ૯-૧૫ વાગતાં જન્મશતાબ્દી સમારોહના ઉદ્‌ઘાટનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુંબઈ શહેરનાં તથા બહારગામથી પધારેલાં હજારો ભાઈઓ-બહેનોએ હાજરી આપી હતી. પૂજ્ય આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ, આગમ-પ્રભાકર પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ, ગણિવર્ય શ્રી જનકવિજયજી, મુનિવર્ય શ્રી વલ્લભદત્તવિજયજી, મુનિ શ્રી ઇંદ્રવિજયજી ગણિ, મુનિ શ્રી સુરેન્દ્રવિજયજી ગણિ, મુનિ શ્રી પ્રકાશ-વિજયજી ગણિ, મુનિ શ્રી બલવંતવિજયજી ગણિ, મુનિ શ્રી જયવિજયજી ગણિ, મુનિ શ્રી ન્યાયવિજયજી ગણિ આદિ પોતાના વિશાળ પરિવાર સાથે પધાર્યા હતા. તેઓનાં આજ્ઞા-વર્તી સાધ્વીજી મહારાજો તેમ જ અન્ય સાધ્વીજી મહારાજો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. સ્થાનકવાસી સંઘના વિદ્વાન, વિચારક અને વક્તા મુનિ શ્રી વિજયમુનિજી પણ આ પ્રસંગે પધાર્યા હતા.

સમારંભનું પ્રમુખપદ જાણીતા ઉદ્યોગપતિ અને જૈન અગ્રણી શ્રી રતિલાલ મણિલાલ નાણાવટીએ શોભાવ્યું હતું. સમારોહના ઉદ્‌ઘાટન માટે ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન માનનીય શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ પધારવાના હતા, પણ અનિવાર્ય સંયોગોને કારણે તેઓ આવી ન શકવાથી ભારત સરકારના ભૂતપૂર્વ રેલ્વેપ્રધાન અને મુંબઈની કોંગ્રેસના મોવડી શ્રી એસ. કે. પાટીલ ઉદ્‌ઘાટન માટે ખાસ પધાર્યા હતા.

પૂજ્ય આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજે મંગલાચરણ કર્યા બાદ મરુધર બાલિકા વિદ્યાલયની કન્યાઓએ સ્તુતિગાન કર્યું હતું અને તે પછી જન્મશતાબ્દી સમિતિના પ્રમુખ શ્રીયુત પોપટલાલ ભીખાચંદે સૌને આવકાર આપતું વક્તવ્ય કર્યું હતું.

## શ્રી પોપટલાલ ભીખાચંદનું સ્વાગત-વક્તવ્ય

પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ, પરમપૂજ્ય આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ, પૂજ્ય મુનિમહારાજો, પૂજ્ય સાધ્વીજી મહારાજો, આજના સમારંભના પ્રમુખ શ્રીયુત રતિલાલભાઈ નાણાવટી, મુંબઈના નગરપતિ માનનીય ડૉ. શ્રી શાંતિભાઈ પટેલ, દૂરદૂરથી પધારેલાં ધર્માનુરાગી ભાઈઓ તથા બહેનો અને સદ્‌ગૃહસ્થો તથા સન્નારીઓ,

યુગવીર આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મશતાબ્દીનો આજનો પ્રસંગ જૈન સંઘને માટે આનંદ અને ગૌરવનો પ્રસંગ છે. સ્વર્ગસ્થ આચાર્ય

મહારાજની જૈનધર્મની પ્રભાવના અને જૈન સંઘની ઉન્નતિની ભાવના બહુ વિરલ હતી અને એ ભાવનાને સફળ બનાવવા માટે તેઓએ જિંદગીની છેલ્લી પળ સુધી જે પ્રવૃત્તિ કરી હતી અને સમાજને જે પ્રેરણા આપી હતી, તે બીજાઓને માટે દાખલારૂપ બની રહે. એવી હતી. આવા આપણા પરમ ઉપકારી પુરુષનો આપણે જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. એ રીતે વિચારતાં તેઓશ્રીની જન્મશતાબ્દીની ઉજવણીમાં જૈન સંઘ પોતાની ફરજનું પાલન કરવા ઉપરાંત વધુ કંઈ કરતો નથી, એમ હું માનું છું. આ પવિત્ર અને મંગલમય પ્રસંગે હું તેઓને ભાવપૂર્વક વંદના કરું છું.

પરમપૂજ્ય આચાર્ય મહારાજ શાંતમૂર્તિ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ, પૂજ્ય આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ તથા અનેક મુનિવરો તેમ જ સાધ્વીજી મહારાજો દૂરદૂરથી વિહાર કરીને મુંબઈ પધાર્યાં છે, તે ગુરુભક્તિથી પ્રેરાઈને આ પ્રસંગમાં ભાગ લેવા માટે જ પધાર્યાં છે. એ સૌના આપણે ખૂબ ખૂબ આભારી છીએ એ સૌને હું આદરપૂર્વક વંદના કરું છું.

ગુરુદેવ તરફની ભક્તિથી પ્રેરાઈને પંજાબ જેટલા દૂરના પ્રદેશમાંથી સેંકડો ભાવનાશીલ ભાઈઓ-બહેનો અત્રે પધાર્યાં છે. ઉપરાંત રાજસ્થાન, બંગાળ, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, મદ્રાસ બેંગલોર, મૈસુર જેવા દૂરના પ્રદેશોમાંથી પણ અનેક ધર્માનુરાગી ભાઈઓ-બહેનો અહીં આવ્યાં છે. તેઓના પધારવાથી આ પ્રસંગ વધુ ગૌરવશાળી બન્યો છે અને આપણા ઉત્સાહમાં પણ વધારો થયો છે.

આ પ્રસંગે બહારગામથી પધારેલાં મહેમાનોનું તથા આપણા શહેરનાં સદ્ગૃહસ્થો તથા સન્નારીઓનું હું જન્મશતાબ્દી સમિતિ તરફથી તેમ જ મારા પોતા તરફથી પણ હાર્દિક સ્વાગત કરું છું, અને પોતાની હાજરીથી આ પ્રસંગની શોભા વધારવા બદલ સૌને ધન્યવાદ આપું છું.

આપ સહુ જાણો છો કે આ જન્મશતાબ્દી સમારોહના ઉદ્ઘાટન માટે ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન માનનીય શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ પધારવાના હતા. પણ એક રાજ્યના મુખ્ય પ્રધાન જેવી જવાબદાર વ્યક્તિએ તો પોતાના રાજ્યના પ્રશ્નો માટે હમેશાં જાગતા રહેવું જોઈએ, અને બીજાં બધાં કાર્યો કરતાં રાજ્યનાં કામોને અગ્રતા આપવી જોઈએ, એ સમજી શકાય એવી વાત છે. આવી જ કોઈ અનિવાર્ય પરિસ્થિતિને કારણે તેઓ આપણા સમારોહનું ઉદ્ઘાટન કરવા આવી શકે એમ ન હોવાથી તેઓએ પોતાનો સંદેશો મોકલી આપ્યો છે. માનનીય શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ આપણા આમંત્રણનો સ્વીકાર કરીને સમારોહનું ઉદ્ઘાટન કરવા સમ્મત થયા હતા, તે બદલ સમિતિ તેઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

આજના સમારંભનું પ્રમુખપદ શ્રીયુત રતિલાલ મણિલાલ નાણાવટીએ શોભાવ્યું છે તે સોનામાં સુગંધ મળવા જેવો સુયોગ થયો છે. શ્રીયુત રતિલાલભાઈ એક બાહોશ અને કુશળ ઉદ્યોગપતિ હોવા ઉપરાંત તેઓમાં જૈન સંઘના ઉત્કર્ષમાં સહભાગી થવાની જે ભાવના છે, અને એ ભાવનાને સફળ બનાવવા માટે તેઓ ઉદારતાપૂર્વક પોતાનાં તન-મન-ધનનો જે રીતે ઉપયોગ કરે છે, તેથી આપણા સંઘમાં તેઓનું સ્થાન મોભાભર્યું

છે; અને જૈન સંઘના એક ભાવનાશીલ અગ્રણી તરીકે સૌકોઈ તેઓના તરફ આદર અને બહુમાનની લાગણી અનુભવે છે. જૈન સંઘના આવા એક બાહોશ, ઉદાર અને વિશિષ્ટ આગેવાને આજના સમારંભનું પ્રમુખપદ સ્વીકારવાની અમારી વિનતિ જે સરળતાથી અને કશી પણ આનાકાની વગર સ્વીકારી તેની અમારા દિલ ઉપર ઊંડી છાપ પડી છે, એટલું જ નહીં, મને તો એમ પણ લાગે છે કે સમાજસેવાના સગપણે આપણે અને તેઓ વધારે નિકટ આવ્યા છીએ. એક ભાવનાશીલ વ્યક્તિ સાથેની આ નિકટતા આપણને સમાજઉત્કર્ષની અનેક પ્રવૃત્તિની પ્રેરક બનો એવી હું શાસનદેવને અને ગુરુદેવને પ્રાર્થના કરું છું. અને અમારા કાર્યમાં ઉત્સાહભર્યો સાથ આપવા બદલ શ્રીયુત રતિભાઈ નાણાવટીનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

સ્વર્ગસ્થ ગુરુદેવના જીવન અને કાર્ય મુજબ સમાજના ઉત્કર્ષ માટે કંઈ પણ પ્રવૃત્તિ કરવી એ જ તેઓને સાચી શ્રદ્ધાંજલિ છે, એ આપણે સહુ જાણીએ છીએ. આ મહોત્સવને અંતે આપણે સૌ આવી પ્રેરણાનું પાન કરીએ અને સમાજકલ્યાણના સહભાગી થઈએ, એવી મારી પ્રાર્થના છે.

જન્મશતાબ્દી નિમિત્ત સમિતિ દ્વારા અત્યાર સુધીમાં જે કાર્યવાહી કરવામાં આવી છે, તેની સવિસ્તર માહિતી સમિતિના મંત્રીશ્રી તરફથી આપ સમક્ષ રજૂ કરવામાં આવશે.

આપ સૌનું હું જન્મશતાબ્દી સમિતિ તરફથી ફરી સ્વાગત કરું છું, અને આપ સૌના સહકારથી આ સમારંભ ખૂબ શોભાભર્યો અને સફળ બને એવી પ્રાર્થના સાથે મારું વક્તવ્ય પૂરું કરું છું. **જયજિનેન્દ્ર.**

## નગરપતિ દ્વારા સ્વાગત

મુંબઈના નગરપતિ ડો. શ્રી શાંતિભાઈ પટેલે આજના સમારંભના સ્વાગત-પ્રમુખ તરીકે સૌનું સ્વાગત કરતાં મુંબઈના જૈન સમાજ સાથેના પોતાના વર્ષોજૂના સંબંધનો નિર્દેશ કરીને પોતાની જાતને જૈન તરીકે ઓળખાવી હતી; અને પોતાના મતદાર વિભાગમાં મોટા ભાગનાં જૈનો હોવાનું અને તેઓએ મમતાપૂર્વક પોતાને મ્યુનિસિપલ કોરપોરેશનની ચૂંટણીમાં સફળતા અપાવ્યાનું જણાવ્યું હતું. વિશેષમાં તેઓએ કહ્યું કે આ અવસર પર સૌથી યોગ્ય એ છે કે સ્વર્ગસ્થ આચાર્યશ્રીના જીવનમાંથી આપણે કંઈક પણ ગ્રહણ કરીએ અને પ્રેરણા મેળવીએ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજે મધ્યમ વર્ગની આર્થિક મુશ્કેલીઓ દૂર કરવામાં અને શિક્ષણનો વિકાસ કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. મહાત્મા ગાંધીજી પર જૈન સિદ્ધાંતોની ઊંડી અસર હતી. ગાંધીજીએ અહિંસાનો સંદેશ અપનાવ્યો તે જૈન સંપ્રદાયની દેણગી છે. વિશેષમાં તેઓએ કહ્યું કે આ પ્રસંગ નિમિત્તે જૈન સમાજ મુંબઈમાં હોસ્પીટલ ઊભી કરવા માગતો હશે તો તે માટે જમીન મળી રહે એવી ગોઠવણ હું કરી આપીશ.

શતાબ્દી સમિતિના મંત્રી અને મુંબઈ જૈન સંઘના જાણીતા કાર્યકર શ્રીયુત જયંતીલાલ રતનચંદ શાહે સમિતિની સ્થાપના તથા કાર્યવાહી સંબંધી જરૂરી માહિતી રજૂ કરીને સૂચવ્યું હતું કે સમારંભ અંગેના સંદેશાઓ હજુ આવી જ રહ્યા છે. એટલે સંદેશાઓ તથા સમિતિની કાર્યવાહીની સવિસ્તર માહિતી રવિવારના રોજ મુખ્ય સભામાં રજૂ કરવામાં આવશે. તે પછી

તેઓએ શ્રી એસ. કે. પાટીલના મુંબઈના જૈન સમાજ સાથેના ગાઢ સંબંધનો નિર્દેશ કરીને તેઓને સમારંભનું ઉદ્‌ઘાટન કરવાની વિનંતિ કરી હતી.

## ઉદ્‌ઘાટન

સમારોહનું ઉદ્‌ઘાટન કરતાં ભારત સરકારના ભૂતપૂર્વ રેલ્વેપ્રધાન શ્રી એસ. કે. પાટીલે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજને પોતાની ભાવભરી અંજલિ આપતાં કહ્યું હતું કે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી એક યુગપ્રવર્તક મહાપુરુષ હતા. તેઓ માત્ર જૈન સમાજના જ નહીં પરંતુ સમગ્ર ભારતના આચાર્ય હતા. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે સમાજમાં જ્યારે અશાંતિ અને અસમતોલપણું પેદા થાય છે ત્યારે મહાપુરુષો કે સમાજસુધારકો પેદા થાય છે. દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધી અને આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી આવા જ સમયમાં જન્મ્યા હતા. તેઓએ સમાજકલ્યાણ માટે માર્ગદર્શન આપ્યું હતું અને દુનિયામાં અહિંસા અને શાંતિ સચવાઈ રહે એ માટે જીવનભર કાર્ય કર્યું હતું. આચાર્યશ્રી સાથે નિકટનો પરિચય સાધવાની અને એમના જીવન અને કાર્યને નજીકથી સમજવાની મને તક મળી હતી. તેઓએ ધર્મ ઉપર શ્રદ્ધા રાખવાનો અને સમાજના ભલા માટે ભોગ આપવાનો પાઠ આપણને શીખવ્યો હતો, અને સાથે સાથે મન ઉપર કાબૂ કેવી રીતે મેળવવો એ પણ શીખવ્યું હતું. આચાર્યશ્રીએ પ્રાણીમાત્ર ઉપર દયા રાખવાનો સંદેશ આપ્યો હતો. છેવટે, આચાર્યશ્રી જે ધ્યેય માટે જીવ્યા અને જે સંદેશ આપી ગયા તેને જો આપણે જીવનમાં ઉતારીશું તો જ આ મહોત્સવ સાર્થક થયો ગણાશે, એમ જણાવીને તેઓએ સમારંભનું ઉદ્‌ઘાટન થયેલું જાહેર કર્યું હતું અને આવા મહત્ત્વના પ્રસંગે પોતને યાદ કરવા બદલ સમિતિનો આભાર માન્યો હતો.

## પ્રદર્શનનું ઉદ્‌ઘાટન

જન્મશતાબ્દીના એક કાર્યક્રમરૂપે આચાર્ય મહારાજના જીવન અને કાર્યનું દર્શન કરાવતી છબીઓનું એક પ્રદર્શન વિજયવલ્લભનગરમાં ગોઠવવામાં આવ્યું હતું. છબીઓના આ સંગ્રહમાં એકરંગી તેમ જ રંગીન છબીઓ પણ હતી. વળી, આ છબીઓમાં જેમ નાની છબીઓ હતી, તેમ કેટલીક છબીઓ આચાર્યશ્રીના પૂરા કદની પણ હતી. અને કેટલીક છબીઓ તો વિરલ કહી શકાય એવી હતી. આ બધી છબીઓ ભેગી કરવામાં સમિતિએ ઠીક ઠીક જહેમત ઉઠાવી હતી, એટલે આ પ્રદર્શન સમારોહનું એક આકર્ષણ બન્યું હતું. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન શ્રીયુત રવજીભાઈ ખીમજી છેડાએ કર્યું હતું.

## ચાંદીના સિક્કાનું ઉદ્‌ઘાટન

આ સમારોહને યાદગાર બનાવવા માટે આચાર્યશ્રીની પ્રતિકૃતિવાળો ચાંદીનો સિક્કો ખાસ તૈયાર કરાવવામાં આવ્યો હતો. સિક્કો સરકારી સિક્કાઓની બરોબરી કરી શકે એવો સર્વાંગસુંદર બન્યો હતો.

વીસ ગ્રામ ચોખ્ખી ચાંદીનો આ સિક્કો લાલા રતનચંદજી જૈને દિલ્હીમાં તૈયાર કરાવ્યો છે. તેની એક બાજુ આચાર્યશ્રીનું ચિત્ર અને અંગ્રેજીમાં નામ અંકિત છે; અને

પાછળ ફાલનાના વલ્લભકીર્તિસ્તંભનું ચિત્ર, હિંદીમાં 'વલ્લભ જન્મ શતાબ્દી' નામ અને સને ૧૮૭૦–૧૯૭૦ના અંકો અંગ્રેજીમાં આપ્યા છે. કોઈ પણ જાતના નફા વગર કડી વગરનો સિક્કો તેર રૂપિયામાં અને કડીવાળો સિક્કો ચૌદ રૂપિયામાં આપવામાં આવ્યો હતો. આ સિક્કાના વેચાણની શરૂઆત શ્રીયુત રમણલાલ નગીનદાસ પરીખના હાથે થઈ હતી. શ્રી રમણભાઈએ આવો સુંદર સિક્કો બનાવી આપનાર મહાનુભાવોને તથા સમિતિના સંચાલકોને ધન્યવાદ આપ્યા હતા. આ સિક્કો ખૂબ લોકપ્રિય થવાથી જોતજોતામાં ચાર હજાર સિક્કાઓ તરત જ ખપી જતાં અને એની માગણી ચાલુ રહેતાં બીજા વધુ સિક્કાઓ પડાવવાની ફરજ પડી હતી.

## પ્રવચનો

આગમપ્રભાકર પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજે આચાર્યશ્રીના જીવન અને કાર્યને અંજલિ આપીને તેઓની સમાજઉત્કર્ષની ભાવના અને પ્રવૃત્તિને ચાલુ રાખવાનો શ્રીસંઘને અનુરોધ કર્યો હતો; અને સમાજના વિકાસને માટે વ્યાવહારિક અને શાસ્ત્રીય જ્ઞાનનો વિસ્તાર કરવાની કેટલી જરૂર છે તે સમજાવ્યું હતું; અને આચાર્યશ્રીએ જ્ઞાન-ભંડારોની રક્ષા માટે કેવી પ્રેરણા આપી હતી તેનો, પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરની સ્થાપનાની વિગતો રજૂ કરીને, સભાને ખ્યાલ આપ્યો હતો.

શેઠ શ્રી કાંતિલાલ ઈશ્વરલાલે આચાર્યશ્રીને પોતાની ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં તેઓની સાથેના નિકટના પરિચયથી પોતાને થયેલ લાભનો લાગણીભીના શબ્દોમાં નિર્દેશ કર્યો હતો, અને જણાવ્યું હતું કે જૈન સમાજના ઉત્કર્ષની આચાર્ય મહારાજ સતત ચિંતા કરતા હતા. પાંત્રીસ વર્ષ પહેલાં હું તેઓને ખંભાતમાં મળ્યો ત્યારે ગુરુદેવે જૈન કોલેજની સ્થાપનાની પ્રેરણા આપી હતી, જેને પરિણામે પંજાબમાં અંબાલામાં શ્રી આત્માનંદ જૈન કોલેજની સ્થાપના થઈ શકી હતી. અમારા સદ્ભાગ્યે તેઓએ પોતાના અંતિમ દિવસો મારા બંગલામાં વિતાવ્યા હતા, ત્યારે એવી બીમાર હાલતમાં પણ, મેં જોયું કે, જૈનધર્મના પ્રચારની અને જૈન સંઘના ઉત્કર્ષની જ તેઓ સતત ચિંતા સેવતા હતા. તેઓની વાતોમાં પણ આ જ લાગણી જોવા મળતી હતી. સંઘ અને સમાજના ભલા માટેની તેઓની તમન્ના ખરેખર અજબ હતી.

સમારંભના પ્રમુખસ્થાનેથી બોલતાં શેઠ શ્રી રતિલાલ મણિલાલ નાણાવટીએ જણાવ્યું કે સમાજના મધ્યમ અને ગરીબ વર્ગ માટે આચાર્યશ્રીમાં અજબ કરુણાભાવ હતો; અને એ માટે તેઓ સતત પ્રેરણ આપતા રહેતા હતા. જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ અને એમાં સમાજના શ્રીમંત વર્ગના કર્તવ્ય અંગે વિસ્તારથી છણાવટ કર્યા પછી પ્રમુખ-શ્રીએ આચાર્ય મહારાજના શબ્દોનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે "ધનિક વર્ગ લહેર કરે અને આપણા સહધર્મી ભાઈઓ ભૂખે મરે એ સમાજિક ન્યાય નહીં પણ અન્યાય છે." વિશેષમાં તેઓએ કોન્ફરન્સ દ્વારા હાથ ધરવામાં આવેલી શ્રી વર્ધમાન જૈન કો-ઓપરેટીવ બેંકની સ્થાપનાની હિલચાલનો નિર્દેશ કરીને જણાવ્યું કે અત્યારના કટોકટીના સમયમાં આચાર્ય-શ્રીના ઉપદેશનો અમલ કરીને સમાજમાંથી બેકારીનું નિવારણ થાય અને નાના-નાના

ઉદ્યોગોની સ્થાપના થાય, એ દિશામાં બધાએ તરત કાર્ય શરૂ કરવું જોઈએ. અંતમાં તેઓએ જન્મશતાબ્દી નિમિત્તે એક સ્વતંત્ર શિક્ષણ ટ્રસ્ટ રચીને અત્યાર સુધીમાં એમાં આઠ લાખ રૂપિયાથી પણ વધુ રકમ એકત્ર કરવા બદલ સમિતિને ધન્યવાદ આપ્યા હતા.

અંતમાં, સમિતિના મંત્રી શ્રી ખીમજીભાઈ છેડાના આભારનિવેદન બાદ સમારોહ પૂરો થયો હતો.

## વિરાટ અને ભવ્ય ધર્મયાત્રા

સમારોહના એક વિશિષ્ટ ભાગરૂપે ધર્મયાત્રા (વરઘોડા)નો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. આ ધર્મયાત્રા બપોરના બે વાગતાં, શ્રી ગોડીજી ઉપાશ્રયથી શરૂ થઈ હતી. ધર્મયાત્રામાં જુદી જુદી બગ્ગીઓમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય તથા મહારાજા કુમારપાળ, જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિજી તથા સમ્રાટ અકબર, આચાર્ય શ્રી વિજયાનંદસૂરિજી તથા આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીની મોટી મોટી મનોહર છબીઓ મૂકવામાં આવી હતી. રથમાં જિનેશ્વર ભગવાનની પ્રતિમા પધરાવવામાં આવી હતી. અને બગ્ગીઓમાં તથા રથમાં ઉછામણી બોલનારાઓ બેઠા હતા. ઉપરાંત, કેટલાક ભાવિકોએ ઉછામણી બોલીને શણગારેલા અશ્વો ઉપર બેસવાનો પણ લહાવો લીધો હતો.

સરઘસમાં મુંબઈનાં જુદાં જુદાં સ્વયંસેવક મંડળોનાં બેંડો, શ્રી શકુંતલા ગર્લ્સ હાઈસ્કૂલનું બેંડ તથા જુદી જુદી શાળા-પાઠશાળાઓનાં વિદ્યાર્થીઓ તેમ જ વિદ્યાર્થિનીઓ મોટી સંખ્યામાં જોડાયાં હતાં. ઉપરાંત, ગામ-પરગામની અનેક ભજન મંડળીઓ પણ એમાં સામેલ થઈ હતી અને શહેરનાં અને બહારગામનાં હજારો ભાઈ-બહેનોની હાજરી જુલૂસમાં સૌનું ધ્યાન ખેંચતી હતી. આ ધર્મયાત્રાનું સૌથી વિશિષ્ટ અને આકર્ષક અંગ હતાં પંજાબની સ્પેશ્યલમાં આવેલું હિંદુ જીયા બેંડ અને પંજાબ–રાજસ્થાનની જુદી જુદી સંખ્યાબંધ ભજન મંડળીઓ. બેંડની સાથે આચાર્યશ્રીના પૂરા કદની પ્લાસ્ટિકની બેઠી મૂર્તિ હતી. આને લીધે આખી ધર્મયાત્રા જીવંત બની હતી અને ગુરુભક્તિ અને ધર્મ–ભક્તિની ભાગીરથી ચોમેર વહીને સૌનાં અંતરને ગદ્ગદ બનાવતી હતી.

ધર્મયાત્રા ઝવેરી બજારમાંથી પસાર થઈ તે વખતે હજારો ભાવિકોને સાકરિયાં પાણી પિવરાવવામાં આવ્યાં હતાં. અને પંજાબી ભાઈઓએ ઠેર ઠેર આ માટે જ તૈયાર કરાવેલા ચાંદીના નાના નાના સિક્કા ઉછાળ્યા હતા. ગોડીજીના ઉપાશ્રયેથી શરૂ થયેલો આ વરઘોડો ગુલાલવાડી, સી. પી. ટેંક, લાલબાગ, ભૂલેશ્વર, પાયધૂની, મમ્માદેવી, ઝવેરી બજાર, પ્રિન્સેસ સ્ટ્રીટ અને ધોબી તળાવ થઈને ક્રોસમેદાનમાં વિજયવલ્લભનગરમાં, બે-અઢી કલાકને બદલે, પૂરા ચાર કલાકને અંતે પહોંચ્યો હતો. આખા રસ્તે અને બધી અટારીઓ અને બારી-ઓમાંથી હજારો ભાઈ-બહેનોએ ધર્મયાત્રાનાં દર્શન કર્યાં હતાં. ધર્મયાત્રાના આખે રસ્તે જાણે માનવ-મહેરામણ ઊભરાયો હતો. જેઓએ આ ધર્મયાત્રા નજરે જોઈ તેઓને માટે આ સદા યાદ રહી જાય એવો જીવનનો એક લહાવો હતો. જાણે સમગ્ર વાતાવરણ જ ભક્તિમય બની ગયું હતું, અને ધર્મભક્તિ અને ગુરુભક્તિથી સૌમાં અંતર તરબોળ અને લાગણીભીનાં બની ગયાં હતાં.

આ ધર્મયાત્રા દરમ્યાન સહધર્મીપણાના સ્નેહના, ધર્મવાત્સલ્યના અને અંતરની ઊછળતી ઊર્મિઓનાં જે દૃશ્યો જોવા મળ્યાં એ કેટલાં બધાં હૃદયસ્પર્શી અને સ્વયંપ્રેરિત હતાં એનો ખરો ખ્યાલ તો એ દૃશ્યોને નજરોનજર જોવાથી જ આવી શકે; એનું વર્ણન શબ્દોથી શું કરી શકાય? આવું જ એક દૃશ્ય જુઓ—

---

## વલ્લભ ગુરુને એક કિયા

વરઘોડો ઝવેરી બજારમાંથી પસાર થાય.
ભજનમંડળીની ધૂન બરાબર જામેલી.
એક વૃદ્ધ એક દિશામાંથી આવ્યા.
બીજા વૃદ્ધ બીજી દિશામાંથી આવી પહોંચ્યા.
બન્નેની ઉંમર સિત્તેર જેટલી તો ખરી જ.
એકે બીજાને પૂછ્યું : આપ કહાંકે હૈં ?
બીજાએ જવાબ આપ્યો : પંજાબકે;
અને પૂછ્યું : આપ કહાંકે હૈં ?
જવાબ મળ્યો : રાજસ્થાનકે.
અને વધુમાં ઉમેર્યું :
હમેં તો વલ્લભગુરુને એક બના દિયા !
અને પછી—
બન્ને વૃદ્ધો તાનમાં આવીને,
હાથમાં હાથ મિલાવીને,
પોતાની જાતને ભૂલીને,
કેટલીય વાર સુધી નાચતા
અને ફેરફૂદરડી ફરતા રહ્યા.
ધર્મસ્નેહની ઊર્મિનું
એ દૃશ્ય ભૂલ્યું કેમ ભુલાય ?

---

આવા તો કંઈક પ્રસંગ-મૌક્તિકોથી આ ધર્મયાત્રા ભવ્ય અને અનુપમ બની હતી.

### સાંસ્કૃતિક કાર્યક્રમ

રાતના સાડા સાતથી સાંસ્કૃતિક-મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રમુખપદ શ્રીયુત રમણુલાલ વાડીલાલ શાહે શોભાવ્યું હતું. શતાબ્દીની ઉજવણીમાં પોતાનો પૂરેપૂરો ફાળો આપવાની આંતરિક ઊર્મિથી પ્રેરાઈને મુંબઈનાં સંખ્યાબંધ મહિલા-મંડળોએ, સંખ્યાબંધ ગામો-શહેરોનાં છોકરા-છોકરીઓએ, ગામ-પરગામની અનેક શિક્ષણ

સંસ્થાઓનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ અને પંજાબનાં ભક્તિપરાયણ ભાઈઓ-બહેનોએ આવા વિવિધ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા આચાર્યશ્રીના ગુણાનુવાદ માટે કેટલી જંગી તૈયારીઓ કરી હતી, તે આ પ્રસંગ ઉપરથી પણ જાણી શકાતું હતું.

બોધપ્રદ નૃત્યનાટિકાઓ, ગરબા, રાસો, ભજન-કીર્તનો, નૃત્યો, સંવાદો જેવા એક એકથી ચડિયાતા પ્રયોગો જોઈને મન જાણે આફરીન પોકારતું હતું.

આ બધા કાર્યક્રમો મનોરંજનના હોવા છતાં એની પાછળ ગુરુભક્તિ, ધર્મપ્રીતિ અને સંસ્કારિતાની પવિત્ર ભાગીરથી વહેતી હતી, એ એની વિશેષતા હતી. કેટલાક પ્રયોગો તો પેટ પકડીને હસાવે એવા હતા, છતાં એમાં અપરસ કે અશ્લિલતાનું નામસુધ્ધાં ન હતું. આ કાર્યક્રમો જોવાનો લાભ ૧૦-૧૨ હજાર પ્રેક્ષકોએ લીધો હતો. આ માટે આટલો વિશાળ મંડપ પણ જાણે સાંકડો બની ગયો હતો અને સેંકડો પ્રેક્ષકોને લાંબા વખત સુધી ઊભા રહેવું પડ્યું હતું. મંડપમાં રાખવામાં આવેલ ચાલવાના માર્ગો ઉપર પણ પ્રેક્ષકો બેસી ગયા હતા. નજરે જોવાથી જ પૂરો ખ્યાલ આવી શકે એવા વિરાટ અને વૈવિધ્યભર્યા આ કાર્યક્રમો હતા.

આ બધા કાર્યક્રમો એવા તો ચોટદાર હતા કે પ્રેક્ષકો મુગ્ધ બનીને એકધારા ૩ા કલાક સુધી જોતા જ રહ્યા, અને રાતના ૧૧ ક્યારે વાગી ગયા એનો કોઈને ખ્યાલ જ રહ્યો નહિ! એક પછી એક રજૂ થતા આ નવા પ્રયોગોએ જાણે પ્રેક્ષકોને એવા વશ કરી લીધા હતા કે સૌને એમ જ થતું હતું કે આ પ્રયોગો ચાલતા જ રહે તો સારુ !

## ત્રીજો દિવસ

### તા. ૨૬-૧૨-૭૦, શનિવાર

### ગુણાનુવાદની સભા

સવારના ૯-૧૫ વાગતાં પૂજ્ય આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજના સાંનિધ્યમાં, સભામંડપમાં, ગુણાનુવાદ સભા યોજવામાં આવી હતી. સભામાં ચતુર્વિધ સંઘની જુદી જુદી વ્યક્તિઓએ આચાર્ય મહારાજના જીવન અને કાર્યનું વર્ણન કરીને આચાર્યશ્રીની શાસન-પ્રભાવનાની અને સમાજ-ઉત્કર્ષની ભાવના અને પ્રવૃત્તિને પોતાની હાર્દિક અંજલિ આપી હતી; અને એ પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની શ્રીસંઘને ભલામણ કરી હતી.

આચાર્ય મહારાજના મંગલાચરણ બાદ સાધ્વીજી શ્રી યશોદાશ્રીજીએ ગુરુભક્તિનું ગીત અને શ્રીયુત રઘુવીરજીએ ભજન ભાવવાહી રીતે રજૂ કર્યું હતું. મુનિરાજ શ્રી ઇન્દ્રવિજયજી ગણિએ આચાર્ય મહારાજને પોતાની અંજલિ આપ્યા બાદ પૂજ્ય સ્વર્ગસ્થ શાસનસમ્રાટ આચાર્યદેવ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પૂજ્ય આચાર્ય શ્રી વિજય-પ્રિયંકરસૂરિજી મહારાજે પ્રવચન કરતાં જણાવ્યું હતું કે જેમ શાસનસમ્રાટ શ્રી વિજય-નેમિસૂરીશ્વરજી મહારાજે તીર્થોદ્ધારનું મહાન કાર્ય કર્યું, અને પૂજ્ય આચાર્ય શ્રી સાગરાનંદ-સૂરીશ્વરજી મહારાજ આગમોદ્ધારનું મોટું કામ કરીને આગમોદ્ધારક કહેવાયા, તેમ આચાર્ય

શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે પંજાબ જઈને ધર્મપ્રભાવના કરેલ, તેથી તેઓ પંજાબ-કેસરી કહેવાયા. અમારા અને એમના સમુદાય વચ્ચે ઘણો સ્નેહસંબંધ હતો.

આ પછી પંજાબ તથા રાજસ્થાનના ભાઈઓ તથા વિદ્યાર્થીઓએ પ્રસંગને અનુરૂપ ગુરુભક્તિનાં ભજનો મધુર અને બુલંદ સ્વરે ગાઈ સંભળાવીને સૌને ભક્તિવિભોર બનાવી દીધા હતા.

મુનિરાજ શ્રી સુરેન્દ્રવિજયજી ગણિ, મુનિરાજ શ્રી પ્રકાશવિજયજી ગણિ, વડોદરા શ્રીસંઘ વતી શ્રી શાંતિચંદ્ર ભગુભાઈ, ઈંદોર શ્રીસંઘ વતી શ્રી રતનચંદજી કોઠારી, કલકત્તા શ્રીસંઘ વતી શ્રી લક્ષ્મીચંદજી કોચર, અંબાલા શ્રીસંઘની વતી લાલા ઋષભદાસજી જૈન, દિલ્લીના પંડિત શ્રી રામકુમારજી જૈન, ફાલના કોલેજના વાઈસ પ્રિન્સીપાલ શ્રી જવાહરચંદ્રજી પટની, બેંગલોર સંઘના કાર્યકર શ્રી જીવરાજભાઈ ચૌહાણ, વરકાણાના શ્રી પાર્શ્વનાથ વિદ્યાલય તરફથી પારસમલજી ઘોકા, ઉત્તર પ્રદેશ જૈન મહાસભાના મંત્રી શ્રી ખૈરાતીલાલજી જૈન, લુધિયાનાની ઓસવાલ મિલવાળા જાણીતા ઉદ્યોગપતિ લાલા ધરમપાલજી ઓસવાલ, જયપુરના શ્રી હીરાચંદજી જૈન, સ્થાનકવાસી સંઘના સાધ્વીજી મહાસતી શ્રી વિનોદિનીબાઈ સ્વામી, સાધ્વીજી શ્રી નયપ્રજ્ઞાશ્રીજી તથા સાધ્વીજી શ્રી મુક્તિશ્રીજીએ આચાર્ય મહારાજના ઉપકારોનું સ્મરણ કરીને તેઓની શિક્ષણપ્રસારની, જૈનોની એકતાની, જૈન સમાજના ઉત્કર્ષની અને લોકકલ્યાણની ભાવનાને ભાવભરી અંજલિ આપી હતી.

## જીવનચરિત્રો વગેરેનું પ્રકાશન

આ રીતે જુદા જુદા વક્તાઓએ આચાર્યશ્રીના ગુણાનુવાદ કરીને એમના જીવન અને કાર્યને અંજલિ અર્પણ કર્યા પછી આચાર્ય મહારાજનાં નીચે મુજબ જીવનચરિત્રોનું પ્રકાશન જુદા જુદા મહાનુભાવોના હાથે કરાવવામાં આવ્યું હતું—

મુંબઈના જૈન અગ્રણી શ્રીયુત ફૂલચંદભાઈ શામજીએ રતિલાલ દીપચંદ દેસાઈએ લખેલ 'સમયદર્શી આચાર્ય' નામે ગુજરાતી પુસ્તકનું પ્રકાશન કર્યું હતું.

જાણીતા આર્કિટેકટ શ્રીયુત મણિલાલ ચુનીલાલ ભણસાળીએ પ્રો. શ્રી જવાહરચંદ્રજી પટણીએ લખેલ 'The Life of a Saint' નામે અંગ્રેજી પુસ્તકનું પ્રકાશન કર્યું હતું.

ડૉ. પદ્મરામજી સિંગવીના હાથે પ્રો. શ્રી જવાહરચંદ્રજી પટણી લિખિત 'દિવ્ય જીવન' નામે હિંદી પુસ્તકનું પ્રકાશન આજે થવાનું હતું; પણ પુસ્તક સમયસર તૈયાર થઈ શકેલ ન હોવાથી એ અંગેની માહિતી સજૂ કરવામાં આવી હતી.

આ ઉપરાંત અંબાલાની શ્રી આત્માનંદ જૈન કોલેજ તરફથી "આત્માનંદ", બિકાનેરનીશ્રી વિજયવલ્લભરીલીફ સોસાયટીએ "વલ્લભસંદેશ", શ્રી નાજરચંદ જૈને "હજારોં સીપ, એક મોતી" તથા આગરાની 'શ્રી વલ્લભ શતાબ્દી સ્મારિકા"નું પ્રકાશન કરવામાં આવ્યું હતું. અને શ્રી મેઘરાજજી મહેતાએ 'ગુરુભક્તિ કે ગીત' નામે પુસ્તક અને શ્રી દિલઆતમપ્રકાશ જૈને 'સુમનાંજલિ' નામે પુસ્તક પૂજ્ય આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજને અર્પણ કર્યું હતું. અને એ રીતે આ ગુણાનુવાદની સભાનો કાર્યક્રમ પૂરો થયો હતો.

## શાકાહાર સમ્મેલન

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ એક લોકકલ્યાણના ચાહક જૈનાચાર્ય હતા અને માંસ મદિરાની બદી માનવીનું કેટલું બધું પતન કરે છે તે તેઓએ પંજાબ વગેરે ક્ષેત્રોમાં પ્રત્યક્ષ જોયું હતું. તેથી તેઓ જનસમૂહને માંસ-મદિરા તથા બીજા વ્યસનોથી મુક્ત થવાનો હમેશાં ઉપદેશ આપતા રહ્યા. એમની આ ભાવનાને સજીવન કરવા એમની જન્મશતાબ્દીની ઉજવણીના વિવિધ કાર્યક્રમોમાં શાકાહાર સંમેલનનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ સમ્મેલન આજે મુંબઈની શ્રી જીવદયા મંડળી, ઇન્ડિયન વેજીટેરીયન કોંગ્રેસ, ઇન્ટરનેશનલ વેજીટેરિયન યુનિયન, બોમ્બે વેજીટેરિયન સોસાયટી, દિલ્હીની જનકલ્યાણ સમિતિ તથા બીજી સંસ્થાઓના સહકારથી યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે આ સમ્મેલન બે હેતુથી યોજવામાં આવ્યું હતુ : એક તો સ્વ૦ આચાર્ય મહારાજને પ્રાણીરક્ષાનાં કાર્યોમાં જીવંત રસ હતો અને તેઓના ઉપદેશથી સંખ્યાબંધ માણસોએ માંસ મદિરાનો ત્યાગ કર્યો હતો. અને બીજો મહત્ત્વનો અને મુખ્ય હેતુ એ હતો કે અત્યારે આપણા દેશના પરંપરાગત શાકાહારી સમાજોમાં પણ ધીમે ધીમે, એક યા બીજા રૂપે, બિનશાકાહાર તરફી વલણ વધતું જાય છે. અને જેમાં હિંસા રહેલી છે એવાં ઈંડાં, ચરબી (મટન ટેલો), માછલીનું તેલ તેમ જ પ્રાણીજન્ય દવાઓનો છૂટથી ઉપયોગ કરવાની વૃત્તિ અને પ્રવૃત્તિ વેગ પકડતી જાય છે, તેની સામે લોકમત જાગૃત કરવાની જરૂર છે. સમ્મેલનમાં મુંબઈના તથા બહારગામના પ્રતિનિધિઓ ઘણી સારી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સમ્મેલનના પ્રમુખ તરીકે મહારાષ્ટ્ર લેજીસ્લેટીવ કાઉન્સીલના અધ્યક્ષ માનનીય શ્રી વી. એસ. પાગે અને અતિથિવિશેષ તરીકે પદ્મભૂષણ આયુર્વેદચક્રવર્તી, પંડિત શ્રી શિવશર્મા એમ. પી. પધાર્યા હતા.

પ્રારંભમાં જાણીતા જૈન આગેવાન, હાલના મુંબઈના શેરીફ તથા મુંબઈ શ્રી જીવદયા મંડળીના ઉપપ્રમુખ શ્રી શાદીલાલજી જૈને, શ્રીમાન પાગે સાહેબ તથા અતિથિવિશેષ આયુર્વેદચક્રવર્તી પંડિત શ્રી શિવશર્મા તથા જીવદયાના હિમાયતી અન્ય વિદ્વાન વક્તાઓનું તથા બહારથી આવેલા અતિથિઓ અને સભાજનોનું હાર્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે ગુરુમહારાજે માત્ર જૈનોના જ નહિ પણ સમગ્ર માનવજાતિના કલ્યાણના સાધન તરીકે અહિંસાને જીવનમાં ઉતારવાનો આદેશ આપ્યો હતો તેમની જન્મશતાબ્દી વખતે આપણે ફરી વખત જીવનમાં બને તેટલી અહિંસા પાળવાનું વ્રત લઈએ, એ આચાર્યશ્રીને ભવ્ય અંજલિ ગણાશે. તેમણે વિશેષમાં જણાવ્યું હતું કે આજે જ્યારે વિલાયત-અમેરિકા જેવા પાશ્ચાત્ય દેશોમાં પણ લોકો અહિંસક જીવનક્રમ અપનાવવા લાગ્યા છે ત્યારે ભારતવાસીઓએ તેમની શાકાહારની ઉત્તમ ટેવ છોડવી ન જોઈએ. ખાસ કરીને જૈન સાધુ મુનિરાજો અને જૈન જનતાએ તે અંગે પ્રચાર કરવો જોઈએ.

શ્રી મુંબઈ જીવદયા મંડળીના અધ્યક્ષ શ્રી ગણપતિશંકર દેસાઈએ મંડળી તરફથી હિંદ અને હિંદ બહારના શાકાહારના પ્રચાર માટે થતા વ્યાપક પ્રયાસોનો સમ્મેલનને ખ્યાલ

આપ્યો હતો. તથા ઈન્ટરનેશનલ વેજીટેરીયન યુનીયન દ્વારા ભરાતા વિશ્વ શાકાહાર પરિષદનાં અધિવેશનો, જીવદયા મંડળી અને અન્ય સંસ્થાઓ દ્વારા, સને ૧૯૫૭માં અને ૧૯૬૮માં આપણે ત્યાં પણ ભરાયાં હતાં અને તેથી ભારતમાં પણ ઈન્ડીયન વેજીટેરિયન કોંગ્રેસની સ્થાપના થઈ છે અને તેની અનેક શાખાઓ શાકાહાર અંગે પ્રચાર કરે છે એ માહિતી આપીને તેઓએ આજના સમ્મેલનના પ્રમુખ શ્રી પાગેજીનો પરિચય આપ્યો હતો.

પ્રાણીમિત્ર શ્રી જયંતીલાલભાઈ માન્કરે પૂજ્ય આચાર્યશ્રીએ તેમના જીવન દરમ્યાન મુંબઈ જીવદયા મંડળીની શાકાહાર, પ્રાણીકલ્યાણ અને અભયદાનની પ્રવૃત્તિને આપેલ સહકારનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે જ્યારે શ્રીમતી રુક્મિણી દેવીએ પાર્લામેન્ટમાં પ્રાણીઓ પ્રત્યે ગુજરતું ઘાતકીપણું અટકાવવા માટેના કાયદાનો ખરડો રજૂ કર્યો ત્યારે, જોકે તે કાયદામાં પ્રાણીઓની કતલ અટકાવવાની જોગવાઈ ન હતી છતાં, પૂજ્ય આચાર્યશ્રીએ તેનું સમર્થન કરી જનમત કેળવવામાં ખૂબ સહકાર આપ્યો હતો. અંતમાં તેઓએ અતિથિ-વિશેષ પંડિત શ્રી શિવશર્માજીની ઓળખાણ આપી હતી.

પંડિત શ્રી શિવશર્માજીએ પોતાનું વક્તવ્ય રજૂ કરતાં જણાવ્યું કે શાકાહાર એ માત્ર ખોરાકનો વિષય નથી, વાસ્તવિક રીતે વિશ્વના જીવનક્રમનો આધાર વેજીટેબલ કિંગડમ અને વનસ્પતિ પર છે. વનસ્પતિ એ પ્રાણીમાત્રને જીવવા માટે જરૂરી એવા પ્રાણવાયુના ઝરાઓ છે. અને તે પ્રાણીઓના વ્યવહારથી ફેલાતી કારબન જેવી ઝેરી વસ્તુને પચાવે છે. ખેતીનો વિકાસ પણ વનસ્પતિ, સેન્દ્રીય ખાતર, કચરાના પરિવર્તનથી મળતાં ખાતરો પર આધાર રાખે છે. કમભાગ્યે આજે પ્રાણવાયુના ઝરારૂપ ઝાડપાન, વનસ્પતિનો નાશ થાય છે, અને બીજી બાજુ પાકના રક્ષણને બહાને અને હવાની શુદ્ધતાને બહાને ઝેરી દવાઓ છંટાય છે અને તેમાંથી નીપજતાં અનાજ ફળફળાદિમાં પણ એ ઝેરી તત્ત્વો દાખલ થાય છે. જે જાનવરો એ ઝેરી તત્ત્વોવાળી વનસ્પતિ પર જીવે છે, તેના માંસમાં એ તત્ત્વો દાખલ થઈ રોગ પેદા કરે છે. શરીરની રચનાની દૃષ્ટિએ મનુષ્ય શાકાહારી પ્રાણી છે. શાકાહાર તેને માટે પથ્ય છે, જ્યારે માંસાહાર કુપથ્ય હોઈ તંદુરસ્તીને બગાડે છે. ઈઝરાઈલમાં એક એમીરીન નામનું આખું ગામ શાકાહારી છે, એટલું જ નહિ, પણ તેમની ખેતી સેન્દ્રીય રીતે થતી હોવાથી તેનાં અન્ન ફળ શુદ્ધ રહે છે. ભારતે પણ તે રીતો અખત્યાર કરવામાં જ જનતાનું કલ્યાણ છે.

ડૉ. જસાવાલાએ નિસર્ગોપચારની દૃષ્ટિએ શાકાહારનું મહત્ત્વ સમજાવ્યું હતું અને નીરોગી રહેવા માટે જે ખોરાક શરીર પચાવી શકે અને તેમાંથી શક્તિ પેદા કરી શકે તે લેવાની સલાહ આપી હતી. દસ્તુર માનો ચહેર હમિજીએ પારસી ધર્મની દૃષ્ટિએ પણ શાકાહારના માનસિક લાભો તરફ ધ્યાન ખેંચ્યું હતું તથા ગીતામાં બતાવેલ સાત્ત્વિક આહારનું સમર્થન કર્યું હતું. મેજર સોરાબ બામજીએ જૈનોની ખોરાકની આદતોની પ્રશંસા કરી જણાવ્યું હતું કે જ્યારે શોષણ અને હિંસાઓ પાપ છે, ત્યારે જે જાનવરોને મનુષ્ય જેટલો જ જીવનનો અધિકાર છે, તેમનો જીવ લેવો એ મોટું શોષણ છે અને વધ સમયની તેમની કદુવા તેમના માંસના ખોરાક દ્વારા ખાનારાઓને ભોગવવી પડે એ દેખીતું છે. મીરા એજ્યુકેશન ટ્રસ્ટના મંત્રી શ્રી ગંગારામજીએ સાધુ વાસવાણીએ અહિંસા

અને પ્રાણીદયાને શિક્ષણના એક અંગ તરીકે અપનાવેલ છે તેની વિગતો આપી હતી અને દરેક શિક્ષણ સંસ્થાઓએ બાળકોમાં, બાલ્યાવસ્થાથી જ અહિંસા, કરુણા સક્રીય બને તેવા પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

માનનીય શ્રી પાગેજીએ પૂજ્ય આચાર્યશ્રીના માનવતાના પ્રયાસોને અંજલિ આપીને જણાવ્યું હતું, કે મનુષ્યનો યોગ્ય ખોરાક અન્ન, ફળ અને શાકનો છે. ખોરાકનો પ્રશ્ન વિશ્વની દૃષ્ટિએ વિચારવો પડશે, કેમ કે ખોરાક-ઉત્પાદનનાં સાધનો મર્યાદિત છે, જ્યારે વસતી વધે છે અને જ્યાં વસતી વધે છે, ત્યાં ખોરાક-ઉત્પાદનનાં સાધનો ઓછાં પડે છે. વળી, સમાજવાદની દૃષ્ટિએ, પ્રજાનો એક ભાગ ભૂખે મરે અને શ્રીમંત વર્ગ માલમલીદા ખાય એ પણ લડાઈ-ઝઘડાનું કારણ છે. નૈતિક દૃષ્ટિએ બીજાને મારીને જીવવું એ પાપ છે, જ્યારે જીવો અને જીવવા દોના સિદ્ધાંતમાં સલામતી રહેલી છે.

પૂજ્ય આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજીએ સમારંભ માટે મંગળ કામનાઓ મોકલી હતી. પૂજ્ય મુનિ શ્રી જનકવિજયજીએ જણાવ્યું હતું કે જે જૈનો માટે કલ્યાણકારી છે, તે અન્ય મનુષ્યો માટે પણ એટલું જ કલ્યાણકારી છે, એ પાયાની વાત સમજીને પૂજ્ય આચાર્યશ્રીએ જૈન-જૈનેતરોમાં અહિંસાની દૃષ્ટિ ખીલવવા માટે વ્યાવહારિક, સામાજિક અને કેળવણી વિષયક પ્રશ્નો ઉપાડી લીધા હતા. તેનાં પરિણામો આપણી નજર સામે છે. શાકાહાર નૈતિક અને ધાર્મિક બન્ને દૃષ્ટિએ સર્વોત્તમ છે, તેમાં સંદેહ નથી. આર્થિક દૃષ્ટિએ જોતાં વિશ્વના તમામ દેશોએ ભવિષ્યમાં શાકાહાર અપનાવવો પડે એવી પરિસ્થિતિ છે. ખોરાક તો પ્રાણીમાત્ર માટે જમીનમાંથી મેળવવાનો છે, એટલે જમીનમાં જે ચીજ વધુ પેદા કરી શકાય અને જેનાથી વધુ મનુષ્યો અને પ્રાણીઓને પોષણ આપી શકાય, તે રીતે જ જમીનનો ઉપયોગ કરવામાં ડહાપણ છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ શાકાહાર એ જ મનુષ્યનો યોગ્ય ખોરાક છે. તેથી વિશ્વના ખોરાકના પ્રશ્નો હલ કરવાનો તથા વિશ્વવિગ્રહનો ભય ટાળવાનો ઉપાય શાકાહારી જીવનપદ્ધતિમાં રહેલો છે.

## સાંસ્કૃતિક કાર્યક્રમ

ગઈકાલની જેમ આજે પણ રાતના સાડા સાત વાગતાં મનોરંજન કાર્યક્રમ શરૂ થયો હતો. આ સાંસ્કૃતિક-મનોરંજન કાર્યક્રમનું પ્રમુખપદ પંજાબના શ્રી દેવરાજજી જૈને શોભાવ્યું હતું. ગઈ કાલના વિવિધ કાર્યક્રમોની પ્રશંસા સાંભળીને આજે પ્રેક્ષક ભાઈઓ-બહેનો એટલી મોટી સંખ્યામાં આવ્યાં હતાં કે ક્યારેક તો જનસમૂહના વધતા જતા ધસારાને કાબૂમાં રાખવાનું બહુ મુશ્કેલ બની ગયું હતું. ગઈકાલની જેમ આજના બધા જ કાર્યક્રમો પ્રેક્ષકોને વશ કરી રાખે એવા આકર્ષક અને સ્વ. આચાર્યશ્રી પ્રત્યેની ઊંડી ભક્તિનું દર્શન કરાવે એવા ભાવભર્યા હતા. આ કાર્યક્રમો રજૂ કરનારાંઓમાં નાની ઉંમરનાં બાળકોથી લઈને મોટી ઉંમરનાં ભાઈઓ-બહેનોનો સમાવેશ થતો હતો. સૌની તૈયારી અને સૌનો હર્ષોલ્લાસ ખરેખર, જોવા જેવો અને ઉત્સાહ જગાડે એવો હતો. ન માલૂમ, ભાવિક જનો કેવી કેવી તૈયારીઓ કરીને પોતાના ઉપકારી ગુરુદેવના ચરણે ભક્તિનું અર્ઘ્ય અર્પણ કરવા આવ્યા હતા!

# ચોથો–છેલ્લો દિવસ

## તા. ૨૭-૧૨-૧૯૭૦, રવિવાર

## સમારોહની મુખ્ય સભા

સવારના ૯–૧૫ વાગતાં, વિજયવલ્લભનગરના વિશાળ સભામંડપમાં, સ્થાનકવાસી જૈન સંઘના અગ્રણી, જૈન સંઘના તથા ભારત જૈન મહામંડળના દીર્ઘદર્શી અને ઉદાર-મના કાર્યકર તથા મુંબઈના શેરીફ શ્રી શાદીલાલજી જૈનના પ્રમુખપદે જન્મશતાબ્દી મહોત્સવની મુખ્ય સભા મળી હતી. સભામાં આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ, આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ વગેરે શ્રમણસમુદાય તથા આચાર્યશ્રીનાં આજ્ઞાવર્તી સાધ્વીજી મહારાજોએ વિશાળ સંખ્યામાં હાજર રહીને આ અવસરને વિશેષ ગૌરવશાળી બનાવ્યો હતો.

આ મુખ્ય સમારોહમાં મુંબઈના બધા જૈન ફિરકાના જૈન અગ્રણીઓ શેઠ શ્રી લાલચંદ હીરાચંદ, શ્રી ખુશાલભાઈ ખેંગાર, શ્રી પ્રતાપભાઈ ભોગીલાલ, શ્રી હીરાલાલ એલ. શાહ, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી દુર્લભજીભાઈ ખેતાણી, શ્રી ઋષભદાસજી રાંકા વગેરેએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. અને બહારગામના જૈન આગેવાનો મદ્રાસના શ્રી માણેકચંદજી બેતાલા, પંજાબ શ્રી આત્મનંદ જૈન મહાસભાના પ્રમુખ શ્રી લાલા રતનલાલજી જૈન એમ. પી. તથા પંજાબના અનેક આગેવાનો, બીકાનેરના શ્રી રામરતનજી કોચર, બેંગલોરના શ્રી જીવરાજભાઈ ચૌહાણ, માલેગામના શ્રી મોતીલાલ વીરચંદ શાહ, પૂનાના શ્રી પોપટલાલ રામચંદ શાહ વગેરે પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આચાર્ય મહારાજના મંગલાચરણ અને બાળાઓના સ્તુતિગાન બાદ જન્મશતાબ્દી સમિતિના મંત્રી શ્રી જયંતીલાલ રતનચંદ શાહે સૌને આવકાર આપ્યો હતો; અને સમિતિની સ્થાપનાથી લઈને તે અત્યાર સુધીની કાર્યવાહીનો સવિસ્તર અહેવાલ રજૂ કર્યો હતો. અને આ પ્રસંગને આટલો સફળ બનાવવા માટે અને આટલી મોટી સંખ્યામાં પંજાબથી તથા અન્ય સ્થાનોમાંથી તકલીફ લઈને મુંબઈ પધારવા માટે સૌને હાર્દિક આવકાર આપીને બધાનો આભાર માન્યો હતો.

### જન્મશતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ

**વિશેષમાં, તેઓએ શતાબ્દી સમિતિના પ્રયાસથી અને મુંબઈ તેમ જ બહારગામના ભાઈઓના સહકારથી, આ સમારોહની ઉજવણીમાં થયેલ સમાજ-ઉત્કર્ષ માટેના રચનાત્મક અને નક્કર કાર્યરૂપે, અર્થાત્ શતાબ્દી મહોત્સવની મુખ્ય ફલશ્રુતિરૂપે, ત્રણ હજાર રૂપિયાનો એક,એવા ૩૪૩ જેટલા ટ્રસ્ટસ્કોલરો કુલ ૨૫૦ દાતાઓ તરફથી મળ્યાની,* એટલે કે "આચાર્યશ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી જન્મશતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ"માં દસ લાખ રૂપિયા કરતાં વધુ રકમનાં વચનો મળ્યાની જાહેરાત સૌના હર્ષનાદ વચ્ચે કરી હતી. અને આ માટે કાર્યકરો તથા ટ્રસ્ટદાતાઓ પ્રત્યે ઊંડી કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી.**

---

* બધા ટ્રસ્ટદાતાઓની યાદી પરિશિષ્ટ ૧ માં આપવામાં આવી છે.

**સમિતિના** મંત્રી શ્રી પ્રાણુલાલભાઈ દોશીએ સંદેશાઓનું વાચન કર્યું હતું. તેમાં ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન માનનીય શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈનો સંદેશો શતાબ્દી મહોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે વાંચી સંભળાવવામાં આવ્યો હતો; આ ઉપરાંત આચાર્ય શ્રી વિજયનંદનસૂરિજી, આ. શ્રી વિજયધર્મસૂરિજી, આ. શ્રી વિજયપૂર્ણાનંદસૂરિજી, આચાર્ય શ્રી વિજયવિકાસચંદ્રસૂરિજી, મુનિ શ્રી સંતબાલજી, મુનિ શ્રી પદ્મસાગરજી, સાધ્વીજી શ્રી સુનંદાશ્રીજી, સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી, શ્રી પી. આર. કામાણી, શ્રી વલ્લભદાસ મરીવાલા, શ્રી કે. જે. સોમૈયા, ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ, શ્રી હીરાચંદજી બાફણા, શ્રી રતિલાલ નાથાલાલ શેરદલાલ, શ્રી રતનચંદજી સચેતી વગેરેના મુખ્ય હતા. ઉપરાંત, જુદાં જુદાં શહેરો-ગામોના સંઘો તથા સદ્‌ગૃહસ્થો તરફથી તાર તથા કાગળોરૂપે સંખ્યાબંધ સંદેશાઓ આવ્યા હતા.

સભામાં બાલમુનિ શ્રી ધર્મધુરંધરવિજયજીએ કવિતા સંભળાવી હતી; અને ઊગતી ઉંમરના મુનિઓ શ્રી નિત્યાનંદવિજયજી, ગુણશેખરવિજયજી તથા જયાનંદવિજયજીએ તથા સાધ્વીજી શ્રી મૃદુતાશ્રીજીએ સ્વ. આચાર્યશ્રીને પોતાની કાવ્યમય શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તે પછી મુનિ શ્રી વલ્લભદત્તવિજયજી, મુનિ શ્રી જયવિજયજી, મુનિ શ્રી બલવંતવિજયજી, મુનિ શ્રી જિતેન્દ્રવિજયજી, મુનિ શ્રી પદ્મવિજયજી, મુનિ શ્રી ન્યાયવિજયજી, મુનિ શ્રી જનકવિજયજી ગણિ તથા સ્થાનકવાસી સંઘના વિદ્વાન વિચારક મુનિ શ્રી વિજયમુનિ શાસ્ત્રીએ પોતાના અંતરના ભાવોને વ્યક્ત કરીને આચાર્ય મહારાજને અંજલિ આપી હતી; અને તેઓના પગલે ચાલીને સમાજઉત્કર્ષનાં તેઓનાં કાર્યોને આગળ વધારવાનો જૈન સંઘને અનુરોધ કર્યો હતો.

આ ઉપરાંત પંજાબની શ્રી આત્માનંદ જૈન મહાસભાના પ્રમુખ લાલા રતનલાલજી જૈન એમ. પી., મહાસભાના ઉપપ્રમુખ પ્રો. પૃથ્વીરાજજી જૈન, શ્રી રામરતનજી કોચર, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, શ્રી દુર્લભજીભાઈ ખેતાણી, જમ્મુના શ્રી વિજયસેનજી, મહિદપુર જૈન સંઘના મંત્રી શ્રી માણેકલાલજી નવલખા વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કરીને સ્વ. આચાર્યશ્રીના જીવન અને કાર્યની પ્રશંસા કરીને અત્યારે આવાં કાર્યો મોટા પાયા ઉપર હાથ ધરવાની કેટલી જરૂર છે તે સમજાવ્યું હતું. કેટલાક મહાનુભાવોએ સભામાં ભજન-કીર્તન દ્વારા પોતાની ભક્તિ વ્યક્ત કરી હતી.

સભામાં પંજાબ જૈન સંઘના આગેવાનોએ આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજને લાગણીભીના શબ્દોમાં પંજાબ પધારવાની આગ્રહભરી વિનંતિ કરી હતી. આ હૃદયસ્પર્શી દૃશ્ય ભૂલ્યું ભુલાય એવું નથી.

## શ્રી મહાવીર નગરની યોજના

**ઉપરાંત, આચાર્ય મહારાજની જન્મશતાબ્દીની ઉજવણીની એક બીજી ફળશ્રુતિરૂપે શ્રી શાંતિલાલ મગનલાલ શાહે, સૌના હર્ષનાદો વચ્ચે, જાહેર કર્યું હતું કે જૈન સંઘના મધ્યમ વર્ગ માટે એક હજાર બ્લોકો (મકાનો) બાંધી શકાય એવી શ્રી મહાવીરનગરની યોજનાને મૂર્તરૂપ આપવાની યોજના આકાર લઈ રહી છે, અને એ માટે કાંદીવલીમાં મોકાસરની જમીન ખરીદવા સંબંધી બાનાખત થઈ ગયું છે.** તેથી પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી

મહારાજ ગોળ-ખાંડ, બધી મીઠાઈ અને ભાતાનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા ઉપર આજથી ઊતરવાના હતા, તે બંધ રહી શકી છે, તે આપણા માટે આનંદની વાત છે. આ કામ ગોડીજીના ટ્રસ્ટી શ્રી લક્ષ્મીચંદ દુલભજી તથા શતાબ્દી સમિતિના પ્રમુખ શ્રી પોપટભાઈ ભીખાચંદ વગેરેના પ્રયાસોથી પાર પડી શક્યું છે.

પ્રમુખસ્થાનેથી બોલતાં લાલા શ્રી શાદીલાલજીએ જૈન સમાજની વર્તમાન સ્થિતિની છણાવટ કરીને જૈનોની એકતાની મહત્તા અને જરૂર તરફ સૌનું ધ્યાન દોર્યું હતું. વિશેષમાં તેઓએ કહ્યું કે એકતા અને સમાજ-ઉત્કર્ષ જેવાં કાર્યોમાં આચાર્ય શ્રી વિજય-વલ્લભસૂરિજી મહારાજનાં કાર્યો અને જીવન ખૂબ પ્રેરક અને માર્ગદર્શક બની શકે એવાં છે. સાચે જ, તેઓએ યુગની માંગને પૂરી કરી શકે એવાં એવાં સમાજઉત્કર્ષનાં અનેક કાર્યો કરીને પોતાના જીવનને રોશન કર્યું હતું. આ જન્મશતાબ્દીની આવી શાનદાર ઉજવણી કરીને જૈન સમાજે નવો ઇતિહાસ રચ્યો છે. વિદ્યાર્થીઓ માટે દસ લાખ જેવી રકમ એકત્ર કરવા માટે શ્રી જયંતીલાલ રતનચંદ શાહ, શ્રી પન્નાલાલ વોરા, શ્રી પોપટભાઈ વગેરેને સૌના ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે.

અંતમાં, આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજે પ્રવચન કરતાં, લાગણીભર્યા શબ્દોમાં, ગુરુદેવના પગલે ચાલીને મધ્યમ વર્ગના ઉત્કર્ષ માટે વિશેષ પ્રયત્ન કરવા અને એની મુશ્કેલીમાં દરેક પ્રકારની સહાય કરવાનો જૈન સંઘને અનુરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે ધર્મના અનુયાયીઓ હશે તો જ ધર્મ ટકી શકશે; અને અનુયાયીઓ નબળા હશે તો ધર્મ અને સંઘ પણ નબળો થઈ જશે. ગુરુદેવ આ વાત બરાબર જાણતા હતા અને તેથી જ તેઓ દિન-રાત આ માટે ચિંતા અને પ્રયત્ન કરતા રહેતા હતા. આપણે પણ ગુરુદેવની આ ભાવના સદા ધ્યાનમાં રાખવાની છે. એમાં સંઘ, સમાજ અને ધર્મ બધાનું ભલું રહેલું છે. તમે સૌ ભાગ્યશાળીઓ આ વાત બરાબર સમજો અને આ મહોત્સવને સફળ બનાવો એવી મારી હાર્દિક ભાવના છે.

આભારનિવેદન અને સર્વ મંગલ બાદ મુખ્ય સભાનો કાર્યક્રમ ઉલ્લાસભર્યા વાતા-વરણમાં પૂરો થયો હતો.

## આભાર-નિવેદનનો વિશેષ કાર્યક્રમ

શતાબ્દી સમારોહના નિશ્ચિત કાર્યક્રમ ઉપરાંત આજે બપોરના ૩ વાગતાં પંજાબ તથા અન્ય સ્થાનોથી જન્મશતાબ્દીની ઉજવણીમાં ભાગ લેવા માટે પધારેલા મહેમાનો પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરવાનો ખાસ સમારંભ રાખવામાં આવ્યો હતો. કુટુંબમિલન જેવા હર્ષ, ઉલ્લાસ અને આત્મીયતાભર્યા આ સમારંભનું પ્રમુખપદ મદ્રાસ જૈન સંઘના અગ્રણી અને જાણીતા દાનપ્રેમી મહાનુભાવ શેઠ શ્રી માણેકચંદજી બેતાળાએ સંભાળ્યું હતું. આ પ્રસંગે શ્રી વસુમતીબહેને ગુરુઅષ્ટકનું ગાન કર્યું હતું અને અનેક વક્તાઓએ પોતાની લાગણી વ્યક્ત કરીને આચાર્યશ્રીને અંજલિ આપવા સાથે આ સમારોહ આવી શાનદાર રીતે ઊજવાયો તે અંગે પોતાની ખુશાલી વ્યક્ત કરી હતી.

આ જન્મશતાબ્દી મહોત્સવની ઉજવણી માટે ૭૫ ઉપરાંત શહેરોના સંઘોના અગ્રણીઓ અને પ્રતિનિધિઓ પધાર્યા હતા. તેમાંના મોટા ભાગના અગ્રણીઓને ફૂલના હારો અર્પણ

કરીને સૌનું બહુમાન કરવામાં આવ્યું હતું. બહારગામથી પધારેલા મહેમાનોએ પણ આવડા મોટા સમારોહને સફળ બનાવવા માટે શતાબ્દી સમિતિએ કરેલ નમૂનેદાર વ્યવસ્થા તથા ઉઠાવેલ અપાર જહેમત અંગે પોતાની હાર્દિક પ્રસન્નતા દર્શાવીને સૌનો લાગણીભીના શબ્દોમાં આભાર માન્યો હતો.

## સાંસ્કૃતિક કાર્યક્રમ

આજના છેલ્લા દિવસના સાંસ્કૃતિક–મનોરંજન કાર્યક્રમમાં કોઈ બાકી રહી જવા ન પામે અને સૌને પોતાનું અર્ઘ્ય અર્પણ કરવાનો અવસર મળે એનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો હતો. તેથી આજનો કાર્યક્રમ સાંજના ૭ થી તે રાતના સાડાબાર વાગતાં સુધી ચાલુ રહ્યો હતો. અને એમાં મુંબઈના તથા બહારગામના હજારો પ્રેક્ષકોએ હાજરી આપી હતી. આજના કાર્યક્રમનું પ્રમુખપદ શ્રીયુત કાંતિલાલ ચુનીલાલ ચોકસીએ શોભાવ્યું હતું. આજના કાર્યક્રમો પણ એકને જોઈએ અને એકને ભૂલીએ એવા વૈવિધ્યભર્યા, હૃદયસ્પર્શી, મનોરંજક, સુંદર અને બોધકપ્રદ હતા. આના ઉપરથી મુંબઈની તેમ જ બહારગામની સંસ્થાઓએ આ પ્રસંગની શાનદાર ઉજવણી માટે ભાવભરી કેટલી કેટલી તૈયારીઓ કરી હતી તે દેખાઈ આવતું હતું.

આજ રાતના આ કાર્યક્રમમાં શતાબ્દીની ઉજવણીની નાની પણ **નોંધપાત્ર ફળશ્રુતિ** લેખી શકાય એવી બે બાબતોની નોંધ લેવી ઘટે છે :

(૧) મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયે, જન્મશતાબ્દી નિમિત્તે, આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજની પૂરા કદની ઊભી રંગીન છબી જાણીતા ચિત્રકાર શ્રી ગોકુલદાસભાઈ કાપડિયા પાસે તૈયાર કરાવી હતી, જે સભાના વિશાળ મંચ ઉપર મૂકવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમ્યાન આ છબી ઉપર પોતાનું નામ લખાવીને વિદ્યાલયને ભેટ આપવાની ઉછામણી બોલાવવામાં આવતાં ખીમેલવાળા શેઠ શ્રી ઉમેદમલજી રાજાજીએ એકવીસ હજાર રૂપિયા બોલીને એ આદેશ લીધો હતો.

(૨) શેઠ શ્રી ઉમેદમલજી રાજાજીએ આ પ્રસંગે ફાલનાની શ્રી પાર્શ્વનાથ ઉમેદ કોલેજને દશ હજાર રૂપિયાની સખાવતની જાહેરાત પણ કરી હતી.

ત્રણ દિવસ સુધી ચાલેલા આ વિશાળ અને હૃદયસ્પર્શી મનોરંજન કાર્યક્રમો દરમ્યાન ભક્તિભાવની સરિતા રેલાવનાર બે ભાવનાશીલ સંગીતકાર મહાનુભાવોની હૃદયસ્પર્શી કળાને પણ અહીં યાદ કરવી જોઈએ :

આજના કાર્યક્રમમાં જાણીતા ગુરુભક્ત, પંજાબ સંઘના લાડકવાયા અને સંગીતકળાનિપુણ લાલા ઘનશ્યામજીએ આચાર્યશ્રીના જીવનને લગતું પોતે રચેલું કાવ્ય બુલંદ, મધુર અને દર્દભર્યા કંઠે એકાદ કલાક સુધી એકધારું સંભળાવીને પ્રેક્ષકોનાં અંતર લાગણીભીનાં બનાવી દીધાં હતાં. આગલા બન્ને દિવસોના કાર્યક્રમોમાં પણ તેઓએ એવા જ હૃદયસ્પર્શી ભક્તિરસનું સૌને પાન કરાવ્યું હતું.

સમારોહના પહેલા દિવસે જાણીતા કાવ્યકાર અને સંગીતકાર શ્રી શાંતિલાલભાઈ શાહે આચાર્યશ્રીનો જીવનસંદેશ સમજાવતું પોતે રચેલું કાવ્ય સુમધુર કંઠે સંભળાવ્યું હતું. એ પણ એવું જ અસરકારક, મધુર અને કામણગારું હતું.

સમારોહની સભાઓનું સંચાલન સમિતિના મંત્રીઓ શ્રી જયંતીલાલ રતનચંદ શાહ તથા શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડાએ અને મનોરંજન કાર્યક્રમોનું સંચાલન સમિતિના બીજા બે મંત્રીઓ શ્રી પ્રાણલાલ કાનજીભાઈ દોશી તથા શ્રી મદનલાલ ઠાકોરદાસ શાહે સંભાળ્યું હતું.

ત્રણે દિવસના મનોરંજનના કાર્યક્રમોમાં સંખ્યાબંધ કાર્યક્રમોને પ્રેક્ષકો અને આગેવાનોએ સારાં સારાં ઈનામો આપીને એની કદર કરી હતી.

છેલ્લે દિવસે રાત્રે પાંચ કલાક સુધી મનોરંજન કાર્યક્રમ ચાલુ રાખવા છતાં અને પોતાની કળાકૃતિ રજૂ કરવાની સૌકોઈને તક મળે એની પૂરી ચીવટ રાખવા છતાં કેટલાય કાર્યક્રમો બાકી રહી ગયા હતા, એ બીના ઉપરથી પણ આ માટે દેશભરની સંસ્થાઓએ કેવો ઊંડો અને હાર્દિક ઉત્સાહ અને રસ દાખવ્યો હતો અને કેટલા મોટા પાયા ઉપર તૈયારીઓ કરી હતી તે સમજી શકાય છે.

આ કાર્યક્રમની પૂર્ણાહુતિ સાથે જન્મશતાબ્દી મહોત્સવની પણ સુખદ, આનંદપ્રદ, સંતોષકારક પૂર્ણાહુતિ થઈ હતી. અને સૌ એક યાદગાર અને ઐતિહાસિક ધર્મપ્રસંગની સુમધુર સ્મૃતિ સાથે વીખરાયાં હતાં.

卐

## જન્મશતાબ્દીની ઉજવણી અંગે થોડીક નોંધપાત્ર બાબતો

**બે પરિચય-પુસ્તિકાઓ**—જન્મ શતાબ્દીની ઉજવણીનો સમાજમાં પ્રચાર કરવા માટે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના ઉદાત્ત જીવન અને કાર્યનો સંક્ષેપમાં ખ્યાલ આપી શકે એવી બે નાની પુસ્તિકાઓ સમિતિ તરફથી બહાર પાડવામાં આવી હતી: (૧) પ્રો. પૃથ્વીરાજજી જૈને હિંદીમાં લખેલ "युगवीर आचार्य श्री विजयवल्लभ: जीवन-ज्योति." અને (૨) રતિલાલ દીપચંદ દેસાઈએ ગુજરાતીમાં લખેલ "લોકગુરુ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી."

**ધાતુના પતરા ઉપર છબી**—સને ૧૯૩૪માં (તા. ૪–૮–૩૪ ના રોજ) ગુજરાતના વિખ્યાત કલાગુરુ સ્વનામધન્ય શ્રી રવિશંકર રાવળે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીનું હૂબહૂ રેખાચિત્ર દોર્યું હતું; અને એના ઉપર આચાર્યશ્રીની સહી પણ કરાવી હતી. જન્મ-શતાબ્દી નિમિત્તે આ રેખાચિત્રને ધાતુના પતરા ઉપર અંકિત કરાવવામાં આવ્યું હતું અને આ છબીને ટેબલ ઉપર ગોઠવી શકાય એવી ગોઠવણ કરવામાં આવી હતી. આ છબી સૌને ખૂબ ગમી હતી.

**ખાસ પૂર્તિઓ**—ગત નવેમ્બરમાં બેંગલોર ખાતે શતાબ્દીની ઉજવણી કરવામાં આવી તે વખતે 'ઇન્ડિયન એક્સપ્રેસ' નામે અંગ્રેજી દૈનિકની દક્ષિણની આવૃત્તિની ખાસ પૂર્તિ પ્રગટ કરવામાં આવી હતી. અને મુંબઈની આ ઉજવણી વખતે 'ધી ટાઇમ્સ ઓફ ઇન્ડિયા' અને 'ઇન્ડિયન એક્સપ્રેસ' નામે અંગ્રેજી દૈનિકોની, 'મુંબઈ સમાચાર' નામે ગુજરાતી દૈનિકની, અને 'નવભારત ટાઇમ્સ' નામે હિંદી દૈનિકની ખાસ પૂર્તિઓ પ્રગટ કરવામાં આવી હતી. એમાં આચાર્યશ્રીના ભવ્ય જીવન અને લોકોપકારક કાર્યોનું દર્શન કરાવતા, અન્ય સાધુ-સાધ્વીઓનો પરિચય આપતા તથા જૈન ધર્મ-સંસ્કૃતિ-કળાને લગતા ઉપયોગી અને માહિતીપ્રદ લેખો આપવામાં આવ્યા હતા.

## શ્રી ગોડીજીના ટ્રસ્ટીઓ તરફથી બહુમાન

પંજાબ શ્રીસંઘની સ્પેશિયલ ટ્રેન તા. ૨૭મીની રાતે પાછી ફરવાની હતી, તેના બદલે એક દિવસ મોડી, ૨૮મીની રાત્રે રવાના થઈ શકે એવી ગોઠવણ થવાથી મહેમાનોમાં ખૂબ આનંદની લાગણી ફેલાઈ હતી. અને આ નવી ગોઠવણથી પંજાબ સંઘનાં ભાઈઓ બહેનોએ દેવ-ગુરુનાં દર્શનનો તથા સ્વજન–સ્નેહીઓને મળવાને વિશેષ લાભ લીધો હતો. આ પ્રસંગનો લાભ લઈને શ્રી ગોડીજીના ટ્રસ્ટીઓ તરફથી પંજાબ શ્રીસંઘનું અને શતાબ્દી નિમિત્તે બહારગામથી પધારેલા બીજા મહેમાનોનું બહુમાન કરવાનો એક સમારંભ તા. ૨૮–૧૨–૭૦, સોમવારના રોજ સાંજના ચાર વાગતાં શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં યોજવામાં આવ્યો હતો. સમારંભમાં મહેમાનોનું ફૂલના હારથી તથા અલ્પાહારથી સ્વાગત અને બહુમાન કરવામાં આવ્યું હતું.

ગોડીજીના ટ્રસ્ટીઓ વતી શ્રી લક્ષ્મીચંદભાઈ દુલભજી તથા શ્રી ભાયચંદભાઈ નગીનચંદે સૌને આવકાર આપ્યો હતો; અને આ પ્રસંગની ઉજવણીમાં આટલો ઉમળકાભર્યો સહકાર આપવા બદલ અને અનેક પ્રકારની તકલીફ ઉઠાવીને બહારગામથી આટલી મોટી સંખ્યામાં પધારવા બદલ સૌનો આભાર માન્યો હતો મહેમાનોએ પણ શતાબ્દીની આવી મોટી ઉજવણી પ્રસંગે મહેમાનોની દરેક પ્રકારની સગવડ સાચવવા માટે પોતાનો આનંદ અને સંતોષ વ્યક્ત કરીને સૌનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. એક રીતે કહીએ તો, એક શહેરનો સંઘ બહારગામથી પધારેલ સંઘોનું આવું બહુમાન કરે એમાં જૈન પરંપરાની વ્યવહાર-દક્ષતા, સાધર્મિક પ્રીતિ અને શોભાનાં સુભગ દર્શન થતાં હતાં.

**વિદાય**—જન્મશતાબ્દીની ઉજવણી માટે ચાર દિવસ લગી મુંબઈમાં સ્થિરતા કરીને અને મુંબઈના સંઘની સહધર્મી ભાવનાથી ભરેલી મહેમાનગતિનો આહ્લાદકારી અનુભવ કરીને, ૨૮મી તારીખની રાત્રે ૧૧ વાગે, પંજાબ જૈન સંઘની સ્પેશિયલ ટ્રેન બોરીબંદર સેન્ટ્રલ સ્ટેશનેથી રવાના થઈ, ત્યારે મહેમાનો અને યજમાનોએ જે આત્મીયતા અને ખુશાલીની લાગણી અનુભવી તે આ જન્મશતાબ્દી મહોત્સવની સદા સ્મરણીય, સુંદર અને યશસ્વી ઉજવણીની જાણે સાક્ષી પૂરતી હતી.

**સમારોહની ફિલ્મ**—જન્મશતાબ્દી જેવો સુઅવસર વારે વારે આવતો નથી; આવા અવસરની આવી શાનદાર અને સર્વાંગસુંદર ઉજવણી પણ વારે વારે થઈ શકતી નથી. તેથી ફિલ્મ જેવા વૈજ્ઞાનિક સાધનનો ઉપયોગ કરીને આવા સમારોહને કાયમને માટે સંગ્રહી લેવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક છે. તેથી, સમારોહના સંચાલકોએ, દૂરંદેશી દાખવીને, આ સમારોહનાં ખાસ ખાસ પ્રસંગો અને દશ્યોની ફિલ્મ ઉતરાવી લીધી હતી. આથી જેઓ ઇચ્છા છતાં આ સમારોહમાં હાજર ન રહી શકયા હોય તેઓને એ સોનેરી અવસરને નિહાળવાનો લહાવો મળશે એ મોટો લાભ છે; અને ફિલ્મ મારફત આ પ્રસંગની યાદ લાંબા સમય સુધી સચવાઈ રહેશે એ તો લાભ છે જ. આ ઉપરાંત, આ પ્રસંગે, મહારાષ્ટ્ર સરકારના ફિલ્મ ડિવીઝને કેટલાંક દશ્યોની ફિલ્મ લઈને એને છબીઘરોમાં, ન્યૂસરીલ તરીકે, બતાવી હતી.

**ભેટની ભેટ**—જન્મશતાબ્દી મહોત્સવને યશસ્વી બનાવવા માટે શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ તથા સ્વયંસેવિકા મંડળનાં ભાઈ-બહેનોએ અને બીજાં મંડળોએ ખડે

પગે ઊભા રહી જે વ્યવસ્થા જાળવી હતી તેનાથી પ્રભાવિત થઈ શ્રી હમીરમલજી કરમચંદજી બાફણાએ બધાં મંડળોને રૂ. ૧૧૦૧) ની રકમ આદરપૂર્વક ભેટ આપી હતી. સેવાને વરેલા દરેક મંડળના કાર્યકરોએ, ઉદારતા બતાવીને, આ રકમમાં પોતા તરફથી એકસો રૂપિયા ઉમેરીને રૂ. ૧૨૦૧)ની રકમ શતાબ્દી સમિતિને અર્પણ કરી ઉમદા ઉદાહરણ પૂરું પાડયું હતું.

**નામકરણ**—શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કાર્યવાહકોએ, સંસ્થામાં પ્રવેશ ઇચ્છતા વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત વધારો થતો હોવાથી, એ માગણીને પહોંચી વળવા માટે, મુંબઈમાં અંધેરીમાં બીજું વિદ્યાર્થીગૃહ બાંધવાનો નિર્ણય લઈને એ માટેની કાર્યવાહી શરૂ કરી દીધી છે. સંસ્થાના પ્રેરક આચાર્યશ્રી પ્રત્યેની ઊંડી કૃતજ્ઞતાની લાગણીથી પ્રેરાઈને, તેઓની જન્મશતાબ્દીની ઉજવણીની એક કાયમી સ્મૃતિરૂપે, દસ–અગિયાર લાખના ખરચે તૈયાર થનાર આ નવા વિદ્યાર્થીગૃહને "આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી વિદ્યાર્થીગૃહ' એવું નામ આપવાનો નિર્ણય વિદ્યાલયની કાર્યવાહક સમિતિએ કર્યો છે.

**આભાર–નિવેદન**—જન્મશતાબ્દી સમારોહની સુખ-આનંદથી પૂર્ણાહુતિ થતાં જન્મશતાબ્દી સમિતિના પ્રમુખ શ્રી પોપટલાલ ભીખાચંદે નીચેના શબ્દોમાં પોતાની આભાર-નિવેદનની અને ક્ષમા-યાચનાની લાગણી વ્યક્ત કરી હતી—

"પરમપૂજ્ય યુગદર્શી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મશતાબ્દીનો મહોત્સવ, મુંબઈમાં, તા. ૨૫–૨૬–૨૭ ડિસેમ્બરના દિવસો દરમ્યાન, અખિલ-ભારતીય ધોરણે, સ્વર્ગસ્થ આચાર્ય મહારાજના પ્રભાવશાળી વ્યક્તિત્વને અનુરૂપ ઊજવાયો, તે અનેકાનેક વ્યક્તિઓ અને શક્તિઓના ઉમળકા અને ભક્તિભાવભર્યા સાથ અને સહકારને કારણે જ.

"આ ધર્મપ્રસંગની ભવ્ય અને સફળ ઉજવણીમાં બહારગામથી મોટી સંખ્યામાં પધારેલાં ભાવનાશીલ ભાઈઓ-બહેનોએ તેમ જ મુંબઈના જૈન સંઘના અગ્રણીઓ, ઉત્સાહી કાર્યકરો, સેંકડો ભાઈઓ-બહેનો, સ્વયંસેવક મંડળો, અનેક સંસ્થાઓ તેમ જ ધર્મશાળાના સંચાલકોએ અમને જે ઉદાર અને હાર્દિક સાથ આપ્યો છે, તે અવિસ્મરણીય છે.

"આવો સહકાર આપવા બદલ અમે સૌનો અંતઃકરણથી ખૂબ ખૂબ આભાર માનીએ છીએ; અને આ સમારોહ નિમિત્તે જેઓને કંઈ પણ મનદુઃખ થયું હોય કે અગવડ પડી હોય, તેઓની અમે હૃદયપૂર્વક ક્ષમા માગીએ છીએ."

[ **નોંધ**—જન્મ શતાબ્દીની ઉજવણી પૂરી થયા પછી એનો સવિસ્તર અહેવાલ તે વખતે ભાવનગરથી પ્રગટ થતા "જૈન" સાપ્તાહિકના તા. ૯–૧–૧૯૭૧ના અંકમાં છપાયો હતો. આ અહેવાલમાં જન્મશતાબ્દીની ઉજવણીની જે વિગતવાર અને વિસ્તૃત મહિતી આપવામાં આવી છે, તે ઉપર સૂચવેલ "જૈન" પત્રના અહેવાલમાં ઘણો સુધારો તથા ઉમેરો કરીને આપવામાં આવેલ છે.—**સંપાદક.**]



**જન્મશતાબ્દી સમારોહના પ્રેરક**

પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર
પરમપૂજ્ય શાંતમૂર્તિ આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ



પરમપૂજ્ય આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ
ગોડીજીના ઉપાશ્રયમાં પધાર્યા તે સમયે મળેલ વિશાળ સમુદાય



પરમપૂજ્ય પુણ્યવિજયજી મહારાજ પ્રવચન કરે છે



પરમપૂજ્ય પુણ્યવિજયજી મહારાજનો શ્રી વાલકેશ્વરમાં ચતુર્માસપ્રવેશ




પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજની મુંબઈમાં પધરામણી

## ઉજવણીની શરૂઆત : રંગોળી પ્રદર્શનમાં આચાર્યશ્રીની જીવનઝલક



પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતા શેઠ શ્રી લક્ષ્મીચંદ દુલભજી
ચિત્રકાર શ્રી રમણીકલાલ શાહ સાથે



મુનિ શ્રી વલ્લભવિજયજી પરમપૂજ્ય
આચાર્યદેવ શ્રી આત્મારામજી મહારાજ સાથે



ગુજરાનવાલા ગુરુમંદિરનાં છેલ્લાં દર્શન



શ્રી શત્રુંજય તીર્થની છેલ્લી યાત્રા




સમારોહની ઉજવણી માટે રચવામાં આવેલ "વિજયવલ્લભનગર"નું પ્રવેશદ્વાર




સમારોહમાં ઉપસ્થિત મુનિસમુદાય



સમારોહના પ્રમુખ શ્રી રતિલાલ મ. નાણાવટીનું
મંત્રી શ્રી જયંતીલાલ ર. શાહ સ્વાગત કરે છે



સમારોહના ઉદ્‌ઘાટન-વિધિ માટે
શ્રી એસ. કે. પાટીલનું આગમન



જનસમુદાયની વિશાળ મેદનીનું એક દૃશ્ય



મંગલાચરણ કરતા પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી
બાજુમાં પૂ. મુ. શ્રી પુણ્યવિજયજી મહારાજ બેઠા છે.



જનસમુદાયની વિશાળ મેદનીનું બીજું દશ્ય




સમિતિના પ્રમુખ શ્રી પોપટલાલ ભીખાચંદ સૌને આવકાર આપે છે.




મુંબઈના નગરપતિ ડૉ. શાંતિ પટેલ
સ્વાગત પ્રવચન કરે છે




સમિતિના મંત્રી શ્રી જયંતીલાલ
રતનચંદ શાહ નિવેદન કરે છે




ઉદ્‌ઘાટન પ્રવચન : શ્રી એસ. કે. પાટીલ



અંજલિ : શેઠ શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ

## આચાર્યશ્રીના જીવનપ્રસંગોનું પ્રદર્શન



પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતા શ્રી રવજીભાઈ ખીમજી છેડા

## ચાંદીના સિક્કાના વેચાણની શરૂઆત



વેચાણની શરૂઆત કરતા શ્રી રમણલાલ નગીનદાસ પરીખ




પ. પૂ. આગમપ્રભાકર મુ. શ્રી પુણ્યવિજયજી મહારાજનું સમારોહમાં પ્રવચન




પ્રમુખ શ્રી રતિલાલ મણિલાલ નાણાવટીનું પ્રવચન



શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડાનું
આભારનિવેદન



શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળના બેંડે સમારોહમાં
મધુર સ્વરો રેલાવી સૌનું સ્વાગત કર્યું હતું

# વિશાળ ધર્મયાત્રાનાં પ્રેરક દૃશ્યો

(૧)



( ૨ )



(३)



(४)



ભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક





વિરાટ જનસમુદાયનું એક દૃશ્ય





વિરાટ જનસમુદાયનું બીજું દૃશ્ય



એક હજાર વ્યક્તિઓ આરામથી જમી શકે એવા
વિશાળ ભોજનગૃહનું દૃશ્ય



સમારોહમાં બિલ્લા લગાવીને ફાળો એકત્ર કરવાનું એક દૃશ્ય

## સાધ્વીસમુદાયની ઉપસ્થિતિ અને અંજલિ













પૂ. મુ. શ્રી વલ્લભદત્તવિજયજી પ્રવચન કરે છે




પૂ. મુ. શ્રી વિજયમુનિજી શાસ્ત્રી અંજલિ અર્પણ કરે છે

## જુદા જુદા ભક્તોની અંજલિ




પં. શ્રી રામકુમારજી જૈન




શેઠ શ્રી લક્ષ્મીચંદ દુલભજી




લાલા રતનચંદજી જૈન




લાલા રતનચંદજી M. P.




લાલા ધરમપાલજી




શ્રી રામરતનજી કોચર




શ્રી જવાહરચંદજી પટણીકૃત "The life of a Saint" નું પ્રકાશન શ્રી મણિલાલ ભણસાળી કરી રહ્યા છે.




શ્રી રતિલાલ દી. દેસાઈકૃત "સમયદર્શી આચાર્ય"નું પ્રકાશન શ્રી ફૂલચંદભાઈ શામજી કરી રહ્યા છે.




આગરાની "શ્રી વલ્લભશતાબ્દી સ્મારિકા"નું પ્રકાશન શ્રી ફૂલચંદભાઈ શામજી કરી રહ્યા છે.




મુંબઈના શેરીફ શ્રી શાદીલાલજી જૈન આવકાર આપે છે




પૂ. મુ. શ્રી જનકવિજયજી




મંત્રી શ્રી જયંતીલાલ માન્કર નિવેદન કરે છે



અતિથિવિશેષ પદ્મભૂષણ પં. શ્રી શિવશર્મા




સમ્મેલનના અધ્યક્ષ માનનીય શ્રી વી. એસ. પાગે



સમ્મેલનના પ્રયોજકો અને આગેવાનો આચાર્યશ્રીના ચરણે



પ્રથમ દિવસના સાંસ્કૃતિક કાર્યક્રમના પ્રમુખ
શ્રી રમણલાલ વાડીલાલ શાહ




બીજા દિવસના પ્રમુખ
લાલા દેવરાજજી જૈન



# સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક



(૨)



(૩)



(૪)







પ્રમુખ, મુંબઈના શેરીફ શ્રી શાદીલાલજી જૈનનું આગમન
એમની જમણી બાજુ સમિતિના પ્રમુખ શ્રી પોપટલાલ ભીખાચંદ છે



પ્રમુખશ્રી પક્ષીઓને પાંજરામાંથી મુક્ત કરી રહ્યા છે



મંત્રી શ્રી જયંતીલાલ રતનચંદ શાહ
નિવેદન કરે છે



મંત્રી શ્રી પ્રાણલાલભાઈ દોશી
સંદેશાઓનું વાચન કરે છે




શ્રી ચીમનલાલ ચ. શાહ
અંજલિ આપે છે



સમારોહની મુખ્ય સભા વખતે
પંજાબનો સંઘ પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરિજીને પંજાબ પધારવા વિનંતી કરે છે




શ્રી ફૂલચંદભાઈ શામજી



શ્રી ખીમજીભાઈ માં. ભુજપુરિયા



શ્રી દુર્લભજીભાઈ ખેતાણી




પ્રમુખ શ્રી શાદીલાલજી જૈન પ્રવચન કરે છે

# સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક



ત્રીજા દિવસના પ્રમુખ
શ્રી શાંતિલાલ ચુનીલાલ ચોકસી



કાર્યક્રમના એક સુકાની
શ્રી મદનલાલ ઠાકોરદાસ શાહ

(૧)



(२)



(३)



(૪)



(૫)





આચાર્યશ્રાની અ. છબી શ્રી મહાવીર જૈન વિદ્યાલયને
ભેટ આ઼પવા઼ની રૂ. એકવીસ હજારની બોલી બોલનાર
શેઠ શ્રી ઉમેદમલજી રાજાજી



સમિતિના પ્રમુખ શ્રી પોપટલાલ ભીખાચંદ
જૈન સંઘના અગ્રણી મદ્રાસના શ્રી માણેકચંદજી
બેતાલાનું બહુમાન કરે છે



શ્રી માણેકચંદજી બેતાલા સમિતિના પ્રમુખ શ્રી પોપટલાલ ભીખાચંદને
પોતા તરફથી તથા સભ્યો તરફથી ફૂલહાર અર્પણ કરે છે

૮

# કાર્યકરોનું અભિનંદન

જન્મશતાબ્દીની ઉજવણીની અતિ કપરી જવાબદારી યજમાનો અને મહેમાનો બન્નેને સંતોષ અને આનંદ થાય એવી સારી રીતે પૂરી થઈ હતી, આવો મોટો સમારોહ સર્વાંગસંપૂર્ણ કહી શકાય એ રીતે પાર પડ્યો હતો અને આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના આદર્શ જીવન અને સમાજ-ઉત્કર્ષના કાર્યને બરાબર શોભા અને ગૌરવ અપાવે તથા એમના જીવન-સંદેશને સમાજમાં ગુંજતો કરે એવા સંખ્યાબંધ હૃદયસ્પર્શી કાર્યક્રમોથી આખો મહોત્સવ દીપી ઊઠ્યો હતો.

આ વિરલ સફળતા કંઈક નામી-અનામી વ્યક્તિઓ, 'ઝાઝા હાથ રળિયામણા' એ કહેવતને ચરિતાર્થ કરે એવી અનેક શક્તિઓ અને સેવાવ્રતી સંસ્થાઓના ભક્તિભર્યા ત્રિવેણી-સંગમના નિષ્ઠાભર્યા અવિરત પુરુષાર્થનું જ સુપરિણામ હતું. એટલે સમારોહની સુખરૂપ પૂર્ણાહુતિ પછી જન્મશતાબ્દી સમિતિના મોવડીઓના અંતરમાં પોતાના જ અંગ સમાન આ બધા સહકાર્યકરો પ્રત્યે કૃતજ્ઞતા અને આભારની લાગણી દર્શાવીને તેઓનું બહુમાન અને અભિનંદન કરવાની ભાવના જાગે તે સ્વાભાવિક છે. હજી પણ જાણે આ બધા કાર્યકરો, મુંબઈનાં ભાવિક ભાઈઓ-બહેનો તથા ઉજવણીમાં સામેલ થનાર બહારગામનાં હજારો સદ્ગૃહસ્થો અને સન્નારીઓનાં અંતર આ પ્રસંગનાં મધુર સ્મરણોનો આસ્વાદ માણી રહ્યાં હતાં!

તેથી, કૃતજ્ઞતાની આ ભાવનાને સફળ બનાવવા માટે, જન્મશતાબ્દી સમિતિના પ્રમુખ શેઠ શ્રી પોપટલાલ ભીખાચંદ તરફથી, તા. ૨૬–૧–૧૯૭૧, મંગળવારના રોજ, સવારના ૧૦ વાગતાં, મુંબઈમાં મહાલક્ષ્મીના મંદિરની નજીકમાં આવેલ ટી. જી. પેવેલિયનમાં ઊભા કરેલ મંડપમાં, અભિનંદન તથા સમૂહજમણનો ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જન્મશતાબ્દી મહોત્સવમાં સહકાર આપનાર મુંબઈનાં મોટા ભાગનાં આગેવાનો, કાર્યકરો મહિલા-અગ્રણીઓ તથા મૂંગી સેવા આપનાર ભાઈઓ-બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહીને પ્રમુખશ્રીની ભાવનાને સફળ બનાવી હતી. આવી મોટી કાર્યસિદ્ધિ માટે સૌનાં અંતરમાં જાણે પરમાત્મા પ્રત્યે ઉપકારની લાગણી વહેતી હતી અને સૌને વિશેષ વિનમ્ર બનવાની પ્રેરણા આપતી હતી.

શરૂઆતમાં સમિતિના કાર્યકુશળ મંત્રી શ્રી જયંતીલાલ રતનચંદ શાહે સૌને હાર્દિક આવકાર આપીને આજનો પ્રસંગ યોજવામાં આવ્યો તે માટે પોતાની ખુશાલી વ્યક્ત કરી હતી; અને એ માટે સમિતિના પ્રમુખ શ્રી પોપટલાલ ભીખાચંદને ધન્યવાદ આપીને તેઓનો આભાર માન્યો હતો. તેઓએ સમૂહભાવનાથી મુશ્કેલ કામ પણ કેવી સારી રીતે પૂરું થઈ શકે છે એ મુદ્દા ઉપર સૌનું ધ્યાન દોરીને આ કાર્યના પોતાના બધા સાથીઓ તરફ ઊંડી કૃતજ્ઞતાની લાગણી દર્શાવી હતી.

તે પછી આજના સમારોહના પ્રયોજક અને જન્મશતાબ્દી સમિતિના પ્રમુખ શેઠ શ્રી પોપટલાલ ભીખાચંદે પોતાનું લાગણીભીનું વક્તવ્ય રજૂ કર્યું હતું.

## શ્રી પોપટલાલભાઈનું વક્તવ્ય

### કાર્યશીલ ભાઈઓ અને બહેનો,

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મશતાબ્દીની સફળ અને યશસ્વી ઉજવણી પછી આપને સૌને મળતાં આનંદ થાય છે.

આ ઐતિહાસિક પ્રસંગની ઉજવણીમાં દેશભરનાં જુદાં જુદાં સ્થાનોમાંથી જે ઉમળકાભર્યો સહકાર મળ્યો છે, તેથી આનંદ થવા સાથે લાગ્યું છે કે સ્વર્ગસ્થ આચાર્ય મહારાજની સાધના અને ભાવનાની સ્મૃતિ અને તેઓશ્રીની લોકકલ્યાણની પ્રવૃત્તિની સુવાસ જનસમૂહના હૃદયમાં અત્યારે પણ સચવાઈ રહી છે, તેનું જ આ પરિણામ છે.

સ્વ. આચાર્યશ્રીના આજ્ઞાવર્તી મુનિમહારાજો અને સાધ્વીજી મહારાજોએ જન્મ-શતાબ્દી પ્રસંગને ગૌરવશાળી બનાવવા પ્રેરણા અને પ્રોત્સાહન આપેલ છે. આ સર્વેનો નામનિર્દેશ કર્યા વગર અંતરથી આભાર માનું છું.

નાના-મોટા અનેક કાર્યકર ભાઈઓ-બહેનોએ અને સંસ્થાઓએ આ પ્રસંગને શાનદાર અને સફળ બનાવ્યો છે, તે સૌને હાર્દિક ધન્યવાદ આપું છું.

સ્વ. આચાર્ય મહારાજના જીવન અને કાર્યનો વિચાર કરતાં, તેઓની પવિત્ર સ્મૃતિ જળવાય તે માટે, મુંબઈ અને બહારગામનાં ભાઈઓ-બહેનોના ઉમદા સહકારથી મહોત્સવની મુખ્ય ફળશ્રુતિરૂપે "આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ"માં ત્રણ હજાર રૂપિયાના એક એવા ૩૪૨ ટ્રસ્ટ સ્કોલરોનાં વચનો મળ્યાં છે, જે સર્વનો આભાર માનું છું.

મુંબઈ અને બહારગામના આશરે ૩૯૯૯ જેટલાં ભાઈઓ-બહેનોએ, શતાબ્દી સમિતિના સભ્ય થઈ, સાચું પ્રોત્સાહન આપી, કમિટીને નવું બળ આપેલ છે. આ સર્વે ભાઈઓ-બહેનોના સાથ અને સહકારે અમને સાચું પીઠબળ આપેલ છે. આ સર્વેનો હું આભાર માનું છું.

અખિલ-ભારતીય ધોરણે ઊજવાયેલ જન્મશતાબ્દી પ્રસંગે ભાગ લેવા પંજાબ, હરી-યાણા, બંગાળ, મદ્રાસ, મૈસૂર, આંધ્ર, રાજસ્થાન, ગુજરાત અને બીજા પ્રાંતોમાંથી પધારેલાં ભાઈઓ-બહેનો તેમ જ મુંબઈ અને બહારગામની સંખ્યાબંધ મંડળીઓ અને આચાર્ય મહારાજની પ્રેરણાથી સ્થપાયેલ કેળવણી અને સેવાની અનેક સંસ્થાઓના કાર્યકરોનો આ મહોત્સવને વધુ ઉલ્લાસભર્યો અને સફળ બનાવવાનો ફાળો નાનો-સૂનો નથી. આ સર્વેનો આ પ્રસંગે હાર્દિક આભાર માનું છું.

આ ઉત્સવમાં દરેક પ્રકારનો ઉમંગભર્યો સાથ આપનાર શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ અને મુંબઈ તથા પરાનાં બીજાં સ્વયંસેવક મંડળોએ દિવસ-રાત ભાવભરી સેવા અર્પી છે, તે ન ભુલાય તેવી છે. તે સૌનો અત્યંત આભાર માનું છું.

જન્મશતાબ્દી કમિટીએ તથા પેટાસમિતિઓએ કામની વહેંચણી કરી કામને ગતિશીલ બનાવેલ, તે બદલ દરેક સમિતિના કાર્યકરોનો હાર્દિક આભાર માનું છું.

અહીં એ વાતનો ઉલ્લેખ કરતાં આનંદ અનુભવું છું કે શતાબ્દીની કાર્યવાહીને સવિશેષ ચેતનવંતી તેમ જ વધુ ઉત્સાહપ્રેરક બનાવવામાં સમિતિના મંત્રી અને ગુરુભક્ત શ્રી ખીમજીભાઈ છેડાનો ફાળો પ્રેરણાદાયી છે. તેઓ છેલ્લાં ૧૫-૧૬ વર્ષથી કચ્છમાં રહે છે, પણ પોતાની ગુરુભક્તિના કારણે અત્રે બે મહિના આવી, કાર્યને વેગ આપ્યો છે, તે સૌને માટે પ્રેરણાદાયી બનેલ છે. આ પ્રસંગે શ્રી છેડાનો ખાસ આભાર માનું છું.

શિક્ષણ ટ્રસ્ટની યોજનાને વધુ પ્રગતિશીલ બનાવવામાં શ્રી જયંતીલાલ રતનચંદ શાહ, શ્રી પન્નાલાલ બી. શાહ, શ્રી હિંમતલાલ કોઠારી, શ્રી જેસિંગલાલ લલ્લુભાઈ, લાલા ઘનશ્યામજી અને અનેક કાયંકરોએ સાથ આપેલ છે. તેમનો અને દરેક કામમાં સદાય જાગૃત એવા શ્રી ઉમેદમલજીનો આભાર માનું છું.

મનોરંજન કાર્યક્રમ દ્વારા ગુરુભક્તિની ભાવનામાં વૃદ્ધિ કરાવનાર શ્રી લાલા ઘનશ્યામજી અને બીજી અનેક વ્યક્તિઓનો આભાર કયા શબ્દોમાં માનું ?

મહેમાનોના સ્વાગત, વ્યવસ્થા, ભોજન અંગે શ્રી છોટાલાલ જમનાદાસ, શ્રી નટુભાઈ શાહ, શ્રી રમણિકલાલ કનાડીયા, શ્રી રમણભાઈ શાહ, શ્રી ભગુભાઈ, શ્રી ઘોઘારી ભાઈઓ અને બીજાઓએ અવિરત પરિશ્રમ સેવેલ છે, જેમનો પણ હું હાર્દિક આભાર માનું છું.

મહેમાનોના ઉતારા માટે શ્રી કચ્છી વીસા ઓસવાલ દેરાવાસી મહાજન વાડી, શ્રી મારવાડી પંચાયત વાડી, શ્રી સુખાનંદ ધર્મશાળા, શ્રી લાલબાગ ધર્મશાળા આદિના વ્યવસ્થાપકોએ સગવડ કરી આપેલ છે, તે સૌનો આભાર માનું છું.

શતાબ્દી નિમિત્તે અનેક ઉત્સાહી, નિષ્ઠાવાન વ્યક્તિઓનો મને પરિચય થયો છે, જેનો મને આનંદ છે. સમાજની કોઈ પણ પ્રવૃત્તિ આવા કાર્યકરોના સાથ વગર આગળ વધી શકે નહિ. આ વ્યક્તિઓ શ્રીસંઘની સાચી મૂડી છે.

છેલ્લે, આ આનંદજનક પ્રસંગમાં આપ સૌ ઉપસ્થિત થયા તે બદલ આપ સૌનો હાર્દિક આભાર માનું છું. **જય જિનેન્દ્ર.**

પ્રમુખશ્રીના આ નિવેદને સૌને લાગણીભીનાં બનાવી દીધાં હતાં.

આ પ્રસંગે અમદાવાદથી આવેલ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ જણાવેલ કે, શતાબ્દીની ઉજવણી અને તેને માટેની જંગી તૈયારી આ બધું ખૂબ જ સારી રીતે પાર પડ્યું તેના અભિનંદનના સાચા અધિકારી, આપણા નિષ્ઠાવાન આગેવાનો, કાર્યકરો તથા નામના કે કામનાની પરવા કર્યા વગર જેમણે રાત–દિવસ કામ કર્યું છે, તે મૂક કાર્યકરો જ છે. શતાબ્દીની આટલી સુંદર વ્યવસ્થા ઊભી કરી શકાઈ તે ઉપરથી મને લાગ્યું છે કે, મુંબઈના જૈનોનું જાહેર જીવન છેલ્લાં વીસેક વર્ષથી પાંગળું બનેલ છે, તે પુનઃનવજીવન પામ્યું છે. આ કાર્યકરોનું જૂથ સૌને ઉપયોગી બને અને સમાજ સેવાનાં કાર્યો કરે તેવી અપેક્ષા રાખું છું.

સેવાના પ્રતિકરૂપે આ પ્રસંગે શ્રી નટવરલાલ મૂળચંદ શાહ, શ્રી રમણિકલાલ કનાડીયા, શ્રી રમણલાલ દલસુખભાઈ શાહ, શ્રી રસિકલાલ ઉકાલાલ, શ્રી છોટાલાલ જમનાદાસ અને બીજાઓને ગરમ શાલ આપી સુખડના હાર પહેરાવી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ, શ્રી જૈન સ્વયંસેવિકા મંડળ, શ્રી ઝાલાવાડ શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સ્વયંસેવક મંડળ, તેમ જ મલાડ, વિલેપારલે, માહિમ, અંધેરી, મઝગાંવ, પરેલ, લોઅરપરેલ અને શિવરીનાં સ્વયંસેવક મંડળોને ચંદ્રકો એનાયત કરવામાં આવ્યાં હતાં. વધુમાં, બેન્ડોમાં શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ, શ્રી શંકુતલા ગર્લ્સ હાઈસ્કુલ, શ્રી માટુંગા જૈન બોર્ડીંગ, શ્રી આત્મવલ્લભ જૈન સેવા મંડળ (સાદડી), મુંબઈ, હિંદુ જીયા બેન્ડ દિલ્લીને ચંદ્રકો આપી એમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

શ્રી ફૂલચંદ શામજીભાઈ, શ્રી કાંતિલાલ ચોકસી, શ્રી મણીલાલ સી. ભણસાલી, શ્રી છોટુભાઈ એન. શાહ, શ્રી નટવરલાલ એમ. શાહ, ડો. પદમરાજ સિંગવી વગેરેએ પ્રસંગોચિત ઉદ્બોધન કરી નાના-મોટા દરેકના અપૂર્વ સહકારથી શતાબ્દી યશસ્વી રીતે પૂર્ણ થયાનું જણાવેલ હતું.

શતાબ્દી સમિતિના મંત્રી અને ગુરુભક્ત શ્રી ખીમજીભાઈ છેડા કે જેઓ ૧૫-૧૬ વરસથી કચ્છમાં રહે છે, તેઓએ અત્રે ખાસ આવી, શતાબ્દીના કાર્યને ગતીશીલ બનાવવામાં, આર્થિક જવાબદારી હળવી બનાવવામાં અને રાત–દિવસ જોયા વગર બે માસ સુધી કાર્ય કરવામાં જે જહેમત ઉઠાવી હતી, તે બદલ પ્રમુખશ્રીની જેમ બીજા વકતાઓએ પણ તેઓને હાર્દિક અભિનંદન આપ્યાં હતાં. સાથે સાથે જાહેરાતથી અલિપ્ત રહેતા, સદાય જાગૃત એવા સેવાભાવી મૂક કાર્યકરો શ્રી પન્નાલાલ બી. શાહ અને શ્રી ઉમેદમલજી જૈને તન, મન ધનથી કાર્ય કરેલ છે, તે બદલ તેઓને ધન્યવાદ આપ્યા હતા.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મહામાત્ર શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ કોરાએ અવિરત શ્રમ લઈ કાર્ય કરેલ તે બદલ તેમનો આભાર માનવામાં આવ્યો હતો.

શતાબ્દીની સાચી અને કાયમી યાદરૂપ સમાજોપયોગી રચનાત્મક કાર્ય જન્મ શતાબ્દી શિક્ષણ ટ્રસ્ટમાં જેઓએ ટ્રસ્ટો નોંધાવેલા છે, તેઓને અભિનંદન આપવા સાથે પરોક્ષ-અપરોક્ષ સાથ-સહકાર આપનાર દરેક તરફ આ તકે આભારની હાર્દિક લાગણી દર્શાવવામાં આવી હતી.

જન્મશતાબ્દીની ઉજવણીને સફળ બનાવવામાં મુંબઈની શ્રી આત્મનંદ જૈન સભાના ધર્માનુરાગી અને ગુરુભક્ત બધા કાર્યકરોએ, આ પ્રસંગને પોતાનો જ પ્રસંગ માનીને, મન દઈને, ઉલ્લાસથી અવિરત કાર્ય કર્યું હતું. જન્મશતાબ્દીના કાર્યનો પ્રચાર કરવામાં તથા એની ઉજવણીના અહેવાલને જનતા સુધી પહોંચતો કરવામાં કેટલાંક સાર્વજનિક તથા જૈન પત્રોએ, અને વિશેષે કરીને ભાવનગરથી પ્રગટ થતા "જૈન" સાપ્તાહિકે અને એના મુખ્ય લેખક રતિલાલ દીપચંદ દેસાઈએ સમિતિને પૂરો સાથ આપ્યો હતો. આ માટે એ સૌ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી દર્શાવીને એમને ધન્યવાદ આપવામાં આવ્યા હતા.

અંતમાં, જુદા જુદા કાર્યકરોનું સુખડના હાર પહેરાવીને સન્માન કર્યા બાદ, પ્રમુખશ્રી તરફથી યોજવામાં આવેલ સમૂહ–જમણનો લાભ લઈને સૌ આનંદ-ઉલ્લાસના વાતાવરણમાં વીખરાયાં હતાં.

# સમિતિનું વિસર્જન

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મશતાબ્દીની ઉજવણી અખિલ-ભારતીય ધોરણે કરવાની હતી, તે કામ સુંદર રીતે પૂરું થયું હતું. ઉપરાંત, ઉજવણી અંગેના ખર્ચના હિસાબોની ચુકવણી પણ કરી દેવામાં આવી હતી, તેમ જ આવક-ખર્ચના હિસાબોની કાયદેસરની તપાસ પણ ચાર્ટર્ડ એકાઉન્ટ મારફત થઈ ગઈ હતી. એટલે હવે "આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી સમિતિનું" કાર્ય પૂરું થયું હતું; અને તેથી જન્મશતાબ્દી સમિતિનું વિધિસર વિસર્જન કરવાની કાર્યવાહી હાથ ધરવાનો સમય પાકી ગયો હતો.

આ માટે જન્મશતાબ્દી સમિતિની કાર્યવાહક સમિતિના સભ્યોને નીચે મુજબ નોટીસ તથા સમિતિનો ઑડિટરે તપાસેલો હિસાબ, તા. ૧૬–૧૧–૧૯૭૧ના રોજ મોકલીને, કાર્યવાહક સમિતિની સભા, તા. ૨૮–૧૧–૧૯૭૧, રવિવારના રોજ સવારના ૧૦ વાગતાં, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સભાગૃહમાં બોલાવવામાં આવી હતી—

**આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી સમિતિ**

ઠે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઑગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ–૩૬

## કાર્યવાહક સમિતિની સભાની નોટીસ

સવિનય જણાવવાનું કે જન્મશતાબ્દી સમિતિની કાર્યવાહક સમિતિની એક સભા રવિવાર, તા. ૨૮–૧૧–૭૧ ના રોજ સવારના ૧૦–૦૦ વાગે, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સભાગૃહમાં (ઑગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઈ–૩૬) બોલાવવામાં આવી છે. તે પ્રસંગે આપશ્રી અવશ્ય પધારશો.

**કાર્યક્રમ**

૧. તા. ૧૯–૧૦–૧૯૭૧ સુધીનાં જન્મશતાબ્દીની ઉજવણીનાં સરવૈયું અને આવક-ખર્ચનો ઑડિટેડ હિસાબ પસાર કરવો.

(જન્મશતાબ્દી ઉજવણીનાં તા. ૧૯–૧૦–૭૧ (સં. ૨૦૨૭) સુધીનું સરવૈયું અને ઑડિટ થયેલ હિસાબ આ સાથે મોકલેલ છે.)

૨. મંત્રીઓ રજૂ કરે તે અગત્યની બાબત ઉપર ઠરાવ.

તા. ૧૬–૧૧–૧૯૭૧

લિ. ભવદીય

**જયંતીલાલ રતનચંદ શાહ**
**ખીમજીભાઈ હેમરાજ છેડા**
**પ્રાણલાલ કાનજી દોશી**
**મદનલાલ ઠાકોરદાસ શાહ**
**કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા**

મંત્રીઓ

**નોંધ** :–જન્મશતાબ્દી ઉજવણીના રોજમેળ, ખાતાવહી, વાઉચરો વગેરે તા. ૨૪–૧૧–૧૯૭૧ સુધી, રવિવાર સિવાયના દિવસે, સવારના દસથી પાંચ સુધી મંત્રી શ્રી કાંતિલાલ કોરા અગર મદદનીશ શ્રી નગીનદાસ જે. શાહ પાસેથી આપ જોઈ શકશો, અને તે અંગેના ખુલાસા મેળવી શકશો.

## આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી સમિતિ

સં. ૨૦૨૭ના આસો વદી ૦)) ના દિને પૂરા થતાં સમયનું સરવૈયું.

| ફંડો અને દેવું | રૂા. પૈસા |
|---|---|
| શ્રી આવક-ખર્ચ ખાતું | |
| સમય દરમ્યાન ખર્ચ કરતાં આવકનો વધારો. | ૫૪,૩૯૮–૮૫ |
| કુલ સરવાળો રૂા. | ૫૪,૩૯૮–૮૫ |

શ્રી આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી સમિતિ મુંબઈ, સં. ૨૦૨૭ના આસો વદી ૦)) નું ઉપરનું સરવૈયું અમોએ મજકુર સમિતિના ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસેલ છે અને બરાબર માલૂમ પડેલ છે.

મુંબઈ તા. ૩જી નવેમ્બર, ૧૯૭૧

(સહી) જૈન એન્ડ જૈન
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

| મિલ્કત અને લેણું | | રૂા. પૈસા |
|---|---|---|
| શ્રી ફીક્સ ડીપોઝીટ ખાતે<br>(યુનીયન બેંક ઑફ ઇન્ડીયા બ્રાન્ચ) | | ૫૦,૦૦૦–૦૦ |
| શ્રી ડીપોઝીટસ | | |
| બોમ્બે મ્યુનીસીપલ કોર્પોરેશન | ૨૦૦–૦૦ | |
| પબ્લીક વર્કસ ડીપાર્ટમેન્ટસ<br>(શ્રી માનદ મંત્રીશ્રીના પ્રમાણપત્ર | ૨૦૦૦–૦૦ | |
| મુજબ) | | ૨,૨૦૦–૦૦ |
| શ્રી પુરાંત | | |
| બેંક પાસે (દેના બેંક ગામદેવી બ્રાંચ) | | ૨,૧૭૯–૭૫ |
| રોકડ સીલીક | | ૧૯–૧૦ |
| | કુલ સરવાળો રૂા. | ૫૪,૩૯૮–૮૫ |

(સહી) પોપટલાલ ભીખાચંદ
પ્રમુખ

(સહી) જયંતીલાલ રતનચંદ શાહ
( ,, ) ખીમજીભાઈ હેમરાજ છેડા
( ,, ) પ્રાણલાલ કાનજી દોશી
( ,, ) મદનલાલ ઠાકોરદાસ શાહ
( ,, ) કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરા
મંત્રીઓ

(સહી) સારાભાઈ લખમીચંદ
( ,, ) જેસીંગલાલ લલ્લુભાઈ
( ,, ) ઉમેદમલ હજારીમલ
કોષાધ્યક્ષ

## આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી સમિતિ

સં. ૨૦૨૭ ના આસો વદિ ०))ના દિને પૂરા થતા સમયનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક | રૂા. પૈસા |
|---|---|
| શ્રી સ્વાગત સમિતિના સભ્યો દ્વારા લવાજમના | ૨,૦૩,૯૪૭–૦૦ |
| શ્રી ભોજન ખર્ચ ભેટ ખાતે | ૮૧,૦૯૫–૧૦ |
| શ્રી શતાબ્દી ભેટખાતે | ૧૦,૫૧૪–૭૦ |
| શ્રી સપ્લીમેન્ટરી જાહેરાત ખાતે | ૧૮,૮૦૦–૦૦ |
| શ્રી ફીકસ ડીપોઝીટના વ્યાજના | ૧,૪૫૦–૦૦ |
| શ્રી મંડપ સ્ટોલ ભાડા ખાતે | ૨,૦૦૦–૦૦ |
| શ્રી પરચૂરણ આવક ખાતે | ૪૬૧–૨૦ |
| કુલ રૂા. | ૩,૧૮,૨૬૮,–૦૦ |

ઉપરનો હિસાબ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી ટ્રસ્ટનાં ચોપડાઓ તથા વાઉચરો સાથે તપાસેલ છે. અને બરાબર માલૂમ પડેલ છે.

મુંબઈ તા ૩ જી નવેમ્બર, ૧૯૭૧ (સહી) **જૈન એન્ડ જૈન**

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

| ખર્ચ | રૂા. પૈસા |
|---|---|
| શ્રી ભોજન ખર્ચ ખાતે | ૬૯,૮૪૮–૪૬ |
| શ્રી મંડપ ખર્ચ ખાતે | ૫૫,૭૮૫–૭૪ |
| શ્રી સપ્લીમેન્ટરી જાહેરાત ખર્ચ ખાતે | ૧૯,૧૬૧–૪૬ |
| શ્રી પુસ્તક પ્રકાશન ખર્ચ ખાતે | ૧૭,૩૦૬–૯૮ |
| શ્રી ફીલ્મ ખર્ચ ખાતે | ૧૨,૬૨૯–૪૩ |
| શ્રી પગાર ખર્ચ ખાતે | ૧૦,૩૩૨–૫૭ |
| શ્રી પોસ્ટ એન્ડ ટેલીગ્રામ ખર્ચ ખાતે | ૪,૩૭૭–૩૫ |
| શ્રી પ્રીન્ટીંગ ખર્ચ ખાતે | ૯,૩૩૫–૨૪ |
| શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૧,૪૪૫–૫૧ |
| શ્રી સાધુ–સાધ્વી વૈયાવચ્ચ ખર્ચ ખાતે | ૫,૯૩૮–૩૩ |
| શ્રી સ્પેશયલ બસ વ્યવસ્થા ખાતે | ૬,૩૬૫–૦૦ |
| શ્રી ફોટા વિ. ના ખર્ચ ખાતે | ૫,૩૭૯–૦૦ |
| શ્રી કાર્યકરોના સન્માન ખર્ચ ખાતે | ૪,૭૬૭–૨૦ |
| શ્રી ઉતારા વ્યવસ્થા ખર્ચ ખાતે | ૭,૭૪૦–૧૩ |
| શ્રી મનોરંજન ખર્ચ ખાતે | ૩,૩૭૧–૦૦ |
| શ્રી સાઈન બોર્ડ અને પ્રીન્ટીંગ બોર્ડ ખાતે | ૪,૨૪૦–૫૦ |
| શ્રી ચાલુ જાહેરાત ખર્ચ ખાતે | ૫ ૩૦૧–૭૯ |
| શ્રી પ્રચાર ખર્ચ ખાતે | ૩,૧૯૧–૪૯ |
| શ્રી ઇલેકટ્રીક ખર્ચ ખાતે | ૧,૧૫૭–૨૫ |
| શ્રી લાઉડ સ્પીકર ખર્ચ ખાતે | ૧,૮૧૧–૦૦ |
| શ્રી રંગોળી તથા ચિત્રપ્રદર્શન ખર્ચ ખાતે | ૨,૯૨૮–૨૫ |
| શ્રી શાકાહાર સંમેલન ખર્ચ ખાતે | ૧,૫૪૦–૬૯ |
| સરવાળો આગળ લઈ ગયા રૂા. | ૨ ૫૩,૯૬૨–૩૭ |

| ખર્ચ | રૂા. પૈસા |
|---|---|
| સરવાળો આગળ લાવ્યા રૂા. | ૨,૫૩,૯૬૨–૩૭ |
| શ્રી કારતક સુદ ૨ ઉત્સવ ખર્ચ ખાતે | ૧,૪૨૬–૫૦ |
| શ્રી ડોનેશન ખાતે | ૧,૧૦૦–૦૦ |
| શ્રી સામાન્ય વ્યવસ્થા ખર્ચ ખાતે | ૩,૧૧૮–૦૦ |
| શ્રી ટેલીફોન ખર્ચ ખાતે | ૧,૩૬૨–૮૦ |
| શ્રી ગાડીભાડા ખર્ચ ખાતે | ૧,૨૮૧–૮૧ |
| શ્રી રથયાત્રા ખર્ચ ખાતે | ૭૩૬–૨૦ |
| શ્રી માનદ ઓડીટરોને મહેનતાણાના | ૫૧–૦૦ |
| શ્રી પરચૂરણ ખર્ચ ખાતે | ૮૦૬–૬૦ |
| શ્રી બેંક કમિશન ખાતે | ૨૩–૫૦ |
| શ્રી આવક ખાતે (ખર્ચ કરતાં આવકનો વધારો) | ૫૪,૩૯૮–૮૫ |
| કુલ રૂા. | ૩,૧૮,૨૬૮–૦૦ |

(સહી) પોપટલાલ ભીખાચંદ
પ્રમુખ

(સહી) જયંતીલાલ રતનચંદ શાહ
(,,) ખીમજીભાઈ હેમરાજ છેડા
(,,) પ્રાણલાલ કાનજી દોશી
(,,) મદનલાલ ઠાકોરદાસ શાહ
(,,) કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા
મંત્રીઓ

(સહી) સારાભાઈ લખમીચંદ
(,,) જેસીંગલાલ લલ્લુભાઈ
(,,) ઉમેદમલ હજારીમલ
કોષાધ્યક્ષ

આ સભાના પ્રમુખપદે શ્રી કુંજલાલ સુંદરમલ જૈનની વરણી કરવામાં આવી હતી.

સભાએ સમિતિના હિસાબને સર્વાનુમતે મંજૂરી આપી હતી, અને આજથી સમિતિનું વિસર્જન કરવાનું સર્વાનુમતે ઠરાવ્યું હતું.

તે બાદ સમિતિના બાકીના ભંડોળની વ્યવસ્થા કરવા બાબત સભામાં વિચારણા કરવામાં આવતાં, આ માટે જે કંઈ કરવું ઘટે તે કરવાની સત્તા સાથે, નીચે મુજબ **અગિયાર સભ્યોની સમિતિની** નિમણૂક કરવામાં આવી—

(૧) શ્રી પોપટલાલ ભીખાચંદ
(૨) શ્રી જયંતીલાલ રતનચંદ શાહ
(૩) શ્રી પનાલાલ બી. શાહ
(૪) શ્રી ઉમેદમલ હજારીમલ જૈન
(૫) શ્રી કુંજલાલ સુંદરમલ જૈન
(૬) શ્રી જેસીંગલાલ લલ્લુભાઈ
(૭) શ્રી વિલાયતીરામ જૈન
(૮) શ્રી શેષમલ દીપચંદ
(૯) શ્રી નટવરલાલ એસ. શાહ
(૧૦) શ્રી ખીમજીભાઈ હેમરાજ છેડા
(૧૧) શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા—**કન્વીનર**

જન્મશતાબ્દીની ઉજવણીના મોટા ખર્ચને પહોંચી વળવા ઉપરાંત સમિતિ પાસે ચોપન હજાર રૂપિયા જેવી સારી રકમની બચત થઈ તે બીના સમાજની ઉદારતા અને સમિતિની કરકસરથી કામ કરવાની દૃષ્ટિનું સૂચન કરે એવી છે.

તા. ૬–૩–૬૯ ના રોજ જન્મશતાબ્દીની ઉજવણી માટે એક એડહોક સમિતિ રચવામાં આવી હતી. તા. ૧૧–૧–૭૦ ના રોજ અખિલ ભારતીય દરજ્જો ધરાવતી સમિતિની રીતસર સ્થાપના કરવામાં આવી હતી. અને ખૂબ યશસ્વી કામગીરીને અંતે તા. ૨૮–૧૧–૭૧ ના રોજ સમિતિનું વિસર્જન કરવામાં આવ્યું.

## પરની પીડાને પિછાનો

**હે ભાગ્યશાળીઓ! તમે સુખી છો, તમારી પાસે નોકર-ચાકર છે, બંગલા અને મોટર છે. પણ એ યાદ રાખજો કે આ બધું અહીં જ રહી જવાનું છે. સમાજને માટે કંઈક વિચારો. ભૂખ્યાં અને પીડિત માનવીઓના દુઃખને સાંભળો. દુખિયાના દર્દભર્યા સાદને સાંભળો. આજે લક્ષ્મીના ભંડાર ભર્યા છે, પણ એ પીડા ક્યાં છે? જો દુઃખીઓને જોઈને પીડા જ ન જાગે તો પછી ધર્મ ક્યાં રહ્યો? માનવતા ક્યાં રહી? તો તો જીવન સાવ નકામું, કેવળ હાડપિંજર જેવું બની ગયું સમજવું.**

—પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી

## પરિશિષ્ટ–૧

# શિક્ષણ-ટ્રસ્ટ-દાતાઓની નામાવલી

જન્મશતાબ્દીની ઉજવણીની, સમાજકલ્યાણની દૃષ્ટિએ નક્કર અને રચનાત્મક કહી શકાય એવી, ફલશ્રુતિ તે શિક્ષણ ટ્રસ્ટની સમાજે ઉમળકાથી આવકારેલ યોજના. આ ફલશ્રુતિ જન્મશતાબ્દીની ઉજવણીના કાયમી સંભારણારૂપ બની રહેવાની સાથે ઉચ્ચ અભ્યાસમાં આગળ વધવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ માટે ચિરકાળ સુધી આશીર્વાદરૂપ બની રહેશે અને આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની સમાજ-ઉત્કર્ષની ઝંખના અને પ્રવૃત્તિની હમેશાં યાદ દેવરાવતી રહેશે, એમાં શક નથી.

જન્મશતાબ્દી સમિતિના વગદાર, લાગણીશીલ અને શિક્ષણપ્રેમી કાર્યવાહકોના જન્મશતાબ્દીની ઉજવણીની પહેલાંના અને પછીના અવિરત પ્રયાસોથી "આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ"માં અત્યાર સુધીમાં કુલ ૨૪૮ દાતાઓ તરફથી ૩૪૨ શિક્ષણ-ટ્રસ્ટો નોંધાયાં છે. એ દાતાઓની નામાવલી નીચે મુજબ છે—

| ટ્રસ્ટદાતાનું નામ | ગામ | ટ્રસ્ટ સંખ્યા |
|---|---|---|
| ૧. શ્રીમતી હીરાબહેન નેમચંદ શાહ | મુંબઈ | ૧ |
| ૨ શ્રી સારાલાલ લખમીચંદ ઝવેરી | ,, | ૧ |
| ૩. ,, સેવંતીલાલ ત્રિભોવનદાસ ઝવેરી | ,, | ૧ |
| ૪. ,, જયંતીલાલ લક્ષ્મીચંદ ઝવેરી | ,, | ૧ |
| ૫. ,, ગીરધરલાલ લક્ષ્મીચંદ ઝવેરી | ,, | ૧ |
| ૬. ,, ચંદ્રકાંત લક્ષ્મીચંદ ઝવેરી | ,, | ૧ |
| ૭ ,, કકલભાઈ લવજીભાઈ હ: શ્રી ડાહ્યાભાઈ | ,, | ૧ |
| ૮. ,, રમણલાલ નગીનદાસ શાહ ચેરિટી ટ્રસ્ટ | ,, | ૧ |
| ૯. એક સદ્‌ગૃહસ્થ હ: શ્રી જયકુમાર કે. ઝવેરી | ,, | ૨ |
| ૧૦ શ્રી દેવચંદ ઍન્ડ કું. હ: શ્રી મોહનભાઈ | ,, | ૧ |
| ૧૧. શ્રીમતી તારાબહેન રતિલાલ શાહ હ: શ્રી મોહનભાઈ | ,, | ૧ |
| ૧૨. શ્રી દિનેશકુમાર નગીનદાસ શાહ | ,, | ૧ |
| ૧૩. ,, નટવરલાલ મોહનદાસ શાહ | ,, | ૧ |
| ૧૪. ,, ઘેલાભાઈ કરમચંદ સેનેટોરિયમ ટ્રસ્ટ | ,, | ૧ |
| ૧૫. ,, પરશોત્તમદાસ સુરચંદ | ,, | ૧ |
| ૧૬. ,, નિહાલચંદ લલ્લુભાઈ પ્રા૦ લિ૦ | ,, | ૧ |

| | | |
|---|---|---|
| ૧૭. શ્રીમતી સુભદ્રાબહેન–શ્રી નિહાલચંદ લલ્લુભાઈનાં પુત્રી | ,, | ૧ |
| ૧૮. શ્રી ચીમનલાલ મોહનલાલ | ,, | ૧ |
| ૧૯. ,, કનુભાઈ ભોગીલાલ જેઠાલાલ | ,, | ૧ |
| ૨૦. ,, નટવરલાલ ચુનીલાલ | ,, | ૧ |
| ૨૧. શ્રીમતી ભૂરીબહેન મગનલાલ હ: શ્રી રતિલાલભાઈ | ,, | ૧ |
| ૨૨. શ્રી વાડીલાલ ચુનીલાલ ચેરિટી ટ્રસ્ટ | ,, | ૨ |
| ૨૩. ,, સેવંતિલાલ કાંતિલાલ ટ્રસ્ટ | ,, | ૨ |
| ૨૪. ,, હિંમતલાલ ડાહ્યાભાઈ કોઠારી | ,, | ૧ |
| ૨૫. ,, પન્નાલાલ મોહનલાલ કોઠારી | ,, | ૧ |
| ૨૬. ,, અંબાલાલ અમીચંદ ચેરિટી ટ્રસ્ટ | ,, | ૨ |
| ૨૭. ,, કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી ચેરિટી ટ્રસ્ટ | ,, | ૩ |
| ૨૮. સ્વ. શ્રી જયચંદ માધવલાલના સ્મરણાર્થે | ,, | ૧ |
| ૨૯. શ્રી હમીરમલ કરમચંદ બાફણા | ,, | ૨ |
| ૩૦. ,, સેવંતિલાલ ફકીરચંદ | ,, | ૧ |
| ૩૧. ,, ગીરધરલાલ ત્રિકમલાલ | ,, | ૧ |
| ૩૨. ,, કુંદનલાલ લલ્લુભાઈ ઝવેરી | ,, | ૧ |
| ૩૩. શ્રીમતી ભાનુમતીબહેન કુંદનલાલ ઝવેરી | ,, | ૧ |
| ૩૪. શ્રી શિરીષભાઈ મણીલાલ શાહ | મુંબઈ | ૧ |
| ૩૫. ,, નગીનદાસ વૈદ્ય એન્ડ સન્સ | ઊંઝા | ૧ |
| ૩૬. ,, માણેકલાલ ચુનીલાલ | મુંબઈ | ૧ |
| ૩૭. ,, ઉકાલાલ હરખચંદ કોળીયાકવાળા હ: શ્રી રસીકભાઈ | ,, | ૧ |
| ૩૮. ,, પ્રેમજી ખીમજીભાઈ છેડા હ: શ્રી વિજયાબેન | ,, | ૧ |
| ૩૯. ,, નંદલાલ લલ્લુભાઈ સ્મારક ટ્રસ્ટ | વડોદરા | ૨ |
| ૪૦. શ્રીમતી જાસુદબેન ડાહ્યાભાઈ પરીખ | મુંબઈ | ૧ |
| ૪૧. શ્રી મફતલાલ મંછાચંદ શાહ અને ઝેણીબાઈ ટ્રસ્ટ | ,, | ૨ |
| ૪૨. ,, કીર્તિલાલ અમુલખભાઈ | ,, | ૧ |
| ૪૩. શ્રી ઝવેરચંદ પ્રેમચંદ–બોરીવલી | ,, | ૧ |
| ૪૪. શ્રીમતી પ્રભાવતી ઝવેરચંદ પ્રેમચંદ | ,, | ૧ |
| ૪૫. શ્રી કેશવલાલ ભણસાળી ચેરિટી ટ્રસ્ટ | ,, | ૨ |
| ૪૬. ,, રસીકલાલ ચંપકલાલ | ,, | ૧ |
| ૪૭. ,, ધુડાલાલ મોહનલાલ શાહ ટ્રસ્ટ | ,, | ૧ |
| ૪૮. ડૉ. ચીમનલાલ નેમચંદ શ્રોફ | ,, | ૧ |
| ૪૯. શ્રી કરજત જૈન શ્વે. મૂ. સંઘ | કરજત | ૧ |
| ૫૦. ,, કરમચંદ મુળચંદ અને શ્રીમતી પાનીબાઈ બાફણા | મુંબઈ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૫૧. | શ્રીમતી કનકકુમારી હમીરમલ બાફણા | મુંબઈ | ૧ |
| ૫૨. | મે. સ્ટાન્ડર્ડ મેટલ વર્ક્સ પ્રા. લિ. | ,, | ૧ |
| ૫૩. | શ્રી મગનલાલ જાદવજી દોશી | મોમ્બાસા | ૪ |
| ૫૪. | ,, જીવણલાલ કેસરીચંદ મેમોરિયલ ટ્રસ્ટ | મુંબઈ | ૧ |
| ૫૫. | ,, હરગોવિંદદાસ હરજીવનદાસ | ,, | ૧ |
| ૫૬. | ,, અરવિન્દભાઈ જીવરાજ | ,, | ૧ |
| ૫૭. | ,, આર. જયંતીલાલ | ,, | ૧ |
| ૫૮. | શ્રીમતી યશવંતીબહેન હાથીભાઈ ગલાલચંદ | ,, | ૧ |
| ૫૯. | શ્રી રિખવદાસ નેનમલ | ,, | ૧ |
| ૬૦. | ,, વસંતલાલ રિખવદાસ | ,, | ૧ |
| ૬૧. | ,, કે. એસ. દોશી એન્ડ કાં. | ,, | ૧ |
| ૬૨. | ,, મહેતા ચેરિટી ટ્રસ્ટ હ: શ્રી વ્રજલાલ કે. મહેતા | ,, | ૫ |
| ૬૩. | ,, ભરતકુમાર મુળચંદ ચોકસી | ,, | ૧ |
| ૬૪. | ,, ઘાટકોપર એજ્યુકેશન સોસાયટી હ: શ્રી વી. સી. ગાંધી | ,, | ૧ |
| ૬૫. | ,, બાબુભાઈ માનચંદ | ,, | ૧ |
| ૬૬. | ,, શાંતિલાલ કાળીદાસ દોશી | ,, | ૧ |
| ૬૭. | ,, ભોગીલાલ મોહનલાલ ચેરિટેબલ ટ્રસ્ટ | ,, | ૧ |
| ૬૮. | ,, ભૂપેન્દ્રભાઈ ભાઈચંદ વસા હ: શ્રી પ્રાણલાલભાઈ | ,, | ૧ |
| ૬૯. | ,, ફતેચંદ દુર્લભદાસ શાહ ,, | ,, | ૧ |
| ૭૦. | શ્રી બિપિનચંદ ફતેહચંદ શાહ હ: શ્રી પ્રાણલાલભાઈ | મુંબઈ | ૧ |
| ૭૧. | શ્રી નેશનલ રિફાઇનરી પ્રા. લિ. | ,, | ૧ |
| ૭૨. | શ્રીમતી મંગુબહેન હાથીભાઈ હ: શ્રી રમેશભાઈ | ,, | ૧ |
| ૭૩. | ડૉ૦ લીલાચંદ ડી. શાહ | વાલચંદનગર | ૧ |
| ૭૪. | શ્રી શાંતિલાલ ખુશાલચંદ શાહ | મુંબઈ | ૧ |
| ૭૫. | ,, જેસીંગલાલ મણીલાલ વાડીલાલ હ: શ્રી કરેન્દ્રભાઈ | ,, | ૧ |
| ૭૬. | ,, શ્રીમતી આનંદીબહેન મોહનલાલજી | ,, | ૧ |
| ૭૭. | એક સદ્‌ગૃહસ્થ હ: શ્રી પન્નાલાલ બી. શાહ | ,, | ૧ |
| ૭૮. | શ્રી જે. આર. શાહ ફાઉન્ડેશન | ,, | ૫ |
| ૭૯. | શ્રી કાંતિલાલ મફતલાલ શાહ | મુંબઈ | ૧ |
| ૮૦. | ,, પનાલાલ મફતલાલ શાહ | ,, | ૧ |
| ૮૧. | ,, ચંપકલાલ મફતલાલ | ,, | ૧ |
| ૮૨. | ,, પ્રતાપચંદ ચીમનલાલ શાહ | ,, | ૧ |
| ૮૩. | ,, મોહનલાલ ભાણજી શાપરીઆ | ,, | ૧ |

| | | |
|---|---|---|
| ૮૪. શ્રી જયસુખલાલ રાયચંદ કોઠારી | મુંબઈ | ૧ |
| ૮૫. ,, યશપાળ ફ્રીમતીલાલ જૈન | શિવપુરી | ૧ |
| ૮૬. શ્રીમતી હીરાબહેન અંબાલાલ લલ્લુભાઈ | મુંબઈ | ૧ |
| ૮૭. ,, વિમળાબહેન બાલચંદ દોશી | ,, | ૧ |
| ૮૮. ,, નિર્મળાબહેન ભરતકુમાર શાહ | અમદાવાદ | ૨ |
| ૮૯. શ્રી નિરંજન ડાહ્યાભાઈ શાહ | સુરત | ૧ |
| ૯૦. ,, બાપુલાલ ગભરૂચંદ | મુંબઈ | ૧ |
| ૯૧. શ્રીમતી કમળાબહેન બાપુલાલ | ,, | ૧ |
| ૯૨. શ્રી મણીલાલ લલ્લુચંદ ફાઉન્ડેશન | ,, | ૧ |
| ૯૩. ,, મોહનલાલ હેમચંદ બદામીઆ | મદ્રાસ | ૧ |
| ૯૪. ,, હરખચંદ હૌસીલાલ પાનાચંદ | બાલાપુર | ૧ |
| ૯૫. ,, ભોગીલાલ પ્રેમચંદ ઍન્ડ કાં. | મુંબઈ | ૧ |
| ૯૬. ,, રાયચંદ કેસુરચંદ (રૂબી જ્વેલર્સ) | ,, | ૧ |
| ૯૭. ,, સેવંતિલાલ ચુનીલાલ મણીયાર | ,, | ૧ |
| ૯૮. શ્રીમતી કુસુમબહેન સેવંતિલાલ મણીયાર | ,, | ૧ |
| ૯૯. શ્રી લોકસેવા ટ્રસ્ટ હ : શ્રી ફૂલચંદ શામજીભાઈ | મુંબઈ | ૫ |
| ૧૦૦. ,, શાંતિલાલ નગીનદાસ શાહ | ,, | ૧ |
| ૧૦૧. શ્રીમતી જાસુદબેન શાંતિલાલ શાહ | ,, | ૧ |
| ૧૦૨. શ્રી હરસુખલાલ ઓધવજી શાહ | ,, | ૧ |
| ૧૦૩. ,, સુરજમલ નગીનદાસ ઝવેરી હ : શ્રી હરીભાઈ | ,, | ૨ |
| ૧૦૪. શ્રીમતી મણીબહેન રતિલાલ ત્રિકમલાલ | ,, | ૧ |
| ૧૦૫. શ્રી કેશવલાલ બુલાખીદાસ ચેરિટી ટ્રસ્ટ | ,, | ૧ |
| ૧૦૬. ,, દુર્લભજી હરખચંદ શેઠ | ,, | ૧ |
| ૧૦૭. ,, લક્ષ્મીચંદ દુલભજી શાહ | ,, | ૨ |
| ૧૦૮. ,, આર. ભોગીલાલની કું૦ | ,, | ૧ |
| ૧૦૯. ,, બનારસીદાસ વિજયકુમાર જૈન | દિલ્લી | ૧ |
| ૧૧૦. ,, સારાભાઈ ડાહ્યાભાઈ ઝવેરી | મુંબઈ | ૧ |
| ૧૧૧. ,, એમ. બી. અત્તરવાળા ટ્રસ્ટ | ,, | ૧ |
| ૧૧૨. ,, ગિરીશભાઈ ગાલા (છેડા ઑપ્ટિકલ) | ,, | ૧ |
| ૧૧૩. શ્રીમતી શાંતાબહેન કાંતિલાલ નાનચંદ | ,, | ૧ |
| ૧૧૪. શ્રી અશોકકુમાર કાંતિલાલ નાનચંદ | ,, | ૧ |
| ૧૧૫. શ્રીમતી રંજનબહેન અશોકકુમાર | ,, | ૧ |
| ૧૧૬. ,, પુષ્પાવતી ચીમનલાલ કારાણી | ,, | ૧ |
| ૧૧૭. શ્રી માણેકચંદજી બેતાલા | મદ્રાસ | ૫ |
| ૧૧૬. ,, પોપટલાલ નરોત્તમદાસ શાહ | મુંબઈ | ૧ |
| ૧૧૭. ,, પ્રવીણચંદ્ર પોપટલાલ શાહ | ,, | ૧ |

| | | |
|---|---|---|
| ૧૧૮. શ્રી સાકરચંદ મોતીલાલ મૂળજી | મુંબઈ | ૧ |
| ૧૧૯. શ્રીમતી સુભદ્રાબહેન સાકરચંદ | ,, | ૧ |
| ૧૨૦. શ્રી લેહેરચંદ ઉત્તમચંદ ચેરિટી ટ્રસ્ટ | ,, | ૫ |
| ૧૨૧. ,, પ્રવીણચંદ્ર નાથાલાલ ચોકસી | ,, | ૧ |
| ૧૨૨. શ્રીમતી રમીલાબહેન પ્રવીણચંદ્ર ચોકસી | ,, | ૧ |
| ૧૨૩. શ્રી કેશવલાલ દલપતભાઈ ઝવેરી | ,, | ૧ |
| ૧૨૪. ,, શાંતિલાલ કેશવલાલ ઝવેરી | ,, | ૧ |
| ૧૨૫. ,, અનિલકુમાર છોટુભાઈ ચોકસી | ,, | ૩ |
| ૧૨૬. ,, ગણેશલાલ પ્યારેલાલ જૈન | અંબાલા | ૧ |
| ૧૨૭. ,, ચુનીલાલ ગાંડાભાઈ | મુંબઈ | ૧ |
| ૧૨૮. ,, ઝવેરચંદ ઠાકરશી ઍન્ડ સન્સ | ,, | ૧ |
| ૧૨૯. ,, મોતીલાલ વીરચંદ શાહ | માલેગાંવ | ૧ |
| ૧૩૦. સ્વ. શ્રી વૃજલાલ ખેચરદાસનાં સ્મરણાર્થે | મુંબઈ | ૧ |
| ૧૩૧. શ્રી એમ. એમ. શાહ ઍન્ડ કું. | ,, | ૧ |
| ૧૩૨. ,, નરપતલાલ ખૈરાતિલાલ ફાઉન્ડેશન | દિલ્લી | ૧ |
| ૧૩૩. ,, અમૃતલાલ રાયચંદ દોશી | મુંબઈ | ૧ |
| ૧૩૪. ,, લાલા ચુનીલાલ લાભચંદ જૈન | આગ્રા | ૧ |
| ૧૩૫. શ્રીમતી લાલદેવી લાભચંદ જૈન | આગ્રા | ૧ |
| ૧૩૬. શ્રી કનૈયાલાલ સૌભાગચંદ પારેખ | મુંબઈ | ૩ |
| ૧૩૭. ,, દિવ્યકાન્ત ચીમનલાલ માનચંદ | ,, | ૧ |
| ૧૩૮. સ્વ. શ્રી હેમરાજ મુળજીભાઈ છેડા હ : શ્રી ખીમજીભાઈ | ,, | ૧ |
| ૧૩૯. મેસર્સ અશોક બિલ્ડર્સ હઃ શ્રી મોરારજીભાઈ રેતીવાળા | ,; | ૧ |
| ૧૪૦. શ્રી ભીખાચંદ ગોદડચંદ ચેરિટેબલ ટ્રસ્ટ | ,, | ૫ |
| ૧૪૧. ,, મણીલાલ સી. ભણશાળી | ,, | ૧ |
| ૧૪૨. ,, મહાબળ એમ. ભણશાળી | ,, | ૧ |
| ૧૪૩. ,, ફૂલચંદ નગીનભાઈ ઝવેરી | ,, | ૧ |
| ૧૪૪. ,, અમૃતલાલ નેમચંદ કાપડીઆ | ,, | ૧ |
| ૧૪૫. ,, લક્ષ્મીચંદ ભગાજી પબ્લીક ચેરીટી ટ્રસ્ટ | ,, | ૩ |
| ૧૪૬. ,, ચીમનલાલ જે. દલાલની કું. | ,, | ૧ |
| ૧૪૭. ,, પ્રભુદાસ ગુલાબચંદ શાહ | ,, | ૧ |
| ૧૪૮. ,, ભાઈચંદ ત્રીભોવનદાસ પટવા | વડોદરા | ૧ |
| ૧૪૯. ,, દેવરાજજી જૈન | દિલ્લી | ૧ |
| ૧૫૦. ,, ભીકમચંદ મોતીચંદ વડોદરાવાળા | મુંબઈ | ૧ |
| ૧૫૧. ,, પ્યારેલાલ દર્શનલાલ જૈન | હોશિયારપુર | ૧ |
| ૧૫૨. મે. કાંતિલાલ ચુનીલાલ ચોકસી ઍન્ડ કાં. | મુંબઈ | ૫ |
| ૧૫૩. શ્રી રાયચંદ ગુલાબચંદ શાહ | અચ્છારી | ૧ |

| | | |
|---|---|---|
| ૧૫૪. શ્રી રતનચંદ રિખવદાસ ચેરિટી ટ્રસ્ટ | દિલ્લી | ૫ |
| ૧૫૫. ,, જેસીંગલાલ લલ્લુભાઈ શાહ | મુંબઈ | ૨ |
| ૧૫૬. શ્રીમતી વીણાબહેન ધીરજલાલ કપાસી | ,, | ૧ |
| ૧૫૭. ,, સુશીલાબહેન સેવંતીલાલ કપાસી | ,, | ૧ |
| ૧૫૮. ,, નીતિનાબહેન ઈન્દુભાઈ કપાસી | ,, | ૧ |
| ૧૫૯. ,, મધુબહેન રસીકલાલ શાહ | ,, | ૧ |
| ૧૬૦. ,, પુષ્પાબહેન ચંદ્રકાન્ત શાહ | ,, | ૧ |
| ૧૬૧. શ્રી હજારીમલ ચંદ્રભાણુ જૈન હઃ શ્રી ઉમેદમલજી | ,, | ૩ |
| ૧૬૨. ,, રતિલાલ મણીલાલ નાણાવટી | ,, | ૫ |
| ૧૬૩. ,, નાનજીભાઈ ધારસી છેડા | ,, | ૧ |
| ૧૬૪. ,, રમણલાલ નગીનદાસ પરીખ | ,, | ૧ |
| ૧૬૫. શ્રીમતી પ્રભાવતીબહેન રમણલાલ પરીખ | મુંબઈ | ૧ |
| ૧૬૬. ,, કમળાબહેન કાંતિલાલ પરીખ | ,, | ૩ |
| ૧૬૭. શ્રી ચીમનલાલ હીરાચંદ હ: શ્રી દલપતભાઈ | ,, | ૧ |
| ૧૬૮. ,, સુંદરલાલ રાયચંદ શાહ | ,, | ૧ |
| ૧૬૯. શ્રીમતી તારાબહેન સુંદરલાલ શાહ | ,, | ૧ |
| ૧૭૦. શ્રી લક્ષ્મીચંદ રાયચંદ સરવૈયા | ,, | ૧ |
| ૧૭૧. ,, ચંદ્રકાન્ત કરસનજી | ,, | ૧ |
| ૧૭૨. શ્રીમતી પ્રતિભાબહેન ચંદ્રકાન્ત | ,, | ૧ |
| ૧૭૩. શ્રી શાંતિલાલ રાજપાળ મહેતા | ,, | ૧ |
| ૧૭૪. ,, અમૃતલાલ દુર્લભજી દોશી | ,, | ૧ |
| ૧૭૫. ,, મહાસુખલાલ રિખવચંદ | ,, | ૧ |
| ૧૭૬. ,, મંગળદાસ ગોપાળદાસ પારેખ | ,, | ૧ |
| ૧૭૭. ,, ડાહ્યાભાઈ બી. કોરા હ : અશોક કાંતિલાલ કોરા | ,, | ૧ |
| ૧૭૮. ,, મોતીલાલ ડાહ્યાભાઈ ઝવેરી | ,, | ૧ |
| ૧૭૯. ,, ખુબચંદ રતનચંદ જોરાજી | ,, | ૧ |
| ૧૮૦. ,, રતિલાલ ત્રીભોવનદાસ કોઠારી | ,, | ૧ |
| ૧૮૧. ,, અમૃતલાલ ફાઉન્ડેશન | ,, | ૫ |
| ૧૮૨. ,, ધીરજલાલ મોહનલાલ શાહ | ,, | ૧ |
| ૧૮૩. શ્રીમતી જડાવબહેન અમૃતલાલ | ,, | ૧ |
| ૧૮૪. ,, કમળાબહેન કેશવલાલ રાયચંદ | ,, | ૧ |
| ૧૮૫. શ્રી શેષમલ દીપચંદ રાઠોડ | ,, | ૧ |
| ૧૮૬. ,, શાંતિસ્વરૂપજી મોહનલાલ જૈન | હોશિયારપુર | ૫ |
| ૧૮૭. ,, હિંમતમલ જસરાજ | મુંબઈ | ૧ |
| ૧૮૮. ,, દલસુખભાઈ ત્રંબકલાલ શાહ | ,, | ૧ |
| ૧૮૯. ,, ભોગીલાલ ચુનીલાલ હ : શ્રી સેવંતીભાઈ | ,, | ૧ |

| | | |
|---|---|---|
| ૧૯૦. શ્રી જગજીવન ભાઈચંદના પુત્રો તરફથી | મુંબઈ | ૧ |
| ૧૯૧. ,, હીરાલાલ લલ્લુભાઈ શાહ | ,, | ૧ |
| ૧૯૨. મે. બેસ્ટ સાઈકલ ઇમ્પોર્ટિંગ કંપની | મદ્રાસ | ૧ |
| ૧૯૩. શ્રી કાંતિલાલ છોટાલાલ પરીખ | મુંબઈ | ૧ |
| ૧૯૪. ,, મણીલાલ વાડીલાલ હ: કીર્તિલાલ જેસીંગલાલ કં. | ,, | ૧ |
| ૧૯૫. ,, મદનલાલ ટી. શાહ | ,, | ૧ |
| ૧૯૬. ,, ખીમચંદ રાયચંદ કોળીયાકવાળા હઃ શ્રી વિનુભાઈ | ,, | ૧ |
| ૧૯૭. ,, ચંપકલાલ ચુનીલાલ ચોકસી | ,, | ૧ |
| ૧૯૮. ,, લાલભાઈ જેસીંગલાલ શાહ | ,, | ૧ |
| ૧૯૯. ,, વ્રજલાલ રતિલાલ શાહ | ,, | ૧ |
| ૨૦૦. શ્રીમતી સોનબાઈ ડુંગરશી ચાંપશી માલાણી | ,, | ૧ |
| ૨૦૧. શ્રી રતનબરાર ચેરિટેબલ ટ્રસ્ટ હ: શ્રી શાદીલાલ જૈન | ,, | ૧ |
| ૨૦૨. શ્રી અજીતભાઈ મણીલાલ રીખવચંદ | મુંબઈ | ૧ |
| ૨૦૩. સ્વ. શ્રીમતી શાંતાબહેન ગોકુળદાસ શાહ | ,, | ૧ |
| ૨૦૪. શ્રી રતિલાલ ચીમનલાલ શાહ | ,, | ૧ |
| ૨૦૫. શ્રીમતી રૂખીબહેન મોતીલાલ પરીખ | ,, | ૧ |
| ૨૦૬. શ્રી મોતીચંદ હીરાચંદ ઝવેરી | ,, | ૨ |
| ૨૦૭. ,, મંગળભાઈ ઉર્ફે છગનલાલ લક્ષ્મીચંદ અને શાહ મણીલાલ લક્ષ્મીચંદ જૈન પબ્લિક ટ્રસ્ટ, વઢુ | | ૧ |
| ૨૦૮. ,, માણેકલાલ વાડીલાલ નાણાવટી ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ | | ૩ |
| ૨૦૯. ,, દેવચંદ જેઠાલાલ શાહ | મુંબઈ | ૨ |
| ૨૧૦. મે. એન. ચીમનલાલ કું. દવાવાળા | ,, | ૨ |
| ૨૧૧. શ્રી સ્વરૂપચંદ નેમચંદ શ્રોફ | ,, | ૨ |
| ૨૧૨. ,, અરવિન્દભાઈ ભોગીલાલ રિખવચંદ | ,, | ૧ |
| ૨૧૩. ,, રસીકલાલ જેઠાલાલ શાહ | ,, | ૧ |
| ૨૧૪. ,, રસીલાબહેન મોહોલાલ મગનલાલ | ,, | ૩ |
| ૨૧૫. ,, ચંપકલાલ જેસિંગલાલ | ,, | ૨ |
| ૨૧૬. ,, વસંતભાઈ હેમરાજ શાહ | ,, | ૧ |
| ૨૧૭. , જયંતભાઈ મહાસુખભાઈ | ,, | ૧ |
| ૨૧૮. ,, નવીનચંદ્ર ઘડીયાળી | ,, | ૧ |
| ૨૧૯. ,, શાંતિલાલ ચીમનલાલ ઝવેરી | ,, | ૧ |
| ૨૨૦. ,, ચુનીલાલ મુળચંદ કાપડીઆ હ: શ્રી રસીકભાઈ | ,, | ૧ |
| ૨૨૧. ,, રમણલાલ વાડીલાલ શાહ | ,, | ૩ |
| ૨૨૨. ,, છોટાલાલ જમનાદાસ અને ઘોઘારી ભાઈઓ | ,, | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૨૩. | શ્રી કાંતિલાલ બાલચંદ પારેખ | મુંબઈ | ૧ |
| ૨૨૪. | ,, છગનલાલ છોગમલ (નેકોપ્લાસ્ટીકસ) | ,, | ૧ |
| ૨૨૫. | ,, ગુલાબચંદ રતનચંદ ઝવેરી | ,, | ૧ |
| ૨૨૬. | ,, કાંતિલાલ ચેનાજી | ,, | ૧૦ |
| ૨૨૭. | ,, ચંપાલાલ કેસરીમલ સંઘવી | વડોદરા | ૧ |
| ૨૨૮. | ,, નાનકચંદજી જસવંતલાલ જૈન | દિલ્લી | ૧ |
| ૨૨૯. | ,, દીવાનચંદ સુરજપ્રકાશ જૈન | આગરા | ૧ |
| ૨૩૦. | ,, એસ. એમ. રામલાલ કું. | દિલ્લી | ૧ |
| ૨૩૧. | ,, દેવેન્દ્રભાઈ નાનકચંદ | મુંબઈ | ૧ |
| ૨૩૨. | ,, જયંતીલાલ અંબાલાલ શાહ | ,, | ૧ |
| ૨૩૩. | ,, મહીપતરાય જાદવજી શાહ | ,, | ૧ |
| ૨૩૪. | ,, વૃજલાલ એલ. શાહ (પરશીયન ડેરી) | ,, | ૧ |
| ૨૩૫. | ,, વાડીલાલ ચત્રભૂજ ગાંધી | ,, | ૧ |
| ૨૩૬. | ,, નર્મદાબહેન ચેરીટી ટ્રસ્ટ<br>હ: શ્રી મહેશભાઈ વી. ગાંધી | ,, | ૧ |
| ૨૩૭. | ,, પ્રાણુલાલ કાનજીભાઈ દોશી | ,, | ૧ |
| ૨૩૮. | મે. ડી. મણીલાલની કું.<br>હ: શ્રી રમણીકભાઈ | ,, | ૨ |
| ૨૩૯. | શ્રી પુખરાજજી સુરાણા | ,, | ૧ |
| ૨૪૦. | શ્રી વાડીલાલ આર. શાહ | મુંબઈ | ૧ |
| ૨૪૧. | ,, હીરાલાલ છોટાલાલ | ,, | ૧ |
| ૨૪૨. | ,, દાનમલજી મુળજી કોઠારી<br>હ: શ્રી મનસુખભાઈ | ,, | ૧ |
| ૨૪૩. | ,, રજનીકાન્ત મુળરાજ | ,, | ૧ |
| ૨૪૪. | ,, મનહરલાલ મોહનલાલ | ઉદેપુર | ૧ |
| ૨૪૫ | ,, ઘડીયાળી ગાંધી ફાઉન્ડેશન | મુંબઈ | ૧ |
| ૨૪૬. | ,, નિર્મળ અંજુ ચેરીટી ટ્રસ્ટ | ,, | ૧ |
| ૨૪૭. | ,, ભરતજી હ: શ્રી ખરાયતીલાલ જૈન | દિલ્લી | ૧ |
| ૨૪૮. | ,, એસ. એમ. રામલાલ કું. | ,, | ૧ |

કુલ ટ્રસ્ટ સ્કોલરો ૩૪૨

## અખંડ માનવતા

માનવતા અખંડ છે; એમાં ભેદભાવ નથી. ઊંચ-નીચ, ધનવાન-ગરીબ તથા કાળા-ગોરાનો ભેદ દૃષ્ટિબિંદુના કારણે છે.

—પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ

## પરિશિષ્ટ—૨

# સંદેશા મોકલનારાઓની યાદી

સમારોહ પ્રસંગે સફળતા અને શુભેચ્છાના સંદેશા મોકલનાર પૂજ્ય સાધુ–મુનિરાજો, સાધ્વીજી મહારાજો, સંસ્થાઓ તથા સદ્‌ગૃહસ્થોની યાદી અહીં આપવામાં આવે છે.

### સાધુમહારાજો તથા સાધ્વીજી મહારાજો

૧ પૂજ્ય આચાર્ય શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ, અમદાવાદ.
૨. પૂજ્ય આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ તથા
મુનિવર્ય શ્રી યશોવિજયજી મહારાજ, બોરીવલી.
૩. પૂજ્ય આચાર્ય શ્રી વિજયપૂર્ણાનંદસૂરીશ્વરજી મહારાજ, નાગોર.
૪. પૂજ્ય પંન્યાસ શ્રી નેમવિજયજી મહારાજ, વડોદરા.
૫. પૂજ્ય આચાર્ય શ્રી વિજયવિકાસચંદ્રસૂરિજી મહારાજ, સાદડી.
૬. પૂજ્ય આચાર્ય શ્રી વિજયમેરુપ્રભસૂરિજી મહારાજ તથા
પંન્યાસ શ્રી નીતિપ્રભવિજયજી મહારાજ, ભાવનગર.
૭. પૂજ્ય આચાર્ય શ્રી વિદ્યાચંદ્રસૂરિજી મહારાજ, રાજગઢ.
૮. પૂજ્ય આચાર્ય શ્રી વિજયઅશોકચંદ્રસૂરિજી મહારાજ તથા
પૂજ્ય આચાર્ય શ્રીવિજયરાજેન્દ્રસૂરિજી મહારાજ, પાલનપુર.
૯. પૂ. મુનિ શ્રી મિત્રવિજયજી મહારાજ, અમદાવાદ.
૧૦. પૂ. મુનિ શ્રી મહોદયસાગરજી મહારાજ, નરસિંગપુર.
૧૧. પૂ મુનિ શ્રી પદ્મસાગરજી મહારાજ, ભીવંડી.
૧૨. પૂ. મુનિ શ્રી સંતબાલજી મહારાજ, ચિંચવડ.
૧૩. પૂ. શ્રી પુષ્કર મુનિજી.
૧૪. પૂ. વિજય મુનિજી, તખતગઢ.
૧૫. પૂ. સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ, બેલગાંવ.
૧૬. પૂ. સાધ્વીજી શ્રી સુનંદાશ્રીજી મહારાજ, ઘાટકોપર.
૧૭ પૂ. સાધ્વીજી શ્રી પુષ્પશ્રીજી તથા પૂ. સાધ્વીજી શ્રી પુણ્યશ્રીજી મહારાજ, શિવપુરી
૧૮. પૂ. સાધ્વીજી શ્રી દમયંતીશ્રીજી મહારાજ, નાગોર.
૧૯. પૂ. સાધ્વીજી શ્રી વિનીતાશ્રીજી મહારાજ, બાલાપુર.

### સંઘો તથા સંસ્થાઓ

૧. શ્રી આત્માનંદ જૈન સંઘ, વડોદરા.
૨. જૈન આત્મનંદ સભા, ભાવનગર.

૩. શ્રી આત્માનંદ જૈન ગુરુકુળ, ઝઘડીઆ.
૪. શ્રી મહાવીર જૈન વિદ્યાલય પાસ્ટ સ્ટુડન્ટ્સ યુનિયન, મુંબઈ.
૫. શ્રી સિદ્ધક્ષેત્ર જૈન મોટી ટોળી, પાલીતાણા.
૬. શ્રી છસરા સુધાકર સંઘ, છસરા (કચ્છ).
૭. શ્રી વિજયદેવસૂરિ સંઘ, ડભોઈ.
૮. શ્રી જૈન સંઘ, પૂના.
૯. શ્રી દલીચંદ વીરચંદ શ્રોફ જૈન વિદ્યાલય, સુરત.
૧૦. શ્રી જૈન સંઘ, પાલનપુર.
૧૧. શ્રી જૈન સંઘ, નાગોર.
૧૨. શ્રી રાજકાવાડા જૈન સંઘ, પાટણ.
૧૩. શ્રી જૈન સંઘ, વળાદ.
૧૪. શ્રી જૈન સંઘ, બાલાપુર.
૧૫. શ્રી જૈન સંઘ, પાલી.
૧૬. શ્રી તાલધ્વજ જૈન તીર્થક્ષેત્ર કમીટી, તળાજા.
૧૭. શ્રી જૈન સંઘ, બડોત.
૧૮. શ્રી શીવરી જૈન સંઘ, શીવરી.
૧૯. શ્રી જૈન સંઘ, કઠોર.

### સદ્‌ગૃહસ્થો

૧. શ્રી ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ, અમદાવાદ.
૨. શ્રી રતિલાલ નાથાલાલ શેરદલાલ, અમદાવાદ.
૩. શ્રી પી. આર. કામાણી, મુંબઈ.
૪. શ્રી ડો. ભાઈલાલભાઈ બાવીશી તથા શ્રી ફૂલચંદભાઈ દોશી, પાલીતાણા.
૫. શ્રી મોહનલાલ પંડ્યા, મદ્રાસ.
૬. શ્રી ડો. વલ્લભદાસ નેણસીભાઈ મહેતા, મોરબી.
૭. શ્રી ભુરાભાઈ ફૂલચંદ શાહ, અમદાવાદ.
૮. શ્રી જવાહરલાલજી લોઢા, તંત્રી "શ્વેતાંબર જૈન" આગરા.
૯. શ્રી ગુલાબચંદ દેવચંદ શેઠ, તંત્રી "જૈન," ભાવનગર.
૧૦. શ્રી પ્યારેલાલ જૈન, ન્યુયોર્ક અમેરિકા.
૧૧. શ્રી માણેકચંદજી કોચર, ગંગાનગર.
૧૨. શ્રી યશપાલ કીર્તિલાલ, શિવપુરી.
૧૩. શ્રી રમણલાલ જેસિંગલાલ, પાટણ.
૧૪. શ્રી છોટેલાલજી વૈદ, કલકત્તા.
૧૫. શ્રી હીરાચંદજી પુખરાજજી બાફણા, કોઈમ્બતુર.
૧૬. શ્રી ફતેહચંદ બાબુલાલ તથા શ્રી જયંતીલાલ શાહ, કોઈમ્બતુર.
૧૭. શ્રી દિલીપકુમાર હીરાચંદ, જળગાંવ.

૧૮. શ્રી પી. કે. મહેતા, કપડવંજ.
૧૯. શ્રી મે. રમેશ મેડીકલ, મદ્રાસ.
૨૦. શ્રી સંપતરાજજી પદમચંદજી, અમદાવાદ.
૨૧. શ્રી ચંદુલાલ લલ્લુચંદ, પાટણ,
૨૨. શ્રી અરવિંદ જી. શાહ, પાટણ.
૨૩. શ્રી કાનમલજી કર્ણાવટ, કેકડી.
૨૪. શ્રી છબીલદાસ કેસરીચંદ સંઘવી, ખંભાત.
૨૫. શ્રી નજરચંદ જૈન, ચંદીગઢ.
૨૬. શ્રી ભોગીલાલ મણીલાલ શાહ, કોલ્હાપુર.
૨૭. શ્રી વસ્તીમલ છગનલાલ, સાદડી.
૨૮. શ્રી મે. અશોક બ્રધર્સ, જયપુર.
૨૯. શ્રી પદમસિંગજી, બુલંદશહેર.
૩૦. શ્રી રાજવૈદ જસવંતલાલજી, જૈન.
૩૧. શ્રી જગજીવન રાજારામ, અમદાવાદ.
૩૨. શ્રી લખમશી ધારશી છેડા, મુંબઈ.
૩૩. શ્રી કાંતિલાલ અમીચંદ શ્રોફ, સુરત.
૩૪. શ્રી કાંતિલાલ ઉજમશી ભાવસાર અને શ્રી પોપટભાઈ ગાંધી, ધંધુકા.
૩૫. શ્રી મીઠાભાઈ ડાહ્યાભાઈ, શ્રી રમણલાલ વીરચંદ, અમદાવાદ.
૩૬. શ્રી ફૂલચંદભાઈ તથા વીરચંદભાઈ, કોઈમ્બતુર.
૩૭. શ્રી વીરચંદ મૂળચંદ, અમદાવાદ.
૩૮. શ્રી મે. ભારત મેડીકલ સ્ટોર્સ, બેંગલોર.
૩૯. શ્રી રમણલાલ ફકીરચંદ મશરૂવાળા, અમદાવાદ.
૪૦. શ્રી ખેમચંદ ઉત્તમચંદ, સુરત.
૪૧. શ્રી ગુલાબચંદજી કોચર, જોધપુર.
૪૨. શ્રી ચીમનલાલ છોટાલાલ, પાલેજ.
૪૩. શ્રી રતનચંદજી ચુનીલાલજી રાઠોડ, બારસી.
૪૪. શ્રી ડૉ. સરસ્વતીબહેન શેઠ અમદાવાદ.
૪૫. શ્રી મે. ખંડેલવાલ પેઈન્ટસ સ્ટોર્સ, જલંધર.
૪૬. શ્રી રતનચંદજી સંચેતી, અજમેર.
૪૭. શ્રી રિષભદાસજી જ્યોતિષી, દિલ્લી.
૪૮. શ્રી પુરુષોત્તમદાસજી, બરેલી.
૪૯ શ્રી સારાભાઈ, રમણભાઈ તથા બાબુભાઈ દવે, પાટણ.
૫૦. શ્રી બાબુરામજી જૈન, ફગવાડા.
૫૧. શ્રી અનરાજ સુકનરાજ કોચર, ન્યુ દિલ્લી.
૫૨. શ્રી હીરાલલ ભોગીલાલ, મુંબઈ.
૫૩. શ્રી કાંતિલાલ હ. માથકીયા, વઢવાણ.

૫૪. શ્રી જીવરાજ ભાણજી શીવરીવાળા, મુંબઈ.
૫૫. શ્રી રમણભાઈ શાહ, ગોરેગાંવ.
૫૬. શ્રી વલ્લભદાસ વી. જરીવાળા, મુંબઈ.
૫૭. શ્રી શારદાબક્ષી દલિતસિંગ, મુંબઈ.
૫૮. શ્રી જયંતીલાલ મોહનલાલ શાહ, પાલીતાણા.
૫૯. શ્રી કિશોર કેશવલાલ શાહ, અમેરિકા.
૬૦. શ્રી કસ્તુરચંદ ગુલાબચંદ શાહ, અમદાવાદ.
૬૧. શ્રી કાંતિલાલ ચુનીલાલ શાહ, કરેલી.
૬૨. શ્રી મગનલાલ વિશનજી, નખત્રાણા.
૬૩. શ્રી કરમશી જેઠાભાઈ સોમૈયા, મુંબઈ.
૬૪. શ્રી મેનેજર, દેના બેંક, ન્યુ ગામદેવી બ્રાંચ, મુંબઈ.
૬૫. શ્રી મેનેજર બોમ્બે કલોથીંગ કું., મુંબઈ.
૬૬. શ્રી શિરેનકુમાર હિંમતલાલની કું., લાતુર.
૬૭. શ્રી રમણિકલાલ ભગવાનલાલ શાહ, રાજકોટ.
૬૮. શ્રી કુંદનમલજી સંઘવી, બેંગલોર.
૬૯. શ્રી રમેશભાઈ જી. મારૂ, તંત્રી, "ઓસવાલ અભ્યુદય," મુંબઈ.

## પ્રાણીમાત્ર ઉપર પ્રેમ રાખો

ધર્મ પ્રેમ શીખવે છે, નહીં કે વેરભાવ. ધર્મ ફૂલ છે, નહીં કે કાંટો. તમે પ્રાણીમાત્રને માટે પ્રેમભાવ રાખશો. * ખુદાનો બંદો–ઇશ્વરનો ભક્ત–એ જ છે, જે બધા પ્રાણીઓને પોતાના જેવા સમજે છે.* દરેક પ્રાણીમાં ઈશ્વિર વિદ્યમાન છે. શુદ્ધ આચરણથી માનવી પોતાના મનને પ્રભુનું પવિત્ર મંદિર બનાવી જાણે.* આપણો ધર્મ બધા જીવો ઉપર દયા રાખવી એ છે. જ્યારે આપણે નાના નાના જીવો ઉપર દયા કરીએ છીએ તો મનુષ્યની દયા કરવી એ તો આપણી સૌથી પહેલી ફરજ બની જાય છે. પ્રાણીમાત્ર ઉપર પ્રેમ રાખો. અમર સુખની આ જ નીસરણી છે.

— પૂ. આ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ.

પરિશિષ્ટ—૩

# અન્ય ધર્મસમારંભો

આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજના મુંબઈ પધાર્યા બાદ, તેઓના તથા આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજના સાંનિધ્યમાં, જે ખાસ ખાસ ધર્મસમારંભો ઊજવાયા, તેની ટૂંકી માહિતી સાથેની યાદી નીચે આપવામાં આવે છે—

**(૧) ઉગ્ર અને દીર્ઘ તપસ્યા અને કાળધર્મ**—આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજના શિષ્ય મુનિવર્ય શ્રી અનેકાંતવિજયજી મહારાજ, દર વર્ષે, પર્યુષણ મહાપર્વ પ્રસંગે, મૌન સાથે લાંબી તપસ્યા કરતા હતા. વિ. સં. ૨૦૨૪ના બિકાનેરના ચોમાસામાં તેઓએ ૫૧ ઉપવાસ અને વિ. સં. ૨૦૨૫ના લુણાવાના ચોમાસામાં ૬૧ ઉપવાસ મૌન સાથે કર્યા હતા. એ જ રીતે વિ. સં. ૨૦૨૬ના મુંબઈના ચોમાસા દરમ્યાન તેઓની ભાવના મૌન સાથે ૭૧ ઉપવાસ કરવાની થવાથી તેઓએ, તા. ૧૭–૭–૧૯૭૦, અષાડ સુદિ ૧૪ થી, આ તપસ્યાની શુભ શરૂઆત કરી હતી. ૬૧ મા ઉપવાસ સુધી તો તેઓને સારી શાતા હતી. અને તે પછી આચાર્ય મહારાજ તેઓને એક-એક ઉપવાસનું જ પચ્ચક્ખાણ આપતા હતા. ૬૩મા ઉપવાસે, તા. ૧૭–૯–૭૦ના રોજ, તબિયતમાં ચિંતાજનક અસ્વસ્થતા દેખાતાં આચાર્યશ્રીએ તેઓને બીજે દિવસે પારણું કરવાનો આદેશ આપ્યો.

એટલે, ઉપવાસ શરૂ કર્યા પછી ૬૪મા દિવસે, તા. ૧૮–૯–૭૦ના રોજ, આ દીર્ઘ અને ઉગ્ર તપસ્વીને પારણું કરાવવાનો લાભ, રૂ. ૧૧૧૧૧)ની બોલી બોલીને, લુણાવાના એક સદ્‌ગૃહસ્થે લીધો. (આ બોલીની રકમનો ઉપયોગ ગુજરાત રેલ રાહતના કાર્યમાં કરવાની જાહેરાત અગાઉથી કરવામાં આવી હતી.) બે ત્રણ દિવસ તો તબિયત ઠીક રહી, પણ તા. ૨૨–૯–૭૦ના રોજ, તબિયતમાં ચિંતાજનક પલટો આવ્યો; અને, શ્રીસંઘ તથા નિષ્ણાત દાક્તરોની ભક્તિભરી પૂરી સારવાર છતાં, ગુરુવાર તા. ૨૪–૯–૭૦, વિ. સં. ૨૦૨૬ના ભાદરવા વદિ પહેલી ૧૦ના રોજ, સવારના ૧૦-૨૪ વાગતાં, મુનિરાજ શ્રી અનેકાંતવિજયજી મહારાજ કાળધર્મ પામ્યા!

બે–અઢી વર્ષ જેટલા ટૂંકા દીક્ષા સમયમાં, તપ, ધ્યાન અને મૌનના માર્ગે, પોતાનું શ્રેય સાધી જનાર આ સ્વનામધન્ય મુનિવરને મુંબઈના સંઘે અને જનસમૂહે અસાધારણ અંતિમ માન આપ્યું; તેઓની ૭૧ ઉપવાસની ભાવનાની સ્મૃતિમાં ૭૧ હજાર રૂપિયાનું ફંડ એકત્ર કરીને તે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની આગમ પ્રકાશનની યોજનામાં આપવાનું જાહેર કરવામાં આવ્યું. તા. ૨૬–૯–૭૦ના રોજ સવારે, મુંબઈની જુદી જુદી સંસ્થાઓના ઉપક્રમે, આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તથા આગમપ્રભાકર મુનિવર્ય શ્રી

## દીર્ઘતપસ્વી મુનિરાજ શ્રી અનેકાંતવિજયજી



૬૩ મા ઉપવાસે મુનિશ્રીની પ્રસન્નતા




મુનિશ્રીની વિરાટ અંતિમ યાત્રાનું દૃશ્ય



પદવીદાન પ્રસંગે ઉપસ્થિત શ્રમણસમુદાય

વરલી (મુંબઈ) માં અનેક ધર્મોત્સવો.



પદવી પ્રાપ્ત કરનાર મુનિવરો



પદવી પ્રસંગે હાજર જનસમુદાય




વરલીમાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા



શતાબ્દી નિમિત્તે આવેલ મુનિસમુદાય, વરલીમાં >



શતાબ્દી નિમિત્તે આવેલ સાધ્વીસમુદાય, વરલીમાં



ભાયખલા (મુંબઈ)માં આગમ પ્રકાશન સમારોહ

ડૉ. હીરાલાલજી જૈન શ્રી પન્નવણાસૂત્રનો પ્રકાશનવિધિ કરે છે.



પૂ. પુણ્યવિજયજી મહારાજ પ્રવચન કરે છે.



પૂ. પુણ્યવિજયજી મહારાજ ગ્રંથનું અવલોકન કરે છે.

## મુંબઈમાં આગમપ્રભાકર મુ. શ્રી પુણ્યવિજયજીનો સ્વર્ગવાસ



પ્રશાંત-ગંભીર મુખમુદ્રાનાં અંતિમ દર્શન



વિરાટ અંતિમ યાત્રા

## શ્રી જયભારતીબહેનની દીક્ષા અને વડીદીક્ષા



દીક્ષા માટેનું મંગલ પ્રયાણ : શ્રી જયંતીલાલ રતનચંદ શાહ તિલક કરે છે.




ભાયખલા(મુંબઈ)માં વડીદીક્ષા

આ પ્રસંગના પ્રેરક શ્રીમતી જયવંતીબહેન તથા
નામકરણવિધિ કરનાર ડૉ. હેમચંદ્ર ગુપ્તે.



"વિજયવલ્લભ-ચોક" નામકરણ સમારોહ

ડૉ. હેમચંદ્ર ગુપ્તે નામકરણવિધિ કરે છે.



< સમારોહમાં ઉપસ્થિત જનસમુદાય



**બેંગલોરમાં જન્મશતાબ્દીની ઉજવણી**

< શ્રી ધરણેન્દ્રય્યા પુસ્તકોની ભેટ સ્વીકારે છે.



< શ્રી બી. ડી. જટ્ટી ઇન્ડીયન એક્સપ્રેસની પૂર્તિનું પ્રકાશન કરે છે.



રાજ્યપાલ શ્રી ધર્મવીર સમારોહનું ઉદ્ઘાટન કરે છે.



પૂ. સા. મૃગાવતીશ્રીજી પ્રવચન કરે છે.

V




Λ

બાજુમાં શ્રી ધર્મવીરજી વગેરે બેઠા છે.

વડોદરામાં જન્મશતાબ્દી



રંગોળી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન : શ્રી જતીનભાઈ મોદી



વિશાળ ધર્મયાત્રાનું એક દૃશ્ય



ડૉ. ભોગીલાલ સાંડેસરા પ્રવચન કરે છે.

જન્મશતાબ્દી મહોત્સવની પૂનામાં પૂર્ણાહુતિ




શ્રી આત્મવલ્લભ નગરનો સભામંચ



વિશાળ સભામંડપનું એક દૃશ્ય



પૂનામાં વિશાળ ધર્મયાત્રાનું એક દશ્ય



સમારોહના ઉદ્દઘાટક, તામિલનાડુના
રાજ્યપાલ શ્રી કે. કે. શાહનું સ્વાગત



શ્રી કે. કે. શાહ આ. શ્રી. વિજયસમુદ્રસૂરિજી
પાસે વાસક્ષેપ લે છે.




આ. શ્રી વિજયસમુદ્રસૂરિજી આ. શ્રી વિજયવલ્લભ સ્મારક હાઈસ્કુલની જમીન ઉપર પધારે છે.



આ. શ્રી વિજયસમુદ્રસૂરિજી આદિ હાઈસ્કુલ માટેની જમીન ઉપર વાસક્ષેપ નાખે છે.



આ. શ્રી વિજયસમુદ્રસૂરિજી પૂનાના તથા બહારગામના આગેવાનો સાથે

પુણ્યવિજયજી મહારાજના સાંનિધ્યમાં, મળેલી ગુણાનુવાદ-સભામાં ચતુર્વિધ સંઘે તથા બીજા જૈન ફિરકાના મહાનુભાવોએ મુનિશ્રીને ભાવભરી શ્રદ્ધાંજલિ આપી હતી.

**( ૨ ) અમૃત-મહોત્સવ**—જન્મશતાબ્દીની ઉજવણીની શરૂઆતરૂપે વિ. સં. ૨૦૨૭ ના કારતક સુદિ ૨ થી સુદિ ૯ સુધી, આઠ દિવસ માટે, શ્રી ગોડીજીના દેરાસર-ઉપાશ્રયમાં પૂજા-ભાવના તથા વ્યાખ્યાનોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ દિવસો દરમ્યાન, કારતક સુદિ પાંચમ–જ્ઞાનપંચમી, તા. ૪–૧૧–૭૦, બુધવારના રોજ, જ્ઞાન-તપસ્વી, આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ પોતાના યશસ્વી ધર્મમય જીવનનાં ૭૫ વર્ષ પૂરાં કરતા હોવાથી, એ નિમિત્તે, આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજના સાંનિધ્યમાં, અમૃત-ઉત્સવ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે જાણીતા સાક્ષર પ્રો. અમૃતલાલ યાજ્ઞિક તથા પ્રો. ડૉ. વી. એમ. કુળકર્ણીએ મહારાજશ્રીની જ્ઞાનોદ્ધારની વિરલ પ્રવૃત્તિને બિરદાવી હતી, તથા અન્ય વક્તાઓએ મહારાજશ્રીને ભાવભરી અંજલિ આપી હતી. મુનિવર્ય શ્રી પુણ્યવિજયજીના આ પ્રસંગના પ્રવચનમાં પણ તેઓની જ્ઞાનો-પાસનાની ઉત્કટ ઝંખના અને અંતરસ્પર્શી સાધુતા તથા વિનમ્રતાના આહ્લાદકારી સંગમનાં દર્શન થતાં હતાં.

### વરલીમાં વિવિધ ઉત્સવો

જન્મશતાબ્દીની ઉજવણીનું કાર્ય આનંદપૂર્વક પૂરું થયું હતું; અને મુંબઈ વરલીના જૈન સંઘે તૈયાર કરેલ જિનમંદિરની પ્રતિષ્ઠા આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજના હાથે થાય એવી વરલી શ્રીસંઘની ભાવના હતી આ નિમિત્તે વરલીમાં તા. ૨૩–૧–૧૯૭૧ થી તા. ૨–૨–૧૯૭૧ સુધી, ૧૧ દિવસ માટેનો મહોત્સવ રાખવામાં આવ્યો હતો અને આ મહોત્સવ દરમ્યાન દીક્ષા અને પદવીદાનના પ્રસંગો પણ યોજવામાં આવ્યા હતા. આ મહોત્સવ માટે આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વર તથા આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ પોતાના સાધુસમુદાય સાથે વરલી પધાર્યા હતા. તેઓના આજ્ઞાવર્તી ૫૫ જેટલાં સાધ્વીજી મહારાજો પણ વરલી પધાર્યાં હતાં.

**( ૩ ) દીક્ષા**—માહ સુદિ ૫, વસંત પંચમી, તા. ૩૧–૧–૭૧ રવિવારના રોજ, સવારના નવ વાગતાં, બે વૈરાગી મહાનુભાવોને–વીજાપુર (રાજસ્થાન) નિવાસી શ્રી રતનચંદ પ્રતાપ-ચંદજીને તથા લફણીનિવાસી પરમાર ક્ષત્રિય તુલસીભાઈ પુનાભાઈને–ચતુર્વિધ શ્રીસંઘની હાજરીમાં, ભાગવતી દીક્ષા આપવામાં આવી. શ્રી રતનચંદજીનું નામ મુનિ દીપવિજયજી રાખીને એમને પંન્યાસ શ્રી ન્યાયવિજયજીના શિષ્ય બનાવવામાં આવ્યા અને શ્રી તુલસી-ભાઈનું નામ મુનિ ભદ્રબાહુવિજયજી રાખીને એમને એમના દીક્ષિત વડીલ બંધુ મુનિ શ્રી રત્નાકરવિજયજીના શિષ્ય જાહેર કરવામાં આવ્યા.

**( ૪ ) પદવીદાન**—દીક્ષાવિધિ પ્રસંગે નીચે મુજબ પદવીઓ આપવામાં આવી—

મુનિ શ્રી ઇન્દ્રવિજયજી ગણિને આચાર્ય પદવી આપીને તેઓનું નામ વિજયઇન્દ્રદિન્નસૂરિ રાખવામાં આવ્યું.

મુનિ શ્રી સુરેન્દ્રવિજયજી ગણિને તથા મુનિ શ્રી પ્રકાશવિજયજી ગણિને ઉપાધ્યાયપદ આપવામાં આપ્યું.

મુનિ શ્રી બલવંતવિજયજી ગણિને, મુનિ શ્રી જયવિજયજી ગણિને તથા મુનિ શ્રી ન્યાયવિજયજી ગણિને પંન્યાસપદ આપવામાં આવ્યું.

**(૫) બહુમાનસૂચક વિશેષ પદ**—આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ, મુનિ શ્રી જનકવિજયજી ગણિ તથા મુનિ શ્રી વલ્લભદત્તવિજયજીએ કોઈ પણ જાતની પદવી લેવાનો નમ્રતાપૂર્વક ઇનકાર કર્યો હતો. આવા સુયોગ્ય મુનિવરોને કોઈ પણ જાતની પદવી આપવામાં ન આવે તે વાત આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજને ખટકતી હતી. તેથી આ દીક્ષા-પદવીદાન-સમારોહ પ્રસંગે આચાર્યશ્રીએ "મારો સંદેશ" નામે જે લાગણીભીનું પ્રવચન કર્યું તેમાં તેઓએ, પોતાના સંતોષ ખાતર, આ ત્રણ મુનિવરોને બહુમાનસૂચક નીચે મુજબ વિશેષ પદ આપ્યાની જાહેરાત કરી હતી—

આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજને "શ્રુતશીલવારિધિ"નું પદ આપ્યું.

મુનિ શ્રી જનકવિજયજી ગણિને "સર્વધર્મસમન્વયી"નું પદ આપ્યું.

મુનિ શ્રી વલ્લભદત્તવિજયજીને "આદર્શ ગુરુભક્ત"નું પદ આપ્યું.

**(૬) પ્રતિષ્ઠા**—માહ સુદિ ૬, તા. ૧-૨-૭૧, સોમવારે સવારે ૧૦-૫૯ કલાકે, મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાન આદિ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી.

શ્રી વલ્લભ-જન્મશતાબ્દીની સુંદર ઉજવણી બાદ ઉલ્લાસથી વરલીમાં ઊજવવામાં આવેલ આ ધર્મોત્સવો જાણે મનોહર મંદિરના સુંદર શિખર ઉપર સુવર્ણકળશ સમા શોભાયમાન બની ગયા.

**(૭) શ્રી જયભારતી બહેનની દીક્ષા**—કચ્છ કુંદરોડીના વતની, મુંબઈનિવાસી શ્રી નાનજીભાઈ ધારશી છેડા તથા શ્રીમતી લક્ષ્મીબહેનનાં સુપુત્રી કુમારી જયભારતી બહેન, સ્વર્ગસ્થ સાધ્વીજી શ્રી શીલવતીશ્રીજી તથા વિદુષી સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી આદિના સંપર્કથી, ચાર વર્ષથી, દીક્ષા લેવાની ભાવના ધરાવતાં હતાં. સાધ્વીજી સાથે વિહાર આદિમાં રહીને એમણે કઠોર દીક્ષિત જીવનનો કેટલોક પ્રત્યક્ષ અનુભવ લીધો હતો અને જરૂરી અભ્યાસ પણ કર્યો હતો. તેઓને દીક્ષા આપવાનું નક્કી થતાં, આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ, આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ આદિના સાંનિધ્યમાં, ભાયખલાના શેઠ મોતીશા જૈન દેરાસરના વિશાળ રંગમંડપમાં, વિ. સં. ૨૦૨૭ના માહ વદિ ૧૧, તા. ૨૧-૨-૧૯૭૧, રવિવારના રોજ સવારના ૧૦-૫૪ કલાકે, ચતુર્વિધ શ્રીસંઘની વિશાળ હાજરીમાં શ્રી જયભારતી બહેનને દીક્ષા આપવામાં આવી. તેઓનું નામ

સાધ્વીજી સુયશાશ્રીજી રાખીને એમને સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજીનાં સુશિષ્યા સાધ્વીજી શ્રી સુજ્યેષ્ઠાશ્રીજીનાં શિષ્યા બનાવવામાં આવ્યાં.

**( ૮ ) વડીદીક્ષા**—આ દીક્ષા મહોત્સવ પ્રસંગે, જેઓને વરલીમાં દીક્ષા આપવામાં આવી હતી તે, મુનિ શ્રી દીપવિજયજી તથા મુનિ શ્રી ભદ્રબાહુવિજયજીને વડીદીક્ષા આપવામાં આવી.

**( ૯ ) બે મહત્ત્વનાં પ્રવચનો**—માહ વદિ ૧૨, સોમવાર, તા. ૨૨–૨–૭૧ ના રોજ સવારના આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તથા આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે ભાયખલા દેરાસરના રંગમંડપમાં, ચતુર્વિધ શ્રીસંઘની સમક્ષ, મહત્ત્વનાં પ્રવચનો આપ્યાં હતાં. આ પ્રવચનોમાં સાધુજીવનની શુદ્ધિ, સાધ્વી સંઘનો વિકાસ, સાધ્વી સમુદાયને કલ્પસૂત્ર વગેરેનાં વ્યાખ્યાનો કરવાની છૂટ, જૈનધર્મની અનેકાંતદૃષ્ટિ, સ્વપ્નાંની બોલીની આવકના ઉપયોગનો પ્રશ્ન વગેરે ઉપયોગી મુદ્દાઓની બાબતમાં સ્પષ્ટ રજૂઆત કરવામાં આવી હતી. આ બન્ને પ્રવચનો વાંચવા-વિચારવા-મનન કરવા જેવાં હોવાથી એ "બે મહત્ત્વનાં પ્રવચનો" નામે નાની પુસ્તિકારૂપે, મુંબઈની શ્રી આત્માનંદ જૈન સભા તરફથી, છપાવવામાં આવ્યાં છે.

**( ૧૦ ) આગમ–પ્રકાશન સમારોહ**—શ્રી મહાવીર જૈન વિદ્યાલયની મૂળ આગમ-સૂત્રો પ્રકાશિત કરવાની યોજનામાં, આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ, પંડિત શ્રી દલસુખભાઈ માલવણિયા તથા પંડિત શ્રી અમૃતલાલ મોહનલાલ ભોજક સંપાદિત, પન્નવણા સૂત્રનો બીજો ભાગ તૈયાર થઈ ગયેલ હોવાથી, એના પ્રકાશનનો સમારોહ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી, આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તથા આગમ-પ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજના સાંનિધ્યમાં, ફાગણ વદિ ૨, તા. ૧૪–૩–૭૧, રવિવારના રોજ સવારના નવ વાગતાં, ભાયખલા દેરાસરના સભામંડપમાં રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે સુપ્રસિદ્ધ વિદ્વાન ડૉ. હીરાલાલજી જૈન અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા, અને ગ્રંથનો પ્રકાશનવિધિ તેઓના હાથે કરવામાં આવ્યો હતો.

**( ૧૧ ) વડીદીક્ષા**—આ પ્રસંગે, આગમ-પ્રકાશન-સમારોહ પૂરો થયા બાદ, સાધ્વીજી શ્રી સુયશાશ્રીજીને વડીદીક્ષા આપવામાં આવી હતી.

**( ૧૨ ) અભિવાદન સમારોહ**—આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજને દીક્ષા લીધા સાઠ વર્ષ પૂરાં થતાં હોવાથી, આ સમારોહની સાથોસાથ, તેઓને અભિવાદન કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાંતસ્વભાવી આચાર્યશ્રીને ભાવભરી અંજલિ આપવામાં આવી હતી. અને આ શુભ અવસરની યાદમાં, એકસઠ હજાર રૂપિયા એકત્ર કરીને એ રકમ, ઉપાશ્રય બાંધવા માટે, અજમેર શ્રીસંઘને અર્પણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

**( ૧૩ ) દીક્ષા**—આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજના સાંનિધ્યમાં, વિ. સં. ૨૦૨૭, વૈશાખ વદિ ૧૩, તા. ૮–૫–૭૧, શનિવારના સવારના, વાલકેશ્વર શ્રી આદીશ્વરજી જૈન દેરાસરના ઉપાશ્રયમાં, જંડિયાલાનિવાસી શ્રી લાલચંદજી તથા એમના

સુપુત્ર મંગતરામજીને દીક્ષા આપવામાં આવી. નવદીક્ષિતોનાં નામ અનુક્રમે મુનિ **શ્રી હેમચંદ્ર-વિજયજી** તથા મુનિ શ્રી યશોભદ્રવિજયજી રાખીને તેઓને પંન્યાસ શ્રી બલવંતવિજયજી મહારાજના શિષ્યો જાહેર કરવામાં આવ્યા.

**(૧૪) આગમપ્રભાકરજી મહારાજનો કાળધર્મ**—વલ્લભ-જન્મશતાબ્દીના કાર્યને પ્રોત્સાહન આપવા તથા એ ઉજવણીમાં ભાગ લેવા માટે આગમપ્રભાકર, શ્રુત-શીલવારિધિ, મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ, બેએક વર્ષ પહેલાં, મુંબઈ પધાર્યા હતા. અને જન્મશતાબ્દીની ઉજવણી સારી રીતે પૂરી પણ થઈ હતી. એટલે તેઓની ભાવના, બને તેટલાં વહેલાં, ગુજરાત તરફ વિહાર કરવાની હતી. પણ આ દરમ્યાન ધીમે ધીમે એમનું શરીર અસ્વસ્થ થવા લાગ્યું; હરસ અને પ્રોસ્ટેટ ગ્લેંડની તકલીફ અવારનવાર ઉગ્ર થતી ગઈ. તેથી તેઓનો વિહાર પણ લંબાતો ગયો. છેવટે પન્નવણાસૂત્રના પ્રકાશન સમારોહ બાદ તો તેઓ વિહાર કરશે એમ લાગતું હતું. પણ આ દરમ્યાન તેઓની તબિયત વિશેષ અસ્વસ્થ થઈ અને એમને વિહારનો વિચાર જતો કરીને મુંબઈમાં ચતુર્માસ રહેવાનું નક્કી કરવું પડ્યું.

મહારાજશ્રીની હરસની તકલીફ વધી જતાં તેઓશ્રીને બોમ્બે મેડિકલ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં એનું સફળ ઑપરેશન, તા. ૧૨–૫–૧૯૭૧ ના રોજ, ડૉ. મુકુંદભાઈ પરીખે કર્યું. આ ઑપરેશન પછી તેઓને ઠીક થતું આવતું હતું, એવામાં પ્રોસ્ટેટ ગ્લેંડ વધી જવાને કારણે પેશાબની રુકાવટની તકલીફ વરતાવા લાગી, એટલે એનું ઑપરેશન એના નિષ્ણાત ડૉ. કરંજિયાવાલા પાસે, બાચા નર્સિંગ હોમમાં, કરાવવાનું નક્કી કરીને મહારાજશ્રીને ત્યાં લઈ જવામાં આવ્યા. તા. ૮–૬–૭૧ ના રોજ આ ઑપરેશન પણ નવી પદ્ધતિથી સારી રીતે પતી ગયું, અને તબિયત ધીમે ધીમે સુધરતી જતી હતી. અને બે દિવસ પછી તો ડૉકટરે ઈસ્પિતાલમાંથી રજા આપવાનું પણ કહ્યું હતું. પણ આ દરમ્યાન મહારાજશ્રીને ગોચરી કરતાં કે પાણી યા અન્ય કંઈ પ્રવાહી લેતાં પણ છાતીમાં કંઈક અસહ્ય કહી શકાય એવી નવી વેદનાનો અનુભવ થવા લાગ્યો. પણ નિષ્ણાત દાક્તરોને કે બીજા કોઈને પણ આ વાત ગંભીર ન લાગી. અને વિ. સં. ૨૦૨૭ના જેઠ વદિ ૬, સોમવાર, તા. ૧૪–૬–૭૧ ના રોજ રાતના, પ્રતિક્રમણ કરીને સંથારા પોરસી ભણાવ્યા પછી, ૮–૫૦ વાગતાં, મહા-રાજશ્રી પૂર્ણ સમાધિ સાથે એકાએક કાળધર્મ પામ્યા. જૈનસંઘની એક તેજસ્વી જ્ઞાનજ્યોત તે દિવસે સદાને માટે શાંત થઈ ગઈ!

છેલ્લા છ-આઠ મહિનાથી જન્મશતાબ્દી નિમિત્તે મુંબઈના અને અન્ય સ્થાનોના જૈન સંઘોએ જે આનંદ–ઉલ્લાસની લાગણી અનુભવી હતી એના ઉપર, નાની સરખી હોનારત જેવી આ ઘટનાથી, વિષાદની છાયા પ્રસરી ગઈ. આ સમાચારથી દેશભરના જૈનસંઘો, વિદ્વાનો અને મહારાજશ્રીના સૌ પરિચિતો ભારે ગમગીની અનુભવી રહ્યા. મુંબઈ નગરીએ સાચી સાધુતા અને સત્યલક્ષી જ્ઞાનના ઉપાસક આ મહામુનિવરને ભક્તિભર્યું વિરલ અંતિમ માન આપ્યું. તા. ૨૦–૬–૭૧ ના રોજ, અનેક સંસ્થાઓના ઉપક્રમે, વાલકેશ્વરના ઉપાશ્રયમાં મળેલી ગુણાનુવાદ-સભાએ મહારાજશ્રીને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

**(૧૫) "વિજયવલ્લભચોક" નામકરણ**—આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની

વ્યાપક ધર્મભાવના, રાષ્ટ્રીયતા તેમ જ તેઓનો મુંબઈની જનતા સાથેનો સંબંધ, એ કારણે તથા મુંબઈમાં અખિલ-ભારતીય ધોરણે ઊજવાયેલ એમના જન્મશતાબ્દી-સમારોહની યાદમાં, શ્રીમતી જયવંતીબહેન મહેતાના પ્રયત્નથી, મુંબઈના મ્યુનિસિપલ કોર્પોરેશને, પાયધુની પાસે ભેગા થતા ચાર રસ્તાને "વિજયવલ્લભચોક" એવું નામ આપવાનો ઠરાવ કર્યો હતો. આ નામકરણ સમારોહ, ઉપાધ્યાય શ્રી પ્રકાશવિજયજી, ઉપાધ્યાય શ્રી સુરેન્દ્રવિજયજી આદિના સાંનિધ્યમાં, તા. ૭–૧૧–૭૧ ના રોજ સવારના સવા નવ વાગતાં રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે જુદા જુદા વક્તાઓએ આચાર્યશ્રીના ગુણાનુવાદ કરીને એમને અંજલિ આપી હતી. આ સમારોહમાં અતિથિવિશેષ તરીકે મુંબઈના શેરીફ શ્રી શાદીલાલજી જૈન પધાર્યા હતા અને નામકરણવિધિ મુંબઈના મેયર ડૉ. હેમચંદ્ર ગુપ્તેએ કર્યો હતો. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના ઉદાર અને ઉદાત્ત જીવન અને વ્યક્તિત્વનું આવું અનોખું સાર્વજનિક સન્માન જન્મશતાબ્દી મહોત્સવનો સુવર્ણકલશ અને મુંબઈ શહેરમાં ઊજવાયેલ મહોત્સવનું કાયમનું મધુર સંભારણું બની ગયું.

## ધર્મ અને પંથ

ધર્મ અને સંપ્રદાય વચ્ચે એ ભેદ છે કે ધર્મ આત્માના જેવો છે, જ્યારે પંથ અને સંપ્રદાય એના શરીર જેવા છે. પંથ અને સંપ્રદાય ગુણોની કે ચારિત્રની વૃદ્ધિના બદલે કેવળ ક્રિયાકાંડના ચકરાવામાં જ ઘૂમ્યા કરે છે, તો એ પ્રાણહીન—મૃત કલેવર જેવા બની જાય છે. શુદ્ધ ધર્મ તો માનવીમાં ગુણોનો વધારો કરે છે, એના કઠોર હૃદયને સુસંસ્કારી અને કોમળ બનાવે છે, ચિત્તને નિર્મળ કરે છે, શરીરને નિઃસ્વાર્થપણે અને અનાસક્તભાવે જુદાં જુદાં કામો સાથે જોડી દે છે; જ્યારે જે પંથ અને સંપ્રદાય ધર્મતત્ત્વ વગરનાં બની જાય છે, એ માનવીને મિથ્યાભિમાની બનાવી દે છે, રાગ-દ્વેષમાં વધારો કરતાં શીખવે છે અને ગુણોમાં વધારો કરવાને બદલે પ્રાયઃ અવગુણી બનાવી દે છે. ધર્મ માનવી-માનવી વચ્ચે હેત-પ્રીતનો સંબંધ બાંધીને ભેદભાવની દીવાલોને દૂર કરીને અભેદ તરફ લઈ જાય છે, જ્યારે ધર્મતત્ત્વશૂન્ય બનેલ પંથ અને સંપ્રદાય ભેદ-ભાવની દીવાલો ઊભી કરી દે છે.

— પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ.

## પરિશિષ્ટ–૪

# અન્ય સ્થાનોમાં જન્મશતાબ્દીની ઉજવણી

જન્મશતાબ્દીની સ્થાનિક ધોરણે ઉજવણી પંજાબ, હરિયાણા વગેરે પ્રદેશોમાં સૌથી મોટા પાયા ઉપર થઈ હતી. ઉત્તર ભારતના પ્રાદેશિક ધોરણે પણ સૌથી વધારે શાનદાર ઉજવણી હરિયાણામાં અંબાલા શહેરમાં થઈ હતી. પંજાબનાં તેમ જ પંજાબ સિવાય અન્યત્ર જઈ વસેલાં પંજાબી ભાઈઓ-બહેનો અત્યારે પણ પોતાના મહાન ઉપકારી ગુરુવર્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી પ્રત્યે કેવી શ્રદ્ધા-ભક્તિ ધરાવે છે તે આ ઉપરથી પણ જાણી શકાય છે. પંજાબની શ્રી આત્માનંદ જૈન મહાસભાએ સ્થાનિક તથા પ્રાદેશિક ધોરણે આ પ્રસંગની ઉજવણીની માહિતી આપતી પુસ્તિકા બહાર પાડી છે, તે ઉપરથી જે માહિતી જાણવા મળે છે તે આ પ્રમાણે છે—

(૧) **સ્થાનિક ઉજવણી**—પંજાબની જૈન મહાસભાના આદેશ મુજબ, તા. ૧–૧૧–૭૦ના ભાઈબીજના રોજ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્ય પ્રદેશ તથા ઉત્તર પ્રદેશ વગેરેનાં આ શહેરોમાં સ્થાનિક ધોરણે ઉજવણી કરવામાં આવી હતી: હોશિયારપુર, જંડિયાલા ગુરુ, બિનૌલી, જોધપુર, જમ્મૂ, માલેરકોટલા, શિવપુરી, ગંગાનગર, ઉજ્જૈન, હસ્તિનાપુર, રોપડ, ફાજિલકા, સુનામ અંબાલા શહેર, જાલન્ધર, મુરાદાબાદ, આગરા, પટ્ટી, જીરા, પટિયાલા તથા લુધિયાના.

લુધિયાનામાં તો, જન્મશતાબ્દીની ઉજવણી નિમિત્તે, 'વિજયવલ્લભનગર' નામે એક વસાહત રચવામાં આવી; એમાં, આચાર્યશ્રીની ભાવનાને અનુરૂપ, મધ્યમ વર્ગની વ્યક્તિઓ મકાનો બાંધી શકે એ માટે હપ્તાથી સસ્તી કિંમતે પ્લોટો આપવાનું નક્કી કરવામાં આવ્યું. ઉપરાંત, સિવિલ લાઈનમાં જિનમંદિર બનાવવા માટે, એકાવન હજાર રૂપિયાના ખરચે, ૧૩૫૦ ચોરસ વાર જમીન પણ ખરીદવામાં આવી.

(૨) **પ્રાદેશિક ઉજવણી**—ઉત્તર ભારતના જુદા જુદા પ્રદેશોએ ભેગા મળીને આ પ્રસંગની સામુદાયિક ઉજવણી અંબાલા શહેરમાં તા. ૬–૭–૮ નવેમ્બર ૧૯૭૦ ના ત્રણ દિવસ દરમ્યાન, અનેક જાતના કાર્યક્રમોથી, મોટા પાયા ઉપર ભવ્ય રીતે કરી હતી. આ ઉજવણીના મુખ્ય સમારોહનું પ્રમુખપદ દિગંબર જૈન સંઘના મુખ્ય અગ્રણી અને આપણા દેશના સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ સાહુ શ્રી શાંતિપ્રસાદજી જૈને શોભાવ્યું હતું. આ સમારોહના ખર્ચને માટે જુદાં જુદાં સ્થાનોમાંથી બહોંતેર હજાર રૂપિયા જેટલો ફાળો એકત્ર કરવામાં આવ્યો હતો: આ હકીકત ઉપરથી પણ આ સમારોહ કેટલા મોટા પાયા ઉપર ઊજવાયો હતો, એનો અંદાજ આવી શકે છે.

(૩) **બેંગલોર**—સુપ્રસિદ્ધ ધર્મપ્રવચનકાર, વિદુષી સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી મહારાજની પ્રેરણાથી, બેંગલોર શહેરમાં, તા. ૯–૧૧–૭૦ થી તા. ૧૬–૧૧–૭૦ સુધી,

જન્મશતાબ્દી ઉત્સવ નિમિત્તે, અઠ્ઠાઈ મહોત્સવનું અને તા. ૧૪–૧૫–૧૬ નવેમ્બરના ત્રણ દિવસો દરમ્યાન જન્મશતાબ્દી સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહનું ઉદ્‌ઘાટન મૈસુર રાજ્યના રાજ્યપાલ માનનીય શ્રી ધર્મવીરજીએ કર્યું હતું, અધ્યક્ષપદ શ્રી સ્વામી આદિદેવનંદાજીએ શોભાવ્યું હતું અને મુખ્ય અતિથિ તરીકે શ્રી ટી. કે. તુકોલ પધાર્યા હતા. ત્રણે દિવસ જુદા જુદા, પ્રેરક અને મનોરંજક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા; અને આ ઉજવણી નિમિત્તે "ઈન્ડિયન એક્સપ્રેસ" અંગ્રેજી દૈનિકના સાપ્તાહિક "સન્ડે સ્ટેન્ડર્ડ"ની તા. ૧૫–૧૧–૭૦ ના રોજ ખાસ પૂર્તિ કાઢીને એમાં જૈનધર્મ, જૈન સંસ્કૃતિ, આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી તથા અન્ય સાધુ-સાધ્વીઓને લગતાં લેખો તથા ચિત્રો આપવામાં આવ્યાં હતાં.

(૪) **વડોદરા**—આચાર્યશ્રીની જન્મભૂમિ વડોદરા શહેરમાં તા. ૧–૧૧–૭૦ ના ભાઈબીજના રોજ એક દિવસની ઉજવણી જુદા જુદા કાર્યક્રમોથી કરવામાં આવી હતી. આમાં જાની શેરીના ઉપાશ્રયે આચાર્ય શ્રી વિજયઅશોકચંદ્રસૂરિજી મહારાજના સાંનિધ્યમાં મળેલી ગુણાનુવાદ-સભા મુખ્ય હતી. આ સભામાં જન્મશતાબ્દીની ઉજવણીની યાદમાં આચાર્ય-શ્રીના નામથી એક સાર્વજનિક ઈસ્પિતાલ ઊભું કરવાનો નિર્ણય લેવામાં આવ્યો અને એ માટે પંચ્યાશી હજાર જેટલી રકમની નોંધણી થઈ, તે આ ઉજવણીની રચનાત્મક વિશેષતા અને સ્મૃતિ હતી.

આ પછી તા. ૨૧–૨૨–૨૩ નવેમ્બરના ત્રણ દિવસો દરમ્યાન, જુદા જુદા અનેક કાર્યક્રમો યોજીને, આ પ્રસંગની મોટા પાયે ઉજવણી કરવામાં આવી હતી. ૨૨ મી તારીખના રોજ યોજવામાં આવેલ મુખ્ય સભાનું પ્રમુખસ્થાન શ્રી શાંતિકુમાર ટી. રાજાએ શોભાવ્યું હતું. બધા કાર્યક્રમોમાં જૈન-જૈનેતર ભાઈઓ-બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહી ઉમળકાભર્યો સાથ આપ્યો હતો.

(૫) **પાલીતાણા**—આચાર્ય મહારાજશ્રીના સમુદાયનાં સાધ્વીજી શ્રી ચંપાશ્રીજી, તિલકશ્રીજી, સમતાશ્રીજી આદિની પ્રેરણાથી, તા. ૧–૧૧–૭૦ થી તા. ૬–૧૧–૭૦ સુધી, પાંચ દિવસનો ઉત્સવ રાખવામાં આવ્યો હતો, અને તા. ૨૨–૧૧–૭૦, રવિવારના રોજ જન્મશતાબ્દીની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે સવારના નવ વાગતાં, પંજાબી ધર્મશાળામાં, જાહેર સભા રાખવામાં આવી હતી. સભાના પ્રમુખપદે શ્રી શુકનરાજજી ભભૂતમલજી બિરાજ્યા હતા. સભામાં જુદા જુદા વકતાઓએ આચાર્યશ્રીના સમાજ-ઉત્કર્ષનાં કાર્યોને અંજલિ આપી હતી આ પ્રસંગે વિદ્યાર્થીઓ તથા કન્યાઓને ઈનામો આપવામાં આવ્યાં હતાં.

(૬) **થાણા**—તા. ૧૧–૪–૭૧ ના રોજ, આચાર્ય મહારાજ શ્રી વિજયસમુદ્ર-સૂરિજીના સાંનિધ્યમાં, થાણાના શ્રી આત્મવલ્લભ જૈન વ્યાખ્યાન હોલમાં, જન્મશતાબ્દીની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીએ થાણામાં ઉપધાન કરાવેલાં, એ વખતે માળની ઉછામણની ઊપજ સાધારણ ખાતે લઈ જવાની જાહેરાત કરવામાં આવેલી, તેથી થાણામાં ભવ્ય ઉપાશ્રય તૈયાર થઈ શકેલો, એ પ્રસંગનો આજે ખાસ ઉલ્લેખ કરીને આચાર્યશ્રીની દીર્ઘદૃષ્ટિ અને સમયજ્ઞતાને અનેક વક્તાઓએ પોતાની અંજલિ આપી હતી.

**(૭) પૂનામાં જન્મશતાબ્દીવર્ષની પૂર્ણાહુતિ**—આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ વિ. સં. ૨૦૨૭નું ચોમાસું પૂનામાં રોકાયા હતા. તેથી જન્મશતાબ્દી વર્ષની પરિસમાપ્તિનો સમારોહ, પૂનાના શ્રીસંઘ તરફથી, તા. ૧૩–૧૪–૧૫ નવેમ્બર, ૧૯૭૧, વિ. સં. ૨૦૨૮ના કારતક વદિ ૧૧–૧૨–૧૩, શનિ–રવિ–સોમવારના ત્રણ દિવસો દરમ્યાન ન્યૂ ટીંબર માર્કિટમાં ખાસ ઊભા કરવામાં આવેલ 'આત્મવલ્લભનગર'માં યોજવામાં આવ્યો હતો.

પહેલા દિવસે સવારના રંગોળી પ્રદર્શનનું ઉદ્‌ઘાટન, બપોરના આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે રચેલ બ્રહ્મચર્યવ્રતની પૂજા અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

બીજા દિવસે સવારના ધર્મયાત્રા બાદ ૧૧ વાગે આત્મવલ્લભનગરમાં સમારોહનું ઉદ્‌ઘાટન તામિલનાડુના ગવર્નર માનનીય શ્રી કે. કે. શાહે કર્યું હતું. આ પ્રસંગે જુદા જુદા વક્તાઓએ પ્રસંગોચિત વક્તવ્યો કરીને આચાર્યશ્રીને ભાવભરી અંજલિ આપી હતી. બપોરે ભજન-કીર્તન અને બીજા વક્તાઓએ આચાર્યશ્રીના ગુણાનુવાદ કર્યા હતા. રાતે સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ત્રીજા–છેલ્લા દિવસે વિશાળ ગુણાનુવાદ-સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે મુખ્ય અતિથિ તરીકે પ્રો. શ્રી રામકુમારજી જૈન આવ્યા હતા તેઓએ, મુનિવરોએ, સાધ્વીજી મહારાજોએ તથા અન્ય વક્તાઓએ મુક્તકંઠે આચાર્યશ્રીના ગુણાનુવાદ કર્યા હતા. અને આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજે ગુરુદેવના પગલે ચાલવાનો સૌને અનુરોધ કર્યો હતો. બપોરે પૂજા ભણાવવામાં આવી હતી અને રાત્રે મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગ નિમિત્તે પૂનાના મરાઠી દૈનિકો "સકાળ" તથા "તરુણ ભારત"ની ખાસ પૂર્તિઓ કાઢવામાં આવી હતી.

આ ઉજવણીના કાયમી સ્મરણરૂપે પૂનામાં "શ્રી વિજયવલ્લભ વિદ્યાલય"ની સ્થાપના માટે બે લાખનો નિધિ એકત્ર થયાની જાહેરાત કરીને સ્વર્ગસ્થ આચાર્યશ્રીને પૂનાના શ્રીસંઘે સાચી અને રચનાત્મક શ્રદ્ધાંજલિ આપવાનો યશ લીધો હતો.

પૂનાની આવી હાર્દિક ઉજવણી સાથે, અનેક સુમધુર સ્મરણોથી ભરેલ જન્મશતાબ્દીની વર્ષભરની ઉજવણી આનંદ અને ગૌરવ સાથે પૂરી થઈ હતી.

## માનવતાનો વાસ

જ્યાં દેખાવ પણ માનવીનો હોય અને સ્વભાવ પણ માનવીનો હોય, ત્યાં જ માનવતાનો વાસ હોય છે. આવી માનવતા પૈસાથી, સત્તાથી, બળથી કે બુદ્ધિથી નથી મળતી; આવી માનવતા મળે છે દેશ, વેશ, ધર્મ, સંપ્રદાય, જ્ઞાતિ, કોમ, પ્રાંત, ભાષા વગેરેની દીવાલોને ઓળંગીને દુનિયાના દરેક માનવી સાથે માનવતાભર્યું વર્તન કરવાથી.

—પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ

આવરણ : દીલા પ્રિન્ટર્સ